૬૩૪૬

ચતુર સ્ત્રીવિલાસ મનોરંજક

ગરબાવળી.

કીમત ૮ આના.

ચતુર સ્ત્રીવિલાસ મનોરંજક ગરબાવળી.

નવી આવૃત્તિમાં નવી રચના.

બનાવી સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર

શ્રીઅંબિકા પુસ્તકાલયના વ્યવસ્થાપક

દેશીવૈદ્ય મણિલાલ લલ્લુભાઈ

અમદાવાદવાળા.

આવૃતિ ત્રીજી.

દોહરો.

મોહમણિ મનમાં ધર્યો, સરવા ઉરની આશ;
નર નારી સહુ વાંચજો, ચતુર સ્ત્રીવિલાસ. ૧

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

કીમત આઠ આના.

જાહેરખબર.

હું બુકસેલર દેશીવૈદ્ય મણિલાલ લલ્લુભાઇ આ નોટીસથી સરવે મરાઠી, ગુજરાતી, ઇંગ્રેજી શાળાઓના વિદ્યાર્થીઓને ખબર આપુંછું કે અમારી દુકાનેથી શાળોપયોગી ગુજરાતી, મરાઠી વ ઇંગ્રેજી ચોપડીઓ તથા નાટકો, ઓપેરા વિગેરે પરચુરણ સંસ્કૃત પ્રાકૃત અનેક તરેહનાં પુસ્તકો રોકડી કીમતે મળશે. વેપારીઓને કમીશન ઘણુંજ આપવામાં આવશે.

બુકસેલર

દેશીવૈદ્ય મણિલાલ લલ્લુભાઇ.

જાહેર ખબર.

અનુક્રમણિકા.

શ્રી.

ચતુરસ્ત્રીવિલાસમનોરંજક

ગરબાવળી.

દોહરો.

ગરબા ગરબી લાવણી, વાર તિથિ ને માસ;
લીલા વાંચો પ્રેમદા, ચતુરસ્ત્રીવિલાસ ૧

કૃષ્ણગોપીના મહિના.

ઓધવજી માધવને કહેજો એટલું—એ રાગ.

કાર્તિક માસે કૃષ્ણ કેમ મૂકી ગયા,
શામળિયા શો શ્યામાનો અપરાધ જો;
અમો અબળા આશાએ પ્રભુ વળગી રહ્યાં,
ત્રિકમ કેમ તરછોડો તારૂણી સાધ જો. કાર્તિક૦ ૧
મોહન માયા મનથી નવ ઉતારિયે,
જેવાં તેવાં તમ ચરણનાં દાસ જો;
વાંક હોય તો વિઠ્ઠલ વિયોગે ન મારિયે,

દુઃખ દારૂણુ વિયોગનું છે અવિનાશ જો. કાર્તિક૦ ૨
ઘેલી બની ગોપાંગના વિયોગથી,
કૃષ્ણ કૃષ્ણ કહે કર દઇ કપાળ જો;
માનુની મરે મળવા મોહનરોગથી,
દામોદર દો દરશન દાસી કંગાલ જો. કાર્તિક૦ ૩
છેક નમેરા ના થઇયે નંદલાલજી,
વિના અપરાધે તજિયું ગોકુળ ગામ જો;
કૃપા કરો કૃષ્ણજી રાખી કાળજી,
મણિરામના સ્વામી વિનવિયે શામ જો. કાર્તિક૦ ૪
માગશરે મોહનજી મન મૂઝાય છે,
સંકટ સહન શામળિયા નવ થાય જો;
વહેલાંની વાતો સાંભરે મન દુખાય છે,
ક્ષણ વિયોગે જગજીવન જીવ જાય જો. માગશરે૦ ૫
વિઠ્ઠલ વિસારી મૂકી વ્રજવનિતા સહુ,
શો પડયો શામળિયા સહુનો વાંક જો;
વારે વારે વિનતિ કરીને હું કહું,
રાધવ રોતાં મૂકયાં તમે કેમ રાંક જો. માગશરે૦ ૬
ખાતાં પીતાં રમતાં ઘણું આનંદમાં,
મનમાન્યું આપણે માણતાં સુખ જો;
મળી મોહન વ્રજવનિતાકેરા વૃંદમાં,
ઓચિંતુ ક્યાંથી આવ્યું આ દુઃખ જો. માગશરે૦ ૭
કિયા જનમનાં કૃષ્ણજી આ પાપ અડયાં,
શે અપરાધે શામળિયે તરછોડયાં જો;
સુખડાં જઇને દુખડાં તો આવી નડયાં,

મણિરામના સ્વામી હસ્તજ જોડયા જો. માગશરે ૮
પોષે પ્રેમ આણો પુરૂષોત્તમ મનમાં,
અમો અબળા અલબેલાશુ આધાર જો;
સંકટ સહન કરિયે વિયોગનું તનમાં,
વિઠ્ઠલ વેહેલા વળજો વનિતાની વા'ર જો. પોષે૦ ૯
આવો ભાવો લા'વો ઘોની દાસને,
ખટપટ મૂકી ઝટપટ આવો નાથ જો;
શોભાવો શામળિયા ગોકુળવાસને,
હેત ધરીને હરજી ગ્રહોને હાથ જો. પોષે૦ ૧૦
ગોઠે નહીં ગોવિંદજી ઘરકામમાં,
હરનિશ શોચેંમન અમારૂં અપાર જો;
કામ ન સૂઝે ફરતી ફરૂંછું ધામમાં,
વા'રે ચઢોને વિઠ્ઠલ પ્રાણાધાર જો. પોષે૦ ૧૧
તમ વિના તલપિયે ત્રીભોવનધણી,
મચ્છ તલપે જળ વિના જીવણ જેમ જો;
વચ્છ ધેન વિયોગે જેમ રડે ઘણી,
મણિરામના સ્વામી શોચિયે તેમ જો. પોષે૦ ૧૨
માહા મહિને મોહનજી કેમ ભૂલી ગયા,
બાળપણાની વિઠ્ઠલજી સહુ વાત જો;
નમેરા નંદલાલ આવડા થઇ રહ્યા,
વિચારો મન હળદરજીના ભ્રાત જો. માહા૦ ૧૩
ઘરમાં ગોવિંદ છાનામાના પેસતા,
શામળિયા લઇ સખાને સંગાથ જો,

મહી માખણ ખાવાને હરિ તમે બેસતા,
પાતા તક્ર મર્કટને મુજ નાથ જો. માહા૦ ૧૪
અમો અબળા આવતાં પકડવા કારણે,
ગાંઠો નહીં ને ગોવિંદ નાસો ઘેર જો;
એમ ધીંગાણું મચાવતા મારે બારણે,
વિચારોને વિઠ્ઠલ તેતો પેર જો. માહા૦ ૧૫
આગળના દહાડા તે કેમ સાંભરે નહીં,
શું સમજીને તરછોડો છો આમ જો;
ભૂલ્યા હો તો વાત માંડીને મેં કહી,
મણિરામના સ્વામી પધારો ધામ જો. માહા૦ ૧૬
ફાગણ માસે ફાવતાં નહીં ફેલ જો કરો,
વા'લા વચ્છ ધવરાવતા તમે નિત્ય જો;
દહાડી દહાડી દાસીને શું દુખ ધરો,
ઉપરથી અમો વઢતાં અંતર પ્રીત જો. ફાગણ૦ ૧૭
જેમ નચાવો નટવર અમો તેમ નાચતાં,
દિદાર દેખી તમારો ગાંડાં થાતાં જો;
તમે તેમ ગોવિંદજી ક્રોધે ગાજતા,
લાજ ના આવી લાલા અમોને વહાતાં જો. ફાગણ૦ ૧૮
શું સમજી શામળિયા રોતાં મૂકિયાં,
અમો આહીર અબળા કહેવાઉં રાંક જો;
શી વાતે શામળિયા સેવા ચૂકિયાં,
ક્ષમા કરોને હોય અમારો વાંક જો. ફાગણ૦ ૧૯
અમો અબળાનો વાંક પ્રભુ ઘણો પડે,
ચતુર હોય તે ધરતા નથી કાંઇ કાન જો;

શોભો નહીં સલુણા આવી રીતે નડે,
મણિરામના સ્વામી ધરજો ધ્યાન જો. ફાગણ૰ ૨૦
ચઇતરે ચિતડાની ચોરિયો થાયછે,
વહાલા વિના વસમું લાગે આ ગામ જો;
દારૂણ દુઃખે જીવ અમારા જાયછે,
સારૂં ન લાગે શામળિયા કામ ધામ જો. ચઇતરે૰ ૨૧
લોક કહે નિર્લજ આતો સહુ થયાં,
મે'ણાં મારે નિત્ય દિયર ને જેઠ જો;
સાસુ નણદી મારાપર કોપી રહ્યાં,
વસમી વહુ આવી છે દૈવની વેઠ જો. ચઇતરે૰ ૨૨
પાડપડોશી હાંશી તો મારી કરે,
પરણ્યો દેતો ઝાઝી મુજને ગાળ જો;
દુઃખ મારૂં દામોદર કાને નવ ધરે,
જૂઠાં જૂઠાં મૂકે માથે આળ જો. ચઇતરે૰ ૨૩
લોકો કહે શામળિયા સારૂં ગાંડાં થયાં,
શું કરવા હાથે કરાવો હાણ જો;
મો'બત મોહન કરીને દુઃખી રહ્યા,
મણિરામના સ્વામી ન દીઠું લા'ણુ જો. ચઇતરે૰ ૨૪
વઇશાખે વસમું લાગે વહાલા ઘણું,
જોબન મારૂં જીવણ લેહેરાં ખાય જો;
દુઃખ નથી ખમાતું રે વિયોગતણું,
જીવણ વિના જીવડો તો અકળાય જો. વઇશાખે૰ ૨૫
તમ સારૂં જોબન અમોએ જાળવ્યાં,
માધુગર માણનારો નહીં પાસજો;

વાટ જોઇ વહાલાની દહાડા ગાળવા,
રોમે રોમે લાગ્યો કામહુતાશ જો. વઇશાખે૦ ૨૬
વ્રેહાગ્નિનું દુઃખ દારૂણ જાણિયે,
કોના આગળ કરિયે દીલની ગોઠ જો;
મોહનજી કેમ કરી મનને વારિયે,
વિશ્વ વસ્યું પણ એક વહાલાની ખોટ જો. વઇશાખે૦ ૨૭
પ્રાણ પડયો છે મોહન માયાપાશમાં,
માણિગરને મળવાનું છે મન જો;
કામાગ્નિએ ગોઠે નહીં ઘરવાસમાં,
મણિરામના સ્વામી સોંપ્યું છે તન જો. વઇશાખે૦ ૨૮
જેઠે જગજીવન અમે તો ઝૂરિયે,
રાતદિવસ રાઘવજી ધરિયે દુઃખ જો;
કાળજડાં કાપો રે તમે શું છૂરિયે,
મોહન મેહેર કરી દેખાડો મુખ જો. જેઠે૦ ૨૯
માધવ મળવા મન મારૂં આતુર છે,
દૂર દેશ દામોદર આપ દિલદાર જો;
કામ અમોને વ્યાપેલો પ્રભુ પૂર છે,
કેમ કરીને મળિયે તમને યાર જો. જેઠે૦ ૩૦
કામાગ્નિ વાધેથી બન્યાં બેભાનમાં,
તમ સારૂં ઝુરિયે કૃપાનાથ જો;
સેજે સૂતાં હરજી આવો ધ્યાનમાં,
હવે અવધી થઇ હરિ ઝાલો મમ હાથ જો. જેઠે૦ ૩૧
દાસીનો દોષ દામોદર દીલ નવ ધરો,
અરજી સુણોને અલબેલાજી કાન જો;

કૃપા કરીને કૃષ્ણજી કરૂણા કરો,
મણિરામના સ્વામી ધરોને ધ્યાન જો. જેઠે૦ ૩૨
આષાઢે અલબેલાજી અવધી થઇ,
ઝાઝી શી કહિયે દુખડાં કેરી વાત જો;
ખરેખરી અલબેલા ખામી રહી નહીં,
પ્રેહાગ્નિમાં મારી શું કરો ઘાત જો. આષાઢે૦ ૩૩
તમ સારૂ લોકોની લજ્જા છોડતી,
છેવટ છેતરી છે' દીધો નંદલાલ જો;
શું હાવું કરવાને માયા જોડી'તી,
દામોદર શું દમો વ્રજની બાળ જો. આષાઢે૦ ૩૪
રાહ જુવે રામા મોહન મળવાતણી,
આવી સમાવો પ્રેહાગ્નિનો તાપ જો;
સ્તુતિ કરિયે શામળિયા અમે ઘણી,
વહેલા પધારો વિઠ્ઠલજી તમે આપ જો. આષાઢે૦ ૩૫
શામળિયા શોચંતાં તો દિન જાયછે,
કેમ કરીને મનડું રાખિયે થીર જો;
આકુળ વ્યાકુળ મન હમારૂં થાયછે,
મણિરામના સ્વામી આપો ધીર જો. આષાઢે૦ ૩૬
શ્રાવણે સુંદરશામ શર્ણે રાખોને,
મેવલો વરસે જાણે દુખની હેલ જો;
ઓચિંતા આવી મધુરી વાણી ભાખોને,
રાઘવ રમાશુ કરો રંગરેલ જો. શ્રાવણે૦ ૩૭
કોયલડી બોલે તે કારમું લાગેછે,

પિયુ વિના બપૈયો મારે હાંક જો;
તેને રે શબ્દે રે કામજ જાગે છે,
પીડા પામિયે પ્રેમદા અમો રાંક જો. શ્રાવણે૦ ૩૮
વીજળિયો ઝબકે તે જાણે અંગાર છે,
મેઘ ગરજે તેથી તો મન મૂઝાય જો;
દુખ દેહમાં વહાલા વ્રેહનું અપાર છે,
કામાગ્નિ કૃષ્ણજી નવ ખમાય જો. શ્રાવણે૦ ૩૯
અમ અબળાનું જોર ન ચાલે તમ પ્રત્યે,
જેવાં તેવાં જાણો વિઠ્ઠલ દાસ જો;
મારવી હોય તો મારોને તમે હાથવતે,
મણિરામના સ્વામી ન કરો ઉદાસ જો. શ્રાવણે૦ ૪૦
ભાદરવે ભુદર ભાવનૂં ગોઠે નહી,
ભારે ભયંકર ભુદર લાગે ભોમ જો;
સારૂ ન લાગે શામ વિના મુને કંઇ,
જગજીવન વિણ ટળ્યું હમારૂં જોમ જો. ભાદરવે૦ ૪૧
સાસુ દીયર પણ નિત્યે મે'ણાં મારતાં,
નણદી કહે નટવર સારૂ ઘેલાં થયાં જો;
સગાં સહોદર સારી પેઠે શારતાં,
મોહન મૂકી અમને મથુરાં રહ્યા જો. ભાદરવે૦ ૪૨
કાયા કૃપ થઇ કૃષ્ણ વિણ વિયોગથી,
દિનરાતમાં સુખ નહીં લગાર જો;
મરિયે મોહન મોહ માયાના રોગથી,
ક્યારે કૃપા કરશે કૃષ્ણજી યાર જો. ભાદરવે૦ ૪૩
અમો અબળાને અલબેલાનો આધાર છે,

શર્ણે રાખો શામા સુંદીરશામ જો;
વિઠ્ઠલ વનિતા સહુને તારી વા'ર છે,
મણિરામના સ્વામી પૂરણ કામ જો. ભાદરવે૦ ૪૪
આસો માસે અરજ અલબેલે સાંભળી,
પ્રભુ પધાર્યા દીવાળીનો દન જો;
હર્ષે અબળા હરજીને આવી મળી,
શાન્ત થયાં સહુ સલુણીકેરાં મંન જો. આસો૦ ૪૫
રંગ રેલ રૂડી રીતે ત્યાં આદરી,
મળી મોહને માણ્યું ઘણુંએક સુખ જો;
પ્રસન્ન થઇને પ્રમદા જોઇને હરિ,
દારાનાં ગયાં દેહતણાં જે દુખ જો. આસો૦ ૪૬
દુખડાં જઇને સુખડાં તો આવી મળ્યાં,
ભારે ભાગ્યા તનડાકેરા વિયોગ જો;
પ્રભુ પધારે વ્રેહાગ્નિના તાપ ટળ્યા,
થયો તારૂણી નટવરનો સંયોગ જો. આસો૦ ૪૭
પ્રેમદા પ્રેમના મહિના જે કો સાંભળે,
પૂરે મનોરથ તેના સુંદરશામ જો;
નિંદા કરતાં નરકને પંથે પળે,
સાચું કહેછે પોતે કવિ મણિરામ જો. આસો૦ ૪૮

ગરબી.

મહિયારી મળી ચાલી મહી વેચવા,
નીમ કરીને સાહેલી સુખ રાસ જો;

લાહાવો લાખેણો લલિ વિચારે ઍમવા,
લટકાળાનાં આપણ થઇશું દાસ જો. મહિયારી૦ ૧
લલના લાલને રમાડવા વિચરતાં,
લુટો લાલને રણવગડાની માંય જો;
ભારે નાચ નચાવો એવું ધારતાં,
ઇશ્વર રંજાડો આપણે આંય જો. મહિયારી૦ ૨
રદે વિચારી મહિયારી સહુ ચાલિયાં,
હેમ હિરા હસ્તીની શુભ ચંદા જો;
વામા વિનતાયે પંથ તે ઝાલિયા,
શિરોમણિ રાધા ને વિજેનંદા જો. મહિયારી૦ ૩
અબળા આદિ મથુરાંને મારગ જતાં,
મળ્યા માર્ગમાં તેને મોહનલાલ જો;
દામોદર દાણ લેવાને સામા થતા,
વામાને રોકી ઊભા દીનદયાળ જો. મહિયારી૦ ૪
દધિનું દાણ દઇને અબળા તમે પળો,
નાગર નટ મહિયારીશું બોલ્યાં વાણ જો;
રાજી થઇ દાણ આપો જોગ સાખો ભલો,
યથારથ રાધા કહે શાનું દાણ જો. મહિયારી૦ ૫
પુરાપાટ કોપી અબળા હરિ ઉપરે,
રંઢિયાળાની એકે ખેંચી ગેડી જો;
માનુની મળી સહુ મુકુટ ઉપાડિયો,
જગજીવનને સાત પાંચ ઊભી ઘેરી જો. મહિયારી૦ ૬
તીકમજીને તાણાતાણી સહુ કરે,

નીકટ નટવર ગોપી કરતી આળ જો;
પોપટ સરખા ગણી પ્રેમદા કષ્ટ ધરે,
લલનાએ ખુંચી ધાબળી નંદલાલ જો. મહિયારી૦ ૭
માનુનીએ માધવ ઝાલ્યા જોરથી,
વિઠ્ઠલજી તવ વધા વનિતાશું વાણુ જો;
પ્રમદા પીછોડી મૂકો કહેછે ઘોરથી,
ભલું કરતાં શ્યામા થાશે રસની હાણુ જો. મહિયારી૦ ૮
ટગટગ નિરખી હાંશ કરેછે ગોપિકા,
મે ઝાલ્યા કહો શું કરશો ભગવાન જો;
બારૂ વિઠ્ઠલ થઇ જોવો હુશિયારમાં,
એવું કહીને હશિયા સહુ નિદાન જો. મહિયારી૦ ૯
ડાંપણ રાખી યારંજ કીધા કૃષ્ણને,
મનમાન્યું માણ્યું ગોપિકાએ સુખ જો;
ગોરસ પાયું ગોવિંદને મનભાવતું,
મણિરામના સ્વામી મળે ટળ્યું દુખ જો. મહિયારી૦ ૧૦

રાધાવિલાપના મહિના.

કારતક માસે કંથજી રે, મેહેલી જઇએ ના એમ;
રૂદન કરે રે રાણી રાધિકા, ભીંજે આંસુડે એમ;
હરિ વિના હઇડાં સૂકાયછે, પાપી પ્રાણુ ન જાય;
લોભી જીવડો ન જાય, શું રે જીવ્યું સંસારનું. ટેક. ૧
માગશર માસે માનુ નહિ રે, મારા મોહનલાલ;
સૂની દીસે સુંદર સેજડી, પેટડિયામાં ફાળ. હરિ વિના૦ ૨

પોસ માસે રૂચે નહીં રે, સુખ સંપત સાજ;
એકલાં મે'લ્યાં રે આ સમે, વેરણ જાય ન રાત. હરિ૦ ૩
માહા માસે મા'રાજને રે, તેડી લાવોને ઘેર;
નયણે નિરખું મારા નાથને, થાય લીલા રે લેહેર. હરિ૦ ૪
ફાગણ ફૂલ્યો ફૂલડે રે, ફૂલ્યાં કેસુરે વન;
અબિલ ગુલાલનાં છાંટણાં, ખેલું કો શું વસંત. હરિ૦ ૫
ચૈતરે ચિત્ત ચાહે નહીં રે, પેહેરવાને ચીર;
સ્વામી વિના રે શરણગાર શા, કેમ સજીએ શરીર. હરિ૦ ૬
વૈશાખે વન વેડિયાં રે, વેડી આંબાની ડાળ;
કોયલડી રે ટઉકા કરે, શબ્દ સૂણ્યો રે રસાળ. હરિ૦ ૭
જેઠમાં જીવ અકળાયછે રે, ઘરમાં ઘડી ન રહેવાય;
ભીતર ભડકા થાયછે, અગ્નિ-વ્રેહે ના સે'વાય. હરિ૦ ૮
આષાઢમાસે હું તો નમું રે, નમ્યો નવલો મેહ;
વ્રેહેનાં રે વાદળ ઉલટયાં, સોસે સૂકાણી દેહ. હરિ૦ ૯
શ્રાવણ વરસ્યો શરવડે રે, નદી સરોવર જાય;
કહો સખી કેમ કીજીએ, ધીરજ નવ ધરાય. હરિ૦ ૧૦
ભાદરવો ભલે ગાજીઓ રે, વસ્યા ઉત્તરદેશ;
હુંરે બેઠી રંગમોહોલમાં, પિયુ છે રે પરદેશ. હરિ૦ ૧૧
આસો માસે હરિ આવિયા રે, આનંદ ઓછવ થાય;
ઘેરઘેર જાય વધામણી, હૈડે હરખ ન માય. હરિ૦ ૧૨

પતિને પરદેશ ન જવાદેવા વિશેના મહિના.

ઓધવજી સંદેસો કે'જો શ્યામને-એ રાગ.

કારતક મહિને અબળા કહેછે કંથને, હવે શિયાળો આવ્યો સ્વામીનાથ જો,

હીમાળુ વા વાયો રે હલકી ટાઢમાં, શું સોધો પરદેશ જવાનો સાથ જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૧
માગશર મહિને હોંસ ઘણી મન માહરે, રશિયા રમ્યાની માજમ રાત જો,
ઘુંઘટડો કાઢી ઘર આગળ ફરૂં, પિયુ મે'લો પરદેશ જવાની વાત જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૨
પોસે જે અબળાને પીડે પરહરી, તે નારીનાં પુરણ મળિયાં પાપ જો,
સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે, મૈયરમાં નવ ગોડે મા ને બાપ જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૩
માહા મહિને નવ કરીયે નાથ મુંસાફરી, ઘઊં સાટે જઇ લાવો ખોરી જારજો,
વ્હેંચીને જમશું રે મારા વાલમા, જરૂર નહીં જાવાદેઉં ઘરથી બાહારજો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૪
ફાગ રમે ફાગણમાં નર ને નારીઓ, ઘેરઘેર નૌતમ કૌતુક નવલાં થાયજો,
જે નારીનો નાવલીઓ નાશી ગયો, કહો તેણે કયમ નજરે જોયું જાયજો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૫
ચૈતરમાં ચતુરને પંથ ન ચાલવું, જો ઘેર નારી ચતુર સુજાણ જો,
વહાલપણે વચને રે પિયુને વશ કરે, નિર્ધાર્યું તે પડયું રહે પરીઆણ જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૬
બાવલિયા વાયા તે પિયુ વૈશાખના, રજ ઉડે ને માણક મેલું થાય જો,
કંચનીનું મોતી રે હીરો હારનો, કહો પર હાથે તે કયમ ધીર્યાં જાયજો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૭
જેઠે તો પરદેશે જાવું દોહલું, ઘામ ઘીકે ને લાય જેવી લુ વા'ય જો,
કોમળ છે કાયા રે મારા કંથની, વણુ સીંચ્યાં જેમ ફુલડિયાં કરમાય જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૮
અંબરઘન છાયો રે માસ અષાઢમાં, મોર બોલેને મેહ વરસે મુશળધાર જો,

કચરાને કાદવ મચીછે મેદની, પંખી માળા ઘાલે ઠારોઠાર જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૯
શ્રાવણમાં શિવ પૂજીને મુખ માગીએ, વા'લાનો નવ થાજો કદી વિજોગ જો,
ઉમીઆના સ્વામીજી આપો એટલું, સાસુના જાયાનો નિત્ય સંજોગ જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૧૦
ભાદરવો ભરજોબનનો ફરી નહીં મળે, વહી જાશે જેમ નદીઓ કેરાં નીર જો,
એવા રે દિવસ એળે નવ કહાડીએ, વાત વિચારી જુઓ નણદના વીર જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૧૧
આસોના દિવસો અતિ રળિયામણા, ખાવું પીવું કરવા નવલા ખેલ જો,
ભેગાં બેશી જમીએ રમીએ સોગટે, છાતીમાં ભીડીને રાખુ છેલ જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૧૨
માસ અધિકમાં અધિકપણે શું કીજીયે, રહો જોડીને નેણ સંગાથે નેણ જો,
જેમ ન છૂટે ખુટો કાચ બિલોરનો, દાસ દયાના પ્રીતમ જાણ પ્રવીણ જો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં. ૧૩

ગરબી ૧ લી.

વાગી વાંસલડી વહાલાકેરી વનમાં જો;
તાલાવેલી લાગી ગોપીકેરા તનમાં જો. ટેક.
આસો માસ શરદપુનમ કેરી રાતડી જો;
સુણી શબ્દ શ્યામા વ્યાકુળ થઇ તે ઘડી જો. વાગી० ૧
દોડી દારાઓ નટવર મળવા મૂકી ધામને જો;
છોડી દીધાં સહુ ગોપી ઘરકામને જો. વાગી० ૨
કોઇ ધેનું દો'તાં ગોપી ચાલી નિસરી જો;

ઓઢયો અવળો સાળુ કાંચળડી વિસરી જો. વાગી૦ ૩
કોઇ દોડી વછોડી ધાવતું બાળને જો;
હર્ષ ઘણો મન મળવા દયાળને જો. વાગી૦ ૪
કોઇ ભોજન પીરસતી હતી કંથને જો;
સુણી શબ્દ નાઠી વન કેરા પંથને જો વાગી૦ ૫
બંસીનાદ સુણી બની બેભાનમાં જો;
મન ચોટયું મોહન મળવા કેરા તાનમાં જો. વાગી૦ ૬
ઘેલી કીધી ગિરધારી ગોપી ઘણી જો;
સુણી શબ્દ ચાલી શામળિયાજી ભણી જો. વાગી૦ ૭
એક ગોપીને સ્વામીએ રોકી ત્યાં મૂકી જો;
પ્રાણ તજી પ્રભુ પાસે તે જઇ ચૂકી જો. વાગી૦ ૮
ગોવિંદ સારૂ ગોપી સહુ ઘેલી થઇ જો;
મૂકી લજ્યા મોહનને મળવા ગઇ જો. વાગી૦ ૯
રોકે સાસુ દિયર કોઇને નથી ગાંઠતી જો;
સહુના બોલ સુણી પગતળે દાટતી જો. વાગી૦ ૧૦
એમ ગોપી ગિરધરને આવી મળી જો;
ભાવે ભામની ભૂધરના ભેગી ભળી જો. વાગી૦ ૧૧
આસો માસ શરદ્ પૂનમકેરી રાતમાં જો;
રાસ રચ્યો ગિરધારી ભલી ભાતમાં જો. વાગી૦ ૧૨
એક એક ગોપી વચમાં કહાન છે જો;
રચ્યો રાસ થૈ થૈ કારનો તાન છે જો. વાગી૦ ૧૩
કોઇ તાલ કીરતાલ બજાવતી જો;
નાચ નટવરને ખૂબ નચાવતી જો. વાગી૦ ૧૪
સહુણી સારંગીસુરમાં બેભાન છે જો;

જોઇ ગોવિંદને ગોપી ગુલતાન છે જો. વાગી૦ ૧૫
હાવ ભાવથી હરિને તો રીઝાવતી જો;
ખૂબ ખેલ ખેલાવી ખીલાવતી જો. વાગી૦ ૧૬
રમે રાસ રસીલો ગાઇ ગાનને જો;
ખેલે ગોપી સંગ ગળે નાખી હાથને જો. વાગી૦ ૧૭
ડોક નાખી ગોપીકેરા ગળસ્થળે જો;
અંક ભરે વહાલો ગોપીને તે પળે જો. વાગી૦ ૧૮
વાધ્યો આનંદ ગોપીકેરા તનમાં જો;
રમ્યા રાસ ગોપી સાથ વૃંદાવનમાં જો. વાગી૦ ૧૯
આખી રાત રાસ રમતાં વહી ગઇ જો;
સુરીનર મુનિવર હરખ્યા તહીં જો. વાગી ૨૦
ગોપી ગોવિંદ મળી હર્ષ પામિયાં જો;
સર્યા મનોરથ દુઃખ સહુ વામિયાં જો. વાગી૦ ૨૧
ગોપી ગોવિંદનો વિલાસ જે સાંભળે જો;
કોટિ જનમનાં પાપ તેનાં પળે જો. વાગી૦ ૨૨
રાસલીલા સુણતાં દુઃખ જાયછે જો;
સેવક સુરતે મણિરામ ગાય છે જો. વાગી૦ ૨૩

ગરબી ૬ ઠી.

ગોવિંદ કહે ગોપિકા તું ક્યાં જાય છે જો;
માન મથુરાંને મારગ દાણ થાય છે જો. ટેક.
અલી દાણ આપી જા તું તો મુજને જો;
વારે વારે વનિતા કહું છું હું તુજને જો. ગોવિંદ૦ ૧

મુને દધીનો દાણી દાશ જાણજે જો;
દાણ લીધા વિના ન છોડું પ્રમાણજે જો. ગોવિંદ૦ ૨
અમો ગોકુળ ગામના છું ગોવાળિયા જો;
દેખી અમને મારગ ઓતાળિયા જો. ગોવિંદ૦ ૩
દાણ ચોરી જવા તુંજ વિચાર છે જો;
ગોપી વાત તારી તે હદપાર છે જો. ગોવિંદ૦ ૪
મને છેતરી જાતાં જોવા જેવું થતું જો;
એક દાણ ચૂકવતાં દધી સહુ જતું જો. ગોવિંદ૦ ૫
ઉતાર્ય ગોપિકા મટકું તુંતો હવે જો;
આપ દાણ ઝટ ઝાઝું તું શું લવે જો. ગોવિંદ૦ ૬
ચૂક અલબેલી તું તારા ગુમાનને જો;
હમણા ઉતારૂંછું તારા અભિમાનને જો. ગોવિંદ૦ ૭
હું તો જાણુંછું તારા ચંચળ નેણને જો;
પ્રેમદા પરખી ગયો તારા વેણને જો. ગોવિંદ૦ ૮
હાવભાવથી મોહન મન મનાવિયે જો;
ગમે તેમ કરી દાણ મૂકાવિયે જો. ગોવિંદ૦ ૯
મોહપાશમાં નાંખી અહીંથી ચાલિયે જો;
દામ દોકડો દાણનો નવ આલિયે જો. ગોવિંદ૦ ૧૦
તું છે વિવ્હળ તેથી ચાળા કરે જો;
તેમાં અબળા અરથ કાંઇ નવ સરે જો. ગોવિંદ૦ ૧૧
તારા ચેનને ના ગાંઠું હું તો સર્વથી જો;
દાણ લેનારો છું અલી મારી મથી જો. ગોવિંદ૦ ૧૨
તથો નિર્લજ કે દાણ અમો મૂકીએ જો;

ફોગટ ફેલ કરે પણ નવ ચૂકિયે જો. ગોવિંદ૦ ૧૩
મારી ગેડી ને ગોરસ પ્રભુએ ફોડિયું જો;
ખેંચ્યો પાલવ ને મહી એનું ઢોળિયું જો. ગોવિંદ૦ ૧૪
અણાં ગિરધારી ગોપિકાએ જોરથી જો;
ગરજી બોલી બાળા ઘણા મોટા સો'રથી જો. ગોવિંદ૦ ૧૫
મહી ઢોળ્યું તેનું મૂલ લઇશું અમે જો;
દાણ કાપીને મહીનું દામ દિયો તમે જો. ગોવિંદ૦ ૧૬
ગોવિંદ કહે આવડું શું બોલે કુલમાં જો;
લ્યોને માનુની મને મહી મૂલમાં જો. ગોવિંદ૦ ૧૭
સુણી વચન ને રીઝયાં ત્યાં રાધિકા જો;
સકળ સદ્દગુણસંપન્ન સાધિકા જો. ગોવિંદ૦ ૧૮
એમ સ્નેહ અન્યોઅન્ય ત્યાં તો મળ્યાં જો;
મણિરામના સ્વામી મળે દુઃખ ટળ્યાં જો. ગોવિંદ૦ ૧૯

ગરબી ૩ જી.

ચાલો ડાકોરમાં જઇ વશિયે. એ રાગ.
મનમાન્યા મોહન મન વશિયા;
રમો રાજી થઇ રાધાવર રસિયારે. મન૦ ૧
અમો અબળા આધિન અલબેલા;
વહાલ ધરી વિઠ્ઠલ મળો વહેલા રે. મન૦ ૨
શામસુંદિર શૈયા બિછાવી;
સુખ આપો સલુણા આવીરે. મન૦ ૩
પાન પ્રેમે પ્રીતમ હું ચવરાવું;

અધરામૃત અલબેલા પાવું રે. મન૦ ૪
મોહન મોહી જોઇ તમ લટકો;
દિદાર દેખવા લાગ્યોછે ચટકો રે. મન૦ ૫
વ્યાપ્યો નેહ વિઠ્ઠલ અંગોઅંગે;
ક્યારે રમું રસિયાજીની સંગે રે! મન૦ ૬
તાલાવેલી લાગી ત્રીકમ તનમાં;
દીઠો દિદાર જ્યારનો વનમાં રે. મન૦ ૭
કેમ કરૂં કોની સંગે હું કહાવું;
મારે મનડે મોહન મૂઝાવું રે. મન૦ ૮
આજ લાગ પડયો કહેવા જેવો;
મણિરામનો પ્રભુ રસ લેવો રે. મન૦ ૯

ગરબો ૪ થો.

રાગ ઉપર પ્રમાણે.

સખી સામળિયો છે સેંલાણી;
હું તો જોઉછું કેઇરે વેળાની રે. સખી૦ ૧
એની નટવર નેણુ તો નચાવે;
સાને શામળિયો સમજાવે રે. સખી૦ ૨
વહાલો બંસી જોઇ જોઇ બજાવે;
નાચ નટવર સૌને નચાવે રે. સખી૦ ૩
હાવભાવથી વશ કરી લેતો;
પ્રેમ દેખાડીને પ્યારી કહેતો રે. સખી૦ ૪
કરી લટપટ ઝટ સમજાવે;
કરે કૃષ્ણ પોતે મન ફાવે રે. સખી૦ ૫

એમ લટપટ કરે લાલ લટકે;
છેલો છેતરી છેવટ છટકે રે. સખી૦ ૬
હરજી ગરજી મરજી સરજી;
દારા દુખી કરે દામોદરજી રે. સખી૦ ૭
જરી હદે દયા નહીં ધરતા;
કૃષ્ણ કપટ ઘણાં એમ કરતા રે. સખી૦ ૮
ગોપી ગોવિંદે કરી સહુ ગાંડી;
મણિરામ પ્રભુ ફંદે પડી રે. સખી૦ ૯

ગરબી ૫ માં.

રાગ ઉપર પ્રમાણે.

આવો આવોને પ્રીતમ પ્યારા;
હુંતો સેવુંછું ચર્ણ તમારા રે. આવો૦ ૧
મારા મનડે મોહન વશિયા;
ક્યારે દરશન દેશો રસિયા રે. આવો૦ ૨
મારા મનમાં મોહન તલસું;
હવે હરિને ક્યારે મળશું રે. આવો૦ ૩
મેંતો ફુલડિયે શૈયા સમારી;
હિતે આવોને કુંજબિહારી રે. આવો૦ ૪
મારૂં જોબન લહેરા ખાયછે;
મન મળવા વ્યાકુળ થાયછે રે. આવો૦ ૫
દીયર જેઠ ગયા છે પરદેશે;
મારી નણદી છે બાળા વેશે રે. આવો૦ ૬
હુંતો વાટ જોઇશ રે તમારી;

વહેલા આવજો તમો ગિરધારી રે. આવો૦ ૭
મને દાશી તે જાણી નિભાવો;
દયા કરી ઘો દરશન દાવો રે. આવો૦ ૮
વાણી સુણી આવ્યા શામળિયા;
મણિપ્રીતમ પલંગે ઢળિયા રે. આવો૦ ૯

ગરબી ૬ ઠ્ઠી.

રાગ ઉપર પ્રમાણે.

હાલરડું.

કુંવરને ઘુમડી રે ઘાલો;
મારા લાલને અળોળોળો હાલો રે; કુંવર૦ ૧
માતા યશોમતી પ્રભુને ઝુલાવે;
હેતે હરિને લાડ લડાવે રે. કુંવર૦ ૨
પ્રેમે પ્રભુને સુવાડી પારણે;
ગોપી આવે ઝુલાવા કારણે રે. કુંવર૦ ૩
ગોપી ગોવિંદને ઘણું ચહાતાં;
મીઠે સ્વરે હાલરડું ગાતાં રે. કુંવર૦ ૪
અળોગોળો હાલો જસોદાના જાયા;
ઘણું ગોપીને લાડકવાયા રે. કુંવર૦ ૫
પોઢો પોઢો પ્રીતમ પારણે;
વ્રજનારી જાયે તમ વારણે રે. કુંવર૦ ૬
હીરા રત્નનું પારણું શોભે;
તેના તેજથી દીનકર થોભે રે. કુંવર૦ ૭
તેમાં પોઢયા છે સુંદર શામળિયા;

વ્રજવનિતા જોવા મળિયા રે. કુંવર૦ ૮
સોહલો વરત્યો છે નંદ ઘેરે;
ગોપી ગાયછે આનંદ ભેરે રે. કુંવર૦ ૯
સહુ હર્ષે ગોરિયો ઝુલાવે;
હેત ધરી વહાલાને બોલાવે રે. કુંવર૦ ૧૦
ગાય હાલરડાં ઘણાં સારાં;
અળોળોળો હાલો પ્રીતમ પ્યારા રે. કુંવર૦ ૧૧
ગોપી લાવેછે મટકાં મહીનાં;
કીધાં છાંટણાં ત્યાંતો દહીંનાં રે. કુંવર૦ ૧૨
ગોરી આવે કુંકુમ કચોળે;
વ્રજનારી થઇ સહુ ટોળે રે. કુંવર૦ ૧૩
ગોરી હર્ષે હરિને બોલાવે;
હેત ધરીને થૈ થૈ નચાવે રે. કુંવર૦ ૧૪
લાડ લડાવે લાલને જોવે;
કીલકારીથી હસતા તેવે રે. કુંવર૦ ૧૫
રડે ઉવાં ઉવાં પ્રભુ જ્યારે;
ખમા ખમા કહેતાં સહુ ત્યારે રે. કુંવર૦ ૧૬
યશોમતિ તે હર્ષે બોલાવે;
ઘણા હેતે પ્રભુને ધવરાવે રે. કુંવર૦ ૧૭
માતા ગાયે અળોળોળો હાલો;
મણિરામનો એ છે વહાલો રે. કુંવર૦ ૧૮
પ્રેમ ધરી હાલરડું જે ગાશે;
તેના દેહનાં પ્રાયશ્ચિત જાશે રે. કુંવર૦ ૧૯

ગરબી ૭ મી.

કબ સમરોગે રામ, એ રાગ.

ચાલો રાધાજી આજ, હરિની પાસે, ચાલો રાધાજી આજ. ટેક.
મનમોહનને આપણ મળીશું, સરશે સખી સહુ કાજ. હરિ૦ ૧
નંદનો લાલો લાગેછે વહાલો, જાણું એને શિરતાજ. હરિ૦ ૨
હાવભાવથી વશ એને કરશું, મેળવી સઘળો રે સાજ. હરિ૦ ૩
મદનમોહન મનમોજી છે, નહીં કરે એ નારાજ. હરિ૦ ૪
એકાંત કરવી કૃષ્ણની સાથે, છોડવી સરવે રે લાજ. હરિ૦ ૫
સારૂં લાગે હરિ સાથે મળવું, આવે દુર્જનને દાઝ. હરિ૦ ૬
મણિનો સ્વામી રસિક શિરોમણિ, ભેગાં થવું એ રાજ. હરિ૦ ૭

ગરબી ૮ મી.

રાગ ઉપર પ્રમાણે.

આવો તમે નંદલાલ, મારે ઘેર આવો તમે નંદલાલ. ટેક.
નંદના લાલા લાગોછો વહાલા, વહેલા આવો દયાળ. મારે૦ ૧
વહેલા આવો દયા મન લાવો, આજ હરિ સાયંકાળ. મારે૦ ૨
શૈયા સમારી સારી સુખકારી, મેળવ્યોછે સહુ તાલ. મારે૦ ૩
પ્યારી તમારી હરિવર જાણો, નવ કરશો બેહાલ. મારે૦ ૪
દાસીનો દાવો જન્મ નીભાવો, આજ રજની સુખઆલ. મારે૦ ૫
આવીછું ચર્ણે રાખજો શર્ણે, ના કરો શોકયનું સાલ. મારે૦ ૬
મણિરામના સ્વામી હું જાચું, દયા કરીને દાસી ન્યાળ. મારે૦ ૭

ગરબી ૯ મી

રાગ ઉપર પ્રમાણે.

રાધાજી તુજપર પ્યાર, સાચું માનો, રાધાજી તુજપર પ્યાર. ટેક.
લટકે ચટકે મોહ્યોછું પ્યારી, જાણું હૈયાનો હાર. સાચું૦ ૧
તનમન ધન હું જાણું રે તુજને, શૈયાનો રે શણગાર. સાચું૦ ૨
સોળસહસ્ત્ર ગોપીમાં તું છે, શિરોમણિ સરદાર. સાચું૦ ૩
તારામંડળ જેમ ચંદ્ર ચૂડામણિ, ચકોર તારો છે યાર. સાચું૦ ૪
જળ મીનને સંબંધ છે જેવો, એવો તુજશું એક તાર. સાચું૦ ૫
નેન ચેન જોઇ રાધા હું તારૂં, થઇ ગયોછું તદાકાર. સાચું૦ ૬
મણિનો સ્વામી આધિન તારે, નેહ નજરે કરી ડાર. સાચું૦ ૭

ગરબી ૧૦ મી.

રાગ ઉપર પ્રમાણે.

થનક થનક થેઇ થેઇ, નાચોને હરિ, થનક થનક થેઇ થેઇ. ટેક.
નથ ઘાલોને ઠમકેથી ચાલો, હરિ આપું હું કાંઇ કાંઇ. નાચો૦ ૧
ચીર ચોળી ચતુરાઇથી પ્હેરો, કસર રાખો નહીં નહીં. નાચો૦ ૨
તાલ પખાજમાં તાન ઉડાવો, સપ્ત સૂરશું ગાઇ ગાઇ. નાચો૦ ૩
સપ્ત સૂર તીન ગ્રામની સાથે, તાલ માન લઇ લઇ. નાચો૦ ૪
નારી વેશ ધરોને નટવર, ચિત્ત વિશે ચાઇ ચાઇ. નાચો૦ ૫
ગોપી દધી દૂધ નાચ દેખીને, દેશે હરિ પાઇ પાઇ. નાચો૦ ૬
સ્વામી મણિના નાચો સ્નેહે, મૂકો બીજી ધાઇ ધાઇ. નાચો૦ ૭

ગરબી ૧૧ મી.

રાગ ઉપર પ્રમાણે.

રાધાને બંસી ચોરાઇ, દેખોને મૈયા, રાધાને બંસી ચોરાઇ. ટેક.

મેંતો દાડાથા અપને આગનને, કાંસે રાધા વાં આઇ? દેખો૦ ૧
સાત પાંચ સખી મીલકર આઇ, અપને આંગન માઇ. દેખો૦ ૨
ઉઝત કરી ઉને મેરી બંગમે, નેનુસે નેન મીલાઇ. દેખો૦ ૩
ધાબળી ખેંચી મુગટ ઉઠાયો, બંસી લીની છીનાઇ. દેખો૦ ૪
નહીંથી સુનેકી નહીંથી રૂપેકી, બાંસુકી મેને બનવાઇ. દેખો૦ ૫
સાત પાંચકુ ક્યાં કરૂં મૈયાં, એકીલા મેતો કનાઇ. દેખો૦ ૬
માતાકું કહેતે મણિરામકા સ્વામી, રાધાકુ છોડું મે નાહીં. દેખો૦ ૭

ગરબી ૧૨ મી.

રાગ ઉપર પ્રમાણે.

જોબન રસ ઝલકાય, લુંટોને લાલ, જોબન રસ ઝલકાય. ટેક૦
કાચી કલિયો કંચન જેવી, મધુકર કેમ ના લોભાય? લુંટોને૦ ૧
મદ દેખી માનુનીરે મોહન, અંતરમાં રે મલકાય. લુંટોને૦ ૨
જોબન જાળવ્યું જીવણ જોરથી, જાણ્યું હરિ મોટા થાય. લુંટોને૦ ૩
યોગ્ય થયા અલબેલા અમશું, કરો સલુણા સાય. લુંટોને૦ ૪
શામસુંદર મન માન્યું તમથી, અવર નહીં ઇચ્છાય. લુંટોને૦ ૫
મણિરામના સ્વામી સુખ આપો, દાસી તમારી ચહાય. લુંટોને૦ ૬

ગરબી ૧૩ મી.

પડવાની પડ પ્રીત ઘટમટ ભૂલીરે, એ રાગ.
કારતક માસે કૃષ્ણજી કાંઇ કહાવો રે;
મૂકી મથુરાં મા'વ ગોકુળ આવો રે. ૧
માગશરે મન મૂઝાય મળવા સારૂ રે;
આવો અલબેલા આધાર તમને વારૂ રે. ૨

પોષે પુરૂષોત્તમ પાપ શાં પડિયાં રે;
આવી અધર્મિ અક્રૂર અમને નડિયા રે. ૩
માહા મહિને માધવ મેહેલી ગયા રે;
નવ નિરખ્યા નંદકીશોર નમેરા થયા રે. ૪
ફાગણે ફાળ પડે ઘણી ફરકે તનરે;
દિદાર દેખવા દયાળ ડલકે મન રે. ૫
ચઇતરે ચિંતા ચિત્તમાં નંદલાલા રે;
ગોઠે ના ઘડિયે એક મારા વાહાલા રે. ૬
વૈશાખે વા વાય છે પ્રભુ ઉના રે;
તમ વિયોગે ત્રીકમ પડયાંછું સૂનાં રે. ૭
જેઠે ઝાઝું ઝુરિયે જદુનાથ રે;
કેમ ખમાય તમ વિયોગ જોડું હાથ રે. ૮
આષાઢે અવધિ થઇ સુંદિરશામ રે;
તમ કાજે ઝુરે નિત્ય તરૂણી તમામ રે. ૯
શ્રાવણે સંતાપ સલુણા થાય રે;
પ્રભુ પ્રાણ વિના પળ એક નવ રહેવાય રે. ૧૦
ભાદરવે ભોવંન ભયંકર લાગે રે;
તમ કાજે તરૂણી તંન ઝબકી જાગે રે. ૧૧
આસો માસ અલબેલડો હવે આવ્યો રે;
પધારો મણિના શામ લઇયે લાવ્યો રે. ૧૨

ગરબી ૧૪ મી.

પડવે પ્રાણજીવન પ્રેમે કહું તમને રે; ટેક.

નિર્દે થયા નટવરલાલ નડોછો અમને રે. ૧
બીજે બાળે વેષ અમો બંસીધારી રે;
લ્યો લાહાવો લલના લાલ લાલ વિચારી રે. ૨
ત્રીજે ત્રીભોવનતાત તન મેલાવો રે;
કૃપા કરી કૃષ્ણ કૃપાળ પ્રેમે ઘેર આવો રે. ૩
ચોથે ચિત્ત ચકડોળ ચઢેછે લાલા રે;
તમ કાજે તલપે તંન ત્રીકમ વૃજબાળા રે. ૪
પાંચમે પ્રભુ પ્રપંચ પ્રેરા નાથ રે;
દાખી દાસી દીનદયાળ ઝાલો હાથ રે. ૫
છઠે છબીલા છેતરી છે' દેઇ સ્વામી રે;
કહું કરગરી કૃષ્ણ કૃપાળ કષ્ટજ પામી રે. ૬
સાતમે સંતાપ સલુણા થાય રે;
પ્રભુ પ્રાણ વિના પળ એક નવ રહેવાય રે. ૭
આઠમે અલબેલા અંન મને નવ ભાવે રે;
પ્રેમે પર્યંકકેરી માંય ઉંઘ ન આવે રે. ૮
નોમે નટવરલાલ નમેરા થયા રે;
મને મૂકી કેમ મોહન મથુરાં ગયા રે. ૯
દશમે દીન દયાળજી શું કહેવું રે;
ગોઠે નહીં ઘરની માંય કેમ કરી રહેવું રે. ૧૦
એકાદશી અનુષ્ઠાન હવે નથી ગમતું રે;
જુઓ જોબન જુલમીપૂર જબરૂ દમતું રે. ૧૧
બારશે બાળા બહુ બની છે ઘેલી રે;
લોપી છે કુળ મર્જાદ લજ્જા મેલી રે. ૧૨

તેરસે તારૂણ તાપ લાગ્યો તનમાં રે;
વે' વન્હિ પીડે અપાર બળે છે મનમાં રે. ૧૩
ચૌદશે ચતુરા નાર ચોદશ જોતી રે;
નવ નિરખ્યા નટવરલાલ નયણે રોતી રે. ૧૪
પૂનમે પ્રાણ પરહરે પ્રભુ માટે રે;
તવ આવ્યા ત્રીભોવનતાત એને ઉચાટે રે. ૧૫
રાધા હદે રાજી થયાં હર્ષે મળિયાં રે;
મણિરામના મોહનલાલ પર્યંક ઢળિયા રે. ૧૬

લાવણી ૧ લી.

તું કામણ કરી કયાં જાય એ રાહ.
જાવો જાવો જુગજીવનં વાર નહીં કરતા; ટેક.
મારો આવશે કુડીલો કંથ કેમ નથી ડરતા ?
મારો કંથ કુડીલો શામ દેખે જો તમને,
કહેશે કેમ આવ્યો' તો કહાન ગાળો દે અમને;
માટે ઝટપટ જાવો નાથ હવે નહીં ઠરતા. મારો૦ ૧
જો જાણે સાસુ સેતાન જુલમ ગુજારે,
પીટયા જેઠમાં ઝાઝું જોર આવીને મારે;
માંરી નણંદ કજીયાખોર આળ શિર ધરતા. મારો૦ ૨
માટે પાય પડી કહું નાથ અંક ભરી નાસો,
જો જાણ થશે દુરમુખ ચાવા પ્રભુ થાશો;
તેથી કામ સાધીને આપ રખે મુને નડતા. મારો૦ ૩
છાન ચોરીતણું આ કામ જાણજો થાશે,

થાશું ફજેત નગ્રની માંય લાજ તો જાશે;
મને ભીતિ મનની માંય કો દીસે નિરસતાં. મારો૦ ૪
દુરાચારી જગતના લોક આળ ઝટ મૂકે,
દેખે સુંદરનું સ્વરૂપ શ્વાનપેર ભૂંકે;
આવે ટોળે મળી વ્રજલોક સામા રહી લડતા. મારો૦ ૫
તેથી સાધી પોતાનું કામ પધારો વાટે,
કોઇ જાણે રખે આ વાત કહું તે માટે;
વાગે પડઘા આવ્યા કંથ પાય નથી ઠરતા. મારો૦ ૬
પ્રભુ ધ્રુજે મારી કાય રખે કોઇ આવે,
પ્રાણપ્યારો નટવરલાલ કોઇ ધમકાવે;
મણિપ્રીતમ સુણો બાત તેથી ચિંતા કરતા. મારો૦ ૭

લાવણી ૨ જી.

સુણ શામા મારી વાત ધીરજ મન ધરિયે;
શું કરશે તારો કંથ કશું નહીં ડરિયે. ટેક.
તું થઇ પ્રમદાની જાત કેમ હાવી ડરતી.
કળી કળા સમજાવો કંથ પાળીને વરતી;
સુણ સ્વામી થકી શું થાય ગમે તેમ કરિયે. શું કરશે૦
જે જાણે જારવિજાર તેને કહેવી નારી,
આડું અવળું સમજાવી કંથ રચે તે જારી;
દીલ ડરિયે શાને કાજ ગમે ત્યાં ફરિયે. શું કરશે૦
જે કરે જારનું કામ હાથ નહીં આવે,
પેસે તે ઘરની માંય બારીથી જાવે;

કોઇ કરવા તાકે આળ સતી થઇ લઢિયે. શું કરશે૦ ૩
શું ધીરજ ધરને મન હાથ નહીં આવું,
કહ્યું આવી પોચે તુજ કંથ ખુબ સમજાવું;
કરી કળા પાધરે પંથ અમે પરવરિયે. શું કરશે૦ ૪
વ્રજતણા જે વાયલ લોક સહુ જખ મારે,
છો છંદે ચઢે દુરિજન કોણ ગણકારે;
આવ અલબેલી પ્રાણઆધાર રંગ આચરિયે. શું કરશે૦ ૫
મનમાન્યો માણ્યો રંગ આપે મોરારી,
આપ્યું રામાને અભયવરદાન ગણી પ્રાણપ્યારી;
જાણી જગજીવને દાસ અંક ભર્યો હરિયે. શું કરશે૦ ૬
જોયો જનાર્દનનો પ્રેમ રામા સુખ પામી,
સુખશાતામાં ચાલ્યા ઘેર મણિના સ્વામી;
કહે કામના આવજો નિત્ય ઠાકોર જોઇ ઠરિયે. શું કરશે૦ ૭

લાવણી ૩ ૯.

મોહી મોહી માણીગર મન તમારો જોઇ લટકો;
જોઇ રૂપ જવાની શામ લાગ્યો દીલ ખટકો. ટેક૦
લાગ્યો લાહાવ લાલને જોઇ મને તો ભારી,
ઘણું સાલે ગોવિંદનો ઘાટ નેનકટારી;
દેખી દિદાર દીલ અભિલાશ મળવા મન ચટકો. જોઇ૦ ૧
વારે વારે લટકો ચટકો તમારો જોતી,
કાને કુંડળ લળકે ઝળકે પહેરી ધોતી;
શિર મુકુટ ધર્યો ઘનશામ સાલ્લો કટકટકો. જોઇ૦ ૨

ત્રીકમ તાકી નેનનું તિર તન હરી લ્યોછો,
કરિ વિવ્હળ કામની કંથ દારાને દુઃખ ધોછો;
સરે સ્વારથ સારો શ્યામ સટક લેઇ સટકો. જોઇ૦ ૩
આવી અબળા આધારે શામ શર્ણે તમે લ્યોને,
રાઘવ રામા રાંકની જાત રમાડી સુખ ધોને;
માંડો મરજી મુજપર શામ મન કયાં ભટકો. જોઇ૦ ૪
મૂકી ખટપટ ઝટપટ આવો દયા મન લાવી,
કરો લટપટ સટપટ ઝટપટ અંક ભીડાવી;
લાલ લળી લળી લાગુ પાય છબીલા શું છટકો. જોઇ૦ ૫
પીયો પ્યારા અધર પીયુષ કરૂણા કરિયે,
મન માધવ અર્પ્યું મહારૂ અંકુતો ભરિયે;
કેમ કરો કૃષ્ણજી વાર મારો જીવ ફટકયો. જોઇ૦ ૬
સુણી વચન સલુણીનું શામ કરૂણા કીધી,
મણિ મોહન કરી વિચાર વામાને ધીર દીધી;
એમ સમાવી અબળાનો તાપ ગયા બંસીબટકો. જોઇ૦ ૭

લાવણી ૪ થી

ઓ પ્યારી પ્રાણઆધાર પ્રેમ શું છોડે;
તારે સારૂ તલપે તન મન ઘણો કોડે. ટેક૦
તને જોઉં તારૂણી તોજ મને સુખ થાયે;
પ્યારી પ્રાણ વિના પળ એક નવ રહેવાયે;
તુજ પૂઠે તારૂણી ભમું ભમરની ગોડે. તારે૦ ૧
કર્યું કામણ કામની તેંજ કર્યો બેભાને,

મોહ્યો લટકે ચટકે ખટકે ભીને વાને;
આવો ભાવો કહાવો પ્રાણ રમો મુજ જોડે. તારે૦ ૨
તાહારી ચાલે વાળે ગાળે આડો આંક વાળે,
જોઇ ઠમકો ધમકો કણખો રૂદેમાં સાલે;
તારૂં તન મન સુંદર રતન સુઘડતા સોડે. તારે૦ ૩
શામા બોલોને સુંદર સાથ ત્યારે સુખ થાયે,
ધારો દયા મયા કાંઇ મન શાંત થાય કાયે;
તુજ સારૂ તારૂણી તન ચઢ્યું મુજ ઘોડે. તારે૦ ૪
તમે આવો સમાવો તાપ પ્રાણની પ્યારી,
બન્યો બા'વરો ઘણો બેભાન વિયોગે તારી;
કાં કરે કામની વાર કામ પૂર દોડે. તારે૦ ૫
દારા દામોદરની દાસી થંઇ દીલ ખોલી,
પડી પ્રાણજીવનને પાય મધુર સ્વર બોલી;
ભવોભવની ભગવાન ભામની તમારી જોડે. તારે૦ ૬
મળ્યાં દારા દામોદર દાસ મણિના સ્વામી,
માણ્યે મનગમતો ત્યાં મોજ મોહન સુખ પામી;
થયો પરસ્પર અતિશે પ્રેમ અંતરપટ ફોડે. તારે૦ ૭

લાવણી ૫ મી.

મૂકો મૂકો માધવ મહારાજ પલ્લો શિદ ઝાલો,
લાલ લટકો મૂકી દૂર પાંસરા ચાલો; ટેક.
કેમ રોકો કૃષ્ણજી નાર પાણીને આરે,
મૂક પાલવ માધવલાલ મન શું ધારે;

નથી ગમતી નાથજી ટેવ મૂકી દઇ ચાળો. લાલ૦ ૧
જાણું ચતુરાઇ ચોરની સાચ ઠગાઇ કરવી,
સહુ સમજાવી સલુણી નાર કપટથી વરવી;
તે કરો તોફાન ત્રીકમ તમો તો ઠાલો. લાલ૦ ૨
જાણો જાદુ જગજીવન તે તો હું જાણું,
કે કળા કરી વૃજનાર સાથ રંગ માણું;
કેમ કાલા થઇને કહાન કંચુકી કર ઘાલો. લાલ૦ ૩
નહીં સરે અર્થ નટવરલાલ ફોગટ મન રાખો,
જાવો જોર જાણું જગજીવન ભુંડુ નવ ભાખો;
ગિરધર ગોકુળમાં ઘણી નાર ગમે ત્યાં મહાલો. લાલ૦ ૪
માધવ મદ માથાની માંય ઘણો તું રાખે,
મોહન મળે માથાની નાર તબં તું સાંખે;
તમ જેવા ત્રીકમલાલ તમે તો ભાળો. લાલ૦ ૫
મોહન મારો શું નેણુનાં બાણુ વશ નવ થઇયે.
માટે મનમાં સમજી લાલ પંથ તો લઇયે;
નથી નફો ઉઝતમાં નાથ ટેવ તમ ટાળો. લાલ૦ ૬
હું જાણું જગજીવન તમે છો કામી,
તે સરે અરથ નહીં આજ મણિના સ્વામી;
મિથ્યા માધવ ખોશો માન શિદ થાય કાળો. લાલ૦ ૭

લાવણી ૬ ઠ્ઠી.

તું આઘો રહે નંદલાલ રામા શિદ ઘેરી,
વગાડે બંસી કહાન હમારી છે વેરી. ટેક.

તમે કપટી ત્રીભોવન તાત મોહની લાવ્યા,
કેમ આવ્યા કૃષ્ણજીકને કોણે તેડાવ્યા;
શું આવ્યા સુંદરિયો જોઇ પીતાંબર પે'રી. વગાડે૦ ૧
તું આવ્યો તારૂણી જોઇ હોંસનો ભરિયો,
મોહ માયા મનમથ નાર ડોળ તેં કરિયો;
તમો વળગો તારૂણી જોઇ ગુંદ જેમ ખેરી. વગાડે૦ ૨
બળી બળી બળવંતા ટેવ દૂર તમો રોહોને,
શો પરનારીનો પ્રેમ લાજ શિર લ્યોને;
જુવો જુવંતી રૂપાળી કોઇ મર્દ થાવો મેરી. વગાડે૦ ૩
બહુ બન્યા બા'વરા આજ રામાઓ જોઇને,
શું સમજી સલુણા મન રહ્યા છો મોહીને;
જાવો ઝટપટ પાછા જીવણ, નજર ક્યાં ઠેરી. વગાડે૦ ૪
સરે અર્થ નહીં સુંદરશામ મિથ્યા માન ખૂઓ,
લાલ લંપટ રાખો ના જીવ વિચારી જુઓ;
માટે માનો મોહન મારી વાત નંદલાલ લહેરી. વગાડે૦ ૫
આઘા રહો અલબેલા આજ સાચું કહું તમને,
મારગ મૂકી રહો દૂર અડો નહીં અમને;
જોર જણાવશો જગજીવન થાશો અમ ઝેરી. વગાડે૦ ૬
જેવો જીવ લંપટી આપ તેવાં સહુ ભાળો,
મણિ પ્રિતમ આડાઆંક તમો તો વાળો;
કાંઇ કરી કૃષ્ણ વિચાર જાવો સીધી શેરી. વગાડે૦ ૭

લાવણી ૭ મી.

જુવો જુવો જશોદા માત કેમ હમે કરિયે,

અમને પીડે તમારો લાલ દુખ ઘણું ધરિયે. ટેક
નિત્ય આવે હમારે ઘેર ઘણું રંજાડે,
મેલાવે મહીનાં માટ ગોરસ નિચે પાડે;
પાય મરકટને સહુ છાસ રહેવા દે ના જરિયે. અમને૦ ૧

વળી વચ્છ હમારાં જેહ લાલ ધવરાવે,
જગાડે સૂતાં બાળ એમ રીબાવે;
માટે સમજાવોને લાલ ગરીબ હમે મરીયે. અમને૦ ૨

એથી લાગે હમને બીક ઘેર આવી ચઢતા,
ફેંદે ઘરવાખરો તમ લાલ એમ ઘણું નડતા;
તમો વિચારો માતા મન અમો ક્યાં ઠરિયે. અમને૦ ૩

જો સૂતા નિદ્રામાંય એવે લાલ આવે,
હરી વસ્ત્ર હમારાં કહાન સુખેથી જાવે;
કરે ટીલાં સિંદૂર લલાટ તેથી અમે ડરિયે. અમને૦ ૪

માટે કરવો કોણ ઉપાય અમે ક્યાં જઇએ,
નિત્ય રંજાડે તમ લાલ એને શું કહિયે;
જોઇ કૃત્ય કૃષ્ણનું અમે રીસે બહુ બળિયે. અમને૦ ૫

મન ઉપને એવો અભિલાખ કામ સારું સાધું;
જો આવે હવે નંદલાલ હાથ તાણી બાંધુ;
એને ઝાલવા કારણ માત પૂઠે પૂઠે ફરિયે, અમને૦ ૬

કદી ઝાલ્યામાં આવે માત ગરૂડાગામી,
નાસે મોહ પમાડી નાર મણિના સ્વામી;
હવે કરવો કોણ ઉપાય જુલમ માંડ્યો હરિયે. અમને૦ ૭

લાવણી ૮ મી.

અમને દગો કર્યો ઓધવ શામસલુણે;
ગયા મૂકી મથુરાં લાલ વિયોગજ પૂણે. ટેક.
મને કહેતા સુંદરશામ પ્રાણ તારો કહાવું,
તને ચાળગી કરી ક્ષણએક કદી નવ જાવું;
તે મૂકી ગયા મને નાથ ભોળવ્યો કુણે. ગયા૦ ૧
એને મૂકી જાતાં ઓધવ દયા નવ આવી,
મથુરામાં કુબજા નાર દીધો સમજાવી;
એણે વશ કીધો અમ નાથ કામણટૂણે. ગયા૦ ૨
એના રૂપની ભ્રાંતિ લાગી ઓધવજી મુને,
નવ ખમાય વિયોગ દુખ વાત કહું કુને;
મને પ્રભુ વિના લગાર ગમે નહિ ખૂણે. ગયા૦ ૩
હું શી કહું ઝાઝી વાત લાજ મન ધરતી,
રિસાયા દીસે શામ નજર નથી ઠરતી;
માટે કહેજો ગિરધરલાલ દુઃખ શીદ ચૂણે. ગયા૦ ૪
તમે કહેજો ખબર જઇ શામ મને નથી ગમતું,
મારૂં જોબન લહેરાં ખાય ઘણેરૂં દમતું;
કહેજો કુબજા ધૂણાવે જેમ લાલ શું ધૂણે. ગયા૦ ૫
સાલે શોકય થઇ ઓધવ કુબજા કાળી,
કરી કામણ ટુમણ વશ કર્યા વનમાળી,
એ કિયા જનમની વેરણ ઓધવજી દૂણે. ગયા૦ ૬
આ સર્વ હકીકત શામ ઓધવજી કહેજો,
મણિપ્રીતમને ખુબ રીત શિખામણ દેજો;

મને સાંભરે વારંવાર નિશ્રાયે સુણે. ગયા૦ ૭

લાવણી ૯ મી.

તમો સખણા રહોને શામ પાલવ શિદ ઝાલો;
શિખામણ દેઉં છું શામ પાંસરા ચાલો. ટેક
શિદ રોકો રામા રાંક મમત મન ધારી,
જાવો ચાલ્યા શીધે શેર લાલ વિચારી;
નવ કરો ઉઝત અમ સાથ મૂકી દો ચાળો. શિખામણ૦ ૧
મને ગમે નહીં તમારી ટેવ આમ શું કરતા,
લાજો લાજો મારગમાં રામાને શું નડતા;
કાંઇ સમજણ રાખને લાલ થાય શું કાલો. શિખામણ૦ ૨
આ મથુરાને મારગ શામ તારૂં શું લાગે,
કેમ રસ્તો રોકે લાલ દાણ શાનું માગે;
અમ માથે ગાજે કંસરાય મતવાળો. શિખામણ૦ ૩
ખાઇ આહીરનું એઠું અન છેક શું છકો,
કાંઇ સમજણ રાખો લાલ ભુંડુ શું બકો;
ઘણી ઉઝત કરતાં નાથ ખાશે મુખે ગાળો. શિખામણ૦ ૪
તમે જાવા દો વ્રજનાર સમજી લાલા,
જો થાશે કંસને જાણ ફજેત થશો ઠાલા;
માટે જાવા દો નંદલાલ કુડુ નવ ભાળો, શિખામણ૦ ૫
તમો આવ્યા વિહળપણે પાસ વાત સહુ જાણું,
નહીં સરે અરથ તમ શામ વિચારો ટાણું;
માટે સમજો મણિના નાથ ગમે ત્યાં મા'લો. શિખામણ૦ ૬

લાવણી ૧૦ મી.

શું સમજાવે સલુણા છેલ સલુણીને લટકે,
નાથ નાખી નેણુના બાણ સમજાવે કાષ્ટ કટકે. કટે.
દેખી દેદાર દારાનું ખુબ માધવ મન ડળકે,
વા'લા જોઇ વનિતાવદન મુખ તુજ પલકે;
શામસલુણી બોલાવવા કાજ ખેસ તું ઝટકે. નાથ૦ ૧
લાલ લલિને કહી તું લાલ ઝડપ સમજાવે,
નાખી નટવર નારી મોહપાશ કરે મન ભાવે;
સરે સ્વાર્થ જ્યારે શ્યામ સટક લેઇ સટકે. નાથ૦ ૨
ઘણા ગરજી ગોવિંદ ઘનશ્યામ તમો તો કહાવો,
કરી ખટપટ ઝટપટ સ્વાર્થ શામા સમજાવો;
નાથ લટપટ ચટપટ કરી છેલા તું છટકે. નાથ૦ ૩
શામ સમજો સ્વાર્થમાં આપ હદે વિચારો,
પુઠે પુરૂષોત્તમ નહી વિચાર એ ખોટો ધારો;
જ્યારે કહિયે જગજીવન રીસ ચઢે ચટકે. નાથ૦ ૪
માટે મોહન વિચારો મન કહું શિષ નામી,
પર દુઃખ વિચારો નાથ મણિના સ્વામી;
સત્ય વાત કહુંછું શામ ટેવ તમ ખટકે. નાથ૦ ૫

લાવણી ૧૧ મી.

કયું ડારો ઉરપે હાથ લાલ બીચારો;
બજાકે બંસીનાદ નેન કયું મારો. ટેક૦
કુછ દીલમે બીચારો બાત ઉમરમેરી છોટી,

નહી લીયા પીયાને રસરંગ મીજેકું લુંટી;
મેને દેખા આપ દેદાર હુઇ લોટપોટી,
ભઇ દીવાની દીલજાન મેખલ મેરી છુટી;
મેં કેસે ધરૂં દીલ રોસ મોંહ પાસ ડારો. બજાકે૦ ૧
ક્યું પલા પકડકે ખડે આપ ગિરધારી,
કો દેખેગો દુરિજન ફજેતી ભારી;
મેરે સાસુ નનંદ સેતાન સુને દે ગારી,
મેં ડરૂ દુરિજન લોક લાજકી મારી;
મેરો સસરો હે સેતાન બડો ધુતારો. બજાકે૦ ૨
લાલ ડરૂં દીયરસે બૌત જુલમ ગુજારે,
ધરે મેરે શિરપે આળ દુખી કર ડારે;
મેરો જેઠ જુલમ ગુજારે મુજેકુ મારે,
તુમ છોડો છબીલા મીજે પ્રાનકે પ્યારે;
મીજે રોકી મારગકે બીચ દીન ગુજારો. બજાકે૦ ૩
મેં બોત દેરસે ખડી રોકી હે મુજકું,
ઞરેને ડારા હાથ પકડ રહે તુચકું;
તુમ ભયે નિર્લજ નંદલાલ બિચારો બુજકું,
મે ચહાતી હું દિલજાન તુમેરી સુજકું;
અખિરામકે સ્વામી મીજેકું દાસી ધારો. બજાકે૦ ૪

ગરબી ૧ લી.

પાતળિયા પાલવ મૂકોરે.—એ રાગ.
કેમ રણુવગડે અને મૂકી રે. શામ સલુણા૦

શી સેવા તમારી ચૂકી રે. શામ સલુણા૦ ટેક
વા'લારે જેવી તેવી જાણો તમારી,
કેમ મૂકો મને વિસારી રે. શામ સલુણા૦ ૧
વા'લા રે હુંતો વિશ્વાસે વળગી રહીછું,
તમ વિયોગે દુખી થઇછું રે. શામ સલુણા૦ ૨
વા'લા રે મેં તો પ્રેમથી માયા જોડી,
હવે શું મૂકો તરછોડી રે. શામ સલુણા૦ ૩
વાહાલા રે વહાલા થઇને વેર ક્યાં વાળ્યું,
કેમ જોાવન મારૂં ટાળ્યું રે. શામ સલુણા૦ ૪
વહાલા રે વિયોગે થઇ હું તો ગાંડી,
તમ કાજે ઝૂરૂં દહાડી રે. શામ સલુણા૦ ૫
વહાલા રે મારાં જોબન લહેરાં લેતું,
તમ વિયોગે દુખ દેતુરે. શામ સલુણા૦ ૬
વહાલા રે મળો કહું તમોને શીષ નામી,
પ્રેમ લાવો મણિના સ્વામી રે. શામ સલુણા૦ ૭

ગરબી ૨ જી.

રાગ ઉપર પ્રમાણે.

કાળજું મારૂં કોર્યું રે હો નંદના લાલા,
ચિત્તડું મારૂં ચોર્યું રે. હો કૃષ્ણજી કાળા. ટેક.
વહાલા રે મુને ઓડી યુમનાની તીરે,
હું ગઇતી ભરવા નીર રે. હો કૃષ્ણજી કાળા. ૧
વાહાલા રે મુને નેનકટારી તે મારી,
મને ઘાયલ તે કરી ઝરી રે. હો કૃષ્ણજી કાળા. ૨

વહાલા રે મુને કરી નાંખી બેભાને;
મ્હારૂં ચોટયું તમપર તાન રે. હો કૃષ્ણજી કાળા. ૩
વહાલા રે મુને રોમેરોમ કામ વશિયો;
જોઇ પ્રીતમ કંદ્રપ ખશિયો રે. હો કૃષ્ણજી કાળા. ૪
વહાલારે મુને પ્યારા છો કુંજબિહારી;
સ્વામી શુદ્ધ લ્યોને હમારી રે. હો કૃષ્ણજી કાળા. ૫
વાહાલારે તમને જોઇ પુરણ સુખ પામી;
હવે ક્યાં મળશો મને સ્વામી રે. હો કૃષ્ણજી કાળા. ૬
વહાલારે મુને લાગી છે તાલાવેલી;
શર્ણું લ્યો મણિના સ્વામી પહેલી રે. હો કૃષ્ણજી કાળા. ૭

ગરબી ૩ જી.

રાગ ઉપર પ્રમાણે.

મને રોકી છે ગિરધારી રે મારગ જાતાં,
તાણ્યો પાલવ તો મોરારી રે મારગ જાતાં. ટેક.
સખી રે અમો મહી વેચવાને ગયાંતાં;
સાત પાંચ તે ભેગાં થયાંતાં રે. મારગ જાતાં. ૧
સખી રે સરખી સરખી સહિયર મળી ટોળે;
કાંઇ મુખથી ગાણું બોલે રે. મારગ જાતાં. ૨
સખી રે વહાલો આવ્યો અમોને જાણી;
દામોદર થઇ બેઠા દાણી રે. મારગ જાતાં. ૩
સખી રે કહે નહિ તમને જાવા રે દેઉં;
હું દાણ સરવનું લેઉં રે. મારગ જાતાં. ૪
સખી રે અમે દાણ ન દીધું જ્યારે;

અમ પલ્લો ખેંચ્યો ત્યારે રે. માારગ જાતાં૦ ૫
સખી રે મારૂં મહીડું તે નાખ્યું ફોડી;
કાંઇ મોહન માળા તોડી રે. મારગ જાતાં૦ ૬
સખી રે મારી ફોડીને દાણુંજ લીધું;
મણિ પ્રીતમે એવું કીધું રે. મારગ જાતાં ૭

ગરબી ૪ થી.

રાગ ઉપર પ્રમાણે.

મારા ગોવિંદ ઘેલું શું બોલો રે, કાંઇ દીલથી લાજો;
શો પરનારીનો અભિલાખો રે, આ રાખોને માઝો. ટેક.
વહાલારે મારા વાટે વનિતાને ઘેરો,
તમે દેખી સુંદિર ચેહેરો રે. કાંઇ દીલથી લાજો૦ ૧
વહાલા રે મારા રામા જોઇ નેણા મચકાવો;
શું મુખે સીટી બજાવો રે. કાંઇ દીલથી લાજો૦ ૨
વહાલા રે મારા તેશું પાછળ પાછળ જાવો;
કેમ લાલ કહી બોલાવો રે. કાંઇ દીલથી લાજો૦ ૩
વહાલા રે તેમાં શોભા વધે નહીં તમારી;
દે ગાળ ઉછંગળ નારી રે. કાંઇ દીલથી લાજો૦ ૪
વહાલા રે તેમાં લોક સુણે લાજ જાયે;
વળી કામ કશું નવ થાયે રે. કાંઇ દીલથી લાજો૦ ૫
વહાલા રે નથી નફો જારના કર્મે રે;
સત્ય રહેવું શામળીયા ધર્મે રે. કાંઇ દીલથી લાજો૦ ૬
વહાલા રે મણિરામના સ્વામી કહું સાચું;
એક ધર્મ વિના સહુ કાચું રે. કાંઇ દીલથી લાજો૦ ૭

ગરબી ૫ મી.

રાગ ઊપર પ્રમાણે.

લાલા શું કરો ઝાઝો લટકો રે જાણિયે ચાળા;
પ્રીતમ પ્રેમ ઘણેરો પટકો રે મોહન મતવાળા. ટેક.
લાલા રે લટકો કરો તે સર્વે જાણું;
તે મોહન મનમાં ના આણું રે જાણિયે ચાળા. ૧
લાલા રે બંસી વગાડો અમને જાણી;
તમે લેવા અમને નાણી રે જાણિયે ચાળા. ૨
લાલા રે નખરાં નયણે ઝાઝાં નચાવો;
પણ પાતળિયા નહીં ફાવો રે જાણિયે ચાળા. ૩
લાલા રે અમને જોઇ આળસ મરડો;
મોહન મનમાં પોંચ્યા કરડો રે જાણિયે ચાળા. ૪
લાલા રે લાલચ લલિસારૂ ઘણી રાખે;
પણ તુજને કોઇ નહીં ઝાંખે રે જાણિયે ચાળા. ૫
લાલા રે શિદ લાખેણી લાજ ગુમાવો;
મન સમજી મોહન જાવો રે જાણિયે ચાળા. ૬
લાલા રે લલના હાથ કદી નહીં આવે;
મણિરામના પ્રભુ નહીં ફાવે રે જાણિયે ચાળા. ૭

ગરબી ૬ ઠી.

રાગ ઊપર પ્રમાણે.

મને માયા લગાડી શું જાવો રે શામ સલુણા;
શું આવડા નમેરા થાવો રે શામ સલુણા. ટેક.
વહાલા રે તમ સારૂં ફજેતજ થાતાં;
કેમ વિચારો નહીં જાતાં રે શામ સલુણા. ૧
વહાલા રે સાસુ દીયર ગણ્યા નહીં કોઇ;

હુંતો બેઠી તમને જોઇ રે શામ સલુણા. ૨
વહાલા રે વિસવાસે તમને વળગ્યાં;
ત્યારે મોહન કરો કેમ અળગા રે શામ સલુણા. ૩
વાહાલા રે અમે સુંદર ભોગવ્યા ભોગે;
કેમ સહેવાય તમ વિયોગે રે શામ સલુણા. ૪
વાહાલા રે ક્ષણ વિયોગે જુગ એક જાયે;
મન મોહન ઘણું અકળાયે રે શામ સલુણા. ૫
વાહાલા રે અદઘડીનો અંતર થાશે;
પ્રાણ પળમાં છૂટકી જાશે રે શામ સલુણા. ૬
વહાલા રે મારા રખે તમે કાંઇ જાતા;
મણિરામના પ્રભુ જોજો વા'તા રે શામ સલુણા. ૭

'ગરબી.

સાસુ વહુની વઢવાડ.

સાંભળ રે તું સજની મારી એ રાગ.

સાંભળો વહુવર સાસુજી કહેછે શરમ મનમાં રાખો જી;
હસો કરી ક્યાં બહાર પધારો ચંચલ વેણ ના ભાખો રે અક્કલ રાખોજી.ટેક.
આટલા દહાડાથી જોયા કરૂં છું સમજીને નથી કહેતીજી;
વંઠી વાત જોઇ લોકજ કહેછે વહુને મેહેલીછે વહેતી રે. અક્કલ રાખોજી. ૧
પારકું કહ્યું માનું નહીં હું જાતે જોયેલું કહુંછુંજી;
વરણાગીમાં વાંકાં વળોછો મનમાં બળીને રહું છું રે. અક્કલ રાખોજી. ૨
શામળિયાની સંગે આવડો છંદ ના રાખો મનમાંજી;

મારગ જાતાં તેતો મળિયો જાવો છો મધુવનમાં રે. અક્કલ રાખોજી. ૩
જળતે ભરવા તમે જાવો છો યમુનાજીને ઘાટેજી;
ડહાપણમાં શું ડૂબી રે જાવોછો કહું તમારા માટે રે. અક્કલ રાખોજી. ૪
સાંજ પડે શામળિયો આવે સીટી વગાડે સારીજી;
કામ મૂકી મોહનની પાસે જાવો એ રીત નઠારી રે. અક્કલ રાખોજી. ૫
સયા પૂઠળ લોક કરેછે વાત તમારી છાનીજી.
મોઢે કહેતાં માઠી થાવુંછું શિખામણ લ્યો માની રે. અક્કલ રાખોજી. ૬
સાચી વાત કહુંછું વહુવારૂ મૂકો મોહનનો નેડોજી;
વેગળી મૂકી બાપ મરજાદ કુળનો મારગ ફેડો રે. અક્કલ રાખોજી. ૭
ચંચળતા સહુ જાણું તમારી મનમાં સમજી રાખુજી;
આટલા દિવસ કહેતી નહોતી આજ મુખડે ભાખું રે. અક્કલ રાખોજી. ૮
ચોખેચોખું કહુંછું હવે રહેજો પોતાને ઢંગેજી;
જાશો નહીં રહેવું હોય ઘરમાં મણિના સ્વામી સંગે રે. અક્કલ રાખોજી. ૯

ગરબી.

વહુ કહેછે.

ક્રોધ કરી વહુવારૂ બોલ્યાં સાંભળો બાઇજી વાણીજી;
જાણુંછું જે સદાએ નિર્મળ જેવું લીંબુનું પાણી રે. ઢંગે બોલોજી. ટેક
જાણો છો જે તન તમારે રણીને ઘાટ ઘડાવ્યોજી;
કરતાં હશો તે સાંભરી આવ્યું જે દૂષ તેમનામાં આવ્યો રે. ઢંગે બોલોજી. ૨
વઢવાના ચાળા મનમાં ઉછળે વળી કહો તો રહું સાંખીજી;
નિર્લજ થઇને નખરાં કરે તે તમારા પિયરની રીત રે. ઢંગે બોલોજી. ૩
બે'રૂ સામાને બે'રૂ જાણીને તાણીને કાંઇ બોલેજી;

જાણીજોઇને શીદ બોલો છો રહોને પોતાને તોર્લે રે. ઢંગે બોલોજી. ૩
હું તો કશામાં નથી જાણુતી રહું છું પોતાને ધર્મેજી;
હલકાં પાડવા કહેતાં હોય તો ભોગવિયે નાના કર્મે રે. ઢંગે બોલો જી.૪
નિર્મળ નંદકુંવરને માથે જૂઠાં ચઢાવો આળજી;
લઢવું હોય તો મુજને લઢો પણ એને ન ભાંડો ગાળ રે. ઢંગે બોલોજી.૫
વગોણું થાય તો થાવા દેજો સહેવાય તો વળી સહેજોજી;
બોલ્યા પૂઠળ બોલું છું જે ફાવે તો ઘરમાં રહેજો રે. ઢંગે બોલો જી.૬
જેમ બોલો છો તેમ સાખું છું ખુંદાવી ખુંદાવું છુંજી;
કલેશાગ્નિમાં આપે પડો જેમ પડે દીવામાં ફુદું રે. ઢંગે બોલો જી.૭
જગજીવનને જગત પૂજે આળ ચઢાવો એને માથેજી;
માટે જાવો હવે નિશ્ચે રમવું શામળિયાની સાથે રે. ઢંગે બોલો જી.૮
નહીં હોય તો નવો કરીશું નેડો એની સંગેજી;
મણિરામના પ્રીતમ સાથે સદા રમીશું રંગે રે. ઢંગે બોલો જી.૯

સાતવાર.

(કારતકે કાજળને તજ્યું એ રાગ).

આદિતે અકળ કળા તારી, જાવું રે હું તો વદન કમળ વારી,
ત્રીકમજી હુતો છું તારી, આવોને ઘેર જસોમતીના જાયા;
મને તારી લાગી છે માયા. આવોને૦ ૧
સોમે તો શોભે સોહાગી, મને તો તારી લેહે લાગી;
કટારી કાળજડે વાગી. આવોને૦ ૨
મંગળે તો મન વિચાર કરીએ, ધીરજ તો કેઇ પેરે ધરીએ;
દિવસ રાત રોઇ રોઇને મરીએ. આવોને૦ ૩
બુધે તો બુદ્ધિ વિચારો, દુઃખ રે મારું હૈયામધ્યે ધારો;

મુને વ્રેહાગ્નિમાં શીદ બાળો. આવોને૦ ૪
ગુરૂવારે ગુણ ગાઉ તારા, અવગુણ શા છે હમારા;
આંખે વેહે છે આંસુની ધારા. આવોને૦ ૫
શુકરે શું કરીએ સાહેલી, નમેરા તો નાથ ગયા મે'લી;
હવે મારૂં થાશે કોણ બેલી. આવોને૦ ૬
શનિવારે શામળિયો આવ્યા, થાળ ભરી મોતીડે વધાવ્યા;
ગોપીના સુખસાગર કા'વ્યા. આવોને૦ ૭
સાતે વાર સમજીને ગાશે, તેનાં સહુ દુઃખ દારિદ્ર જાશે;
કવિ કહે સુખ સંપત થાશે. આવોને૦ ૮

સાતવાર.

(રઘુપતિ રામરૂદેમાં રહેજો રે. એ રાગ.)

રાધે કહ્યું માનની તું મારૂં રે, એમાં સુખ છે તેનું ને તારૂં રે;
રાધે કહ્યું માનની તું મારૂં રે. ટેક.
શેની રીસ ચઢી છે આવી રે, નથી મૂકતી માન મનાવી રે;
તેનું કારણ દેની બતાવી. રાધે૦ ૧
રવિ પ્રગટ થાશે ઘડી બેમાં રે, પછી દિવસ જશે વહેમાં રે;
તે તું જોની વિચારી રૂદેમાં. રાધે૦ ૨
શા મને મનસુબો આવે રે, પ્રતિઉત્તર કાંઇ ન બતાવે રે;
કહે તો તે નમી પાગ મનાવે. રાધે૦ ૩
સોમે શાને આસન કર્યું છે રે, આશું નેત્રમાં નીર ભર્યું છે રે;
દુઃખ આવડું શાને ધર્યું છે. રાધે૦ ૪
બુધ ક્યાં ગઇ સળગી તારી રે, ઊઠી પીઉ સાંજ રોષ વધારી રે;

એ તો બન્નેને દુઃખકારી. રાધે૦ ૫
ગુરૂ થૈ સહુને શીખ દેતી રે, તે તું ક્યમ થઇ છે હલતી રે;
તેનું કારણ ક્યમ નથી કે'તી. રાધે૦ ૬
શું કરશે હવાં મુને બોલાવી રે, રાખી મુગટમાં મનની ભાવી રે;
દીધું માનનું મુલ બતાવી. રાધે૦ ૭
એમ સુણી સખી કે' તું ઘેલી રે, તે તો તારૂં પ્રતિબિંબ હેલી રે;
ફરી દેખાડું ચાલ સાહેલી. રાધે૦ ૮
એમ સુણી શામા અઢળક ઢળિયાં રે, જઇ પ્રાણ પ્રીતમજીને મળિયાંરે;
બંને સુખસિંધુમાં ભળિયાં. રાધે૦ ૯
સાત વાર ને મન ચરિત્ર રે, સુણતાં સહુ થાય પવિત્ર રે;
દયારામની વાણી વિચિત્ર, રાધે કહ્યું માનની તું મારૂં રે.૧૦

ગરબી ૧ લી.

માયા મોહનની લાગી, હો સહિયરો, માયા મોહનની લાગી. ટેક.
લટકાળો લાલા લોચન મચકાવે, જોઇને ઉલટ જાગી. હો૦ ૧
ગુલતાન થઇ હું આના ગાણાપર અધુરે મોરલી વાગી. હો૦ ૨
મારે મન મોરલીધર ઘણો ભાવ્યે, કેમ મળું લજ્જા ત્યાગી.હો૦ ૩
હરિજન લોકથી ડરિયે અતિશે, આળ મૂકે અભાગી. હો૦ ૪
રોમે રોમે કામ વશ્યો મારા મનમાં, ક્યારે મળું સોહાગી.હો૦ ૫
સુણ સખી સાચેસાચું કહુંછું, તુજને પાવલે લાગી. હો૦ ૬
મણિરામનો સ્વામી મારે મન વશિયો, લેવું તુજ પાસે માગી.હો૦૭

ગરબી ૨ જી.

આવ્ય માં આવ્ય માં આવ્ય માં રે, લાલા યમુનાજી ઘાટે તું આવ્ય માં.ટેક.

મરકલડું મોહન કરી મોઢું, શું સમજાવે તું ધાવમાં રે. લાલા૦ ૧
હમારી પાછળ નિત્ય નિત્ય આવી, તાન ત્રીકમ ઉડાવ્યમાં રે. લાલા૦ ૨
શું કામ યમુનાતીરે આવો, ફોગટ સખા તું લાવ્યમાં રે. લાલા૦ ૩
અમો વહુવારૂ બાળેરે વેશે, નહીં આવું પ્રભુ દાવમાં રે. લાલા૦ ૪
ચાળા ચેટક શિદ કરો છો, લોભું નહીં હાવભાવમાં રે. લાલા૦ ૫
કોઇ સંગાતે કૃષ્ણજી વહાલા, અમને સંદેશો કહાવ્યમાં રે. લાલા૦ ૬
મણિરામના સ્વામી રસિક બિહારી, ઘેલા ગાંડા તમે થાવમાં રે. લાલા૦ ૭

ગરબી ૩ જી.

મારમાં મારમાં મારમાં રે, વાહાલા, કાંકરડી ઘડે મારમાં. ટેક.
મોઢું કટાણું ને બોલો ફટાણું, પરનારીના પ્યારમાં રે. વહાલા૦ ૧
જળ જમુનાં જાતાં દેખી અમને, નેનબાણ તું ડારમાં રે. વહાલા૦ ૨
વળી કાંકરડી ઘડાપર મારી, મોહનજી પાડો શા'રમાં રે. વહાલા૦ ૩
વૈખરી વાણી વદો શું વહાલા, સખા તે કેરી લહારમાં રે. વહાલા૦ ૪
સાસુ હમારી ખીજશે કહાના, પડું ઘણી વિચારમાં રે. વહાલા૦ ૫
મસ્તાના કેમ વહાલા થયા છો, નફો નથી પરનારમાં રે. વહાલા૦ ૬
મણિરામના સ્વામી રસિક શિરોમણ, ફરો શું ફોગટ જારમાં રે. વહાલા૦ ૭

ગરબી ૪ થી.

શું [illegible] આવો લાલા, મહારી કેડે, શું કરવા આવો લાલા; ટેક.
[illegible] વાટે મળે જ્યારે, થાવો અંતર શું કાલા. મહારી૦ ૧
સિટી વગાડો સુંદરીઓ સારૂ, મારો શું નેણના ભાલા. મહારી૦ ૨
હેત કરી હરિ કોણ બોલાવે, કોણ ફેરવે તમ માળા. મહારી૦ ૩

મારગે જાવો મોહન વિચારી, કેમ રોકો વ્રજબાળા. મ્હારી૦ ૪
હાવભાવથી ઘાયલ કરો છો, કેમ થયા મતબાલા. મ્હારી૦ ૫
નથી થવાનું ધાર્યું તમારું, સમજો કામણગાળા. મ્હારી૦ ૬
મણિરામના છો રસિકબિહારી, શીદ કરો કાલાવાલા. મ્હારી૦ ૭

ગરબી ૫ મી.

રાગ ગીરીધારીનો.

ગીરધારી રે, અંતર વાત વિચારો, તમે કાંકરડી શિદ મારો;
આ દુનિઆનો રે,—સહુથી ખોટો ધારો, મૂકોને ખેલ નઠારો. ટેક.

ઝુલ.

અમો સાસુતણી છું વાહુવારૂ રે, નથી કાંઇ તે નારૂકારૂ રે,
માટે વિઠ્ઠલ તમને વારૂ રે, કોઇ દેખે રે, પતિયાર જાય હમારો;
તમે કાંકરડી શિદ મારો. ૧
વાટે ઘાટે રે, કેડે પડોછો મારી, કાંઇ વિચારો ગીરધારી,
દુરજન લોક રે ફજેતી થાશે તમારી, શામ દેઉંછું શિખામણ સારી;

ઝુલ.

સમજો સમજો શામ ગીરધારી રે, શિખામણ માનજો મારી રે,
પ્રભુ ચાલજો અંતર વિચારી રે, આ જગતમાં રે, કહેશે લોક ધુતારો;
તમે કાંકરડી શિદ મારો૦ ૨
અંતરજામી રે, ડરવું આ સંસારે, કામ કરવું કરી વિચારે,
સંકટ શામળા રે, ઘણું છે દુનિયાદારે, છેક છોકરવાદી શું ધારે;

ઝુલ.

હું છું મોટાકેરી કુમારી રે, માટે સાંખી રહી છું વિચારી રે,

દેશે કોઇ ઉછંકળ ગારી રે, માટે કહુંછું રે તોલ તે ઘટશે તમારો;
તમે કાંકરડી શિદ મારો. ૩

આ ગોકુળમાંરે, ફજેતી થાશે જો તમારી, કોઇ કન્યા રે'શે વિચારી,
માટે વારૂ રે, જો જો ગણુતા ગુનેગારી, મને જાણુજો પ્રાણની પ્યારી;

ઝુલણ.

હુંતો દાસી તમારી કહાવી રે, ચર્ણ શરણમાં પ્રભુ આવી રે;
સ્વામી મણિના લેજો નિભાવી રે, લોકલાજથી રે, કહું છું વાત વિચારો.
તમે કાંકરડી શિદ મારો. ૪

ગરબી ૬ ઠી.

રાગ ઊપર પ્રમાણે.

પ્રાણપ્રિયા રે, મન હર્યું તેં મારૂં, મને લાગે છે મળવું સારૂં;
તારા વિના રે, આ જુગમાં સૌ નઠારૂં, કેમ કરીને મનડું વારૂં.

ઝુલણ.

પ્રિયા તુજ વિના નથી ગમતું રે, મન માહારૂં રહેછે ભમતું રે;
રાધા મળવાને મનડું રમતું રે. સુખ તારૂં રે, લાગેછે મુજને પ્યારૂં,
મને લાગેછે મળવું સારૂં. ૧

તેથી પ્યારી રે, તારી પાછળ ઢુંકું, હુંતો કેડ કદી નહીં મૂકું.
તુંને દેખી રે, આગળ આવી ઝુકું, પ્રિયા તુંને કદી ના ચૂકું.

ઝુલણ.

જળ જાતાં પૂંઠે હું આવું રે, પ્રાણપ્રિયા કહીને બોલાવું રે,
તને રાધાજી બેડું ચઢાવું રે, કોઇ રીતથી રે, મુખ નિરખવું તારૂં;
મને લાગેછે મળવું સારૂં. ૨

લટકો ચટકો રે, તારો નિરખી આવું, તુંને સાન કરી સમજાવું;
મારા મનથી રે, તુજ ઉપર પ્રેમ લાવું, હેત ધરીને પ્યારી બોલાવું;

ઝુલ.

તુંને દેખી ગાઉછું ગાણું રે, મન માંહી તે ક્યારે માણું રે;
પ્રિયા એવું તે મનમાં જાણું રે, ક્યારે મળશે રે, તુજથી સંબંધનું લહારૂં;
મને લાગેછે મળવું સારૂં. ૩

દીલથી રાધા રે, નેણબાણ મને મારો, જાણી પ્રીતમ પ્રાણ તમારો,
મુને પીડે રે, રાધા વિયોગજ તારો, માટે મળવા મનમાં ધારો.

ઝુલ.

ઘણો વહાલો ગરૂડાગામી રે, તુજ સારૂ થયો છે કામી રે,
નરખો મણિરામનો તમે સ્વામી રે, હેત ધરીને રે, રમોને રાધા જારૂં;
મને લાગેછે મળવું સારૂં. ૪

ગરબી ૭ મી.

રાગ ઉપર પ્રમાણે.

થનક થૈ થૈ રે, નાચો શ્રી અવિનાશે, આપણ મળીને રમિએ રાસે;
વ્રંદાવનમાં રે, સહુ સખી ભેળી થાશે, તાલ સુરમાં મળી સહુ ગાશે. ટેક.

ઝુલ.

થનક થૈથૈથૈથૈ નચાવું રે, સુંદરપટ વહાલા હું પહેરાવું રે,
તાલ પખાજ પૂઠે બજાવું રે, મન હુંશ છે રે, આવો હમારી પાસે;
આપણ મળીને રમિયે રાસે. ૧

પ્રેમે ધારિયે રે નારીનો વેશ મોરારી, નિરખે ગોકુળની સહુ નારી,
તમ આનનને રે, જાવું અમો બલિહારી, ચીર ચોળી લ્યોને ધારી;

ઝુલ.

છુમ છુમ છુમ છુમ ઘુઘરા વાજે રે, એમ થૈ થૈ થૈ થૈ નાચે રે,
મન મારૂં ત્યારે તો રાચે રે, એમ કીજે રે, ગોપી સહુ પૂઠે ગાશે;
આપણ મળીને રમિયે રાસે. ૨

સર્વે લલના રે, વગાડે ઝમક ઝમક ઝાંઝો, તમે મુખે વાંસલડી વાજો,

એક એકને રે, ગળે કર ઘાલવા જાજો, નવ ધારીયે રાસમાં માઝો;

ઝુલ.

નાચો નટવર નેણ નચાવી રે, પીક મારો તંબોળની ચાવી રે,
નાખો સહુ લલના શીઝાવી રે, મન મોહન રે, પુરો હમારી આશો;
આપણ મળીને રમિયે રાસે. ૩

ચુંબન ચાહી રે, સહુ લલનાને દીજે, કૃષ્ણ કૃતાર્થ અમને કીજે,
ઇચ્છા મનની રે, શ્યામ તે સમજી લીજે, પ્રેમ અધરપાનજ દીજે.

ઝુલ.

આસો માસ તે રેન ઉજીયારી રે, ખેલો ખેલ તે અમશુ મોરારી રે,
એવી ઇચ્છા મનમાં ધારી રે, સ્તુતિ કરતો રે, શેવકતમ મણિદાસે.
આપણ મળીને રમિયે રાસે. ૪

ગરબી ૯ મી.

રાગ ઉપર પ્રમાણે.

પ્રીતમ પ્યારા રે, નવ આવશો પાસે મારી, શામ શિખામણ દેઉં સારી;
કોઇ દેખે રે, થાય ફજેતી તમારી, એમાં શોભા વધે ના ગીરધારી.

ઝુલ.

વાટે લલના દેખો કોઇ સારી રે, તેની પુઠે પડો ગીરધારી રે,
ગમે તેમ કરી નિરખો નારી રે, ઘુંઘટ ખેંચી રે, મુખ નિરખો ધારી;
શામ શિખામણ દેઉં સારી. ૧

હોય વહુવારૂ રે, તો મરે તેતો લાજી, આમ શું કરો તેને બાઝી;
શાણા થાવોને રે, શી કહું વાતો ઝાઝી, એમાં નથી થવાનું રાજી,

ઝુલ.

હોય ઉછંગળ કોઇ નારી રે, દેશે ગાળ તમને ગીરધારી રે,
થાશે ફજેતી વાટે તમારી રે, માટે સમજો રે, મનડું વહાલા વારી,
શામ શિખામણ દેઉં સારી. ૨

થયા મોટા રે, છોકરવાદી ના કીજે, દુરીજન થકી તો બીજે;
વિના વિચારે રે, કૃત્ય કાંઇ નવ કીજે, એમાં મનસુખો નવ સીજે.

ઝુલ.

વચન માની લેજો વહાલા મારૂ રે, તમને લાગશે અંતર ખારૂં રે,
પણ પાછળ જાણુશો પ્યારૂં રે, નિશ્ચે કહુંછું રે સમજજો સુખકારી;
શામ શિખામણ દેઉં સારી. ૩

દુષ્ટ દુનિયા રે, આળ મૂકે શિર ભારી, અમે ડરિયે લાજની મારી;
વળી જાણજો રે, કુળવંતની છું કુમારી, માટે વારૂં છું ગીરધારી.

ઝુલ.

વહાલા જાણજો મુજને દાસી રે, હુંતો ડરૂ જગતની હાંસી રે,
અળગાં નવ કરશો અવિનાસી રે, સ્વામી મણિના રે, મળજો અંતરમાં ધારી;
શામ શિખામણ દેઉં સારીઃ ૪

ગરબી ૯ મી.

રાગ ઉપર પ્રમાણે.

અહો અંબા રે, ત્રણ ભોવનની તું રાણી, તારી અકળકળા ના કળાણી;
દેવી દાતા રે, તુને વેદે વખાણી, એવી સર્વોત્તમ ગુણખાણી.

ઝુલ.

જગતબિજ જનુની જાણી રે, મહંમાયા લીલાં મેં માણી રે,
હઇયામાં ઉલટ આણી રે, બ્રહ્મરૂપે રે, જાણું માત બ્રહ્માણી;
તારી અકળકળા ના કળાણી.

સચરાચરમાં રે, વ્યાપી તું મહંમાયા, માર્કંડે ગુણ ગાયા;
બ્રહ્મા વિષ્ણુ રે, શિવ સહુ તારી કાયા, વેદ વદે છે માની છાયા.

ઝુલ.

બ્રહ્મા વિષ્ણુ શિવ સહુ સેવે રે, આગ્ના માને છે સહુ દેવે રે,

ત્રણુ લોક તુજ નામ લેવેરે, મોક્ષદાયની રે, માતા તું કલ્યાણી;
તારી અકળકળા ના કળાણી. ૨

નારદ શારદ રે, ગુણતારા નિત્ય ગાયે, ઇચ્છાશકિત નામ કહેવાયે;
શેષનાગથી રે, મહીમા ના વર્ણાયે, એવાં દેવી છો અંબાયે.

ઝુલ.

ભારે ભૂતળનો ભાર હરવા રે, દુષ્ટતણાં દળ દળવા રે,
નીજ જનનું હીતજ કરવા રે, ઘણાં ધારો રે, રૂપ તમે ઈંદ્રાણી;
તારી અકળકળા ના કળાણી. ૩

સેજે ભજતાં રે, ઘોછો તમે ભવ તારી, નીજ જન લ્યો છો ઉદ્ધારી.
હોય વિમુખ રે, તેને દેતાં દંડ ભારી, એવી અંબા છો મતવારી;

ઝુલ.

દયાળી દેવી છો દાતા રે, ગુણગાન કરીજે ગાતા રે.
પામે પૃથ્વિ વિષે સુખશાતા રે, મણિરામની રે, અંબા સાચી જાણી;
તારી અકળકળા ના કળાણી. ૪

ગરબી ૧૦ મી.

રાગ ઉપર પ્રમાણે.

ભાવે ભજીલ્યો રે, તમે તો બહુચર બાઇ, તેથી થાશો તમે સુખદાઇ;
સચરાચરમાં રે, વશિયાં પોતે આઇ, શરણું લ્યો શક્તિનું સા'ઇ;

ઝુલ.

શકિત સંભારે સંસાર તરશો રે, વીરા વૈકુંઠ વિષે વિચરશો રે,
નહીંતો લક્ષચોરાશીમાં ફરશો રે, મોક્ષદાયની રે, મુખથી લ્યો સહુ ગાઇ;
તેથી થાશો તમે સુખદાઇ. ૧

મન સમજી રે, બાળાતણા ગુણ ગાને, ઝટ શકિતને શર્ણે થાને,
જંત્ર મંત્રથી રે, પૂજન પદ્ધતિ શાને, અલ્યા કેમ થાયે એબાને;

ઝુલ.

જગત કરતાં જુગદંબા જાણી રે, મહંમાયાને લે માણી રે,
ભાઇ અંતર ઉલટ આણી રે, મિથ્યા ભટકે રે બહુચર ભજ તું ચાહી;
તેથી થાશો તમે સુખદાઇ. ૨

ભજતાં બાળા રે, પ્રાયશ્ચિત સર્વે ટળશે, મહંમાયાથી મોક્ષજ મળશે;
મન જાણજે રે, મનોરથ સર્વે ફળશે, તારા તેજમાં તેજજ ભળશે.

ઝુલ.

જંત્ર મંત્ર અંત્રનું કરો માપેરે, પુજન પદ્ધતિયે કષ્ટ કાપે રે,
કર બાળાતણો શિર થાપ રે, લેઇ દિક્ષા રે, ભવાની ભજલે ભાઇ;
તેથી થાશો તમે સુખદાઇ. ૩

શિવ શકિત રે, જાણો એક નિરવેદે, પ્રાણીનવ ગણશો કાંઇ ભેદે,
અન્ય ઉપાસને રે, પામશો નિશ્ચય ખેદે, અંત્યે યમદૂત આવી છેદે;

ઝુલ.

પ્રૌઢો પ્રતાપ દેવિ મહંમાયા રે, વેદ પુરાણમાં ગુણ ગાયા રે.
વિશ્વ વિષે એની છે માયા રે, મણિરામજ રે, દુર્ગાના શર્ણમાંહી;
તેથી થાશો તમે સુખદાઇ. ૪

ગરબી ૧૧ મો.

રાગ ઉપર પ્રમાણે.

નૃસિંહજી મહારાજની ગરબી.

વીરક્ષેત્રમાં રે, નરસિંહજી છો દયાળ, નિત્ય જપું તમારી માળ;
કરૂણાસાગર રે, પ્રલ્હાદના પ્રતિપાળ, ધર્યું નરસિંહ રૂપ દયાળ. ટેક.

ઝુલ.

દેશોદેશમાં નામ તમારૂં રે વીરક્ષેત્રે વસ્યા છો વારૂ રે,
ભાવે ભક્તના કારણ સારૂ રે, દયા કરીને રે, મૂકાવો મોહ જાળ;
નિત્ય જપું તમારી માળ. ૧

જોત બળતી રે, અખંડ ઘૃતથી સાર, ટાંકાં ભરી મૂક્યાં છે ચાર;
સુદી કાર્તિકે રે, ચતુરદશી નિરધાર, બેસે મંડળી હારો હાર.

ઝુલ.

સારો ભેળો થાય બજાર રે, વેચે મેવા મીઠાઇ નિરધાર રે,
કરૂં તેનો કેટલો વિસ્તાર રે, બધી મંડળી રે, મંદિરનું ઘૃત બાળે;
નિત્ય જપું તમારી માળ. ૨

પ્રભૂ પુનમે રે, જાયછે તુલશીવાડી, થાય લગન ત્યાં અગાડી;
વાજાં ગાજ્યાં રે, વરઘોડામાં ફુલવાડી, ટેકરિયે ભીડ ઘાડી.

ઝુલ.

ઘાલી પાઘ ઓઢી દુશાલ રે, શોભે સુંદીર તિલક ભાળ રે,
બેઠા જાયછે ત્યાં સુખપાલ રે, રૂપ રસાળ રે, મનોહર મુરતિ બાળ;
નિત્ય જપું તમારી માળ. ૩

મધ્ય નિશાએ રે, આવે પ્રેમથી પરણી, વાગે વાજાં નિશાનને શરણી,
ધન ધનજ રે, વડોદરાની ધરણી, ગાય ગુણ તે દેવના વરણી;

ઝુલ.

બહુ ઉડેછે આતસબાજી રે, છૂટે ગોળા હવૈયો ઝાઝી રે,
સુખડીથી પ્રભુ થાય રાજી રે, કર જોડી રે, કહે મણિરામ બાળ;
નિત્ય જપું તમારી માળ. ૪

ગરબી ૧૨ મી.

રાગ ઉપર પ્રમાણે.

મન મોહને રે, આંખ બેની મચકારી, મુને ઘાયલ તે કર ડારી;
મુને દેખી રે, બંસી અધરપર ધારી, નેન કટાક્ષે મુજને મારી. ટેક.

ઝુલ.

નેન કટાક્ષે મુજને મારી રે, ઘેલી કરી નાખી ગિરધારી રે;

શામ અધુરે બંસી વગાડી રે, સુણી સોરને રે, વિકળ થઇછું ભારી;
મુને ધાયલ તે કર ડારી. ૧
ભૂલી ભાનજ રે, સૂઝે ના મુજને કાંઇ, વહાલો લાગે છે રે કનાઇ;
રૂડી દીસે રે, એની તો લાવણ્યતાઇ, કેમ બોલાવું એને બાઇ.

ઝુલ.

લોકલજ્જા મનમાં ધરિયે રે, કેમ કરી કૃષ્ણને વરિયે રે;
ચિંતા ચિત વિષે અતિ કરીયે રે, કોણ ઉપાયથી રે, મળિયે જઇ ગિરધારી;
મુને ધાયલ તે કર ડારી. ૨
નથી ગોઠતું રે મન મારૂં ધરકામે, ક્યારે મળશું સુંદરશામે;
દિલ હુંશ છે રે, તેડું મારે ધામે, ત્યારે ચિત્ત વિરામજ પામે;

ઝુલ.

કોણ ઉપાય કરૂં હું એની રે, સાચી વારતા મુજને કહેની રે;
ઘણી ચિંતા છે મુજને તેની રે, યુક્તિ મુજને રે, કહેને સખી તું મારી.
મુને ધાયલ તે કર ડારી. ૩
દિન રાતમાં રે સોચના મુજને થાયે, કોણ કરૂં એની ઉપાયે;
હરિ વિના રે, એક પલક જુગ જાયે, એની મુજથી નવ રહેવાયે;

ઝુલ.

ક્યારે મોહન મુજને મળશે રે, તાપ તનકેરા કેમ ટળશે રે;
મારૂં કાજ કેઇ પેર સરશે રે, સ્વામી મણિનો રે, આવે સુખ થાય ભારી.
મુને ધાયલ તે કર ડારી. ૪

ગરબી ૧૩ મી.

રાગ ઉપર પ્રમાણે.

નંદાનંદન રે, ચાલો ચતુર વિચારી, કેમ રોકો છો પરનારી;
છેલા છેકજ રે, છોકરવાદી શું ધારી, મારો તંબોલની પીચકારી;

ઝુલ.

હોય કુળવંત કોઇ કુમારીરે, તે તો લાજ ધરે શિર ભારી રે;
થયા નિર્લજ તમે ગિરધારીરે, લોકલાજથી રે, ચાલિયે શામ વિચારી;
કેમ રોકો છો પરનારી. ૧
ડાહાપણ રાખોરે, દિલ વિશે દામોદરજી, પછી જેવી તમારી મરજી,
હું તો કહુંછું રે, શામળિયા કરી અરજી, તમે અંતર વિચારોને હરજી.

ઝુલ.

કામ પડે ગોવિંદજી જ્યારે રે, પ્રિયા સમજાવિયે અણસારે રે;
તેમાં ત્રીજું ના જાણે દિલદારે રે, દાવ પેચથી રે કરિયે જારી વિચારી.
કેમ રોકો છો પરનારી. ૨
રીતે ચાલતાં રે, આળ કદી નહીં આવે, જારી વિજારી રમીએ દાવે;
વધે શોભા રે, લલના સૌ ધરે ભાવે, એમ સમજજો હરિ હાવે;

ઝુલ.

ગોળ ખુણે પોતાનો ખઇયે રે, પરનારી પૂઠળ ના જઇએ રે;
શામસુંદીર શાણા થઇયે રે, મન સમજી રે, ચાલો તમે ગિરધારી.
કેમ રોકો છો પરનારી. ૩
મન જાણજો રે, અમો તમારી છું દાસી, અળગાં નવ કરો અવિનાશી;
અમો જાણિયે રે, હૈયાકેરા વિલાસી, પણ ડરૂં જગતની હાંસી;

ઝુલ.

દયા રાખજો ગરૂડાગામી રે, અમે કહિયે તમોને શીષ નામી રે;
રોજ મળજો મણિનાં સ્વામી રે, દયા ધારીરે, અંતરમાં ગિરધારી.
કેમ રોકો છો પરનારી. ૪

ગરબી ૧ લી.

ઘેલી કીધી ગીરધારી, નેણબાણે મુને મારી;
કહે સખી હવે કેમ કરવું. ટેક.
યમુના ઘાટે જળ ભરવારે ગઇતી બેની મારી;
ઓચિંતા કાંઠડલે આવી ઉભા રહ્યા ગિરધારી. ઘેલી. ૧
મોહનનું મુખ મેંતો દીઠું બની ગઇ બહુ તુલી;
ચંદ્ર ચકોરની ગત થઇ મારી ભાન શરીરનું ભૂલી. ઘેલી. ૨
ભાનજ ભુલી બની ગઇ તુલી રહી મોહનને ભાળી;
નેનબાણુથી મન મારૂં હરિયુ વરણાગિયો વનમાળી.ઘેલી. ૩
વૃંદાવનમાં તેડી મુજને સખા સંગાથે કહાવ્યું;
સાસુડીનું સાલજ મંદિરે કેઇ પેર મહારે જાવું. ઘેલી. ૪
હેરણાં હેરે નણદલ મહારી જૂઠાં આળ ચઢાવે;
પરણ્યાને ખોટું સમજાવી માર મુને મરાવે. ઘેલી. ૫
દીયરિયો મુજને સંતાપે, હરિને કેઇ પેર મળવું;
પ્રભુને મળવા જીવજ તલપે, કહે સખી કેમ કરવું. ઘેલી. ૬
મારૂં મન મોહનથી માન્યું, જાવું એની પાસે;
મણિરામનો સ્વામી વરવો, થાનાર હોય તે થાશે.ઘેલી ૭

ગરબી ૨ જી

બંસીવાળા હો કાન મોરલીવાળા હો કહાન;
મને મળજો યમુના ઘાટે. ટેક.
યમુનાઘાટે મળજો વહાલા દાસી તમારી કહાવું;

જળ ભરવાનું મીશ કરીને તમારી સારૂં આવું. બંસી૦ ૧
પ્રાણથકી તો પ્યારા મુજને મળજો યમુના ઘાટે;
જોબન જાળવ્યું જીવણ મેં તો નિશ્ચે તમારી માટે. બંસી૦ ૨
કોણ દિવસથી વિચારૂં દીલમાં રહી છું તમ વિયોગી;
ક્યારે મળશે પ્રાણનો પ્યારો ભ્રમર રસનો ભોગી. બંસી૦ ૩
રોજ વિચારૂં તમને મળવા લાગ મળે નહીં સારો;
સાસુ નણંદનું સાલજ ભારે સુઝે નહીં કંઇ આરો. બંસી૦ ૪
તેનો લાગ મળ્યો છે લાલા માટે નિશ્ચે આવો;
પ્રાણપ્રિયા મુજને ગણીને ઘો દાસીને લહાવો. બંસી૦ ૫
તન મન મહારૂં અર્પણ કીધું મનથી વરી ચૂકી;
માટે મોહન મેહેર કરોને જો જો દેતાં મૂકી. બંસી૦ ૬
ચરણ શરણ આવી તમારે પૂરેશ મનની આશે;
મણિરામના પ્રભુ નહી આવો જીવ આ પટકી જાશે. બંસી૦ ૭

ગરબી ૩ જી.

આઘા રહોને હો કહાન, શાનું માગોછો દાણ;
અહીંયાં તમારૂં તો શું લાગે. ટેક.
મથુરાંરે મારગ માધવ કેમ થઇ બેઠો દાણી;
નિત્યે વનિતા તુંતો રોકે સાંખિયે અમે જાણી. આઘા૦ ૧
સંકટ શ્યામાને તમે ઘો છો ફોડો મહીનાં મટકાં;
કળા કરો કૃષ્ણ કપટ કેરી કરો શામાશું લટકા. આઘા૦ ૨
રસ્તો રોકી બેસો લાલ અદ માથામાં રાખે;
જીવણ ઝગડો આજો કરીશું ત્યારે તુંતો ખાખે. આઘા૦ ૩

માધવ મમત મૂકો મનનો માલ નથી કાંઇ એમાં;
હામ રાખે તું દાણ લેવાની વાત વળે નહીં તેમાં. આધા૦ ૪
રાઘવજી અમ માથે ગાજે કંસરાજા મતવાલો;
જગજીવન જરા દીલમાં સમજી પાંશરે મારગ ચાલો. આધા૦ ૫
જાણ કરીશું કંસને જઇને આવ્યો રહે તું કામી;
સખણા રહો શામળિયા હાવે, મણિરામના સ્વામી. આધા૦ ૬

ગરબી ૪ થી.

દાણ આપને ધુતારી, આઘી રહેછે કંસવાળી;
દાણ લીધા વિના નહી છોડું. ટેક
કંસ કંસ તું શુંરે બકેછે ઉતાર મહીનો મટકો;
વાર થયેથી ગાળજ ખાશો લાગે દીલમાં ચટકો. દાણ૦ ૧
દાણ આપેથી જાશો સર્વે પહેલેથી કયાં છટકો;
ઉતાર મહીનું માટ અલી તું મુકી તારો લટકો. દાણ૦ ૨
દાણ આપવા મળે નહી તમને ગોરસ અહીંયાં પટકો;
મથુરાંને મારગ ગોપી દાણ છે નાગર નટકો. દાણ૦ ૩
કંસરાજા અલી કોણુજ કહાવે મારે સોપારી કટકો;
દાણ આપને સમજી દીલમાં જાતું બંસી બટકો. દાણ૦ ૪
મનસુખો મનનો તમે મૂકો કેમ વિચારમાં અટકો;
હમણાં ફોડું માટ તમારાં મારીને એક ફટકો. દાણ૦ ૫
પાધરે પંથે ચાલ્યાં જાવો દાણ તે મારૂં ઝટકો;
મણિરામનો સ્વામી ન છોડે વિચારો તમે ખટકો. દાણ૦ ૬

ગરબી ૫ મી.

સુણો કુંજના બીહારી, તમે રોકી પરનારી;
અમે દાણ ક્યાંથી દઇયે. ટેક.
શામસલુણા સમજો દીલમાં દાણ તે ક્યાંથી દઇયે;
અમ પાસે કાંઇ નથી આપવા સાચું તમને કહિયે. સુણો૦ ૧
હજુ ગોરસ વેચાયું નથી કાંઇ માટ ભર્યું છે મહિયે;
દામોદર જો દયા કરો તો દહીં વેચવાને જઇયે. સુણો૦ ૨
વળતાં દાણ આપીને જઇશું સાચા સોગન ખાઇયે;
દાસી જાણી જાવા ઘોને વૃંદાવનમાં રહિયે. સુણો૦ ૩
માટે જાવા દોને વહાલા વળતાં આધીન થઇયે;
હમણાં તો કાંઇ નથી આપવા કહોતો ગોરસ પાઇયે. સુણો૦ ૪
રાંક જાત અમો અબળા કહાવું ગોરસનો ભાર સહિયે;
લાલ વિચારી જાવા દો તો પાડ તમારો લઇયે. સુણો૦ ૫
એવાં ગોપીનાં વચન સુણી વિચાર્યું લાલ હઇયે;
મણિરામનો સ્વામી કહેતા એક ઉપાયે જાવા દઇયે. સુણો૦ ૬

ગરબી ૬ ઠી.

આઘી આવને મહીયારી, વાત કહુંછું વિચારી;
એક ઉપાયે જાવા દઇયે. ટેક.
સુણ મહિયારી વાત હમારી અધરામૃત મને પાવો;
પછી તમારૂં ગોરસ લઇને ગમે ત્યાં વેચવા જાવો. આઘી૦ ૧
અંક ભરૂં અધુરે સમજી એ મારો છે દાવો;

એવી રીતે મન ના માને તો દાણ હમારૂં લાવો. આધી૦ ૨
સાચી વાત હું કહુંછું તમને મારે આધીન થાવો;
શું કરવાને ખોટી થાવો છો પ્રાણ તે મારી કહાવો. આધી૦ ૩
સુણી પ્રભુનાં વચન એવાં લટકે કહેતાં રાણી;
પ્રાણના પ્યારા તમારે આધીન દયા કરો દાસી જાણી. આધી૦ ૪
તન મન મારૂં અર્પણ કીધું ગોવિંદ ગમે તેમ માણો;
સદા આધીન તમારે સ્વામી મને પોતાની જાણો. આધી૦ ૫
સુણી વચન શામળિયો હરખ્યા અંક ભર્યાંછે જ્યારે;
મણિપ્રીતમે મહિયારીને જાવા દીધી ત્યારે. આધી૦ ૬

ગરબી ૧ લી.

(મીઠડાં ગોરસ લ્યો—એ રાહ.)

અમને દેખીને ગીરધારી, ના કરો અણસારા અણસારા;
અમો લજ્જાવાન સહુ નારી, ના કરો અણસારા અણસારા. ટેક.
શું વહાલા નિરલજ થાઓ છો, ગીરધારી ગાંડા દેખાઓ છો;
અમ ઉપર નયણાં નચાવો છો, ના કરો અણસારા૦ ૧
દેખે દુરીજન તમ નખરો એમ ગીરધારી શું વકરો;
હરિ હાથે શાણપણું પકડો, ના કરો અણસારા૦ ૨
દેખી અમને પાછળ પડોછો, મારગમાં મોહન નડો છો;
મોહબાણ મારીને લઢો છો, ના કરો અણસારા૦ ૩
હરિ હાથે હળવું રે પડવું, એવે મારગડે નવ ચઢવું;
ખરૂં કહેતાં લાગે કડવું, ના કરો અણસારા૦ ૪

લાલ લોકલજ્જાને વિચારી, સીધે મારગ જાઓ ગીરધારી;
મણિરામના લાલ બિહારી, ના કરો અણસારા૦ ૫

ગરબી ૨ જી.

નંદાનંદન નેણાં નચાવી ઘાયલ ના કરિયે ના કરિયે;
અમો અબળાને રીઝાવી, ઘાયલ ના કરિયે ના કરિયે૦ ટેક.
લાલ લલના દેખી કરો લટકો, પ્રીતમ પ્રેમે પ્રીયા જાણી પટકો;
મોહબાણ મારી શું સટકો, ઘાયલ ના કરીયે૦ ૧
ગરજે ગોવિંદ કહેતા પ્યારી, નાખો મનમથ વશ ગીરધારી;
છેહ દિયો છો છેવટ મારી, ઘાયલ ના કરીયે૦ ૨
અમને પ્રેમ દેખાડી પાડો, અમવચને રહેતો હાડો;
ત્યાગ કરવા દોષ તમે કાઢો, ઘાયલ ના કરીયે૦ ૩
આવાં કપટ કરો છો નાથે, કોણ પ્રેમ મેળવે તમ સાથે;
હરિ ડર રાખો કાંઇ માથે, ઘાયલ ના કરીયે૦ ૪
શર્ણે આવ્યાં હરિ તમે પાળો, શિદ વ્રેહાગ્નિથી બાળો;
અમે પાલવ સાહ્યો તમારો, ઘાયલ ના કરીયે૦ ૫
જેવી તેવી ગણજો દાસી, સા'ય કરવા શ્રી અવિનાશી;
થઇ મણિના પ્રભુ ઉલ્હાસી, ઘાયલ ના કરીયે૦ ૬

ગરબી ૩ જી.

ઓરા આવો નંદના લાલ, અહીંયાં નાચોને રે નાચોને;
તમને દેખી આવે ઘણું વહાલ, અહીંયાં નાચોને રે નાચોને. ટેક.

સહુ ગોપીકાને ઘણું ભાવો, અહીંયાં નાચવા કાજે આવો;
ઘો આ દાસીઓને લા'વો અહીંયાં નાચોને રે નાચોને૦ ૧
ચીર ચોળી લઇ અંગ ઢાંકે, મોહન નથ ઘાલોને નાકે;
નારી વેષ ધરે સહુ તાકે, અહીંયાં નાચોને રે નાચોને૦ ૨
તાલ પખાજ અમો બજાવું, તમને થનક થનક થૈ નચાવું;
દૂધ સાકર વહાલા પાવું, અહીંયાં નાચોને રે નાચોને૦ ૩
અમ આગળ થાઓ તમો નારી, જાય વૃજવનિતા બલીહારી;
તમને કાંઇ કાંઇ આપે ગીરધારી, અહીંયાં નાચોને રે નાચોને૦ ૪
હ્યો નટવર ચીર ચોળી પહેરો, તમ ઉપર ભાવ ઘણેરો;
જોઇએ મણિરામના સ્વામી ચેહેરો, અહીંયાં નાચોને રે નાચોને૦ ૫

ગરબી ૪ થી.

મહી ઢળશે નંદલાલ, પાલવ મૂકોને રે મૂકોને;
તમો ખાશો મુખની ગાળ, પાલવ મૂકોને રે મૂકોને. ટેક.
આઘા રહોને કાનડ કાળા, શિદ અમથા કરો છો ચાળા;
અમો નહીં સાંખું વૃજબાળા. પાલવ૦ ૧
વહાલા મહી ઢળશે જુઓ મારૂં, માટે મોહન તમને વારૂં;
અમો સાસુની છું વહુવારૂં. પાલવ૦ ૨
લોકલજ્જાએ ડરીયે ઝાઝું, વારે વારે વિઠ્ઠલ શું બાઝું;
માનો કહ્યું હમારૂં સાચું. પાલવ૦ ૩
મારૂં મહી હરિ જો ઢોળાશે, ત્યારે જોવા જેવું થાશે;
થાશો ફજેત તમે અવિનાશે. પાલવ૦ ૪
લોકે લજ્જા ખોશો નકામી, કાંઇ વિચારો ગરૂડગામી;

સાચું કહું મણિરામના સ્વામી. પાલવ૦ ૫

ગરબી ૫ મી.

સુણ રાધા તું લટકાળી, તુજપર મોહ્યોછું રે મોહ્યોછું.
તું આંજે આંખ અણિયાળી, તુજપર મોહ્યોછું રે મોહ્યોછું. ટેક.
તારા લટકા ચટકા જોઇ, મન રહ્યુંછે મારૂં રે મોહી;
પ્રાણ તુજમાં રહ્યાછે પ્રોઇ, તુજપર મોહ્યોછું રે મોહ્યોછું. ૧
રાધા રાધા જપું નિત્ય જાપ, હું ઇચ્છું રે તારો મેળાપ;
રાતદિન કરૂં પરીતાપ, તુજપર મોહ્યોછું રે મોહ્યોછું. ૨
તારો છેડલો આવી સા'વું, મુખે મધુરી વાણી બોલાવું;
તે સુણી ગાંડો થઇ જાઉં, તુજપર મોહ્યોછું રે મોહ્યો છું. ૩
મારા મનથી ગણું પ્રાણ પ્યારી, કેમ મૂકો મુને વિસારી;
તુજ સારૂ ઘેલો ગીરધારી, તુજપર મોહ્યોછું રે મોહ્યોછું. ૪
પ્રાણ પ્રિયા મુજ પાસે આવો, આપો પ્રીતમ જાણી લહાવો;
મણિરામનો સ્વામી બોલાવો, તુજપર મોહ્યોછું રે મોહ્યોછું. ૫

ગરબી ૬ ઠ્ઠી.

પ્રાણપ્રિયા તુજને દેખી, ગીરધર ગાંડો છે રે ગાંડો છે;
પાછળ આવે જાતાં પેખી, ગીરધર ગાંડો છે રે ગાંડો છે. ટેક.
તુંને દેખી એ નવ ચૂકે, તારી પાછળ પાછળ ઢુકે;
દીન પ્રત્યે એ નવ ચૂકે, ગીરધર ગાંડો છે રે ગાંડો છે. ૧
તુને દેખે જ્યારે ગીરધારી, એ તો કેડે આવેછે તારી;
મારે તંબોળની પીચકારી, ગીરધર ગાંડો છે રે ગાંડો છે.

પ્રભુ પાલવ તારો ઝાલે, એની માળા તુજને ઘાલે;
વળી ચુંબન દેતો ગાલે, ગીરધર ગાંડો છે રે ગાંડો છે. ૩
ગળે હાથ નાખી મોરારી, રાધા કહેતો તુજને પ્યારી;
નેણબાણ તે નટવર મારી, ગીરધર ગાંડો છે રે ગાંડો છે. ૪
એતો મુખ જોઇ રહેતો તારૂં, એને વશ કીધો હું ધારૂં;
સ્વામી મણીનો ગાંડો તુજ સારૂ, ગીરધર ગાંડો છે રે ગાંડો છે. ૫

ગરબી ૭ મી.

વહાલા મારે મનવડે ભાવો, કહેતાં લાજુંરે લાજુંછું;
હરિ તમે મુજને ચહાવો, કહેતાં લાજું છું રે લાજું છું. ટેક.
હરિ વહાલ દેખી ઘણું આવે, પ્રીતમ પ્રાણપ્યારો મન ભાવે;
કેમ કરીને પ્યારી બોલાવે, કહેતાં લાજું છું રે લાજું છું. ૧
હરિ હેત ઘણેરૂં રે લાવું, શી રીતે તમને બોલાવું;
મોહન મારે મનડે મૂઝાવું, કહેતાં લાજું છું રે લાજું છું. ૨
હરિ નાના હું છું રે મોટી, નથી મળતી તમારી જોટી;
મારી કલ્પના થાયછે ખોટી, કહેતાં લાજું છું રે લાજું છું. ૩
નથી સમોવડ હરિ તમે મારી, તેથી વિચારૂં ગીરધારી;
વળી કુળવંતી છું કુમારી, કહેતાં લાજું છું રે લાજું છું. ૪
હું વ્રખુભાનની છું બાળા, મણિરામના પ્રભુ ઘણા વહાલા;
ઇચ્છા પૂરો મારી કામણગાળા, કહેતાં લાજું છું રે લાજું છું. ૫

ગરબી ૮ મી.

સુણ રાધા પ્રાણની પ્યારી, તું મને વહાલી છે વહાલી છે;

તેં શુદ્ધ બુદ્ધ હરી છે મારી, તું મને વહાલી છે વહાલી છે. ટેક.
તું સુણજે રાધા રૂપાળી, તુંને જાણું તનમન વહાલી;
હું મોહ્યો આંખઅણીઆળી, તું મને વહાલી છે વહાલી છે. ૧
તારૂં બોલવું અમૃતપે મીઠું, મુને લાગે બીજું અજીઠું;
નથી અમરતણું સુખ દીઠું, તું મને વહાલી છે વહાલી છે. ૨
તારી ચાલ વાલ ગાલ જોઇ, મારૂં મનડું રહ્યુંછે મોહી;
રહ્યા પ્રાણ તુજમાં પ્રોઇ, તું મને વહાલી છે વહાલી છે. ૩
તારૂં મળવું ક્યારે થાશે, મારા મનમાં એવી આશે;
ક્યારે જાવું પ્રિયાની પાસે, તું મને વહાલી છે વહાલી છે. ૪
ભાવે ભામની ભેગાં ભળજો, મુખે વદેલું વચન પળજો;
મણિરામના સ્વામીને મળજો, તું મને વહાલી છે વહાલી છે. ૭

લાવણી.

પાનીડાં ભરન માહે ચરિત્ર બતાલે. એ રાગ.

પાનીડાં ભરત હમ જાતી સખીરી, નંદ કૃષ્ણ રણધીર;
આના હરિ આ જુમનાકે તીર, ટેક.
ગુજરાતની કહેવા લાગી, સુણિયે દીન દયાળ,
મારી પુઠે આવો નંદલાલ;
ઘણા દિવસની હોંસ હૈયામાં, તેથી બની બેહાલ,
પધારો આણી મનમાં વહાલ;
તમકાજે હું બની બાવરી, ના ગમે ચોળી ચીર,
આના હરિ આ જુમનાકે તીર. ૧
દક્ષણી સાંગુન લાગલી હરીલા, મોહીત ઝાલી તમ વરી,

અમ આલે સોહુન ધરી;
અમચા સાડિયા જુમનાત્રઠ, કૃષ્ણ કૃપાળ કરી,
મી પાહું તુમાલા હરિ;
ભીતી ધરત નાહી મી નવરાચી, દીલા તુમાલા શરીર,
આના હરિ આ જુમનાકે તીર. ૨
કહત પુરવની સુનો હો લંગરવા, તુમ હો હમારે યાર,
હમકુ મિલના હો દીલદાર;
જબસે બંસીનાદ સુન્યા હમ, તબસે હુવે ખુવાર,
હમને છાંડ દીયે ઘરબાર;
તુમેરી ખાતર ભઇ હું દીવાની, નાહી રહતહે ધીર;
આના હરિ આ જુમનાકે તીર. ૩
મારવારરી કહેવા લાગી, લાગુ હરીવર પાય;
થારે આવિન હું રઘુરાય.
થારાપર માકો પ્રેમ ઘણેરો, થારી પુઠે દલ લલચાય,
થારે મળવો જુમના ત્રઠમાંય,
મહી વેચવારો મીસ કરીને થારી પુઠે આવું જદુવીર;
આના હરિ આ જુમનાકે તીર. ૪
એવી રીતે ચારે સખીરી, લાગી હરિને પાય;
કરગરી કહેવા લાગી ત્યાંય,
તમ સારૂ અમો સર્વે આવીશું, જુમનાત્રઠની માંય;
વહેલા આવજો વૈકુંઠરાય,
મણિરામના સ્વામી અમે જાચું, આપો આવી ધીર;
આના હરિ આ જુમનાકે તીર.

ગરબી.

જાઓ જાઓની જીવન જુઠડા શું થાઓછો જો,
મુને વચન આપી બીજે મંદિર જાઓછો જો. જાઓ૦ ૧
મારી સુંદર સેજે ફુલડિયાં કરમાઇ ગયાં જો,
હું તો દીવડા બાળી ઉઘાડાં મંદિર રહી ગયાં જો. જાઓ૦ ૨
મારા છુટા કેસ પગાં સુધી રહિ ગયા જો,
કોઇ માનીતીના લાડકોડ પૂરા થયા જો. જાઓ૦ ૩
રાત દિવસ તારૂં ધ્યાન મારા મનમાં જો,
નિદ્રા આવે તુને દેખું છું સ્વપનમાં જો. જાઓ૦ ૪
સાસરેથી પિયર પિયરથી જાઉં સાસરે જો,
ચેટક લાગ્યું હોય તેંમ ચિત નવ ઠરે જો. જાઓ૦ ૫
હવે હદ વળી હરજી સીધાવીએ જો
આ અબળાને ના તરસાવીએ જો. જાઓ૦ ૬

ગરબી.

(પ્રેમની પીડા કોને કહીએ ઓધવજી. એ રાગ.)
સ્નેહ શીદ કીધો ઓધવજી. ટેક.
શી કહું વાતો તમારા શામની ઓધવજી,
મુને છળતો કરીને છેહ દીધો રે. સ્નેહ શીદ. ૧
પ્રથમ જાણ્યું જે પ્રીત પાળશે ઓધવજી,
સારે કૃષ્ણ સંગાથે કોલ લીધો રે. સ્નેહ શીદ. ૨
પ્રાણપે અધીક પ્રીત કીધી ઓધવજી,

ત્યારે પ્રેમનો પ્યાલો તે અમે પીધો રે. સ્નેહ શીદ. ૩
આજ લગી વાલ્યા વાયદા ઓધવજી,
હવે યોગ અગ્નિ અતિ ધીકયો રે. સ્નેહ શીદ. ૪
ડાહ્યા સ્વામીને શું કહિયે ઓધવજી,
એ તો શોકય સંગાથે થયો સીધોરે. સ્નેહ શીદ. ૫

ગરબી.

ચુંદડીની ગરબી.

રસિયાજી મૂકો અમારી ચુંદડી,
જાવાધો જીવણુ જળ ભરવા કાજ. જો;
સખી કહેશે વાર કયાં લાગી આવડી.
મોટી મોહન લોકડીઆંની લાજ જો. રસિયાજી. ૧
ઘેરોછો મુજને જાણી એકલી,
પાછળ આવે સૈયેરોનો સાથ જો;
મનસુખો મનનો હું જાણી ગઇ,
એમ કરે નટવર નહીં આવે હાથ જો. રસિયાજી. ૨
દુરિજન કંઇ કહેશે મારા કંથને,
રસિયા તેને રીસ ઘણી છે મંન જો;
સાસુડી મુજને બહુ સંતાપશે,
નણદી મુજને કહેશે કઠણ વચન જો. રસિયાજી. ૩
એવી તે વિધા કોણે શીખવી,
નીત ઉઠીને આવડો શો ઉધમાત જો;

મોટપણે મોટમ કંઇ આવી નહીં,
છેલ તમારી ના ગઇ છોકરવાદ જો. રસિયાજી. ૪
આધા રહો અડશોમાં અલબેલડા,
આળ કરો તે સાંખે બીજી નાર જો;
શાણા થઇ વળગો છો શા કારણે,
હું નહીં રાખું તમારો કંઇ ભાર જો. રસિયાજી. ૫
ઘેર જઇ કહીશું તમારી માતને,
મુજ સાથે ના બોલો વાંકુ વેણ જો;
પાતળિયા પાલવ મૂકો માહરો,
ઉર ઉપર શા માટે નચાવો નેણ જો. રસિયાજી. ૬
આજ પછી તમ સાથે બોલું નહીં,
ઢંગ તમારા જાણ્યા જાદવરાય જો;
શું કરીયે શામળિયા સાચું કહું,
તમ સાથે મુજ મનડું આતુર થાય જો. રસિયાજી. ૭
સ્વારથ તો સફળ થશે મન રીઝવે,
નવ જાણો કંઇ પ્રીત કર્યાની રીત જો;
શું સમજે ચારી જાણો ગાવડી,
ઘણી કઠણ છે પરશું કરવી પ્રીત જો. રસિયાજી. ૮
મન વિના કોઇને ના બોલાવીએ,
માણસ માંહી જાય પોતાનો તોલ જો;
આગળથી ચરચા જોઇએ તેતણી,
સાર પછી મનગમતા કહીએ બોલ જો. રસિયાજી. ૯
આતુરતા તમ કરતાં અમને ઘણી,
લાજ તજીને મુખડે ના કહેવાય જો;

પ્રાણ ગયે પ્રીત કરી ના મુકીયે,
મારગ વચ્ચે રોકેથી શું થાય જો. રસિયાજી. ૧૦
વા'લાજી વાર્યું તે કરિયે માહરૂં,
કોણ વારની કહું છું જોડી હાથ જો;
મારગડો મૂકીને અળગા રહો,
કર જોડીને વિનતિ કરે રઘુનાથ જો. રસિયાજી. ૧૧

ગરબીઓ રાસલીલાની.

ગરબી ૧ લી.

(ઠગમાં તે ઠરેરે જગમાં જે જન બોલે જૂઠું, એ રાગ.)
વનમાં લઇ જઇરે, મુજને ભૂલાવી કાનુડે. ટેક.
આંખતણે અણસારે મુજને સાન કરી સમજાવી.
મેં જાણ્યું આજ રજની રમવા હેતકરી બોલાવી. વનમાં. ૧
મંદિરથી હું બાહેર નિસરી, આવી એની પાસે;
કર ઝાલી મુજને લેઇ ચાલ્યો, જાણ્યું કહીં લઇ જાશે. વનમાં. ૨
અઘોર વનમાં ઊભી રાખી, ખાવાનું કંઇ લાવું;
સામગ્રી બહુ ભાત ભાતની, જલદીથી લઇ આવું. વનમાં. ૩
એમ કહી આ મારગ ચાલ્યો, બોલી વેણુ રસાળું;
વાટ જોતામાં રાત પડી ગઇ, ઊભી રસ્તો નિહાળું. વનમાં. ૪
ઘન ગાજે ને ઘોર અંધારી–રાતે વીજળી ચમકે;
હું ગભરાણી કાંઇ ના સુઝે, કાળજડું માહારૂં ફટકે. વનમાં. ૫
દાદુર મોર બપઇયા બોલે, ઝરમર મેહુલો વરસે;
વનવગડામાં હું એકીલી, પીઉ વિના જીવ તરસે. વનમાં. ૬

વ્હેની જ્વાળા શરીરે વ્યાપી, તેથી થઇ હું ઘેલી;
એક દુઃખમાં બીજું થયું બાઇ, વરસાદે કરી હેલી. વનમાં. ૭
ચાર પહોર રાતે અથડાણી, ના રહી દુઃખની બાકી;
મયારામના પ્રીતમ સારૂ, ફરી ફરી હું થાકી. વનમાં. ૮

ગરબી ૨ જી.

રાગ ઉપરનો.

હુંતો એકલીરે, મૂજને અઘોર વનમાં મે'લી; ટેક.
ગભરાણી મારગ ન સૂજે, અકળાએ જીવ જાશે;
અરે દૈવ તેં આ શું કીધું, પૂઠે વાતો થાશે. હુંતો૦ ૧
વેરણ મારી માવડી મુંને, પેહેલેથી ના મારી;
ઉછેરીને મોટી કરી, ત્યારે સંગ થયો ગીરધારી. હુંતો૦ ૨
ત્યારે મુજને વનમાં લાવ્યો, આ સુખને હું પામી;
કોની આગળ કરૂં વારતા, દુઃખની ના રહી ખામી. હુંતો૦ ૩
શું કરૂં હવે કોની પાસે, જઇ વીસામો ખાવું;
રેણી નિરગમી રવિ પ્રગટ થાએ મારગ જાવું. હુંતો૦ ૪
શું જાણું એ કંઇ ગયો, વનવગડામાં મેલી;
મુજ સરખી રસ્તે મળી, કોઇ સુઘડ નાર અલબેલી. હુંતો૦ ૫
તેની વાંસે ગયો હશે, એ કપટી કુંજવિહારી;
મયારામનો પ્રિતમ પ્યારો, થઇ ગયો વ્યભિચારી. હુંતો૦ ૬

ગરબી ૩ જી.

મુજને દગો કર્યોરે, પેલા નંદજીને છૈયે; ટેક.

માત તાતનું કહ્યું ન માન્યું, ન કર્યું કોઇનું વાર્યું;
અઘોર વનમાં તેડી લાવી, કર્યું પોતાનું ધાર્યું. મુજને. ૧
મારાથી છળભેદ કરીને, ક્યાં ગયો શું જાણું;
રાત દિવસ વનમાં અથડાવું, ધીરજ કેઇ પેર આણું. મુજને. ૨
અરે વિશંભર આ શું કીધું, કેઇ નારે ભરમાવ્યો;
વહાલપણામાં વેર કરીને, ગયો તે પાછો ના'વ્યો. મુજને. ૩
તેનો શોચ ઘણેરો મુજને, મનમાં સમજી રહીએ.
સુખદુઃખ કરમે ભોગવવું, તે કોની આળ કહીએ. મુજને. ૪
શાકાજે મુજ વેરી થઇને, આ વ્રજમાંય ભમાવી;
રસ્તે હું દુઃખ પામું ઝાઝું, એને દયા ના આવી. મુજને. ૫
એવો નિરદય થઇ ગયો, એને શિખામણ કોણ આપે;
શોકસમુદ્ર માંહે પાડી, મારૂં કાળજડું કાં કાપે. મુજને. ૬
હે પરમેશ્વર કહુંછું તુજને, મારે તે શું કરવું;
અકળામણ આવે ઘણી, આ જીવ્યાથી ભલું મરવું. મુજને. ૭
એક વિચાર મનમાંય કરૂં, જઊં વ્રંદાવનની વાટે;
મયારામના પ્રીતમ મળશે, જમુનાજીને ઘાટે. મુજને. ૮

ગરબી ૪ થી.

કાનો ક્યાં ગયોરે, અહીંયાં કોણ અમારૂં બેલી; ટેક.
બીક ઘણેરી લાગે મુજને, નિદ્રા નાવે જાગું;
ગિરિવર ધારી, કુંજવિહારી, ચરણે એને લાગું. કાનો ૧
શ્રીનારાયણ શ્રીપુરૂષોતમ, વારે મારી ધાજો;
આ વનમાં અંધારી રાતે, સાથ આવીને થાજો. કાનો. ૨

રૂદન કરતાં રવિ પ્રગટ થયોને, લાગી તાલાવેલી;
ઘેર જતાં ઘરનાં સૌ પૂછે, ગઇતી કહાં એકેલી. કાનો. ૩
કસુંબે રંગેલી તારી, સાડી ચરણાં ચોળી;
વરસાદે ભીંજાઇને આવી, ગઇતી કહાં એકેલી. કાનો. ૪
તે સારૂં હું ઘેર જઉં કયમ, એકે દિશા નવ સુઝે;
કોની આાગળ કરૂં વારતા, શરીર થરથર ધ્રુજે. કાનો. ૫
એવામાં એક નારી દીઠી, મહી વેચવાને જાતી;
ઊભી રહે બઇ મારા સમ તુજને, હીંડેછે મદમાતી. કાનો. ૬
કરજોડી તુજને પૂછુંછું, ખબર હોયતો કહેને;
નંદજીના કુંવરની મુને, ભાળ્ય બતાવી દેને. કાનો. ૭
હા બાઇ મેં હમણાં દીઠોતો, કદમખંડીની પાસે;
મયારામનો પ્રિતમ તુજને, જલદી ભેગો થાશે. કાનો. ૮

ગરબી ૫ મી.

હું તો ઘેલી થઇ રે, પેલા કાનુડાની સંગે; ટેક.
સૈયર મારી શું કહું તુજને દીલડાકેરી વાતે;
સાન કરી મુજને તેડી ગયો, મંદિરમાં મધ્યરાતે. હું તો. ૧
શું જાણું એણે શું કીધું, શું મુજને ખવડાવ્યું;
શું ચેટક લગાડયું મુજને, તેમાં ચિત્ત ભરમાવ્યું. હું તો. ૨
તે દહાડાનું મન ફટકયું, કો આગળ જઇ કહિયે;
અહરનિશ સમરણ કરૂં એનું, એ વિના કયમ રહિયે. હું તો. ૩
પરથમથી સહુ વાતો કરતાં, છે કાનુડો કપટી;
મુજને ભોળવી ભૂરકી નાખી તેમાં ગઇ હું લપટી. હું તો. ૪

નાત જાત મરજાદ તજીને, કોઇની બીક ન આણી;
કામ કાજ ઘર ધંધો ભૂલી, લાલચમાં લોભાણી. હું તો. ૫
એની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો;
હરેક રીતે એને સમજાવી, મંદિર તેડી લાવો. હું તો. ૬
તો એની સંગે રમીને, દુખડાં મારાં વામું;
ચેટક મારા ભવનું દૂર થઇ, સુખ સાગરને પામું. હું તો. ૭
તુજને મોકલું એ નહીં આવે, એનો નહી વિશ્વાસ;
મયારામના પ્રીતમ વિના, હું ઘણી થઉં ઉદાસ. હું તો. ૮

ગરબી ૬ ઠ્ઠી.

સૈયર શું કહું રે, પેલા કાનુડા કપટીને;' ટેક.
કાલ સવારે મંદિર આવી, મુજને બહુ ભરમાવી;
વાતની વાતે ચટકો લાગ્યો, તરત ગયો રીસાવી. સૈયર. ૧
આતે હવે એને શું કહીએ, નથી કરતો મન તોલ;
જાણે પ્રીત વિસારી દીધી, મુને લીધી વણમોલ. સૈયર. ૨
એ થયો એવી નથી થાતી, રાખું છું મરજાદ;
મારે અંતર સ્નેહ ભાવ છે, નથી છુટતો નાદ. સૈયર. ૩
મારે મન એ પ્રાણ અમારો, એને તુલ્ય કંઇ નાવે;
પરનારીને મંદિર ભટકે, શાને માન ઘટાવે. સૈયર. ૪
કંથ પલંગે પોઢચા પછી હું, મધરાતે નિત જાતી;
મારગમાં કંઇ બીક ન આણું, હું કઠણ કરતી છાતી. સૈયર. ૫
રાસ રમી હું એને રીઝવી, ભોર થયે ઘેર આવું;
અરસપરસ ઘરનાં સૌ જાણે, કેટલી વાત છુપાવું. સૈયર. ૬

સાસુ સસરો જેઠ જેઠાણી, સૌકો મુજને વારે,
વહુવારૂ તમે બહાર ન જાશો, નણદી મે'ણાં મારે. સૈયર. ૭
કઠણ વચન મેં સહુના સહીને, એ સંગે રહી મળતી;
મયારામના પ્રિતમની હું, ખુશામત નિત કરતી. સૈયર. ૮

ગરબી ૭ મી.

એને ના ઘટે રે, મુજને કાનુડે તરછોડી. ટેક.
હે બાઇ તુજને વાત કહું તે, જોને મન વિચારી;
વ્યભિચારીનો સંગ કર્યાથી, થઇ ફજેતી મારી. એને. ૧
જ્યારે એને ગરજ હતી ત્યારે, વનમાં તેડી જાતો;
અહરનિશા રાસ મારી સાથે, માણી સુખિયો થાતો. એને. ૨
સાત પાંચ દશ બાર મળીને, એને કોઇ ભરમાવે;
તે સારૂં મારગમાં જાતાં, બોલું તો ના બોલાવે. એને. ૩
નગણા સાથે નેહ કદાપિ કોટિ જન્મ ના કરીએ;
તરણાથી હળવાં થઇ જઇએ, લોકમાં લાજી મરીએ. એને૦ ૪
પેહેલેથી મા આડે ખાડે, કરે પોતાનું ધાર્યું;
એવા સાથે પ્રીત કરીને, પાછળથી પસ્તાવું. એને૦ ૫
આવડું વેર તે શાને કાજે, રાખે મારી સાથે;
શો બિગાડ કર્યો મેં એનો, કરે ફજેતી હાથે. એને૦ ૬
રીસે બળતી તુજને કહું બાઇ, કપટીને શું કહીએ;
ભૂખ તરસ આ વનમાં વેઠી, નિત એ સંગે જઇએ. એને૦ ૭
તન મન ધન હું એને સોંપી, શરણે રહીછું નારી;
મયારામના પ્રિતમ સાથે, સઘળી વાતે હારી. એને૦ ૮

ગરબી ૮ મી.

મુજને દગો કરી રે, પેલો ક્યાં ગયો કાનુડો, ટેક.
પેહેલેથી મુજને હેત દેખાડી, કપટે કરતો વાતો,
મુજ સરખી અલબેલી મૂકી, પરમંદીરમાં જાતો. મુજને૦ ૧
આડું અવળું ઘણુંય હેરૂં, કંઇ નથી ફાવતો લાગ;
ત્હારા સમ જો દેખુ વાટમાં, ઉતારી લેઉં પાઘ. મુજને૦ ૨
શી એમાં એની તે શોભા, કરતો નથી વિચાર;
દુરીજન વ્રિજના લોક જાણુશે, હાંશી કરશે વ્રિજનાર. મુજને૦ ૩
જ્યારે મારે મંદિર આવે, કર જોડી રહું ઊભી;
કેઇ શોકયે એને ભરમાવ્યો, શા વાંકે મને દુભી. મુજને૦ ૪
એના મનનું હારદ સમજી, વળતો ઉત્તર આપું;
શામાટે નગણો થઇ બેઠો, તન મન એને સોપ્યું. મુજને૦ ૫
માટે જઇ કહેજે કાનને, થઇ રેહેજે હુશિયાર;
લોકલાજની ગરજ હોય તો, મળજે એકજ વાર. મુજને૦ ૬
મારા મનમાં એવું આવે, એના ઉપર મરીએ;
નહીં તો જોગ ધારણ કરીને, વ્રંદાવનમાં ફરીએ. મુજને૦ ૭
બ્હેનો મારી વાત સાભળી, કોઇ દયા મન લાવો;
હરેક તરેહ એને સમજાવી, મંદિર તેડી લાવો. મુજને૦ ૮
એને શીખામણ દેઇ સમજાવી, થઇ રહું હું દાસી;
મયારામના પ્રિતમની આ, વ્રિજમાં થાશે હાંસી. મુજને૦ ૯

ગરબી ૯ મી.

વા'લો ક્યાં ગયો રે, મારો સુઘડ સ્નેહી, ટેક.

ચાર ઘડી પહેલો અહીં આવી, મુજને દેખા દીધી;
કોઇ ઠગણી એને લેઇને, આ રસ્તે ગઇ સીધી. વા'લો० १
મારી નજરે એતો ચાલ્યો, વ્રંદાવનની વાટે;
હું પણ એની પૂઠળ ગઇ'તી, જુમનાજીને ઘાટે. વા'લો० २
બંસીબટના ચોકમાં જોયું, જોયું કુંજગલનમાં;
મેં એને નજરે ના દીઠો, પાછી આવી ઘરમાં. વા'લો० ३
બાળપણાની પ્રિત એ સાથે, શી રીતે રહું અળગી ?
તન મન ધન એને સોપ્યું છે, તેથી રહી હું વળગી. વા'લો० ४
ચંદ્રભાગા ચંદ્રાવળી તમને, વાત કહું સાંભળજો;
લલિતાને જઇ એટલું કહેજો, જઇ કાનાને મળજો. વા'લો० ५
જે રીતે સમજે તે રીતે, સમજાવીને લાવો;
તારો ગુણ હું નહિ વિસરૂં, ઝટપટ વહેલાં આવો. વા'લો० ६
એટલું કહેતાં નહિ આવે તો, શુંછે એનું કામ ?
જાતે જઇ કર ઝાલી લાવું, વળતી મારે ધામ. વા'લો० ७
શું કરૂં વચને બંધાણી, મારે એની આશ;
મયારામના પ્રીતમની હું, વણ મૂલે લીધી દાસ. વા'લો० ८

ગરબી १० મી.

(રાધિકાજી વ્રંદાવનમાં શ્રીકૃષ્ણજીને શોધેછે તેવામાં એક સખી મળી તે કહેછે.)

તું ક્યાં ભૂલી પડી રે, ચાલ હું બતલાવું કાનુડો. ટેક.
તું અબળા નિરબળ થઇ બેઠી શોકાતુર શા માટે ?
પ્રીત કરી તો કરી જાણીએ, રાખીએ શીર સાટે. તું ક્યાં० १

પેહેલેથી વિચાર ન કીધો, પાછળથી પસ્તાવું;
શું સુખ લેવા આવી વનમાં, હાથે માપ ગમાવ્યું. તું ક્યાં૦ ૨
એવી કેવી પ્રિત કરી તે, રસ્તે મૂકી ચાલ્યો;
તુજને તો તરછોડી નાખી, કેઇ સંગે જૈ મ્હાલ્યો. તું ક્યાં૦ ૩
નગણા સાથે નેહ કર્યાથી, એવું ફળ તું પામી;
લોકીકમાં હશારત તારૂં, શીર એઠી બદલામી. તું ક્યાં૦ ૪
માટે નાદ છોડી ઘેર જાને, એમાં નથી કંઇ સારૂં;
કાનુડાનો સંગ કર્યાથી, માન ઘટે બાઇ તારૂં. તું ક્યાં૦ ૫
શીખામણ તું માનજે મારી, કારજ તારૂં સરશે;
કાનુડાને ગરજ હશે તો, આવી તુજને મળશે. તું ક્યાં૦ ૬
તુંતો એની વાંસે ફરે છે, એને મન કંઇ નાવે;
લાજ મૂકી આ વનમાં ફરવું, શાને લોક હસાવે. તું ક્યાં૦ ૭
કપટીનો વિશ્વાસ કરીને, તેં તો લીધો લ્હાવો;
મયારામના પ્રિતમ સાથે અબળાનો શો દાવો. તું ક્યાં૦ ૮

ગરબી ૧૧ મી.

(રાધિકાજી સખી પ્રત્યે કહેછે.)

બાઇ હું શું કહું રે, મારો પ્રાણજીવન કાનુડો. ટેક.
પેલા ભવની પ્રીત બંધાણી, આ જન્મે ક્યમ છૂટે;
તન મન ધન મેં એને સોંપ્યું, હવે પ્રીત ક્યમ તૂટે? બાઇ. ૧
ચાર પોહોર નિદ્રા નવ આવે, દિવસે અન્ન ન ભાવે;
ઘેલી થઇ વનમાંય ફરૂં, એ કપટી ચિત્ત ભમાવે. બાઇ. ૨

અંતર વહાલો ઘણો બાઇ, મુખથી શું કહેવાય;
એક ઘડી દીઠા વિણ મુજને, કોટિ કલ્પસમ થાય. બાઇ. ૩
ઘરનાં મુજને નિત્યે વારે, તેનું કહ્યું નથી કરતી;
અઘોર વનમાં જાતે એકલી, વાંસે વાંસે ફરતી. બાઇ. ૪
આ પ્રેમ આગળ બીજાનો, પ્રેમ નથી મેં દીઠો;
માટે બાઇ તુંને ઘણું કહું શું, પ્રેમ વચનથી મીઠો. બાઇ. ૫
એ મારો છે અંતરજામી, હું છું એની દાસી;
વિધાતાએ લેખ લખ્યાથી, પડી ગળામાં ફાંસી. બાઇ. ૬
તે હવે કયમ કાઢી નીસરે, કરિયે કોટી ઉપાય;
પ્રેમકટારી વાગે કાળજે, કાહાડયાથી જીવ જાય. બાઇ. ૭
તેંતો મુજને સારા માટે, શીખામણ કંઇ દીધી:
મયારામના પ્રિતમે મા'રી, શુદ્ધ બુદ્ધ હરીને લીધી. બાઇ. ૮

ગરબી ૧૨ મી.

(રાધીકાજી શ્રીકૃષ્ણને શોધેછે ને રાસલીલાનું સુખ સંભારે છે ને છેવટે રાધાનો કૃષ્ણને સમાગમ થાયછે)

વનમાં ભૂલી પડીરે, પેલો કયાં ગયો કાનુડો. ટેક.
ઝરમર ઝરમર મેઉલો વરસે, પુરણ કરી છે હેલી;
અઘોર વનમાં મુજને મે'લી, ત્યાં કોણ અમારૂં બેલી. વનમાં. ૧
ગોકુળ ગામની ગોવાલણી, સઉ મહી વેચવાને ચાલી;
મારગ મળીયા મા'વજી, ત્યાં રોકી રાખે રાધે પ્યારી. વનમાં.
મારગ મળીયા મા'વજી, મને રોવા સરખી કીધી;

માથા પરની મટુકી મારી, ફુલાળીને લીધી. વનમાં૦ ૩
જસોદાજી લાલ તમારો, આડા અવળી ચાલે;
સોળ સહસ્ર ગોપીમાં કાનજી, એ મન માને ત્યાં મા'લે.વનમાં.૪
આગળ પાછળ મેહેલ તમારા, વચમાં હમારી મેડી;
અગાસીમાં અમે રમતાં, સાન કરી શીદ તેડી. વનમાં. ૫
મોર મુગટ ને કાને કુંડળ, હરખે વાગે તાળી;
આગળ પાછળ ગોપી નાચે, બિચ નાચે વનમાળી. વનમાં. ૬
ભમરી ખાતાં ભુદરજીએ, એવી માયા કીધી;
હરિતો અંતરધ્યાન થયા, એક સખી સંગાતે લીધી. વનમાં.૭
પુરૂષોતમને પગલે પગલે, જોતી જોતી જાઉં;
નારાયણના દરષણવિણ હું, આકુળ વ્યાકુળ થાઉં. વનમાં. ૮
જોતાંમાં એક અબળા દીઠી, તેને પૂછી વાત;
રાધા કહે અભિમાન આવ્યું, તારે તજ્યો અમારો સાથ.વનમાં.૯
ઝાડે ઝાડે જોતી ચાલું, જઇને ઝાલું હાથ;
તમાલ જાણી ત્રીકમજીએ, પ્રેમે ભીડી બાથ. વનમાં. ૧૦
વૃંદ્રાવનની કુંજગલનમાં, મળીયાં રાધે પ્યારી;
દયારામના પ્રિતમ મળતાં, વેળાં અમારી વારી. વનમાં. ૧૧

ગરબી ૧૩ મી.

(રાધા ને કૃષ્ણનો સમાગમ થયા પછી કૃષ્ણને કહેછે)

વાલમ કયાં ગયાતા રે, સાચું બોલો મારા સમ. ટેક.
છેતરપંડી કરી મુજ સાથે, મે અવગુણ શો કીધો;

સાચું બોલો કુંજવિહારી, કેઇ સંગે લાવો લીધો. વાલમ૦ ૧
તમારે સ્નેહે બંધાણી, શીદ માયા ઉતારી;
મુજ સરખી અલબેલી મુકી, કોણ મળી ધુતારી. વાલમ૦ ૨
હું ભરોંસો પૂરણ રાખી, તમ સાથે લોભાણી;
આ વ્રિજનાં નરનારીમાં હું, ઘેર ઘેર ગવાણી. વાલમ૦ ૩
વેણુ વગાડી મોહ પમાડયાં, શરદ પુનમની રાતે;
હેત દેખાડી વાલમ અમને, રાસ રમાડયાં ખાંતે. વાલમ૦ ૪
એવું સુખ આપી દુઃખ દીધું, શા માટે મોરારી;
હું અબળા નિરબળ થઇ કહુંછું, કેમ દીધી વીસારી. વાલમ૦ ૫
વાટ તમારી જોતાં જીવણ, ચો દિશે જોઉં ન્યાળી;
બાર વન ચોવીશ ઉપવનમાં, દીઠા નહીં વનમાળી. વાલમ૦ ૬
જેવું હેત તમારૂં હઇયે, તેવું મારૂં જાણો;
હું દાશી વેચાણ તમારી, કાંઇ દયા મન આણો. વાલમ૦ ૭
એમ કહી કંઠે કર નાખ્યો, શીદ કરોછો હાંસી;
મયારામના પ્રિતમની હું, થઇ રહીછું દાસી. વાલમ૦ ૮

ગરબી ૧૪ મી.

(શ્રીકૃષ્ણ રાધાનો હાથ ઝાલી કહે છે.)

તું પ્રાણથકી પ્યારી છું રે, કીરતિની કુમારી. ટેક.
સાચો પ્રેમ વિનતાનો જોઇ, પ્રગટ થયા ગિરધારી;
કર ઝાલી આતુર થઇ કહેછે, હરખે કુંજવિહારી. તું પ્રાણ૦ ૧
મર્ત્ય લોક ને ચૌદ ભુવનમાં, તુજ સમાન નહીં નારી;

તારા પ્રેમથી હું લોભાણો, જોને મન વિચારી. તું પ્રાણ૦ ૨
માટે તારે વશ થયોછું, તુજ વિના નવ ચાલે;
તારૂં મુખ દીઠા વિના, મુને શોક શરીર પરજાળે. તું પ્રાણ૦ ૩
અહરનિશા તુજને સંભારૂં, ક્ષણું જંપ નથી વળતો;
તારા સમ ખાઇને કહુંછું, ચાલો હું નથી મળતો. તું પ્રાણ૦ ૪
પુંડે દુરીજન લોક વ્રિજના, નિંદા કરે નરનારી;
તે સારૂં હું પ્રગટ પ્રિતડી, કરતો નથી વિસ્તારી. તું પ્રાણ૦ ૫
તોપણ સહુકો વાત કરેછે, તેથી મન અનુરાગી;
કામ ક્રોધ લોભાદિક આદે, તેથી સદા હું ત્યાગી. તું પ્રાણ૦ ૬
તમારી વાંસે વાંસે ફરૂંછું, નથી અળગો ક્ષણવાર;
માટે માનુની તમારે વશ છું, તું પ્રાણતણો આધાર. તું પ્રાણ૦ ૭
એવાં વચન સુણીને રીઝયાં, ભ્રખુભાન દુલારી;
મયારામના પ્રિતમ સાથે, લોટપોટ થઇ નારી. તું પ્રાણ૦ ૮

ગરબી ૧૫ મી. રાગ ઉપરનો.

ગિરધર લાલજીરે, મારી ગાવલડી સંભારો. ટેક.
સાંજ પડે સંભારી લાવો, આડે રહી દોવડાવો;
દૂધ ભાતમાં સાકર ભેળું, વાળુ કરવા આવો. ગીરધર૦ ૧
વ્હાણામાં તમે વહેલા ઉઠો, શેર વલોણું સાવા;
ઘી તાવણીમાં લોટ શેકાવું, ખાંડ ભેળીને ખાવા. ગીરધર૦ ૨
ઘરમાં નથી કોઇ નાનું મોટું, કોઇની બીક ન ધરીયે;
એક રાત વાસો આવો તો, બોલાચાલી કરીયે. ગીરધર૦ ૩
ગોવાળિયાને ગર્વ શો છે, જે તેડે ત્યાં જઇએ;

નરસૈયાનો સ્વામી મળે તો, સૌ વાતે સુખીયાં થઇએ.ગીરધર૦ ૪

ગરબી ૧૬ મી–ઊંદરની.

ઊંદર કેર કરે છે રે, દુઃખડાં કોને કહેવા જઇયે; ટેક.
અમને નિત્ય નડેછે રે, ઘરમાં કેમ કરીને રહીયે.
દર મધ્યેથી દોડી આવે, બીછાના પર બેસે;
ફુંકી ફુંકી ચાંચજ મારે, ના ખબર તેની રે'છે. ઊંદર૦ ૧
ચાર પ્હોરની રજની માંહે, એક ઘડી નવ જંપે;
નિદ્રામાંથી જાગું ઝબંકી, તવ કાયા મારી કંપે. ઊંદર૦ ૨
પોથી પુસ્તક કાપી નાખ્યાં, બાકી ન રાખ્યું એક;
ઝાલી ઝાલી થાકી ગયો, પણ પાર ન આવ્યો છેક. ઊંદર૦ ૩
ધોતી પોતી કાપી ખાધી, દોરી કાપી આખી;
અબોટિયું અંગરખું કાપ્યું, તેના સૂરજ સાખી. ઊંદર૦ ૪
જળ પીવાનું બોટી ગયા ને, તેલ ઢોળી દીધું;
બરણીમાં જે બાકી રહ્યું તે, સરવે મળીને પીધું. ઊંદર૦ ૫
ચુંચુંચુંચું ચિસો પાડે, લીંડી ઝાઝી પાડે;
ઢંઢોળીને હાંકુ તારે, દોટો ઝાઝી કા'ડે. ઊંદર૦ ૬
ગણપતિની ચોથ કહિયે, તે કરતાં નથી ચૂકયા;
લશલશતા લાડુ કરી, ઊંદર મામાને મુકયા. ઊંદર૦ ૭
દીવો જો બળતો રાખું તો, દીવેટ તાણી જાય;
એમ કરતાં જો ઊંઘી ગયા તો, લંકા જેવું થાય. ઊંદર૦ ૮
જે દીવસના ગામ ગયાતા, તે દીવસના ઘરમાં પડિયા;
કોઠી પેટી કાપી ખાધી, એ રીતે મુને નડીયા. ઊંદર૦ ૯

પાંજરાં મુકી મુકી થાકયો, તોયે ઝાલ્યા નવ ખુટે;
ખાવાનું ઉધાડી નાખી, જાણે ગોળનું ગાડું લુંટે. ઊંદર૦ ૧૦
એ પશુને શું કરીએ, મુને રીસ ગઇ છે વ્યાપી;
માળા મારી ફેરવવાની, ગઉમુખી સુદ્ધાં કાપી. ઊંદર૦ ૧૧
નિત નિત દુઃખડાં અમને દેછે, કયાં જઇએ અમે નાશી.
ભકત પીતાંબર એમ કહે, એને મળજો વાઘની માશી.ઊંદર૦ ૧૨

ગરબી ૧ લી.

જવાદો મુને શાને રોકોછો વાટમાં;
હાંરે દાણ લેવા સરખા નથી માટમાં. ટેક.
આજ તો અમારે પ્રભુ કામનો દીન છે;
હાંરે મારે એકલાં જેહું છે નાતમાં. જવા૦ ૧
મારા રે સમ મારી ગાગેર નાની;
હાંરે જળ ભરવા જુમનાજીની ધાટમાં. જવા૦ ૨
સધળી સૈયરો ઉભી જુમનાની તીરે;
હાંરે તેને વચન આપ્યાં છે હાથમાં. જવા૦ ૩
મોતીના નાથને સંગે લેઇને;
હાંરે મારે જાવું સૈયરોના સાથમાં. જવા૦ ૪

ગરબી ૨ જી.

હું વાત કહું ઊભાં રહોને અલબેલી;
હાંરે દાણ રીતનાં ધટે તે જાઓ મેલી. ટેક.
કયાંથી આવોછો આજ રૂમઝુમ કરતાં;

હાંરે આજ કયાં છે સંગની સાહેલી. હું વાત. ૧
ઘુંઘટ તાણીને શું જોરમાં રે જાઓ છો;
હાંરે નથી દેતાં જવાબ મન મે'લી. હું વાત. ૨
ધ્યાન ધરીને શું ધ્યાનમાં રે જાઓ છો;
હાંરે આજ ઓળી કરવી છે મારે પહેલી. હું વાત. ૩
મોતીના નાથને તું છું પ્યારી;
હાંરે ઘણે દહાડે થઇછું આજ ભેળી. હું વાત. ૪

ગરબી ૩ જી.

જમીન પર જળનાં દાણ કોણ લે છે;
હાંરે નથી જાણ્યું લેવાવાળા રે' છે. ટેક.
નથી સાંભળ્યું પૃથ્વી ઉપર;
હાંરે લેવાવાળો અહીંયાં કોણ રહેછે. જમીન પર. ૧
નિત્યે નવા નવા ચાળા કરો છો;
હાંરે એવી કોણ શિખામણ દે છે? જમીન પર. ૨
વચન કાઢોછો પ્રભુ વઢવા સરીખાં;
હાંરે કોણ વસ્તી તમારીમાં રે' છે? જમીન પર. ૩
મોતીના નાથને એમ કહીને;
હાંરે ગોપી રસ્તો ગોકુળનો લે છે. જમીન પર. ૪

ગરબી ૪ થી.

છબીલી દાણની રીત કોણે કહાડી ?
હાંરે દાણ આપો લાડકડી લાડી. છબીલી. ટેક.

શ્રીજમુનાજીના મોટા રે આરા;
હાંરે જળ ભરવાને આવો દાડી. છબીલી. ૧
વંદ્રાવનને મારગ જાતાં;
હાંરે હું તો લેઇશ લાગત મારી. છબીલી. ૨
એવાં વચન પ્રભુ કોઇયે ન સાંખે;
હાંરે એતો સાંખે તે પરણી નારી. છબીલી. ૩
મોતીના નાથને સરવસ સોંપ્યું;
હાંરે ગોપી રાજી કર્યાં છે મોરારી. છબીલી. ૪

ગરબી ૫ મી.

(ઓધવ આવ્યારે વ્રજમાં૦ એ રાગ.)

વનમાં વાગે રે વાંસળી, તે તો મારે મંદરિયે સંભળાય.
વનમાં વાગે રે વાંસળી. ટેક.
મોહ સહુ પામી રે માનુની, જીવડો આકુળ વ્યાકુળ થાય. વન. ૧
વેગે ચાલીરે વનિતા, મેં તો ઘરમાં નવ રહેવાય. વન. ૨
દેહની દશાએ વિસરી, અંગે આભૂષણ બદલાય. વન. ૩
ભુવન ભુવનથી રે ભામની, ચાલી કામ કરી સહુ તાજ. વન. ૪
સૈયર મૈયર રે મેહેલિયાં, લોપી લોકડિયાંની લાજ. વન. ૫
વન સહુ આવી રે ગોપિયો, નયણે નિરખ્યા શામશરીર. વન. ૬
રૂપનાથ રીઝોરે રંગમાં, સુંદર જમુનાજીને તીર. વન. ૭

ગરબી ૬ ઠ્ઠી

મહી લુંટે મહી લુંટે, મોહન, મહી લુંટે મહી લુંટે. ટેક.

વળગા ઝુમી શાને કરોછો, હાર હૈયાનો ટટે. મોહન० ૧
પિયો તો હરિ પેટ ભરીને, તારે પીધે મહિ નહીં ખૂટે. મોહન० ૨
પ્રીતમના સ્વામીને શું કહિયે,તાણ કરો તો પ્રીત ટૂટે. મોહન० ૩

ગરબી ૭ મી.

મુગટપર મેં વારી, મેં વારી, મેં વારી, મેં વારી,
જળ જમુનાપર બંગલા બનાયા, ૫રતી મેલાવી બારી. મુગટ० ૧
જળ જમુનાકા ઠંડા પાણી, ભર ગઇ રાધે પ્યારી. મુગટ० ૨
જળ જમુનાકી ચીકણી મટુડિયાં, લસગઇ રાધે પ્યારી. મુગટ० ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, ચરણકમળપરવારી. મુગટ० ૪

ગરબી ૮ મી.

મોહન મહીવાલે, મહીવાલે, મહીવાલે,
મોહન મહીવાલે, મહીવાલે,
કોરી કોરી મટકીમેં દહીં જમાયા, સકર નાખકે ચખ જાને.
મહીવાલે, મહીવાલે, મહીવાલે० ૧
આજ સખી મેં ગૈવાં દોહી, પ્યાલે ભરકર પી જાને.
મહીવાલે, મહીવાલે, મહીવાલે० ૨
માખણમે વા'લો સાકર ભેળે, ઉંગલી ભરકે ચખ જાને.
મહીવાલે, મહીવાલે, મહીવાલે० ૩
આઠ પેહેરકી ચોસઠ ઘડીયાં, પાવ પલકમે જાને.
મહીવાલે, મહીવાલે, મહીવાલે० ૪

મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, હમકુ દરશન દે જાને:
મહીવાલે, મહીવાલે, મહીવાલે૦ ૫

વિનોદી ગરબીઓ.

(કાનુડે વનમાં લુંટી, ઓ બેની, પેલે કાનુડે વનમાં લુંટી. એ રાગ)
શારે ગુન્હેમેં લુંટી, વાલમ મને શારે ગુન્હેમેં લુટી ?
નથી તમારી સંગે ચુકી, વાલમ મને શારે ગુન્હામેં લુંટી? ટેક.
સહામી તે મેડીએ હાર પરોવતાં, મોતી ફટયું ને સેર ટૂટી. વાલમ૦ ૧
જળ જમુના જળ ભરવા ગયાં'તાં, હાથેથકી દોરી છૂટી વાલમ૦ ૨
વંદાવનને મારગ જાતાં, જરકશી ચોળી તટી. વાલમ૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, પ્રીત તમારી નથી છૂટી. વાલમ૦ ૪

ગરબી.

કહો મનડાં કેમ વારીએ, ઓધવજી, કહો મનડાં કેમ વારીએ? ટેક.
જેરે દહાડાના મોહન ગયા મેલી, દાહાડી આંસુડાં ઢાળિયે. ઓ. ૧
મોહન તો મથુરાં જઇ બેઠા, વશ કર્યા કુબજા કાળિયે. ઓ. ૨
કુવા હોય તો ગાળીએ રે, સમુદ્ર કેઇ પેરે ગાળીએ ? ઓ. ૩
કાગળ હોય તો વાંચીએ રે, કર્મ કેઇ પેરે વાંચીએ ? ઓ. ૪
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, શર્ણુ આવ્યાને તારિયે. ઓ. ૫

ગરબી.

કાનુડે વનમાં લુંટી, ઓ બેની પેલે, કાનુડે વનમાં લુંટી. ટેક.

આગળથી મારો પાલવડો ઝાલ્યો, નાસતાં વેણી છૂટી. ઓ૦ ૧
હાથ ઝાલી મારી બાંહ્ય મરોડી, તડતડ ચોળી તૂટી. ઓ૦ ૨
વળગાઝુંમી કરતાં મારી, મોતન માળા તૂટી. ઓ૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, મહીની મટુકી ફૂટી. ઓ૦ ૪

ગરબી.

ઝુમકહાર શીદ તોડયો હો, રાજ મારો, ઝુમકહાર શીદ તોડયો ?
હારની પડીછે ત્રણ ઓળો, હોરાજ મારોઝુમક હાર શીદ તોડયો. ટેક
જળ જુમના જળ ભરવા ગયાંતાં, ઘટ મારો શીદ ફોડયો?હો.૧
વંદ્રાવનને મારગ જાતાં, કાંડુ ઝાલીને હાર તોડયો. હો૦ ૨
વંદ્રાવનને ચોકે રમતાં, કૂડાં વચન કોણ બોલ્યો ? હો૦ ૩
પ્રીત કરી પણ કરતાં ન આવડી, નંદ આહીરનો છોરો. હો૦ ૪
મીરાંબાઇ કહે પ્રભુગીરધરનાગર, આવ્યને નટવર ઓરો. હો૦ ૫

ગરબી.

ગગરી ઉતાર રે વનમાળી, મટુકી ઉતાર રે વનમાળી;
ઉતાર ઉતાર ઉતાર જલદી ઉતાર રે, વનમાળી. ટેક.
મેરે શિરપર હો ગઇ ભારી.
સુનેકી ગઘરીને રૂપલા ઉઢાણી, ભર ગઇ રાધે પ્યારી. ગગરી૦ ૧
જળ જુમનાકી ચીકણી મટુકિયાં, લસગઇ રાધે પ્યારી. ગગરી૦ ૨
મેં પ્હેરી કસુંબલ સાડી, તેરે મુગટકી છબ ન્યારી. ગગરી૦ ૩
મેં પ્હેરી જરકસી ચોળી, તેરી મોરલીકી છબ ન્યારી. ગગરી૦ ૪
મેં પ્હેરી મોતનકી માળા, તેરે ગુંજમાળકી છબ ન્યારી. ગગરી. ૫

મીરાંબાઇ કહે પ્રભુગીરધરનાગર, ચરણકમળ પર વારી. ગગરી० ૬

ગરબી.

વિઠ્ઠલ રહ્યો રે વશી, મારે મન, વિઠ્ઠલ રહ્યો રે વશી. ટેક.
કાનુડો કપટી છે રે કાળો, કાળજડે રે ડશી. મારે० ૧
ઓસડિયાં મેલોને રે અળગાં, શીદને પાવો રે ઘશી? મારે० ૨
ગોકુળ ગામના લોક ઠગારા, શીદને કરાવો હશી? મારે० ૩
સોનું તો સરખું છે રે સર્વે, મીણો ન જાણે કશી. મારે० ૪
વલ્લવના પ્રભુને નિરખી, દુખડાં ગયાં રે ખશી. મારે० ૫

ગરબી.

(હું તો ઇશ્વરને પૂજવાં નીસરી રે લોલ. એ રાગ.)

શામ સલુણો કુંવર નંદના રે લોલ;
તેં મને નાખી ફંદમાં રે લોલ. ટેક.
હુંતો ઝબકીને જોવા નિસરી રે લોલ;
ઓઢવાનું અંબર વિસરી રે લોલ. શામ० ૧
હુંતો ગાવડી તે દો'વા નિસરી રે લોલ;
શેલો લીધો ને તામડી વિસરી રે લોલ. શામ० ૨
હુંતો દરશન કરવાને નિસરી રે લોલ;
સાળુ પેહેર્યો ને ચોળી વિસરી રે લોલ. શામ० ૩
હુંતો જુમના તે જળને વિસરી રે લોલ;
ગાગર લીધી ને ઘડો વિસરી રે લોલ. શામ० ૪
જમતાં તે જીવણ સાંભર્યા રે લોલ;

કંઠે ના ઉતરે કોળિયો રે લોલ. શામ૦ ૫
વલ્લવના સ્વામી શ્રીહરિ રે લોલ;
તનમનથી હું તમને વરી રે લોલ. શામ૦ ૬

ગરબીઓ.

હાંરે રસિયા મુને જાવા દીજે, તારૂ દાણ થાય તે લીજે રે,
રસિયા ટેક.
હાંરે હું તો ગોકુળની બ્રિજનારી, હાંરે હું તો મહી વેચવાને ચાલી;
હાંરે મારગડે આળ ન કીજે રે. રસિયા૦ ૧
હાંરે હું તો બ્રખુભાણુની છોરી, હાંરે મારે માથે મહીની ગોળી;
હાંરે લ્યો ખાટાં ગોરસ પીજે રે. રસિયા૦ ૨
હાંરે મારી સંગની સાહેલીઓ ચાલી, હાંરે મને રોકી રહ્યા ગીરધારી;
હાંરે મારગથી અળગા રહીજે રે. રસિયા૦ ૩
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, તનમન અરપણ કીજે રે;
દયા કરી દરસન દીજે રે. રસિયા૦ ૪

હાંરે મારો ચીર દ્યો વનમાળી, હાંરે હું છું અબળા નારી રે;
મારો ચીર૦ ટેક.
હાંરે વા'લો ચીર હરીને કદમ ચડી બેઠા, હાંરે હું છું જળમાં ઉઘાડી રે;
મારો ચીર૦ ૧
હાંરે ચીરકે બદલે પીતાંબર લેઊંગી, હાંરે જો જલસે હોઊં ન્યારી રે;
મારો ચીર૦ ૨

હાંરે પાછે પત્ર કરો નિકશી શધે, કૃષ્ણ હસત દે તાલી રે;
મારો ચીર૦ ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, હારે તમો પુરૂષ અમો નારી રે;
મારો ચીર૦ ૪

હાંરે બેની અપનો શ્યામ ખોટા, કયા દોષ દઉ કુબજાકો રે;
બેની અપનો૦ ટેક.

આપ ગયે કાગંજ નહીં ભેજ્યો, કયા કાગજકો ટોટો રે;
બેની અપનો૦ ૧

ગોકુલ મે'લી વાલો મથુરાં પધાર્યા, ત્યાં મામો કંસરાય મોટો રે;
બેની અપનો૦ ૨

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, મારૂં મહિ પીને થયો મોટો રે;
બેની અપનો૦ ૩

હાંરે કુબજાને જાદુ ડારો, બસ કીનો, શ્યામ અમારો રે;
કુબજાને૦ ટેક.

જાદુકી પુડિયાં, બસ ભર મારી, કયા કરે બઇદ બિચારો રે;
કુબજાને૦ ૧

આણી તેડે ગંગા ને પેલી તેડે જાુમનાં, બિચમાં વેહે જળ ધોડો રે;
કુબજાને૦ ૨

ઇથ ગોકુલ ઉથ મથુરાં-નગરી, જાય પ્રિયા જળ ખારો રે.
કુબજાને॰ ૩
કુબજાસે વા'લો રંગ રમતહે, હમકું કર ગયો ન્યારો રે.
કુબજાને॰ ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, આખર શ્યામ અમારો રે.
કુબજાને॰ ૫

ગરબીઓ.

(સખી કામણગાળો કાન, કામણ કીધાં રે એ રામ.)

મારા નેણાંતણા શણગાર, રણછોડ છોગાળા;
અબળાના પ્રાણઆધાર, વિનતાના વા'લા. ૧
તારૂં મોહિની મનોહર રૂપ, રણછોડ છોગાળા;
તમે ચૌદ ભોવનના ભૂપ, વિનતાના વા'લા. ૨
તમે ગોકુળ ચારી ગાય, રણછોડ છોગાળા;
હુલરાવે જસોદા માય, વિનતાના વા'લા. ૩
તમે રમતા ગોવાળીની સાથ, રણછોડ છોગાળા;
ઋષિપત્નીના લીધા ભાત, વિનતાના વા'લા. ૪
તમે ગોવર્દ્ધન તોળ્યો હાથ, રણછોડ છોગાળા;
રાખ્યો ગોકુળીઆનો સાથ, વિનતાના વા'લા. ૫
તમે ઇંદ્રનાં મોડ્યાં માન, રણછોડ છોગાળા;
નંદ જસોદાના જીવણ કાન, વિનતાના વા'લા. ૬
તમે પધાર્યા મથુરાં ગામ, રણછોડ છોગાળા;
મામા કંસનો ફેડ્યો ઠામ, વિનતાના વા'લા. ૭

તમે કુબજાનો કીધો સાથ, રણછોડ છોગાળા;
તેની જુગમાં ચાલી વાત, વિનતાના વા'લા. ૮
વાલે પૂર્યો દ્વારકામાં વાસ, રણછોડ છોગાળા;
દેવકી જસોદાની પો'ચી આસ, વિનતાના વા'લા. ૯
બોડાણાની જાણું પ્રીત, રણછોડ છોગાળા;
તમો જાણોછો રસની રીત, વિનતાના વા'લા. ૧૦
તમો પધાર્યા ડાકોર ગામ, રણછોડ છોગાળા;
મારે વા'લે કર્યો વિશરામ, વિનતાના વા'લા. ૧૧
દાસ વલ્લભ કહે કરજોડ, રણછોડ છોગાળા;
આશ પૂરો મનના કોડ, વિનતાના વા'લા. ૧૨

૯

વૃંદાવન મોરલી વાય, મારી બેની રે;
સહુ ગોકુળ ગોપિયો જાય, મનડું રહે નહીં રે. ૧
મારે કાનુડા સાથે ચિત્ત, મારી બેની રે;
મારી નણદી બોલે વિપરીત, મનડું રહે નહીં રે. ૨
મેં તો ઘરમાં નવ રહેવાય, મારી બેની રે;
મારૂં મંદીર ખાવા ધાય, મનડું રહે નહીં રે. ૩
વા'લાશું રમિયે આજ, મારી બેની રે;
મેં તો મેલી કુળની લાજ, મનડું રહે નહીં રે. ૪
મારી સાસુ મૂકે આળ, મારી બેની રે;
મારો પીઉડો દેછે ગાળ, મનડું રહે નહીં રે. ૫
ઘેલી થઈ સહુ વ્રજનાર, મારી બેની રે;

તે ભૂલી ગઇ શણુગાર, મનડું રહે નહીં રે. ૬
લાગુ વલ્લભના પ્રભુને પાય, મારી બેની રે;
તમે કરજો અમારી સા'ય, મનડું રહે નહીં રે. ૭

સખી કામણગારો કાન, કામણ કીધાં રે;
મને માર્યાં મોહનાં બાણ, મન હરી લીધાં રે. ૧
હું તો ઘેલી થઇ ઘરમાંય, કામણ કીધાં રે;
કાળજડે કઇ કઇ થાય, મન હરી લીધાં રે. ૨
વા'લો મધુરીશી મોરલી વાય, કામણ કીધાં રે;
જોઇ જઇએ શ્રીજાદવરાય, મન હરી લીધાં રે. ૩
કોણે અવળાં પહેર્યાં ચીર, કામણ કીધાં રે
સહુ ચાલી જમના તીર, મન હરી લીધાં રે. ૪
કોણે પગનાં પે'ર્યાં કોટ, કામણ કીધાં રે;
લાગી નેનકમળની ચોટ, મન હરી લીધાં રે. ૫
બાજુબંધ બાંધ્યાં પાય, કામણ કીધાં રે;
એમ અબળા વ્યાકુળ થાય, મન હરી લીધાં રે. ૬
કોણે હાથના બાંધ્યા બાલ, કામણ કીધાં રે;
કોણે કાજળ કીધું ભાલ, મન હરી લીધાં રે. ૭
સાસુડી દે છે ગાળ, કામણ કીધાં રે;
કોણે રોતાં મૂક્યાં બાળ, મન હરી લીધાં રે. ૮
ગોકુળની સહુ વ્રજનાર, કામણ કીધાં રે;
ચાલી વૃંદાવન મોઝાર, મન હરી લીધાં રે. ૯

વા'લો ખેલે રાંસવિલાસ, કામણ કીધાં રે;
વા'લે અમને તેડયાં પાસ, મન હરી લીધાં રે. ૧૦
હું તો સુખમાં ગાળું દન, કામણ કીધાં રે;
મારે માથે જુગજીવન, મન હરી લીધાં રે. ૧૧
અબળાની પૂરી આશ, કામણ કીધાં રે;
બલિહારી વલ્લવદાસ, મન હરી લીધાં રે. ૧૨

વા'લો ઉભલો જમુના તીર, કાન ગોવાળો રે;
વા'લો હળધરકેરો વીર, કામણગાળો રે. ૧
જ્યાં રસિલી કદમની છાંય, કા'ન ગોવાળો રે;
વા'લો મધુરીશી મોરલી વાય, કામણગાળો રે. ૨
ગોકુળની ગોપી જાય, કા'ન ગોવાળો રે;
સહુને હઇડે હરખ ન માય, કામણગાળો રે. ૩
વા'લે કીધાં પૂરણ કાજ, કા'ન ગોવાળો રે;
વલ્લવનો રસિયો રાજ, કામણગાળો રે. ૪

એતો છેલ છબીલો કા'ન, કેડો લીધો રે;
એતો આવે મૂકીને માન, કેડો લીધો રે. ૧
હું તો ના લેઉં એનું નામ, કેડો લીધો રે;
એને વાર્યાનું નહીં કામ, કેડો લીધો રે. ૨
એને કોઇ શીખામણ ધો આજ, કેડો લીધો રે;

મારે મોટા કુળની લાજ, કેડો લીધો રે. ૩
મેં તો કંઇયે નવ જવાય, કેડો લીધો રે;
જ્યાં જઉ ત્યાં પૂકે થાય, કેડો લીધો રે. ૪
રસિયો વલ્લવનો નાથ, કેડો લીધો રે;
મને ગમે તમારો સાથ, કેડો લીધો રે. ૫

શામળિયા જાણુ સુજાણ, મારે મન વસિયા રે;
અબળાના જીવનપ્રાણ, હો રંગરસિયા રે. ૧
તારી વરણાગી મેં જોઇ, મારે મન વસિયા રે;
મારૂં મનડું રહ્યું છે મોહી, હો રંગરસિયા રે. ૨
આપણ રંગભેર રમિયે રાસ, મારે મન વસિયા રે;
મારા મનમાં મોટી છે આશ, હો રંગરસિયા રે. ૩
મને અધરતણો રસ પાવ, મારે મન વસિયા રે;
મારે રૂડો આવ્યો છે દાવ, હો રંગરસિયા રે. ૪
વલ્લવના પ્રાણઆધાર, મારે મન વસિયા રે;
નાખું તન મન તમ પરવાર, હો રંગરસિયા રે. ૫

મારે આંગણિયે નંદલાલ, મોરલી વાઇ રે;
મને કીધી છે બેહાલ, મોરલી વાઇ રે. ૧
વા'લે મારયાં લોચન બાણ, મોરલી વાઇ રે;
વા'લે હરયા અમારા પ્રાણ, મોરલી વાઇ રે. ૨

મારા કાળજડે પડિયા છેદ, મોરલી વાઇ રે;
તેનો કોઇ ન જાણે ભેદ, મોરલી વાઇ રે. ૩
વલ્લવનો સ્વામી કા'ન, મોરલી વાઇ રે.
એની પૂંઠે હું ફરતી રાન, મોરલી વાઇ રે. ૪

વા'લા ઊભલા જમુના ઘાટ, ઘેન ચરાવે રે,
અહિયારી રોકી વાટ, ઘેન ચરાવે રે. ૧
અલ્યા તું તે કંઇનો વાસી, ઘેન ચરાવે રે;
મથુરાંથી આવ્યો નાશી, ઘેન ચરાવે રે. ૨
તુંને કોણે દાણી થાપ્યો, ઘેન ચરાવે રે;
તને કોણે લેખ લખી આપ્યો, ઘેન ચરાવે રે. ૩
અમે કંસને કરીશું જાણ, ઘેન ચરાવે રે;
તેની બીક કશી મન આણ, ઘેન ચરાવે રે. ૪
તું મારગડે શાને લુંટે, ઘેન ચરાવે રે;
મારી મહીની મટુકી ફુટે, ઘેન ચરાવે રે. ૫
અમો નંદની લજ્જા રાખું, ઘેન ચરાવે રે;
તું જે બોલે તે સાંખું, ઘેન ચરાવે રે. ૬
એં તો જોર તમારૂં દીઠું, ઘેન ચરાવે રે;
તુંને ગોરસ લાગે મીઠું, ઘેન ચરાવે રે. ૭
મારૂં મન માને તો આપું, ઘેન ચરાવે રે;
તુંને રૂદયા સાથે ચાંપું, ઘેન ચરાવે રે. ૮
ત્યાં ગોપીઓ ગોરસ પાય, ઘેન ચરાવે રે;

વલ્લભ બલીહારી જાય, ધેન ચરાવે રે. ૯

ઓલી જોરસવાળી નાર, ઉભી રહેને રે;
તારાં મહીડાંકેરાં દાણ, મુજને દેને રે. ૧
દાહાડી ચોરી જાતી દાણ, આજ હાથ આવી રે;
સરવે લેઇશું મારો લાગ, ગદુકી ઉતારી રે. ૨
તમે કોરે રહોને કા'ન, દાણના રસિયા રે;
એકલડી જાણી આજ, આવો ધસિયા રે. ૩
તમે શેનાં માગોછો દાણ, પ્રીતમ પ્યારા રે;
વા'લા નાગરનંદના નંદ, રહોને ન્યારા રે. ૪

—o—

ઘણે દહાડે આવી હાથ, દાણની ચોરી રે;
મહી દાણના માટ ઉતાર, આવને ઓરી રે. ૫
હઠ મેલી મહીયારડી, મહી પાને રે;
પછે કોણ રોકે તને વાટ, ચાલી જાને રે. ૬
આની આ વાટે મહી વેચવા, જતાં વાલા રે;
ધણી ના દીઠો કોઇ આજ, થયા લાલા રે. ૭
પરનારી કેરી છેડ, ઝાઝી નવ કરીએ રે;
વા'લા નાગર નંદકીશોર, કોઇથી ના ડરીએ રે. ૮

—o—

એવી મરમ ભરેલી વાણુ, બોલી ગોપી રે;
અમ સાથે બોલી આજ, લજ્જા લોપી રે. ૧
એવી જૂઠા બોલી નાર, બોલ વિચારી રે;
મહિની મટુકી ફુટશે આજ, ગોપી તારી રે. ૨
તમે લજ્જાવાળા છો બહુ; તે હું જાણું રે;
ઢાંકી રાખું તમારા ઢંગ, મુખે ના આણું રે. ૩
આવા છેલ ના થઇએ કહાન, વિચારો વાતે રે;
વા'લા નાગર નંદના નંદ, ફરિયે નહીં સાથે રે. ૪

—o—

બાત કરો રે રહી વેગળા, સુણ વા'લા રે;
પેલા દેખે દુરિજન લોક, આ શા ચાળા રે. ૧
અમે વહુવારૂ વિઠ્ઠલા, સુણ વા'લા રે;
કંઇ ઉભલાં કેમ રહેવાય, આ શા ચાળા રે? ૨
મહી માગે તો આપિયે, સુણ વા'લા રે;
તમે શાને વળગો શ્યામ, આ શા ચાળા રે? ૩
તમે તક જુઓ તે આ નથી, સુણ વા'લા રે;
ફરી મળજો કોઇ એકવાર, આ શા ચાળા રે? ૪
રાધેના રસિયા નાથજી, સુણ વા'લા રે;
તમે વિચારો મનમાંય, આ શા ચાળા રે? ૫

—o—

ગરબો.

કાહાન કાળા રે, મારી ચુંદડીનો ચોર,
છેયા નંદના રે, મારા કાળજાની કોર. ટેક૦
ચુંદડી ચોરીને પ્રભુ કદમ ચડ્યા રે,
સાહેલીના સંગમાં, મારી નજરે પડ્યા રે. કાહાન૦ ૧
અજબ તરેહની ચુંદડી ને માંહી ઝાઝો રંગ;
વેગળા રહો વરણાગિયા મારૂં શામ થાશે અંગ. કાહાન. ૨
લાખ ટકાની ચુંદડી ને છેડે ઝાઝા તાર;
શ્રીકૃષ્ણજી લાડ લડાવે તેમાં શાનો પાડ. કાહાન. ૩
ચુંદડી આપો તો પ્રભુ પાયે લાગુ રે;
નરસૈયાના સ્વામી પાસે માન માગું રે. કાહાન. ૪

કૃષ્ણ બોલ્યા રે, નિકળ જળથી બહાર;
આપું ચુંદડી રે, લેને રાધા એ નાર. ટેક.
ચીરમાં વખાણ કરે માલ નથી એમાં;
નગ્ન થઇ જળમાં ના'વો દંડ દીધો તેમાં. કૃષ્ણ૦ ૧
ચુંદડી તારીનો કાંઇ ખપ નથી મારે;
સહુ સખી બાહાર આવો લ્યોને અત્યારે. કૃષ્ણ૦ ૨
સહુ સખિયે વિચાર કર્યો જાવું હવે ઘેર;
કૃષ્ણકેરૂં કહ્યું માની કરિયે એવી પેર. કૃષ્ણ૦ ૩
નારી સહુ બહાર આવ્યાં, દેઇને બે હાથ;

ચીર આપી આશા પુરી નરસૈયાને નાથ. કૃષ્ણ૦ ૪

ગરબીઓ.

(ચાલ સખી સેબાણી આવ્યો મારા બાગમાં રે, એ રાગ.)

મને બંસી વગાડી કાહાન વિસરી રે,
તમે વિસરી વિસરી વિસરી રાજ મને બંસી વગાડી
કહાન વિસરી રે. ટેક.
મને મૂકી ગયા બાળેવેશમાં રે,
લીધી શુદ્ધિ ન મારી, લવલેશ. મને૦ ૧
દાસી જાણીને આવો મારા મે'લમાં રે,
વિના છત્રપતિ તો નથી ચેન. મને૦ ૨
મને નિદ્રા ન આવે સેજે એકલી રે,
બિના બાલમ કટે કેસે રેન. મને૦ ૩
મારા જોબનનાં પૂર વહી જાયછે રે,
તમે આવી માણો મહારાજ. મને૦ ૪
કોઇએ ભરમાવી લીધો મારા છેલને રે,
કીધાં ઘાયેલ પ્રિતમ તારાં નેણ. મને૦ ૫
ઓધવ સંદેશો કે'જો મારા શામને રે,
વેહેલા વળો ત્રિભોવન રાજ. મને૦ ૬
કર જોડી ઓધવ કહે નાથને રે,
ગ્રેહે વ્યાકુળ સદા વ્રજનાર. મને૦ ૭

એવું સુણીને રાજ પધારિયા રે;
ગોપી આનંદ ઉર અપાર. ૮

—०—

મને માયા લગાડી મોહનીરે;
મોહની મોહની મોહની રાજ મને માયા લગાડી મોહનીરે ટેક.
હુંતો ચાલું આલુંને સાંભળે રે;
જોઉં જોઉં રે પ્રિતમ તારી વાટ. મને૦ ૧
વા'લા જુમનાની તીરે એકલા રે;
ત્યાં તો ખોબલે ઉરાડે નીર. મને૦ ૨
મુંબાઇ શેહેરનાં તે મોતી વાપર્યા રે;
તેતો આવ્યાં અમારે દેશ. મને૦ ૩
પાતળિયો હોયતો મૂલવે રે;
અલબેલો દરીઆ પાર. મને૦ ૪
કાઠીઆવાડની તે કાંબીઓ વાવરી રે;
તેતો આવી અમારે દેશ. મને૦ ૫
છબીલો હોય તો મૂલવે રે;
જોગાળો દરિયા પાર. મને૦ ૬
સુરત શેહેરના તે સાળુ વાપર્યા રે;
તે તો આવ્યા અમારે દેશ. મને૦ ૭
પાતળિયો હોયતો મુલવે રે;
શામળિયો દરિયા પાર. મને૦ ૮

હવે મોહન મથુરાંથી આવીએ રે;
સર્વે વસ્તુની વેરત થાય. મને૦ ૯
તમો નિર્દય નઠોર નંદલાલછો રે;
કીધાં ઘાયલ ન લીધી સંભાળ. મને૦ ૧૦
એવું સુણી પ્રિતમ પધારિયા રે;
આવી કીધી છે લીલા લેહેર. મને૦ ૧૧

ગરબી

કોડીનાર જીતીને જાયરે જોધ્ધાજી તારૂં કોડીનાર જીતીનેજાય, એરાગ
એ મોરલી શીદ વાઇરે, ધુતારે વા'લે, એ મોરલી શીદ વાઇ ? ટેક.
એ મોરલી મારે મંદીરે સંભળાઇ, કાળજડું અમું રે છેદાઇ. ધુ૦ ૧
જળ જુમના જળ ભરવા ગયાંતાં, પાલવડે શીદ સાઇ રે. ધુ૦ ૨
ઘરઘેર વાત પડી પુરૂષોતમ, સૈયરોમાં લજવાઇ રે. ધુ૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, ચરણકમળ ચિતલાઇ રે. ધુ૦ ૪

—o—

હરિવર મૂકયો કયમ જાય રે, સાહેલી મારો હરિવર૦ ટેક.
નંદકુવરથી નેડો રે લાગ્યો, તે પ્રાણ ગયે ન છુટાય રે. સા૦ ૧
ઘેલી કીધી ગોકુળના નાથે, મોરલીનો શબ્દ સુણાય રે. સા૦ ૨
નાનપણાથી પ્રિત બંધાઇ, તે હૈયેથી કેમ વિસરાય રે. સા૦ ૩
પિયર તજીયે ને સાસરિયું તજીયે તજીયે સરવ સગાય રે. સા૦ ૪
બાંહ્યગ્રહ્યાની લજ્જા રે રાખો, સ્નેહીને દુખ ના દેવાયરે.સા૦ ૫
આ અવસર હરિને આવી મળિયે, તો વ્રહેઅગ્નિ ઓલવાયરે. સા. ૬

મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, દરશન દો વ્રજરાયરે૦ સા૦ ૭

—o—

ગરબીઓ.

(હાંરે ચાલો ડાકોરમાં જઇ વશિયે એ રાગ.)

હાંરે મારા સમ મોહન મળજે;
હાંરે મારી આશા પૂરણ કરજો રે. મારા૦ ૧
હાંરે મારે ઘેર આજ કોઇ નથી વા'લા;
હાંરે માટે ઘરભણી વળજો રે. મારા૦ ૨
હાંરે હું આવી પણ આપ મળ્યાં નહિ;
હાંરે કહો ક્યારે હવે મળશો રે? મારા૦ ૩
હાંરે હરિભદ્રના હરિ રંગરસિયા;
હાંરે મળિ વ્રહે દુખ મારૂં હરજો રે. મારા૦ ૪

હાંરે મોહન મળતા નથી અમને;
હાંરે વા'લા માન શું આવ્યું તમને રે. મોહન૦ ૧
હાંરે હું તો ઘેલી થઇ ઘરધંધો ભૂલી;
હાંરે આ તન મન સોંપ્યું તમને રે. મોહન૦ ૨
હાંરે પ્રભુ વ્રહે આંગે બ્યાંકુળ થઇયું;
હાંરે માટે મળજો તાતના સમને રે. મોહન૦ ૩
હાંરે હરિભદ્રના હરિ નહિ મળો તો;

હાંરે હવે પ્રાણ તજું હું પળમેરે. મોહન૦ ૪

હાંરે વિઠ્ઠલ માં વળગો અમને;
હાંરે પ્રભુ લાજ નથી કંઇ તમને રે. વિઠ્ઠલ૦ ૧
હાંરે સખિયો ગઇ મુજને રોકિ;
હાંરે રહો પરા કહું હું તમને રે. વિઠ્ઠલ૦ ૨
હાંરે ઘેર જઇ સહુ સખીઓ કહેશે;
હાંરે તેની બીક ઘણી છે હરિ મનમે રે. વિઠ્ઠલ૦ ૩
હાંરે હરિભટ્ટના હરિ આજ જવા દ્યો;
હાંરે વાલા કાલે મળીશ હું તમને રે; વિઠ્ઠલ૦ ૪

હાંરે મોહનની મોરલી વાગી;
હાંરે હુંતો ભર નિદ્રાથી જાગી રે. મોહન૦ ૧
હાંરે હું તો ઘરનાં સહુ નિદ્રામાં મૂક્યાં;
હાંરે મઇ સખીતો મળી જ્યાં બડભાગી રે. મોહન૦ ૨
હાંરે વાલે પ્રેમ ધરીને રાસ રમાડયાં;
હાંરે મારા ભવની ભાવટ ભાગી રે. મોહન૦ ૩
હાંરે હરિભટ્ટના હરિયે દીધું દર્શન;
હાંરે મારા મેંહેની વેદના ત્યાગી રે. મોહન૦ ૪

ગરબીઓ.

મારા રે સ્વામી બોલોની વા'લા;
જસોમતી નંદતણા લાલા. મારા૦ ટેક.
ઘેલી રે થઇને ગોકુળમાં ભમતી;
બીજા રે કોઇની વાતો નથી ગમતી. મારા૦ ૧
એવી રે તમને કોણ મળી ધૂતી;
જેણે રે તારૂં ચિતડું લીધું લૂંટી. મારા૦ ૨
વાલા રે તારી વાટલડી જોતી;
આંસુડાં ભરી ભરીને રોતી. મારા૦ ૩
ભુંડા રે લોકે ભરમાવ્યા તમને;
તેથી તમો મળતા નથી અમને. મારા૦ ૪
વા'લા રે તમને કશુંએ નહીં કહીશું;
મોહન તારી મરજી મુજબ રહીશું. મારા૦ ૫
ઝાઝું રે હવે શું કહિયે તમને;
મોહનવર મેહેર કરો અમને. મારા૦ ૬
એવું રે સુણી આવ્યા ગિરધારી;
દીધું આલિંગન ત્યાં મોરારી. મારા૦ ૭

ગરબીઓ.

(તજો રે તમે કેપ કરમ કરવું એ રાગ.)

ગરજી રે તમને દીઠા મેં ગીરધારી;
મતલબિયા છો મોહન મોરારી. ગરજી૦ ટેક
મને રે માયા લાગી છે તારી,
મારે મન ઝાઝી છે મોરારી;
વા'લા રે મને શા માટે વિસારી. ગરજી૦ ૧
મેહેલી રે મને ખબર આવી પડતી,
એની સાથે પ્રિત નહીં કરતી;
વાલા તો મને મેલી ગયા રડતી. ગરજી૦ ૨
મેં તો રે જાણ્યું ઉજળું તે દુધ હશે,
તેનેરે બા'ને વાહી મને છાશે;
રહીતી હું તો સારે વિસવાસે. ગરજી૦ ૩
જસોદાના કાન તમો રે કાળા,
કાળા રે બહુ આંખ્યોતણા ચાળા;
તે પર હું તો મોહીછું નંદલાલા. ગરજી૦ ૪
હવે રે હરજી ઘણું થયું ગીરધારી,
ક્ષમા કરો ચૂક થઇ છે મારી;
થઇને રહીશું દાસી હું તમારી. ગરજી૦ ૫
પ્રીતમના સ્વામી મને મળિયા,
દુઃખ રે મારા જનમતણાં ટળિયાં;
ગોપિ રે સહુ આનંદથી મળિયાં. ગરજી૦ ૬

—:०:—

બાળચરિત્રનો ગરબો.

લાગું ગણપતિને પાય, ગરબો ગાવાનું મન ધરૂં રે;
સમરૂ સારદાજી માય વાણી વિષ્ણુની ઉચરૂં રે. ૧
વાસુદેવતણી નાર, જેનું નામ છે દેવકી રે;
પુણ્ય વાંચી મોરાર, આજ અંબા સેવ્યાથકી રે. ૨
જેનો વીરો છે કંસ, મથુરાપુરીનો રાજીઓ રે;
કાહાઢયો ભગિનીનો વંશ, મૂરખ મનમાં ન લાજીઓ રે. ૩
એણે માર્યા ખટ બાળ, હૈયે હિંસાથી નવ ડર્યો રે;
સમે આવી પો'ત્યો કાળ, ઘટ પાપે પૂરો ભર્યો રે. ૪
દેવકી ભજે ભગવાન, શુદ્ધ લેજો વૈકુંઠધણી રે;
વિનતિ સુણજો એ કાન, અમને આશા છે તમતણી રે. ૫
જુઓ જુઓ વિશ્વાધાર, દીન જાણી દયા કરી રે;
ધર્યો અષ્ટમો અવતાર, પુર પ્રગટયાં ત્યાં શ્રીહરિ રે. ૬
જાણે કોટિ ઉગ્યા સૂર્ય, એવું તેજ ત્રિકમતણું રે;
તેને લાગીને પાય, ધ્યાન ધરીએ પરિબ્રહ્મનું રે. ૭
એમ બોલ્યા વાસુદેવ, રખે વાત તે તો જાણશે રે;
ક્રૂર થઇને તતખેવ, કંસ નિશ્ચે તે મારશે રે. ૮
લેઇ ચાલ્યા મહારાજ, વેગે આવ્યા ગોકુળ ગામમાં રે;
ત્યાં તો મે'લ્યા મહારાજ, વીજળી લીધાં સાથમાં રે. ૯
જુમનાજીએ દીધો માગ, શેષનાગે છાયા કરી રે;
બેઠલ્યા હતા રખેવાળ, સેવક સર્વે આયુદ્ધ ધરી રે. ૧૦
તે સહુ પામિયું નિદ્રાય, વહાણે વાત જાણ પડી રે;

બાળ પ્રગટયું ઘરમાંય, કંસ આવ્યો ઘોડે ચઢી રે. ૧૧
કહ્યું દેખાડોને બાળ, મન મારવા નિશ્ચે કર્યું રે;
ખોળે મેલ્યું તતકાળ, જેવું મારવાનું મન ધર્યું રે. ૧૨
વીજળી ઉડી આકાશ, ધરી ધીર તેણે ઘણી રે;
વાણી બોલી પ્રકાશ, તારો વેરી ગોકુળ ભણી રે. ૧૩
આમો થયો કંસરાય, વીલે મોઢે તે જોઇ રહ્યો રે;
પછી વિચાર્યું મનમાંય, કોક શત્રુ પેદા થયો રે. ૧૪
દેવકીજી ને વાસુદેવ, કાળાગ્રહમાં તે નાખિયાં રે;
પાપી ચાલ્યો તતખેવ, ઘોડે પાખર માંડિયાં રે. ૧૫
માતા જશોદાને ત્યાંય, નવા નવા રંગ થાય છે રે;
તરીઆતોરણ બંધાય, માનની મંગળ ગાય છે રે. ૧૬
કહેછે નંદજી તાત, મારા ભાગ્ય તો ઉદે થયાં રે;
હરખે આવે આંસુપાત, પ્રભુજીએ કીધી દયા રે. ૧૭
દૂધડે વરસ્યા છે મેઘ, સાકરકેરા કરા પડ્યા રે;
આજ આનંદના ઓઘ, કંકુકેરા પડા પડયા રે. ૧૮
પુત્ર પામી સજાત, વાજા વાજે વિવિધનાં રે;
ધન્ય નંદજી તાત, ભામણાં લેઉં એ માતનાં રે. ૧૯
આવ્યા બ્રાહ્મણ ને ભાટ, પુણ્યદાન કીધાં ઘણા રે;
ગોકુળ થયું છે ગેંધાટ, અંબામાને ઘો વધામણાં રે. ૨૦
મોતીએ ભરાવી છે થાળ, ગાગર બેઢિયાં ચઢાવિયાં રે;
માનો મહિમા અકળ, પૂજા વિધ વિધ લાવિયાં રે. ૨૧
પુત્ર લીધો છે ઉત્સંગ, માને ચરણે નમાવિયો રે;
માજી થયાં પ્રસન્ન, ખોળે બેસાડી રમાડિયો રે. ૨૨
ચક્રી પૃથ્વીનો ભૂપ, પ્રજા સઘળી તે પાળશે રે;

કાંઇ કારણ એ રૂપ, શોક સરવેના ટાળશે રે. ૨૩
સંગે સઘળી વ્રજનાર, મીઠડાં બોલે મુકુંદજી રે;
ઓટણ કરે છે અપાર, જેને નિરખે છે નંદજી રે. ૨૪
બાળચરિત્ર અપાર, એક જીભ્યાએ શું કહું રે;
પામર પામે નહીં પાર, અકળ ગત્ય એની નવ લહું રે. ૨૫
પે'ર્યાં પીતાંબર સાર, કર ગ્રહી સુંદર લાકડી રે;
ગળે ગુંજાના હાર, પારે ચઢાવાને પાવડી રે. ૨૬
શિર નાખી છે ઝૂલ, ખાંધે નાખી છે કામળી રે;
વા'લો કરે છે કલોલ, કાન્તિ દીસે છે શ્યામળી રે. ૨૭
ગૌ ચારે છે ગોવાળ, લીલા રચી વંદાવનમાં રે;
વેણુ વાપર્યો રસાળ, પડ્યો રાધિકાના તનમાં રે. ૨૮
મહીનાં લેઇને દાણ, રાસ રમતાં રીઝ્યા ઘણું રે;
રાધિકાકેરો તે પ્રાણ, વા'લો મેલે નહીં એક ક્ષણું રે. ૨૯
ગોપી પામી આનંદ, વા'લાજીના વિહારમાં રે;
મથુરાં ગયો ગોકુળચંદ, વા'લો વરસ અગિયારમાં રે. ૩૦
નયણે ચપળ ચકોર, સુંદર વદન છે શોભતું રે;
કહેતાં થાયે વિસ્તાર, વેદપુરાણમાં ઓપતું રે. ૩૧
પછી માર્યો કંસરાય, કેશ ગ્રહી પછાડિયો રે;
થયો મથુરાંનો રાય, માત તાત છોડાવિયાં રે. ૩૨
આનંદ ઓચ્છવ થાય, સરવ સંતને તેડિયા રે;
કા'ન નાવાને જાય, હાથી ઘોડા રથ જોડિયા રે. ૩૩
બોલ્યાં દેવકીજી માત, મેં તો માન્યાં છે નો'રતાં રે;
એવે આવી નવરાત, ઋષિ ગોરને તેડાવતાં રે. ૩૪
[illegible]બા તેડ્યા છે ઘેર, જેથી પહોંચે મનની રણ[illegible] રે;

પૂજા કીધી બહુ પેર, પાયે લાગ્યાં લળી લળી રે. ૩૫
મોટા કીધા છે હોમ, પાઠ વાંચ્યા છે અંબામાતના રે;
પારણાની છે નીમ, ભોગ વિધવિધ ભાતના રે. ૩૬
બની સુંદર સૌભાગ્ય, ગરબો ગાયે સરવે સુંદરી રે;
શ્રીફળ વસ્ત્ર અપાય, જોવા બેઠા ત્યાં શ્રીહરિ રે. ૩૭
પો'ત્યા દેવકીના કોડ, ન્યૂન વાત કશી નથી રે;
ઊભો કરે છે કર જોડ, દાસ દલપત વિનતિ રે. ૩૮
કોડ પૂર્યા વનમાળી, દુઃખ ટાળ્યાં દૂરથી રે;
વીરાં કેરો ત્રાસ ટાળી, સુખો મોકલ્યો હજુરથી રે. ૩૯
ગરબો શીખે સુણે ગાય, પૂજે પ્રભુની પાવડી રે;
રીઝે ત્રિભુવનનો રાય, આશા પૂરે અંબામાવડી રે. ૪૦

દાણલીલા.

ગરબી.

રાધા—પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવાદો;
આવતાં આપીસ દાણ તમારૂં, મહી મારૂં વેચાવાદો. ૧
શ્રીકૃષ્ણ—વેચંતાં તને કોણ ખાળે છે, સાંભળને રાધે પ્યારી;
મહી ગોરસનું દાણજ દેની, વેહેલી થાને વ્રજનારી. ૨
રાધા—નારીને તું ન બોલાવીશ, છાનો રહેજે છોગાળા;
કહેણું રાજ છે કંસરાયનું, ગૌ ચારંતા ગોવાળા. ૩
શ્રીકૃષ્ણ—હું ગોપાળીઓ તું ગોવાળણી, ફરી ગમે તો આવજે;

કંસ સરીખા સો હીમાયતી, સાથે તેડી લાવજે. ૪

રાધા—તેડી લાવું ઘો મને જાવા, રોકી રહ્યા છો વ્રજનારી;
રઘુનાથના સ્વામી સ્યામળિયા, ઘેલા દીસો છો ગીરધારી. ૫

શ્રીકૃષ્ણ—ઘેલો છું પણ દાણ નહીં મૂકું, દોકલડો એકે ઓછો;
ગીરધારીએ ગોકુળ વાર્યું, ઇંદ્ર કરતાં કૃષ્ણ મોટો.

રાધા—મોટો છું ત્યારે મથુરાં મેલી, અડધી રાતે શું આવ્યો ?
પરઘેર રહીને પેટ ભરંતો, તને દાણી કૃષ્ણે કહાવ્યો. ૭

શ્રીકૃષ્ણ—વાંકા બોલી વાર કરે છે, કહેતો હૈયાનો હાર તોડું;
દાણ દધિનું દેરે અબળા, નહીં તો માથાનું માટ ફોડું. ૮

રાધા—હાર નહીં ટૂટે, માટ નહીં ફૂટે, નવાનગરમાં પૂછાશે;
રૂઘનાથના સ્વામી સ્યામળિયા, કહો ગોકુળ કેમ રહેવાશે? ૯

શ્રીકૃષ્ણ—ગોકુળ રહો કે જાઓ અત્યારે, દાણ દધિનું નહીં મેલું;
ચીર હર્યાં તે ગયાં વિસરી, કાનડીઆ કારણ પેહેલું. ૧૦

રાધા—નંદતણે ઘેર નવલખ ગાયો, નો'તું તે ધન ફાવ્યું છે;
માતા તારી મહી વેચંતી, હમણાં રાજ્ય આવ્યું છે. ૧૧

શ્રીકૃષ્ણ—હમણાં હમણાં કરતી રહેજે, મેહેણાં દેતી મહિયારી;
ધૂર્તપણામાં છું ધૂતારી, ઠગપણમાં છું ઠગારી. ૧૨

રાધા—તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મેણાં દેવરાવે;
રૂઘનાથના સ્વામી સ્યામળિયા, ઝાઝું તે શું કહેવરાવે. ૧૩

શ્રીકૃષ્ણ—કહ્યા પ્રમાણે લેતો નથી, પણ તું મોડું નથી રાખતી;
અમો છૈએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી. ૧૪

રાધા—ઓળખું છું તું આવ્યો નાશી, મહા વનમાં તું છાનો છું;
જાદવકુળ મધ્યે જન્મ છે તારો, નંદતણે ઘેર નાનો છું. ૧૫

શ્રીકૃષ્ણ—માતા જસોદા મો'યાં બળભાગી, તેના અમો છૈયે અધિકારી;

મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુળ વસિયે ગૌ ચારી. ૧૬
રાધા—ગૌ ચારી ગોપી ઘેર વળતાં, અમને તે તમે ઉદ્ધાર્યા;
રઘનાથના સ્વામી શ્યામળિયા, તમે જીત્યા હમે હાર્યા. ૧૭

દાણલીલા.

રાધા—તમે અજાણ્યા અમે જાણીએ રે,
મારો પાલવડો નવ તાણીએ રે;
તમો સમજી રહો મનમાંહ્ય રે,
શામળીયા વાલા રહો વેગળા રે. —તમે વાલા રહો૦ ૧
શ્રીકૃષ્ણ—નારી શું સમજાવે મુજને રે,
હુંતો નહીંરે જાવા દેઉં તુજને રે;
તારી મરડીને રાખીશ બાંહ્ય રે,
મહીયારી રાધા ઘો દાણશું રે. —તમે રાધા. ૨
રાધા—અલ્યા બાંહ્ય શું મરડે વિઠ્ઠલા રે,
મેં તો તુજસરખા ઘણા દીઠલા રે;
કપરૂં છે કંસનું રાજ રે,
શામળીયા વાલા રહો વેગળા રે. —તમે વાલા રહો૦ ૩
શ્રીકૃષ્ણ—નારી કંસ થકી શું થાયછે રે,
એવા કંઇ આવે ને કંઇ જાય છે રે;
તારા ઉરના ઉતારીશ હાર રે,
મહિયારી રાધા ઘો દાણ શું રે. —તમે રાધા. ૪
રાધા—અલ્યા હાર હૈયાનો તૂટશે રે,

મારી મહીની મટુકી ફૂટશે રે;
ઘેર સાસુડી દેશે [illegible] રે,
શામળિયા વા'લા રહો વેગળા રે. --તમે વા'લા રહો૦ ૫

શ્રીકૃષ્ણ— નારી ગાળને આળ નહીં ચઢે રે,
જેને હલેણું હોય તે લઢે રે;
અમો દાણ મેલ્યાં કયમ જાય રે. —મહિયારી૦ ૬

રાધા--અલ્યા દાણી તે કંઇનો કા'વિયો રે,
મથુરાંથી ગોકુળમાં અવિયો રે;
ચારી નંદતણે ઘેર ગાયરે. --શામળીયા૦ ૭

શ્રીકૃષ્ણ--નારી ગાય ચાર્યામાં શી લાજ છે રે?
એ તો પોતપોતાનું કાજ છે રે;
તેનાં મેણલિયાં નવ હોય રે. --મહિયારી૦ ૮

રાધા--અલ્યા મેણાં ઘણાં માણસને લાગે ઘણાં રે?
સુણો વઢતાં હોય જ્યાં બે જણાં રે;
તુંને નિર્લજ્જને નહિ લાજ રે. શામળીયા૦ ૯

શ્રીકૃષ્ણ--નારી લાજે તે કાજ નવ સરે રે,
અહીંયાં બીક તે તું કોની ધરે રે;
આવ મળીએ આપણ જણ બેય રે.--મહિયારી૦ ૧૦

રાધા--એવું નિરલજ માં બોલો શામળા રે,
તારા કરના ઉતારીશ આંમળા રે;
મૂકો મૂકોને અમારો હાથરે. શામળિયા૦ ૧૧

શ્રીકૃષ્ણ--નારી હાથ ન મેલું તાહરો રે,
અહીંયાં અમલ થાય છે માહરો રે;

માટે દાણના દોકડા મેલ રે. મહિયારી૦ ૧૨

રાધા—અલ્યા નંદબાવાનો તું છોકરો રે,
તારી પાસે નથી પૈસો રોકડો રે;
આવડો કેમ મચ્છર હોય રે? શામળીયા૦ ૧૩

શ્રીકૃષ્ણ—બ્રખુભાણની તું છોકરી રે,
તારી પાસે નથી પઈ રોકડી રે;
આવડું કેમ અભિમાન હોય રે? —મહિયારી૦ ૧૪

રાધા—હું તો વિનતિ કરૂં છું ક્યારની રે,
સ્વામી રૂગનાથ હારિ તમ થકી રે;
મહીનું તે દાણ ના હોય રે. —શામળિયા૦ ૧૫

દાણલીલાની સાખીઓ.

શ્રીકૃષ્ણ—ઊંચી ને અલબેલડી, સાંભળને કહું વાત;
વૃંદ્રાવનને મારગ જાતાં, કોણ છે તારી સાથ?
ઉભી રહેને બ્રીજની નારી, પૂછું પરણી કે કુંવારી રે,
આંજ્યા વિના આંખડી કાળી, બાજુબંધ બેરખાવાળી રે. ટેક.

રાધા—સાથવાળી તેને ઘેર બેઠી, તારે શી પડપૂછ?
મારગ મૂકી રહે વેગળો, તારે મોઢે નથી મુછ. ઉભી૦ ૧
ચાલ્યો જા પાધરી વાટે રે, સાંખું નંદરાયને માટે રે;
તું તે ક્યાંનો કાનુડો દાણીરે, પાઉં પાંદડે પાણી રે. ચા૦ ૨

શ્રીકૃષ્ણ—શી છે તારી જાતડી, કીયું છે તારૂં ગામ?
કોણ છે તારા માત પિતા શું છેતારૂં નામ? ઉભી૦ ૩

રાધા—આહીરની અમો જાતડી, ગોકુળ મારૂં ગામ;

બ્રખુભાણની હું બેટડી, રાણી રાધા છે મારૂં નામ. ચા. ૪
શ્રીકૃષ્ણ–બોલતી નો'તી ને બોલવા શીખી, આવડું બોલી આજ;
વંદાવનમાં નિત્ય ફરે, તુજને તે શાની લાજ ? ઉ. ૫
રાધા–લાજવાળા છો તે હું જાણું, ઢાંકી રાખો આપ;
વંદાવનનો મારગ રોકી, નિત્ય તપાસો લાગ. ચા. ૬
શ્રીકૃષ્ણ–ઝાઝાં રાખે મેઢકાં, ઝાઝી રાખે ગાય;
છાશ પીને મોટી થઇ, ભરવાડની જાત કહેવાય. ઉ. ૭
રાધા–ગોકુળથી આવી ગોવાળણી, મથુરાંથી આવ્યો કા'ન;
મારગમાં એકઠાં થયાં, તુંતે શાનાં માગેછે દાણ ? ચા. ૮
શ્રીકૃષ્ણ–ગોકુળની ગોવાળણી, મથુરાંને મારગ જાય;
આડો કાન ફરી વળ્યો, તારો પ્રીતે પાલવ સાં'ય. ઉ. ૯
રાધા–હમો બેટી બ્રખુભાણની, રાધા મારૂં નામ;
દાણ લેવાની ગરજ હોય તો, આવજે ગોકુળગામ. ચા. ૧૦
શ્રીકૃષ્ણ–નંદબાવાનો હું નાનડિયો, કાનજી નામ પ્રમાણ;
દાણ લીધા વિના જવા દઉંતો, નંદબાવાની આણ. ઉ. ૧૧
રાધા–આણ તો માનું કંસની, બીજી ન માનું કોય:
નવ નંદ મારે નેહડે વસે, તારો નંદ તે કોણજ હોય?ચા.૧૨
શ્રીકૃષ્ણ––કંસ તારો તે કોણ છે, મેં વશ કીધો સહુ ઠામ;
વિચારીને બોલજ તારી, શુધ્ધ ગઇ કે સાન ? ઉ. ૧૩
રાધા––શુધ્ધ ગઇ નથી માહરી, તારી ગઇ જેમ હોય;
સાંભળ છૈયા નંદના, તારે મન વિચાર જોય. ચા. ૧૪
શ્રીકૃષ્ણ––મન માંહે તું શું વિચારે, રાધા દાણ લેવાનો સહી;
તારા જેવી મેં બહુ દીઠી છે, દાણ હું મૂકું નહીં. ઉ. ૧૫

રાધા--આવો રે' ગોપીના વા'લા, સાંભળ કહું તે વેણ;
તારી માને શું કહિયે, તારી પાસે ચરાવે ધેન. ચા. ૧૬
શ્રીકૃષ્ણ--મે'ણાટેણાં કરતી રે'જે, મહિયારી મદમાતી;
છાશ પીને દા'ડા કાઢે, તુતો રંગે થઇ છે રાતી. ઉ. ૧૭
રાધા--કાનજી કાળા ના કર ચાળ', મોરલિયો વાળા;
અડધી રાતે શું નાહો, તમો ભરીને ઉચાળા. ચા. ૧૮
શ્રીકૃષ્ણ--દાણના દોકડા લેઇશું રોકડા, બીજી ના કર વાત;
તારે મારે ઝગડો થયો, ફોડીશ મહીનાં માટ. ઉ. ૧૯
રાધા--દાણના દોકડો આપીશ રોકડો, બીજું ન થાયે આળ;
દાણ લીધામાં શું સમજે, તું નાનું સરખું બાળ. ચા. ૨૦
શ્રીકૃષ્ણ--મહિયારી તું મદની માતી, હું નાનું સરખું બાળ;
બાળપણું તુજને દેખાડું, થવા દે સંધ્યાકાળ. ઉ. ૨૧
રાધા--સંધ્યાકાળે તું શું બતાવે, સાંભળ કાળ કા'ન;
મહી વેચીને આવતાં, હું આપીશ તારૂં દાણ. ચા. ૨૨
શ્રીકૃષ્ણ--તું રંગીલી રૂપની રૂડી, હું છબીલો કાન;
મહી ખપે કે ના ખપે તું, આપતી મારાં દાણ. ઉ. ૨૩
રાધા--મહિનાં દાણ ના હોય મોહન, મહમાં સમજો પેર;
મહી પીવાનો ખપ હોય તો, હરિ આવજો મારે ઘેર. ચા. ૨૪
શ્રીકૃષ્ણ--કયારની મે'ણાંટેણાં દેઇને, કીધાં અદકાં વેર;
હેત કરી તું આપવા આવે, હવે લાગે તે કડવા ઝેર. ઉ. ૨૫
રાધા--કોહોતો હરિ ઘેરથી લાવું, કોહોતો પાઉ આંય;
હિમાના સ્વામી શામળા તમે, મનમાં ન લાવશો કાંય.ચા.૨૬
આવો આવો નંદના છૈયા રે, તમે ગોકુળના મહિયા રે;

વાત તો વિચારીને કહિયેરે, મારગથી અળગા રહિયેરે. ૨૭

દાણલીલા.

—અલ્યા કહાનજી તું કયારે ઘેલો થયોજો,
તું તો શેનુ માગેછે દાણ જો;
મહિની મટુકી મારી ફુટશે જો,
ગોરસની થાશે હાણજો. ઘેલું શું બોલે. ગોવાળીયા જો. ૧
અલ્યા ન જાણીશ કોઇ બાપડી જો,
કોઇ મળશે માથા કેરી નાર જો;
મારગ મૂકીને રહેને વેગળો જો,
મારા કંસને થાશે જાણજો. ઘેલું શું બોલે. ૨
કૃષ્ણ—તારો કંસ કુબુદ્ધિ નર શું કરે જો,
મારી સંગે છે સઘળો સાથ જો;
અલી દહાડી તે દાણ ચોરી જતી જો,
ઘણે દહાડે આવી મારે હાથ જો. ઓછી તું જાત આહીરની જો. ૩
ગોપી—અલ્યા હાથની તે હાંસ રખે રખતો જો,
હાથ ચારી જાણે છે ગાય જો;
પાલવ મૂકીને રહે વેગળો જો,
મારી વ્રજમાં થાશે જાણજો. ઘેલું શું બોલે. ૪
કૃષ્ણ—અલી વ્રજમાં વશીને વેર વાળશું જો,
રખે રાખતી હૈયામાં હામ જો;
નંદજીના નામ પ્રતાપથી જો,
હું તો છેદું તારા કંસનો ઠામ જો. ઓછી. ૫

ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વિસરે જો,
ભાઇ હણ્યા પોતાના ત્યાંય જો;
નાશીને છૂટયો લાડકા જો,
આવી ઉછર્યો ગોકુળ માંય જો. ઘેલું શું બોલે. ૬

કૃષ્ણ—વળી વ્રજમાં વશીને વેર વાળશું જો,
તુંતો જોજે અમારાં કામ જો;
અવનિનો ભાર ઉતારવા જો,
ધર્યું નંદકુંવર ઘેર નામ જો. ઓછી. ૭

ગોપી—અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશે જો,
પેટ માટે ચારેછે ગાય જો;
તું આવડો મોટો રે એમાં થયો જો,
તુંને કોઇએ ન આપી કન્યાય જો. ઘેલું શું બોલે૦ ૮

કૃષ્ણ—અલી આહીરની કન્યા અમો શું કરૂં જો ?
અમો સદા કહેવાઉં બ્રહ્મચાર જો;
રખે પડછાયો પાડતી જો,
તું તો કામળીની ઓઢનાર જો. ઓછી. ૯

ગોપી—અલ્યા લાખ ટકાની મારી રોખડી જો,
હીરા જડિત્ર મારો છે હાર જો;
આછી પટોળી મારે પે'રણે જો,
તું તો કામળીનો ઓઢનાર જો. ઘેલું શું બોલે. ૧૦

શ્રીકૃષ્ણ—જેનો બ્રહ્માએ તાણો તાણિયો જો,
એનો શંકર સરિખો વણનાર જો;
તેરે ઓઢણ મારે કામળો જો,
તેનો શેષ ન પામે પાર જો. ઓછી. ૧૧

ગોપી—અલ્યા શેષ સરખું તન તાહરૂં જો,
અમો ચંપકવરણી નાર જો;
અલ્યા કાચા કનકને વેર વધ્યું જો,
તું તો પશુતણો પીડનાર જો. ઘેલું શું બોલે૦ ૧૨

કૃષ્ણ—તું શાને નિસરી મહી વેચવા જો,
અલી બેશી રહેજે ઘરમાંય જો;
દોલત ઘતી છે તારા બાપને જો,
તું શાને આવે અહીંઆંય જો ? ઓછી૦ ૧૩

ગોપી—આ વાટે સદા મહી વેચતાં જો,
જઇ પૂછો જસોદા માય જો;
બાંધી મૂકી સવા લાખની જો,
ઉઘાડીએ તો પત જાય જો: ઘેલું શું બોલે૦ ૧૪

કૃષ્ણ—અલી ઘણી ઇચ્છા છે મહી ચાખવા જો,
મીઠી મેળવણીનો સ્વાદ જો;
ફીકું પડશે તો પાછું આપીશું જો,
તું શાને કરે વિવાદ જો? ઓછી૦ ૧૫

ગોપી—અલ્યા ગોરસતણું કોણ ગજુ જો?
જેટલું પીએ એટલું પાત જો;
વચને વેર વાધ્યું ઘણું જો,
કદી મન મેળાવો થાત જો. ઘેલું શું બોલે૦ ૧૬

કૃષ્ણ—અમે દાણને કાજે શું દુભીએ જો,
તુંતો ઘણી દીસે છે રીસાળ જો;
હશીને તાળી લે હાથમાં જો,

તું પ્રીત ધરીને રસ આપ્ય જો. ઓછી૦ ૧૭

ગોપી—અલ્યા માગ્યાં મુક્તાફળ પામીએ જો,
હઠ કરે કંઇ નહીં એક જો;
લાજ નહીં તુને લાડકા જો,
મન આણને કંઇ વિવેક જો. ઘેલું શું બોલે૦ ૧૮

કૃષ્ણ—અલી વિવેક ઘણો છે મન માહરે જો,
જવા નહીં દઉં નિરધાર જો;
આપ્યા વિના કેમ છૂટશો જો,
તારા મનશું તું વિચાર જો. ઓછી૦ ૧૯

ગોપી—તારા મનનો વિચાર મેં જાણિયો જો,
હઠ શાને કરો છો આંય જો?
મનમાં મન મળી ગયું જો,
જેમ સાકર ભેળી દૂધમાંય જો. ઘેલું શું બોલે૦ ૨૦

કૃષ્ણ—મીઠાં વચન તારાં માનુની જો,
સાકર સરખા બોલ જો;
પ્રીતનો બાંધ્યો તુજ પાસ છું જો,
આ આપું તમોને કોલ જો. ઓછી૦ ૨૧

ગોપી—રાઢ ભાગીને રસ વાધીયો જો,
ગોવાલણી લાગી પાય જો;
નંદજીના કુંવર કૃપાળને જો,
ઉલટ તો અંગે ન માંય જો. ઘેલું શું બોલે૦ ૨૨

જે કોઇ ગાય શીખે ને સાંભળે જો,
તે ફરી ન આવે ગર્ભવાસ જો;

દાણલીલા દીનાનાથની જો,
ગુણ ગાય રતનિયો દાસ જો. ઘેલું શું બોલે. ૨૩

અભિમન્યુનો ચક્રાવો.

સરસત સ્વામીને વિનવું રે, ગણપત લાગું પાય રે;
અજોધ્યા નગરીમાં દહીતનો વાસો, તેનાં તે મસ્તક છેદે રે.
દહીત કાળે કૃષ્ણે કજીઓ રે માંડયો;
દહીતોમાંથી દહીતાણી નાઠાં, ગયાં ગયાં વનમાં ગયાં રે.
વનમાં જઇ અહીલોચન જન્મ્યા;
સોના કામઠી ને રૂપાના ભાલા, અહીલોચન રમ્યા નિસર્યા રે.
જઇ રહ્યા જઇ રહ્યા વગડા રે વચ્ચે,
વન રે વગડામાં એક પંખી જનાવર, તેરે જનાવર અહીલોચન માર્યા;
ડોસી તે મેણાં બોલી રે, બહુ છે બળિયો બહુ બળવંતો,
એવો છે તો તારા બાપનું વેર લેને;
ત્યાંથી અહીલોચનને ઝાળો લાગી, આવી રહ્યા ઘર આંગણે રે.
કેમ મારી મા મારો બાપ કેણે માર્યો,
બારે બારે વર્ષે દીકરા બાપ કેમ સાંભર્યો ?
ડોશી તે મેણાં બોલી રે,
તારો તે બાપ કાળા કૃષ્ણએ માર્યો.
બમે કોડે અહીલોચન ચાલ્યા, જઇ રહ્યા જઇ રહ્યા વગડા વચ્ચે રે;
વનરે વગડાનાં લીલાં વ્રક્ષ રે વાઢયા,

ડાળાં ડાળાં પડચાં સુક્યાં થડીયા ઉપાડચાં, તે લાકડાંની બાંધી ભારી રે;
ત્યાંથી અહીલોચન સુતારી ઘેર આવ્યો,
ભાઇ રે સુતારી તું મારો વીરો, પેટી ઘડી મને આલ રે.
બોતેર ખાનાં એકજ કોઠો,
ત્યાંથી અહીલોચન લવારી ઘેર આવ્યો;
ભાઇરે લવારી તું મારો વીરો, આ મને પેટી જડી આલ રે.
છત્રીસ તાળાંને બત્રીસ કુંચીઓ,
ત્યાંથી અહીલોચન ચીતારા ઘેર આવ્યો;
ભાઇરે ચીતારા તું મારો વીરો, પેટી ચીતરી આલ સારી રે.
ત્યાંથી અહીલોચન દરજીડાને ઘેર આવ્યો,
ભાઇરે દરજીડા તું મારો રે વીરો, આની મને ગાદી શીવી આલ રે.
પેટી ઉપાડી અહીલોચન ચાલ્યો,
જઇ રહ્યો જઇ રહ્યો વગડા રે વચ્ચે, વડની છાંયે પેટી મૂકી રે.
બ્રાહ્મણને વેશ કાળો ક્રશ્નજી આવ્યા,
ક્યાં જાઓ છો મારા રે જજમાન, ક્રશ્નનું વેર વાળવા જાઉં રે.
કહો ગોરજી કાળા ક્રશ્ન કેવા રે હશે,
તુજ સરખા તારા જેવા, દેહીનું પરમાણું આલો રે.
લ્યો મારા ગોરજી દેહીનું પરમાણું,
ત્યાંથી અહીલોચન પેટીમાં સમાણો, કાળાક્રશ્ણએ તાળાં અડકાયાત્યાં.
ગોર મારા ગોર મને બહાર કાઢો,
કોણ તારો ગોર ને તું કોનો જજમાન, હું છું કાળો ક્રશ્ન રે.
પેટી હતી તે આકાશે ઉડાડી,
આકાશના દેવતારે જગાડચા, આ જુદ્ધ કેણે માંડચાં રે.
અહીલોચન ને કાળા ક્રશ્નએ માંડચાં.

પેટી હતી તે પાતાળે પછાડી, પાતાળના શેષનાગ ડોલ્યા રે.
આવું તે જુદ્ધ કોણે રે માંડયું,
અહીલોચન ને કાળા કૃષ્ણએ માંડયું, તેનો થયો ખરભડાટ રે.
ત્યાંથી અહીલોચન મૃત્યુ પામ્યો,
બન્ને પેટી ને કાળો કૃષ્ણજી ચાલ્યા, જઇ રહ્યા દ્વારકા ગામ રે.
પેટી હતી તે સુભદ્રાને આપી,
જોજ્યે રે એની આ પેટી ઉઘાડતાં, સાચવી રાખજ્યે પાસે રે.
નણંદ ભોજાઇ બે માથાં રે જુવે,
નણંદ તમારા ભાઇ શું લાવ્યા, તે મુજને દેખાડો રે.
પેટી હતી તે સુભદ્રાએ ઉઘાડી,
ભાઇનું કહ્યું સુભદ્રાએ ન માન્યું, સાસમાં વાસ સમાઇ ગયો રે.
પેહેલો રે માસ એળે વેળે ગયો,
બીજેને માસે સૈયરને સંભળાવ્યું, ત્રીજાનો મરમ ન જાણ્યો રે.
ચોથેને માસે માતાને સંભળાવ્યું,
પાંચમે માસે બાંધીને રાખડી, છઠ્ઠે તે કઢીયેલાં દૂધ રે.
સાતમેને માસે ખોળો ભરાવો,
ખોળો ભરાવીને મઇયર વળાવ્યાં, આઠમાનો મરમ ન જાણ્યો રે.
નવમેને માસે અભિમન્યુ જનમ્યા,
સોનાની સળીએ નાળ વધેર્યાં, પાણી સાટે દૂધડે નવરાવ્યા રે.
ચીર ફાડીને બળોતીઆં કીધાં,
જાદવના રે પારણાં બંધાવ્યાં, ચોખા સાટે મોતીડે વધાવ્યા રે.
સાત પાંચ વરસના અભિમન્યુ થયા,
લઇ પાટીને ભણવા રે ગયા, ભણી ગણી નવચંદા થયા રે.

પોતાના કાકા સગઇયો રે લાવ્યા,
ઓતરા અભિમન્યુ તારી રે નારી, વૈરાટની કુમારી રે.
લીલાને પીળા વાંસે વઢાવી, નવરંગી ચોરી ચીતરાવી રે.
ત્યાંથી અભિમન્યુ પરણવાને ચાલ્યા, સારા તે શુકન થાય રે.
ત્યાંથી અભિમન્યુ સરોવરીએ આવ્યા, સૂકાં સરોવર લીલાં થાય રે.
ત્યાંથી અભિમન્યુ ભાગોળે આવ્યા, ભાગોળે ભેળો વગડાવો રે.
ત્યાંથી અભિમન્યુ ચઉટામાં આવ્યા, ચઉટામાં ચમર ઢળાવો રે.
ત્યાંથી અભિમન્યુ જાનીવાસે આવ્યા, કાકાજી કલુવા કરાવો રે.
ત્યાંથી અભિમન્યુ તોરણ આવ્યા, સાસુજી પોંકવા આવ્યાં રે.
ત્યાંથી અભિમન્યુ માણેરામાં આવ્યા, મામાજી કન્યા પધરાવો રે.
ત્યાંથી અભિમન્યુ ચોરીમાં આવ્યા, મામાજી દો કન્યાદાન રે,
પહેલુંને મંગળ હરતુંને ફરતું, દાદાજી દો કન્યાદાન રે.
દાદાએ આલ્યાં ઘોડીલાનાં દાન.
બીજુંને મંગળ ચોરીમાં વરત્યું, માતાજી દો કન્યાદાન રે.
માતાએ આલ્યાં ગાવડીઓનાં દાન,
ત્રીજુંને મંગળ ચોરીમાં વરત્યું, વીરાજી દો કન્યાદાન રે.
વીરાએ આલ્યાં વે'લડીયોના દાન,
ચોથુંને મંગળ ચોરીમાં વરત્યું, ભાભીજી દો કન્યાદાન રે.
ભાભીએ આલ્યાં જોટડીયોનાં દાન,
ત્યાંથી અભિમન્યુ પરણીને ઉઠયા, માતાને પાએ લાગ્યા રે.
પોતાની માએ આશીષ રે આલી,
ઘણું જીવો દીકરા ઘણો આવરદા, ઓતરા તારી નારી રે.
જોજે અભિમન્યુ તારીરે ગોરી, ગોરી છે ગુણવંતી રે.
હમારા તે કુળમાં એવી રે રીતો, વર કન્યા ન હોય રે.

પહેલેરા પહોરનાં શમણાં રે લાગ્યાં.
આરે શમણાં કોરાં કાંકણુ બાંધ્યાં,
એરે શમણાં દીકરી આળપંપાળ, તારા શમણાં પડે સુકે લાકડે રે.
બીજલા પહોરનાં શમણાં રે લાગ્યાં,
આરે શમણાં કોરાં ઘરચોળાં પેહેર્યાં;
એરે શમણા દીકરી આળપંપાળ, શમણાં પડો રાંક રેંટીયે રે.
ત્રીજેલા પહોરનાં શમણાં રે લાગ્યાં,
એરે શમણાં રાયકો આણેરે આવે,
એરે શમણાં દીકરી આળપંપાળ, શમણું પડો સમુદ્ર બેટમાં રે.
ચોથેલા પહોરનાં શમણાં રે લાગ્યાં,
બાળુડો અભિમન્યુ જુદ્ધે ચઢેછે, ઓતરાને આણાં આવ્યાં રે.
ઓતરાના બાપની ઊંચી હવેલી.
સોના કચોલાં ને રૂપાના દોરા, ઓતરા માથેલાં ગુંથે રે,
હીરૂડી વીરૂડી સાંઢ રતનો રબારી, વેગે આવતો દીઠો રે;
મારી મા તમે પોઢેલાં જાગો, મા મારાં આણલાં આવ્યાં રે.
ઘણું રે જીવો દીકરી એ શું બોલ્યાં,
બારીએથી રહી રાણી ઓતરાએ પૂછ્યું,
ક્યાંથી આવ્યા વીરા ક્યાં તમે જાશો.
બાળુડો અભિમન્યુ જુધ્યે ચડેછે, ઓતરાને આણે આણે આવ્યો રે,
બારીએથી ઓતરાએ પડતાં મૂકયાં, ના રહી શુધ્ધને સાન રે;
ઓતરાને દાદે સોનીડા જગાડયા, વાળીઓ કાઢ આજ સારી રે.
સારી સારી કાઢે નંદાયલી નીસરીરે;
દાદે સોનીડાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારોછો, ઓતરાના કરમનો વાંક રે;

ઓતરાને દાદે દોશીડા જગાડ્યા, ચુંદડી કાઢ આજ સારી રે.
સારી સારી કાઢે ને નુકશાન નીસરે;
દાદે દોશીડાને મારવા લીધો;
ઓ મારા દાદા શીદને મારોછો, ઓતરાના કરમનો વાંક રે.
ઓતરાને દાદે મરૂડીઆ જગાડ્યા, ચુડીલા કાઢ બહુ સારા રે.
સારા સારા કાઢે નંદાયલા નીસરે,
દાદે મરૂડીઆને મારવા લીધો;
ઓ મારા દાદા શીદને મારોછો, ઓતરાના કરમનો વાંક રે.
ઓતરાને દાદે માળીડા જગાડ્યા;
ગજરા કાઢ મોંઘા મૂલના રે.
ખીલેલા કાઢેને કરમાએલા નીસરે;
દાદે માળીડાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારોછો, ઓતરાના કરમનો વાંક રે.
ઓતરાને દાદે મોચીડા જગાડ્યા;
મોજડીઓ કાઢ મોંઘા મુલની રે,
રાતી રાતી કાઢે ને કાળી કાળી નીસરે,
દાદે મોચીડાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારેછો, ઓતરાના કરમનો વાંક રે.
ઓતરાને દાદે શરૈયા જગાડ્યા, સારૂં સારૂં કંકુ કાઢ રે,
કંકુ કાઢેને કાજળ નીસરે,
દાદે સરૈયાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારોછો, ઓતરાના કરમનો વાંક રે.
દાદે સાસરવાસે ઓતરા વળાવ્યાં, રાયકો તેડી જાય રે.

વધામણાં.

કે મને મારીને રથડા ખેડરે, બાળારાજારે;
કે મને યુધ્ધે તેં સાથે તેડરે, બાળા રાજારે;
કે મને યુધ્ધ જોયાના રસ કોઢરે, બાળા રાજારે;
કે આપણે સરખા સરખી જોડરે, બાળા રાજારે;
કે લાવ હું ધારૂં હથીઆરરે, બાળા રાજારે;
કે કરૂં કૌરવનો સંહારરે, બાળા રાજારે;
કે છેડી યુધ્ધ વળો ઘેર આજરે, બાળા રાજારે;
કે તમને આપું મારા બાપનું રાજરે, બાળા રાજારે;
કે નારી કેશ સમુળા કાઢેરે, બાળા રાજારે;
કે રથ ઉપર દેહ પછાડેરે, બાળા રાજારે;
કે રથ હાંકોને. રામજીની આણરે; બાળા રાજારે;
કે રથ ખેડો તો કાઢું મારા પ્રાણરે, બાળા રાજારે;
કે મારા વગડમાં રાડા રોકયારે, બાળા રાજારે;
કે મારા સસરા મેણાં બોલ્યા રે, બાળા રાજારે;
કે વહુ આવતડી ભમરાળીરે; બાળા રાજારે;
કે મેં તો નથી દીઠી પગની પાનીરે, ઓતરા રાણીરે;
કે તારૂ રૂપ દેખી જુધ્ધે ન ચડતરે. ઓતરા રાણીરે;
કે મેં તો નથી દીઠી નાકની દાંડીરે, ઓતરા રાણીરે;
કે મામા ક્રશ્નનો જાજો વંશરે, ઓતરા રાણીરે;
કે મને પાટા બાંધીને પરણાવ્યોરે; ઓતરા રાણીરે;
કે મને સમરથ સાસરી દેખાડરે, બાળા રાજારે;
કે મને સાસરી જોયાના રસકોડરે, બાળા રાજારે;

કે મારા કાંકણુ દોરા ઓછાવરે, બાળા રાજારે;
કે મને સમરથ સસરો દેખાડરે, બાળા રાજારે,
કે મને ઘુંઘટ તાણ્યાના રસકોડરે, બાળા રાજારે;
કે મને દીયર દીવડો દેખાડરે, બાળા રાજારે;
કે મને હોળીરમ્યાના રસકોડરે, બાળા રાજારે;
કે મને નાનીશી નણદી દેખાડરે, બાળા રાજારે;
કે મને ઢીંગલે રમ્યાના રસકોડરે, બાળા રાજારે;
કે મને સમરથ સાસુડી દેખાડરે, બાળા રાજારે;
કે મને પાયે પડયાના રસકોડરે, બાળા રાજારે;
કે મને જોડની જેઠાણી દેખાડરે, બાળા રાજારે;
કે મને જોડે હીંડવાના રસકોડરે, બાળા રાજારે;
કે મને વાદુલી દેરાણી દેખાડરે, બાળા રાજારે;
કે મને વાદ લધાના રસ કોડરે, બાળા રાજારે;
કે મારૂં માથું વાઢીને દડો ખેલરે, બાળા રાજારે;
કે તારી કેડની કટારમને આલરે, બાળા રાજારે;
કે મારી જમણી કુખે ધરો શૂરરે, બાળા રાજારે;
કે તારી જમણી કુખના ધરેશરે, ઓતરા રાણીરે;
કે તારી કુખે મોતીગર દીકરોરે, ઓતરા રાણીરે;
કે સમશેર રામનું નામરે, ઓતરા રાણીરે;
કે સહી રાખશે બાપનું નામરે, ઓતરા રાણીરે;
કે તેથી સરશે તમારૂં કામરે, ઓતરા રાણીરે;
કે તારી ઢાલડીના ઓથે મને રાખરે, બાળા રાજારે
કે તારાં આવતાં ઝીલેશ બાણરે, બાળા રાજારે
કે ઝાલી ઝાલી ઘોડલીયાની વાગરે, બાળા રાજારે;

કે મેલો મેલો ઘોડલીયાની વાગ રે, ઓતરા રાણીરે;
કે મારા ચડયા શા બાંધબંધ દેખે રે; ઓતરા રાણીરે;
કે મેંતો ધાવતાં બાળ વછોડયાં રે, બાળા રાજારે;
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યાં રે, બાળા રાજારે;
કે મેંતો ધાવતાં ધેન વછોડયાં રે, બાળા રાજારે;
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યાં રે, બાળા રાજારે;
કે મેંતો છાણે છાણું ભાગ્યું રે, બાળા રાજારે;
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યાં રે, બાળા રાજારે;
કે હુંતો પથરે પાનીઓ ધોતી રે, બાળા રાજારે;
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યાં રે, બાળા રાજારે;
કે મેંતો વે'તી નીકે દીધો પાગ રે, બાળા રાજારે;
કે મને તેના પ્રાયશ્ચિત લાગ્યાં રે, બાળા રાજારે;

રાસ લીલાનો ગરબો.

રૂડી શરદ પુનમની રાતરે સુંદીર વેણુ વાગે વેણુ વાગે.
મારો વા'લોજી રમીયા રાસરે સુંદીર વેણુ વાગે વેણુ વાગે. ૧
વા'લે નટવર ધરીયો વેશરે સુંદીર.
એના ઘુઘરીઆળો ખેસરે. સુંદીર. ૨
ગોપી અતિ ઉતાવળી આવે રે સુંદીર.
મોતી મુકતાફળે વધાવેરે,
દેહિની શુધ બુધ સઘળી વીસરી રે. સુંદીર૦ ૩
નેણે નીરખ્યા તે શ્રી વનમાળી રે,
ગોપી આવ્યાં તે પુરણ પ્રીતેરે સુંદીર.

જઇ મળીયાં તે રંગની રીતેરે. સુંદીર૦ ૪

સાખી.

કેમ આવ્યાં તમે કામની, એમ બોલ્યા જુગલકીશોર,
અડધીનીશાએ વનમાં, આ વેળાએ આલે ચોર રે;
કામની કેમ આવ્યાં કેમ આવ્યાં ? ટેક.
આ વનમાં તે શું છે કામરે કામની,
તમો જાવો તમારે ધામ રે. કામની૦ ૧
સહુ લોકમાં તે કલંક થાશે રે કામની.
આ ધર્મ તમરો જાશે રે. કામની૦ ૨
તમે. ઘરમાં તજી સહુ કામરે કામની,
સ્વામી સુતા મુકીને ધામ રે, કામની૦ ૩
શ્રીવલ્લભ પ્રભુજી એમ કહેછે રે કામની,
સુખી નેણુ તે ધારો વહેછે રે. કામની૦ ૪

સાખી.

પ્રભુ તમે તે બોલન તજાવીયાં, પ્રભુ તમે તજાવ્યો સંસાર;
પ્રભુ તમોએ વનમાં તેડીયાં, પ્રભુ તમો કરોછો તુચ્છકાર રે,
નંદના નંદલાલા નંદલાલા ટેક.
નારી છેલાઇ જોઇ હુંતો છાકીરે શ્રી નંદના,
મને વહાલું નથી તમ પાખી રે. શ્રી નંદના૦ ૧
અમે લોપી તે કુળકેરી લાજરે, શ્રી નંદના,
પ્રભુ આવ્યા તમારે કાજરે. શ્રી નંદના૦ ૨

મને આલો આનંદરસ દાનરે શ્રી નંદના૦
મને લાગ્યું તમારૂં ધ્યાન રે. શ્રી નંદના૦ ૩
અમો શરણ આવ્યાં તીહારી રે શ્રી નંદના૦
તારી મોરલી સુણીને બીહારી રે. શ્રી નંદના૦ ૪

સાખી.

વચન સુની વ્રિજનારનાં, થેઇ થેઇ રમીયા રાસ,
રૂમઝમ વાગે ઘુઘરી, વ્રજસુંદરીની પુરી વાલે આશ રે.
શ્રા ગીરીવર ગીરધારી ગીરધારી,
વ્રજસુંદરાની સંગે વાલો ડોલેરે શ્રા ગીરી,
મુખે જે જે શબ્દ બોલેરે. શ્રા ગીરી. ૧
મુખે ગાય ને લેછે તાળીરે શ્રા ગીરી.
એક એકની વચ્ચે હાય ઝાલી રે, શ્રી ગીરી. ૨
કોઇને સખી તે વેણી ગુંથેરે શ્રી ગીરી,
કોઇ સખીનો અધરરસ લુંટે રે, શ્રી ગીરી. ૩
ત્યાં તો જમુનાજી વહે છે ગંભીરરે શ્રી ગીરી,
જુવે તેનું મન થાયે સ્થિરરે. શ્રી ગીરી. ૪
સહુ દેવતા ત્યાં જોવાને આવે રે શ્રી ગીરી,
તે તો પુષ્પથકી વધાવે રે. શ્રી ગીરી. ૫
ત્યાંતો ચંદ્ર રહ્યા છે કર જોડીરે શ્રી ગીરી.
શું વરણવું બુદ્ધિ થોડી રે. શ્રી ગીરી. ૬
પ્રભુ-મુખે તે મોરલી ધરીછેરે શ્રી ગીરી,
ખટ મહિનાની રજની કરીછે રે. શ્રી ગીરી. ૭

સહુ રાસ રમીને આવ્યાં ઘેરરે શ્રી ગીરી.
તેની કોઇયે ન જાણી પેર રે, શ્રી ગીરી. ૮
ધન્ય ધન્ય આ વ્રજની ભોમી રે શ્રી ગીરી,
જુવે તેનું તો મન રહે લોભી રે; શ્રી ગીરી. ૯
ધન્ય ધન્ય આ વ્રજની નારી રે શ્રી ગીરી,
રાસક્રીડા કરે શી મોરારી રે. શ્રી ગીરી. ૧૦
જે ગાય શીખે આ રાસરે શ્રી ગીરી,
તેની શ્રી કૃષ્ણ પુરે આશરે. શ્રી ગીરી. ૧૧

ભુલિ યાઇ માળા કુંજનકે બનમે,
કુંજનકે બંનમે કુંજનકે બંનમે, બંશી બજાઇ મધુ બંનમે,
ભુલ યાઇ માળા ટેક.
શ્યામકે ખાતર મેંતો જોગન બનજાઉંગી,
ભસ્મ લગાઉ સારે તનમે. ભુલી યાઇ. ૧
બંશી સુનત મેંતો હો ગઇ દીવાની,
હોંસ રહી મનકી મનમે. ભુલી યાઇ. ૨
જળ જુમનામે પનીયાં ભરન ગઇ,
ઠંડ લગી અંગીયા ભીતરમે. ભુલી યાઇ. ૩
પુરૂષોતમ પ્રભુકી છબ નીરખત,
મીલગયે મોહન બનમે. ભુલી યાઇ. ૪

(છોડી બમનકીઅંગીયાકું અતર લગાકે ચલી એ રાગ.)

બ્રખુભાનકી લલી સામળીયેસે નેહડો લગાય કે ચલી. ટેક.
આવોજી સામળે મેરી ગલી ઠાડે રહો,
લાલજી મેં કબકી ખડી, બ્રખુભાન. ૧
હાથમેં છે ગજરા ગુલાબકી છડી,
પાંઉસે ઝાંઝર બજાવતી ચલી. બ્રખુભાન. ૨
આંખો ભરે સુરમે ને મુખમેં ભરે પાન,
છોટી ઊમર રાધા બોતસા ગુમાન. બ્રખુભાન. ૩
બાઇ મીરાં કહે પ્રભુ ધીર ગંભીર,
ગોવાલણીકુ મીલ ગયે જુમનાકે તીર. બ્રખુભાન. ૪

મધવો મુસે પિયો ન જાય, પિયો ન જાય રે પીલાયો ન જાય
મધવો મુસે પિયો ન જાય, ટેક.
સુનેકા ઘડવા ગંગાજલ પાણી,
પિયો ન જાયરે પિવયે ન જાય મધવો૦ ૧
સુનેકી થાલીમેં જમવા પીરોસુ,
જીમો ન જાય રે જીમયો ન જાય મધવો૦ ૨
ચુન ચુન કલિયાં મેં સેજ બીછાઉ,
લેટો ન જાય રે લેટાયો ન જાય. મધવો૦ ૩
ચંદનકી ચાદર ચંબેલા ચંબેલી,
ઓઢી ન જાય ઓઢાઇ ન જાય. મધવો૦ ૪
ભોર ભઇ ઓર ચીડિયાં ચચાંની,
ભાગ્યો ન જાય રે ભગાયો ન જાય. મધવો૦ ૫

મેરો સૈયાં ગુલાબીકો ફુલ હમારો રંગ કેસરિયાં. ટેક.
સુનેકા ઘડવા ગંગાજલ પાની;
મેરે પિયે ગુલાબીકો ફુલ, પીલાવે રંગ કેસરિયાં. મેરો. ૧
સુનેકી થાળીમાં જમવા પીરોસું,
મેરો જમે ગુલાબીકો ફુલ, જમાવે રંગ કેસરીયાં. મેરો. ૨
ચુન ચુન કલિયાંમેં સેજ બીછાઇ,
મેરે લેટે ગુલાબીકો ફુલ, લેટાવે રંગ કેસરીયાં. મેરો. ૩
ચંદનકી ચાદર ઓઢો મેરે બાલમ,
મેરો ઓઢે ગુલાબીકો ફુલ, ઓઢાવે રંગ કેસરિયાં મેરો. ૪
ગંગેરી પાન જસોદી બીડીયાં,
મેરે ચાવે ગુલાબીકો ફુલ, ચવાવે રંગ કેસરિયાં. મેરો. ૫
ભોર ભયા ઓર ચીડિયાં બોલી,
મેરો ભાગે ગુલાબીકો ફુલ, ભગાવે રંગ કેસરિયાં. મેરો. ૬

—o—

કજોડાવાળી સ્ત્રીના વિલાપની ગરબી

(અલબેલી રે અંબેમાત જોવાને જઇએ. એ રાગ.)

બળ્યો બળ્યો આ અવતાર, દુખ મુજને ઝાઝું;
મારો સ્વામી છે નાનું બાળ, નિત્ય દેખુ દાઝું. ટેક.
નવ વરસનો નાથ છે મારો, હું હું જોબન વેશરે;
સોળ વરસની ઉમર મારી, તેથી થાય કલેશ દુખ. ૧
પાપી પિતાને શું હવે જાચું, કાંઇ ન રાખ્યું ભાન રે;

કુલીન ઘરનો વર જોઇ મને, દીધું કન્યાદાન. દુઃખ. ૨
બાલપણામાં ઝેરથી મુજને, મારી હોતતો સારૂ રે;
આ અવસર નહિ બળતે આવું, કુણું કલેજું મારૂ. દુઃખ. ૩
બાળક અણસમજુ પતિ મારો, દેખી દિલ બહુ દાઝે રે;
દુઃખ હૃદેનું કહેતાં આજે, મન મારૂં બહુ લાજે. દુઃખ. ૪
સ્વામી ભેગી સુવા મોકલે, સાસુ નણંદી મારી રે,
તે અવસર ત્યાં વાત બનતી, હોય નિત્ય દુઃખકારી. દુઃખ. ૫
ખાટ તળે કે પાંગોથે, હું નિત્ય પડેલો જોઇ રે;
ઊંચકી હું ઉશીકે આણું, રાત કાઢે ઘણું રોઇ. દુઃખ. ૬
પહોર દિવસ ચઢે પોઢીને ઊઠે, દાતણ પાણી ન કરતો રે,
રોતો રોતો મા પાસે જઇ, પેટ પોતાનું ભરતો. દુઃખ૦ ૭
ખાતો ખાતો પેસાબ કરતો, મા તેનો કળકળતી રે;
ભાન શરીરનું લેશ નહીં તેને, તેથી હું નિત્યે બળતી. દુઃખ૦ ૮
આ કરતાં પિયુ હોત નહીં તો, માનત મનથી સારૂં રે;
દેખીને દાઝેછે આજે, કુણું કલેજું મારૂં. દુઃખ૦ ૯
અધૂરામાં પૂરો મુજને, કામ ઘણો દુઃખ દે છે રે;
જારકરમ કરવાથી મુજને, બીક ઘણી મન રે'છે. દુઃખ૦ ૧૦
સમજણો કદી હોય પિયુ તો, લોકમાં નવ નિંદાયે રે;
પર પુરૂષનો ગર્ભ રહે તો, મારી ફજેતી થાયે. દુઃખ. ૧૧
શોખીલા નર જોઇને મારૂં, મન ઘણું અકળાય રે;
કામદેવના તાપે કરી મારૂં, શરીર નિત્ય સુકાય. દુઃખ. ૧૨
મેશરાશી કહેછે મુખથી, કોઇ કજોડું ન જોશો રે;
દુઃખ પુત્રીનું દેખી અંતે, પોક મૂકીને રોશો. દુઃખ. ૧૩

—:o:—

સાખીયો

આઘા રહો વ્રજરાજ, વારૂં છું વાલમ તમને;
વ્રજેતી આપણુ એની થાય, માટે જાવાદોની અમને. ટેક.
સમો સમો રસ ચાખિયે, છો સમજુ મહારાજ;
અણુવિચારથી ચાલીએ, એમાં નટવર નવ રહે લાજ.
વાલા છે વરણાગીઆ, શું કરૂં અબળા નાર;
સાસરિયા કોરે ઘણું એથી, નથી નિસરાતું બહાર. વારૂં. ૨
છોકરવાદી નવ કીજીએ, વિચારીએ મન માંય;
રાઢ તજો રસિયા તમે, હવડે આવી ચડશે કોઇ આંય. વારૂં. ૩
પ્રીતિ રીતિ શીખ્યા નથી, ચારી જાણો ગાય;
ચતુર નિભાવો નેહને, એ તો કઠણુ ઘણેરી વિધાય. વારૂં. ૪
હરિભટ્ટના હરિ લ્યો વચન, હું સમજી સહુ પેર;
સમીસંધ્યાએ આવજો, મારી સહીયર કેરે ઘેર. વારૂં. ૫

—०—

મળીઓ મોહન મધુપુર, સૈયર કર્યું કામણુ મુજને;
મુને ભરવા ન દીધું નીર, શી કહું વાત આજની તુજને ટેક.
રૂપરસિક ઘણું છેલનું, ચંચળ નેન રસાળ;
ચિત મારૂં ચતુરાઇ થકી, આવી ઓચિંતી કીધી આળ. સૈયર.૧
અરકલડું કરી પૂછિયું, શું છે તમારૂં નામ;
કાલે મળજો માનની, મારે તમ સંગાથે છે કામ. સૈયર. ૨

ફરી હસતું ગયા વન ભણી, વાંસલડી છે હાથ;
વ્યાકુળ બની વનમાં ફરૂં, એમને મળવા થઇરે નિરાશ. સૈયર. ૩
તું તેને બઇ ઓળખે, માટે લાવી મને દેખાડ;
નિકર જીવ મારો જશે, તારે જીવાડવી હોય તો જીવાડ. સૈયર. ૪
હરિભટ્ટનો હરિ વશી રહ્યો, રૂદે રૂદે ભરપૂર;
ગોવિંદજી ઠગી ગયો, એના સરખો નહીં કો ચતુર. સૈયર. ૫

સાખીયો.

આવી રંગ રંગીલી સેજ મારા સ્વામીજી, નિદ્રા કરો નિદ્રા કરો;
મારૂં જોબન બાળેવેશ મારા સ્વામીજી, નિદ્રા કરો નિદ્રા કરો;
મારા છુટા છે શીરના કેશ, મારા સ્વામીજી.
તમો દયા લાવો લવલેશ, મારા સ્વામીજી. ટેક.
પ્રીતમ તારી પ્રીતડી, જેસો ટંકણખાર;
વાદળ ઝબુકે વીજળી, જેવી રણ ઝબુકે તલવાર. મારા. ૧
સજ્જન એસા કીજીએ, જ્યામેં ગુણ બત્રીસ;
ભીડ પડે ભાગે નહીં, દેવેજ અપનો શીશ. મારા. ૨
સજ્જન તુજમાં ગુણ ઘણા, અવગુણ નહીં લગાર;
તે કારણ તું સાંભરે, મને દહાડામાં દશ વાર. મારા. ૩
સ્નેહી સ્નેહ બતાવીને, સુખ હરી લે સાર;
વાહાલાં વેરી જ્યાં થયાં હવે, સાહ્ય તે કોણ કરનાર? મારા. ૪
સુખ માટે સોબત કરી, નીવડી દુઃખ દેનાર;
દ્રવ્ય દેઇ વ્હોરીયે જ્યમ, સાધન જીવ હરનાર. મારા.
તમો ગયે મારૂં ગયું, આ તનડાનું ભાન;

ઝાઝું આથી શું કહું, સ્નેહી વણુ સમશાન. મારા૦ ૬
ચિતડે ચિંતવન એકનું, ચરચર કરતું નિત્ય;
વ્હાલા છેક નમેરડા થઇયે, નહીં જ્યાં પ્રીત. મારા. ૭
સોળ વરસનીરે સુંદરી, પિયુ ગયા પરદેશ;
તે અબળા સંતાપે ઘણું, જેનું જોબન બાળે વેશ. મારા. ૮
સજ્જન તેરે કારણે, સૂકો સર્વે શરીર;
પાપી નેન સૂકત નહીં, તેમાં ભરભર આવે નીર. મારા. ૯
પંખી હઉં તો ઉડ ચલું, ઘડી ન રાખું ધીર;
જ્યું જ્યું સજ્જન સાંભરે, ત્યું ત્યું વાગે તીર. મારા. ૧૦
સજ્જન તુમ મમ જાણિયો, તુમ બીછરે મોય ચેન;
દાઝે બનકી લાકડી, તે તો સીલગત હે દીન રેન. મારા. ૧૧
હવે તમારા મુખનાં, દરશનની રાખું આશ;
માટે મળવા આવજો, દીલમાં રાખી ઉલ્હાસ. મારા. ૧૨
તારી મારી પ્રીત તે, તુ જાણે કે હુંય;
અવર અમસ્થાં એ થકી, કહેશે કે થયું શુંય. મારા. ૧૩
માટે મારા મનની, મનમાં સમજી રહું;
છાય કૂવાની કૂપમાં, જેમ સમાય છે સહુ. મારા. ૧૪
એવું સુણી પ્રીતમ આવિયા, દીધું આલિંગન;
આનંદરસ ત્યાં ઉછળ્યો, પોઢયાં એઉ પલંગ. મારા. ૧૫

ભૈરવની ધ્રુપદ.

રાધા તેરો રૂપરંગ અતિશે અનોપ ભયો;
હાવ ભાવ ઘાવ મેં મોહન લલચાયો હે. ટેકo

નેનકો કટાર તેરો ચાલકો મલકાવ દેખ;
નંદજીકો લાલ તેરી પીછે પીછે આયો હે. રાધા. ૧
લોકકી મરજાદ છોડ તેરી પીછે આયો દોડ;
એસો તુને કહાનકુ મોહપાશ ડાર્યો હે. રાધા. ૨
કહાનકુ ના કામ સુઝે કીસીકી ના વાત બુઝે;
હરનિશ ધ્યાન તેરો રાધા કૃષ્ણ ધાર્યો હે. રાધા. ૩
રાધા બીન રેન જાત કૃષ્ણ કરે આંસુપાત;
મોહનકુ મોહ રાધા તેરો બોત લાગ્યો હે. રાધા. ૪
તેરે કાજ ઘડી પળ છન કળ પડે નહીં;
મણિ એસો કૃષ્ણજીકુ બોત કામ જાગ્યો હે રાધા. ૫

ભેરવીનુ ધ્રુપદ.

નેનુવા લગાય કહાન મોહે મોહપાશ ડારી;
બિકલ કરકે ઘાયલ તો કર ડારી હે. ટેક૦
નંદકો નંદન એસો ભૂલાઇ હે ફંદનમેં;
ઉનકી દ્રગન દેખો કેસી જાદુગારી હે ? નેનુવા૦ ૧
મનસેં બિચાર ધરૂં મોહનકુ ત્યાગ કરૂં;
નિરખકે નાગરકુ મન લલચાયો હે. નેનુવા. ૨
જાદુકો તો જોર બોત કુંટલીની પ્રાણ સોત;
મેરે મનન દાજીકે લાલ બોત ભાયો હે. નેનુવા. ૩
પ્રાણકો આધાર જાણું, હૈયાકો તો હાર મેરો;
સજ્યા કો શણગાર, કાહાનકુ મેં જાન્યો હે. નેનુવા. ૪

લોકકી મરજાદ ત્યાગી, એસી બીજે માયા લાગી;
સ્વામી મણિરામકેરો મેરે મન માન્યો હે. નેનુવા. ૫

રાગ સદર.

કાયકુ બજાઇ બેન કૃષ્ણજી શરદ રેન;
મોહનીકો મંત્ર આપ બેનમાંહી ડાર્યો હે. ટેક.
એસીતો બજાઇ બેન મોહનીકો મંત્ર દેન;
કામનીકો કામ બેન માંહી ઊછયાર્યો હે. કાયકુ. ૧
સુની નાદ બંસુરીકો ઘાવ લગ્યો પંસરીકો;
ગોપિયનકે નેનમે આપ સંગ ભાયો હે. કાયકુ. ૨
ઘરકો તો કામ છોડ આપકું રહે હાથ જોડ;
કીસીકો તો ડર નાહીં, મન માંહી લાયો હે. કાયકુ. ૩
એસો તુને જાદુ કીનો સારી રેન રાસ લીનો;
શરદકી રેન તેરે મન માંહી ભાયો હે. કાયકુ. ૪
ચતુરાકો ચિત્ત હર્યો માનનિકો મોહ ભર્યો;
મણિરામ યસોદાકો કુદરકનાઇ હે. કાયકુ. ૫

રાગ સદર.

શંકરકુ ભસ્મ અંગ હીમાચળ સુતા સંગ;
ગીરજાકો સુત શિવ ઉછંગમે જાનીયે. ટેક.
ડમરૂ ને ડાક લીનો ત્રીશુળ પીનાક ચીનો;

આભૂષણ ભુજંગકો શીવકુ પીછાનીયે. શંકર ૧

લોચન પાવક દેખો જટામાં ગંગાજી પેખો;

લીલાટમેં ચંદ્રમાકી દેખો છબી ન્યારી હે. શંકર. ૨

નંદી ભૃંગી શીવ સંગ રગડકે દેતે ભંગ;

કૈલાસકે બાસી દેખો એસે ત્રિપુરારી હે. શંકર. ૩

ભોળાશંભુ મહાદેવ સુરનર કરે શેવ;

રિપુ કામ સદાશિવ કૈલાસકે બાસી હે. શંકર. ૪

ભવભય હરનાર શેવો તુમ ત્રીપુરાર;

મણિરામ શંકરકો ધામ જાનો કાશી હે. શંકર. ૫

સિદ્ધક્ષેત્ર મહાત્મય.

પંચતિર્થ.

—:o:—

ગરબો.

સિદ્ધક્ષેત્ર તે સિદ્ધપુર શહેર રે બ્રહ્મ નિવાસી રે;

શુભ સરસ્વતિ કેરી રે લેહેર કૈલાસ કાશી રે. ટેક.

જે કાશીપુરી કહેવાય રે એવી સિદ્ધપુરી રે;

વસે ઉત્તરવાસી વિપ્ર સંધ્યાયુક્ત સુરી રે.

જાતે ઔદિચ્ય બ્રાહ્મણ સાર રે વસે તેમાંહી રે;

શ્રેષ્ઠ વિદ્યા ધર્માચાર બેઠા વિપ્રો સાહી રે. ૨
બીજી જ્ઞાતિ તે વરણુ અઢાર રે તાઇત બોળી રે;
નાવે પંચતિરથીનો પાર શું કહું બોલી રે? ૩
માટે સંક્ષેપમાં હું ગાઇ રે રહ્યો આંહી બેશી રે;
આવ્યો ગોવિંદ માધવને ઘેર હુંતો પરદેશી રે. ૪
થઇ અતિથિ વિષ્ણુ ધામ રે દરશન આવ્યો રે;
નામી ગોવિંદ માધવને શિષ લીધો લાહાવો રે. ૫
ત્યાં દેખાવા દેવ દેદાર રે નગ્રલોક આવે રે;
લેઇ માલણો પાસેથી હાર હરિને ચઢાવે રે. ૬
કરી પ્રદક્ષિણા લાગે પાય રે પછે ઘંટા વાજે
દેવદરબારે દિનરાત જાગડ નોબત ગાજે રે. ૭
શોભા સુંદીર દેવદરબાર રે ખામી ના કાંઇ રે;
દિઠાં મહાલક્ષ્મી શુભ માત દેવ માઢમાંહી રે. ૮
ત્યાંથી ફરવા નિકળ્યા સૌ તિર્થ રે આવ્યા બ્રહ્મ ઓળે રે;
પત્તેહ દરવાજે સૂર્યનો કુંડ, ફરી કીધી ખોળે રે. ૯
આવ્યા ઝમ ચકલે જોઇ ધામ રે દ્રષ્ટે ન્યાળી રે;
તેવે દિઠી ત્યાં ગઢની પોળ, ગંગાતટ ભાળી રે. ૧૦
સુંદર શોભા સરસ્વતી તીર રે, તેજ જાણે સુરી રે;
શિવદેવળનો નહીં પાર એવી બ્રહ્મપુરી રે. ૧૧
પ્રથમ નમ્યા ભોળા મહાદેવ રે, ભવભૂત નાથ રે;
સ્ફટકમણિનું સુંદીર ધામ વાડીમાં સિદ્ધનાથ રે. ૧૨
મોક્ષ પીપળો સ્વર્ગદ્વાર રે મોક્ષ ત્યાં મળશે રે;
પ્રેમે કરશે સરસ્વતી સ્નાન ભવસાગર તરશે રે. ૧૩
સોનીવાડીમાં વાઘેશ્વરી માત રે સતિ તે ઠામ રે;

નારણુઆવાના કોટ મોઝાર શિવબાળા રામ રે. ૧૪
વેરાગીની તે વાડીમાંથ રે નરસિંહ દેવ રે;
એ વિના બીજાં શિવાલય ઘણાં છે એવ રે. ૧૫
અમે કર્યાં સર્વે દરશનરે વેહોરવાડે આવ્યા રે;
નમ્યા છબીલા હનુમાન રામભક્ત ભાવ્યા રે. ૧૬
ચમત્કારી ઉગ્ર હનુમાન રે મહાવીર બંકા રે;
કરે ભક્તતણું પ્રતિપાળ અસુરે દીધા ડંકા રે. ૧૭
ગયા ઘાટની બારી જ્યાંય લહેર લેવા માટ રે;
સુંદર સરસ્વતી તીરે જાણુ ગણુપતી ઘાટ રે. ૧૮
વિષ્ણુ પાદુકાનો ત્યાં ધામ રે ઉત્તરક્રિયા થાય રે;
પીત્રી પામે પરમપદ વાસ નિર્મળ જશ ગાય રે. ૧૯
રુદ્રમાળો ને રુદ્રઘાટ રે ગંગાની તીર રે;
ત્યાં પાણી ભરે પાણિયાર નિરમળ નીર રે. ૨૦
આવ્યા પેશવાદળની પોળ રે પામ્યા સુખશાતા રે;
ત્યાં ભવદુઃખહારણુ દેવ ભદ્રકાળી માતા રે. ૨૧
ખાતરીવાડે દેવા હરસિધ્ધ રે વારાહી દેવી રે;
સ્વામી સેજાનંદનું મંદીર શોભા જેવા જેવી રે. ૨૨
એમ દીઠા દેવ દેદાર રે મારે મન ભાવ્યા રે;
હેત ધરી હૈયામાંય કોઠારીવાડે આવ્યા રે. ૨૩
અલકનાથને અંબિકા માત રે પ્રેમ ધરી પરખો રે;
પ્રત્યક્ષ દેવ દેખો આ ઠામ નેહ ધરી નરખો રે. ૨૪
આવ્યા હલવાને ચકલે ઝટ રે કિધો વિચાર રે;
પહેરાવ્યો માલણે હાર કવિ કંઠે ઝાર રે. ૨૫
પુષ્પ સુગંધીમય અપાર રે માંહી જાઇ જુઇ રે;

જોશીયોની ખડકી પાસ ગણેશની કૂઇ રે. ૨૬
નિરખ્યો ખીલાતવાડો શ્રેષ્ઠ રે કનકેશ્વરી માતા રે;
સામા આશાપુરી સાક્ષાત દેવી સુખદાતા રે. ૨૭
આવ્યા ઝાંપલી પોળે આણંદ રે દીઠું જૈનદેરૂં રે;
આગળ વોહોરવાડ છે હયાત સ્થળ યવનકેરૂં રે. ૨૮
ત્યાંથી પાછા ફર્યાં ધરી પ્રેમ રે પટલોકને માડે રે;
નમ્યા સિધ્ધનાથ ધારંબા માત તેને તેજ દહાડે રે. ૨૯
નિશાળચકલે તે ગોવરધનનાથ રે જોઇ ધોબી ઓળે રે;
આવ્યા દરબાર આગળ જાણુ ફરી ધણી ખોળે રે. ૩૦
અમે જોયો સુંદર દરબાર રે ઓપે તે દીશ રે;
રણમુકત કરણહાર દ્વારકાદિશ રે. ૩૧
ગોપીનાથ ને કલ્યાણરાય રે મંદીર તાંહી રે;
ઊલટ ધારી અંગમાં વિશેષ બાલ બહુચરબાઇ રે. ૩૨
ફર્યા દેવ દરશનને કાજ રે વિચારી પલ પલ રે;
મંડી તળે આવ્યા કવિરાજ દિઠા ધુંધલીમલ રે. ૩૩
ખાંખરવાડે દેવી ખોડિયાર રે ગોપાળરાય એવ રે;
ત્યાંથી નિરખ્યાં પંચવદન નિલકંઠ માહાદેવ રે. ૩૪
ફુલમાડી ફુલેશ્વરી આઇ રે ઉપલી શેરી રે;
જેની ખ્યાતિ સિધ્ધક્ષેત્ર જાણ મૈયા મેરી રે. ૩૫
બ્રહ્મપોળે શિવ જાગનાથ રે સામા હનુમાન રે;
એમ નિરખી દયાનિધિ દેવ વળિયા નિદાન રે. ૩૬
એમ જોયું તે સિધ્ધપુર શહેર રે હૈયે હેત લાવ્યા રે;
ગોલવાડે આવ્યા ધરી પ્રેમ મિત્ર મન ભાવ્યા રે. ૩૭
દીઠા મંદીર ત્યાં દયાળ રે હરિ રઘુનાથ રે;

બીજું બાલાજીનું સાર મંદિર સાથ રે. ૩૮
લક્ષ્મીપોળમાં લક્ષ્મીનારાયણ રે, શોભા સારી રે;
પથરપોળે શામજીનું મંઢીર, નમ્યા ગીરધારી રે ૩૯
વળી તેજ પોળે નિરધાર રે, દીઠા એવ રે;
કુઇ ઉપર નિરંજનનાથ, કોટેશ્વર મહાદેવ રે. ૪૦
આગળ વાડી બ્રાહ્મણોની સારરે, તેમાં અંબા દેવી રે;
થાય ત્રિકાલ પુજા નિત્ય, બ્રાહ્મણોએ શેવી રે. ૪૧
દર્શન કીધાં દેવી દયાળ રે, ધારી ધીર રે;
ત્યાંથી ચાલ્યા ચોંપે નિરધાર, આવ્યા જળીયા વીર રે. ૪૨
કુઇ ગણુપતિકેરી જાણુ રે, બહુચર બાઇ રે;
નમ્યા સધળે આણી હેત, ચાલ્યા બેઠક જ્યાંહી રે. ૪૩
કર્દમ પ્રજાપતીનું સ્થાન, બેઠક તેમાં રે;
રામ લક્ષ્મણ મારૂતી સ્થાન, દ્રષ્ટે દીઠું એમાં રે. ૪૪
નામ્યું આચારજીને શીષ રે અંબાનું સ્થાન રે;
આવ્યા ચિતમાં ચેતી ત્યાંય ઝેઝીના હનુમાન રે. ૪૫
બાખચોક મધ્યે સિધ્ધનાથ રે મુનિની જાગ રે;
જ્ઞાનવાપીકાનું કર્યું સ્નાન, વિચારી લાગ રે. ૪૬
નામી મહાકાળીને શીષ રે આવ્યા અલ્પા તીર રે;
લઇ તેનું નિર્મળ નિર ચઢાવ્યું મે શિર રે. ૪૭
બીદસરોવરે આવ્યા જાણુ રે થાવા શીતળ રે;
કર્દમ પ્રજાપતિને નામ્યું શીષ થયા નિર્મળ રે. ૪૮
દેવહૂતિ કપિલ મુની દેવ રે રહ્યા શિષ નામી રે;
દેવ ગદાધરને લાગ્યો પાય કાર્તિક સ્વામી રે. ૪૯

વિશ્વનાથ બીજા મહાદેવ રે નમ્યા અનુક્રમ રે;
પાવન સ્થળ જાણે કૈલાસ વ્યાસ આશ્રમ રે. ૫૦
ત્યાંથી ચાલ્યા વટેશ્વર મહાદેવ રે પાંડવ પાંચ રે:
શુભ સરસ્વતિ કેરી તીર ગયો હુતો સાચ રે. ૫૧
દીઠો દધીચીનો આશ્રમ રે સાંડીલ કુંડ રે;
તેનો અષ્ટાશ્રી આકાર પાવન સ્થળ ગુઢ રે. ૫૨
ગામ દેથલીકેરી પાસ રે ચામુંડાનો પારો રે;
આવ્યા સરસ્વતિની તીર ગુહ્યેશ્વરનો આરો રે. ૫૩
એક વાર તિરથની માંય રે કરે જો સ્નાન રે;
ધનકેતુ ઉધરિયો જેમ તેવું ફળ નિદાન રે. ૫૪
ત્યાંથી ચાલ્યા પ્રેમ ધરી મન રે શસ્ત્રકળા દેવી રે;
કેવળપુરીની થાળી જાણ શોભા જોવા જેવી રે. ૫૫
વળી વાલખીલેશ્વર દેવ રે દત્તાત્રી ગુઢ રે.
નમ્યો બ્રહ્માંડેશ્વર મહાદેવ અને બ્રહ્મકુંડ રે. ૫૬
હિંગળાજ હિંગોળી માત રે અરવડ નાથ રે;
ચંપેકેશ્વર મૃગી કુંડ જોવો તે તો સાથ રે. ૫૭
વૃખ મુનીનો ટેંઓ ત્યાંય રે વૃકીનો આરો રે;
ત્યાં હરણી પામી છે મોક્ષ રૂદેમાં ધારો રે. ૫૮
આવ્યા ખડિયા હનુમાન રે બ્રહ્માણી માતા રે;
દરશન વિજળાદેવીનું જાણ ધારદેવિ દાતા રે. ૫૯
એમ ફર્યા તીરથ અપાર રે અમે અનુક્રમ રે;
તિર્થ મહાત્મ્યતણો નહીં પાર બગદાલ્વ આશ્રમ રે. ૬૦
ગુપ્ત તીરથ છે જાણ રે નવ આવે પાર રે;

કાશીક્ષેત્ર જેવું સિદ્ધક્ષેત્ર સરસ્વતી સાર રે. ૬૧
કરશે તીરથ ધરીને પ્રેમ રે મોક્ષ તેને મળશે રે;
તેનાં કોટિ જનમનાં પાપ સહેજમાં ટળશે રે. ૬૨
તીરથ પુઠે પ્રદક્ષણા સાત રે પ્રેમ ધરી કરશે રે;
તેને અર્થ કામને મોક્ષ કાજ સહુ સરશે રે. ૬૩
એક ગાયોતણો ગોવાળ રે ગાય પુઠે ફરિયો રે;
અજ્ઞાનપણાથી તેહ સહેજે ઊધરિયો રે. ૬૪
એમ ફેરા ફર્યો તે સાત રે ધેનુને કાજે રે;
આવ્યું ઓચિંતુ વઇમાન પામ્યો મોક્ષ સાજે રે. ૬૫
માટે તીરથ કરતાં જન રે ગરબો આ ગાશે રે;
તેને મનવાંચ્છિત ફળ ચાર પ્રાપ્તજ થાશે રે. ૬૬
ગાયાં તીરથ ક્ષેત્રનાં નામ રે પહોચ્યા કોડ રે;
કવિરાજ કહે સૌ ભાઇ બોલો શ્રી રણછોડ રે. ૬૭
ગરવો ગુર્જરદેશ વિખ્યાત રે રાજભૂમિ જ્યાંહી રે;
વસે કવિ બાળાનો ઉપાસ રાજનગર માંહી રે. ૬૮
વિપ્ર ભટ્ટમેવાડો કહેવાય રે પાળે યજુર્વેદ રે;
વાચ્છસગોત્રે થયો ઉત્પન્ન ત્રિપરવર ભેદ રે. ૬૯
જપે જંત્ર મંત્ર અનુષ્ઠાન રે બાળાની મહેર રે;
આવ્યો તિરથ કરવા કાજ ઉઠી મન લેહેર રે. ૭૦
થઇ સંત કવિનો દાસ રે ગાયો આ ઠામ રે;
ગરબો આણી તે પૂરણ પ્રેમ કવિ મણિરામ રે. ૭૧

—o—

પદ.

બહુચરબાઇ સુણો અર્જ મહારી, ટેક
સૃષ્ટિ મંડાણે તું છે શક્તિ, જાણે કો વિરલાં વિરક્તિ;
ભાવે ભવાની કરે તાહારી ભક્તિ રે. બહુચર૦ ૧
વેદ શ્રુતિમાં તુજને વર્ણે, વ્યાખ્યા સૃષ્ટિ તેજાવર્ણે;
માજી અડસઠ તિરથ તારે ચર્ણે રે. બહુચર૦ ૨
બ્રહ્મા વિષ્ણુ નારદ શારદ, તે સહુ જાણે તારૂં હારદ;
તારા તેજમાં તે સહુ ગારદ રે. બહુચર૦ ૩
જક્તબીજ જનુની શેવું જાણી, મન શક્તિ ઉલટ આણી;
મને જાણી પોતાનો લેજો તાણી રે. બહુચર. ૪
સચરાચરમાં તું મંમાયા, માર્કંડેયે ગુણ તારા ગાયા;
ભાવે ભજે તેની વારે ધાયા રે. બહુચર. ૫
ગંગા જુમના નર્મદા કાશી, માનસરોવર રહ્યાં પ્રકાશી;
માની શેવામાં હાજર સ્વર્ગવાશી રે. બહુચર. ૬
ચરણામૃત બાલાનું લેજો, આવે તનમાં તેથી ભેજો;
મણિરામને માતા દરશન દેજો રે. બહુચર. ૭

પદ.

મહંમાયા મારી ઝાલજો તમે બાંહી, ટેક.
ભક્તિ ભવાની લેશ નહીં મારે, તુજ વિના મને કોણ ઉગારે;
બાળા ત્રિપુરા ચઢજો મારી વાહારે રે. મહંમાયા. ૧
પલપલનો છું હું અપરાધી, નામ લીધું નહીં તારૂં સાધી;
કુડ કપટે રાખ્યો મને બાંધી રે. મહંમાયા. ૨

દંભ કરીને ફરતો ઘરણે, ચિત્ત ના રાખ્યું તારે ચરણે;
હવે આવ્યો મહંમાયા તારે શરણે રે. મહંમાયા. ૩
કાલસુત્રનો ભય ના જાણ્યો, પાઠ તારો રૂદે ના આણ્યો;
ભટકયો ભૂતળમાં શોખ માણ્યો રે. મહંમાયા. ૪
માનસરોવર હવે મા નહાવું, ભક્તિ કરીને પાવન થાવું;
માજી ચર્ણ તે તારા હું તો ચહાવું રે. મહંમાયા. ૫
જેવો તેવો દાસ છું તારો, ગમે તો તારો કે મારો;
મે તો શેવ્યો છે બહુચરબાઇનો પારો રે. મહંમાયા. ૬
જંત્ર મંત્રનો ભેદજ જાણી, મહંમાયાને લીધાં મેં માણી;
મણિરામની માતા કલ્યાણી રે. મહંમાયા. ૭

પદ.

પૂજન કીજે ભાવથી રે ભવાની, ટેક.
પ્રાણ અપાન વાયુને રૂંધિ, કરવી તનડાકેરી શુદ્ધિ;
કરીયે ન્યાસ ધ્યાન ને શુદ્ધ બુદ્ધિ રે. પૂજન. ૧
પ્રક્ષાલન પ્રેમેથી કીજે, માનસરોવર જળ ભરી લીજે;
માને અર્ઘ તે ભાવે ભાઇ દીજે રે. પૂજન૦ ૨
શણગાર માને સુંદિર કરિયે, જેથી ભવસિંધુને તરિયે;
માના ચરણમાં ચિત્ત ચાલી ધરિયે રે. પૂજન૦ ૩
ગંધાક્ષતે પૂજો શક્તિ, ધુપથી દિપથી કરજો ભક્તિ;
માના પૂજન સમયે રહેજો વિરક્તિ રે. પૂજન૦ ૪
પ્રથમા દ્વિતિયા માને ચરણે, અરપો કરી પ્રેમ અવર્ણે;
સેવિ શક્તિને રહેજો સહુ શરણે રે. પૂજન૦ ૫

સેવો શક્તિ થઇ તદ્રાકારે, એકો વ્યાપી નિરાકારે;
ગ્નાન ધ્યાને લ્યો એનો આધાર રે. પૂજન. ૬
ચરણુમાં ચિત્ત માને ધરશો, ચોરાશીનો ફેરો તરશો;
મણિરામ દીલમાં નવ ડરશો રે. પૂજન. ૭

૫૬.

ભજવાં રે ભાઇ ભાવથી ભવાની, ટેક.
ભાવવડે ભવાની ભજવાં, કલીમળ અંતરથી સહુ તજવાં;
હેતે માંડો બાળાનું પૂજન સજવા રે. ભજવાં૦ ૧
માનસરોવર નાહો ઉલ્લાસી, અડસઠ તીરથ રહ્યાં પ્રકાશી;
માને ચરણે તે કોટિક કાશી. રે. ભજવાં. ૨
બાળા ત્રિપુરા નામ આધારે, કંઇક જન ઉતરિયા પારે;
માજી કષ્ટ સમે ધાયાં વાહરે રે. ભજવાં. ૩
ગરવ તજી ગાયત્રી ગાને, સુરમુનિ સહુ જેને માને;
હીરા વખત ગુમાવે તુંતો શાને રે. ભજવાં. ૪
ગાંધીસુતને બ્રહ્મપદ આપ્યું, દેવોનું સહુ કષ્ટજ કાપ્યું;
ભયભંજની નામજ સ્થાપ્યું રે. ભજવાં. ૫
માજી સૃષ્ટિ તેજવર્ણે, સેવો શાણા તેના ચર્ણે;
દેખો પ્રત્યક્ષ પારખું ધર્ણે રે. ભજવાં. ૬
જે કોઇ કરશે એની ભક્તિ, બાળાની થઇને વિરક્તિ;
મણિરામની ઇષ્ટ ઇચ્છા શક્તિ રે. ભજવાં૦ ૭

———०:०:०———

વીસનગરનો ગરબો.

સારૂ સારૂ રે સુરત શેહેર. (એ રાગ.)

પ્યારૂ પ્યારૂ રે વિસનગર શેહેર,
શોભા બહુ સારી;
મહ માયાજી કરજો મેહેર, શોભા બહુ સારી. ટેક.
વિસનગર તો પ્યારૂ વાહાલા,
વિશ્વ વિષે વિખ્યાત રે;
ગુજરાતમાં ગાય ગાયકવાડી તે
પ્રસિદ્ધ છે પ્રખ્યાત. શોભા૦ ૧
ધમધોકારે ધંધો ચાલે છે,
ધનવાનનો તેમાં વાસ રે;
વર્ણ વસે વિસનગરના વિષે,
વૈષ્ણવ વહાલા હરિદાસ. શોભા૦ ૨
પુણ્યવંતુ પાવન નગર છે,
પરમારથમાં તે પૂરૂં રે;
ધરમના કામમાં ધ્યાન ધરે ઘણું,
સૌ વાતે તે શૂરૂ. શોભા૦ ૩
નાગર વિપ્રને નાગર વાણિયા,
વસે નગરની માંય રે;
કંસારા કણબી ને કાછિયાં,
સલાટ સુતાર ત્યાંય. શોભા૦ ૪
ઘાંચી મોચી સઇ ને શ્રાવક,
છીંપા શૂરવીર શૂરા રે;

વ્હોરા હલાલી મુસલ્લા મસ્તાની,
પીંજારા પ્રપંચી પૂરા. શોભા૦ ૫
હલાલ હજામ ને સોની શૂરા,
થેકાર કરે તરગાળા રે;
લવાર લોક તો લોઢું ટીપે,
શાક વેચે સથવારા. શોભા૦ ૬
તે સૌ સુંદીર નગરમાં રહેતા,
ઉજળામણ ઝાકમઝોળ રે;
વિસનગર વિરક્ષેત્રના જેવું,
તેને છ છે સુંદર પોળ. શોભા. ૭
પ્રથમ પટણીપોળે નરખ્યા,
મા'દેવ તો મહંકાળી રે;
ભગવતીના ભવ ભોળા ભાળ્યા,
પ્રથમ પોળે કરી ભાળ. શોભા૦ ૮
પટણીપોળ ને વડનગરી પોળ,
સામા સામી વિરાજે રે;
તે બે પોળની બાજુ ઉપર,
તળાવની તીરે છાજે. શોભા૦ ૯
તળાવની તીર વિસનગર છે,
પનઘટ ત્રણજ ધારી રે;
તાંબા બેડે પાણી ભરવા,
આવે લટકે પણિયારી. શોભા૦ ૧૦
ખાલી આવે ને ભરી જાય છે,
શ્યામલડી કોઇ ગોરી રે;

પીંડતારક જે તળાવ રે;
ફતેહ દરવાજે કડાની પોળમાં,
જોઇ આણી ભાવ. શોભા૦ ૧૭
કડાની પોળે કહાનકુવો ને,
ડેપલ તળાવ છે એવ રે;
પ્રેમ ધરીને પરખ્યા ત્યાંતો,
જાલેશ્વર મહાદેવ. શોભા૦ ૧૮
લહાવો લેવા ત્યાં લોકજ આવે,
સાધુની જગ્યા સુંદીર રે;
દિપરાની પોળે દીઠું,
ગૌસ્વામીનું મંદીર. શોભા૦ ૧૯
ગોરધનનાથજી દ્વારકાનાથજી,
બેઠક વળી કહેવાય રે;
વણિક વૈષ્ણવ નરનારી સૌ,
સમે દરશને જાય. શોભા૦ ૨૦
હીરા વાવ્ય ને ખારી વાવ્યે,
બીરાજ્યાં કાળિકા દેવી રે;
સવાલાની પોળ ત્યાં સુંદીર,
શોભા દીઠી એવી. શોભા૦ ૨૧
પ્રેમે પુરમાં ફરવા રે લાગ્યા,
વિચારી દીલ સાથ રે;
ભાવ ધરીને ગોવીંદ ચકલે,
જોયા ભોળા સિધ્ધનાથ. શોભા૦ ૨૨

ગુંદીખાડ ને ઝાંપલી પોળે,
ખપ કરી કીધી ખોળ રે;
સલાટવાડે વેરાઇ માતા,
બળિઆ દેવ રંગરોળ. શોભા૦ ૨૩
લાલ દરવાજેથી લાલ લોક,
લેહેર લેવા જાય રે;
આવકનું સુંદીર દેરૂં છે,
સ્વામીનારાયણનું ત્યાંય. શોભા ૨૪
લાલદરવાજેથી લાલે લહ્યો છે,
મોટો વ્હોરા કૂવો રે;
મધ્ય બજારે મનમાં વિચારી,
સુંદીર મંડી જુવો. શોભા ૨૫
શોભા સુંદીર સારી જોતા,
ચાલ્યા સીધે શહેર રે;
મોડાસિયા ચોપાટે આવ્યા,
માણુતા મોહોટી લેહેર. શોભા૦ ૨૬
ભાંડીયાપોળે ભોળાં ભાળ્યો,
માતા બહુચર એવ રે;
ઠાકોરની લીંબડીયે ભાળ્યા,
નિલકંઠ મહાદેવ. શોભા૦ ૨૭
રામજી મંદીર રૂડું ત્યાં નિરખ્યું,
થાકથી થાકી અમે બેઠા રે;
કવિરાજ કલ્પના કરીને,

માછવાડાગાં પેઠા. શોભા૦ ૨૮
મંદીર મનમાન્યા ત્યાં જોયાં,
નિરખી થયો હું ન્યાલ રે;
શંખ ચક્ર ગદા, પદ્મ ધારણ,
નરખ્યા હરિહરલાલ. શોભા૦ ૨૯
ઠામે ઠામે ઠીકજ ફરિયો,
અહીં મારૂં મન ઠરિયું રે;
હાટકેશ્વર મહાદેવકેરૂં,
દરશન વળતુ કરિયું. શોભા૦ ૩૦
માછવાડાથી મનજ માન્યું,
જોયો સુંદીર દરબાર રે;
કાળાં કૃત કરનારા જનને,
જોવો પડે નિરધાર. શોભા૦ ૩૧
સેલ તે સુંદીર કરી અમે તે,
સાંકડી શેરીમાં આવ્યા રે;
વાઘવાહની વાહાલાં મારાં,
મારે મનડે ભાવ્યાં. શોભા૦ ૩૨
દેવી દેખ્યા અંબિકા મેંતો,
દુઃખ મારા દુર પળિયાં રે;
કંસાળાપોળમાં કાળકાદેવી,
દરશને પાપજ ગળિયાં. શોભા૦ ૩૩
સુંદર શોભા શેહેરની નિરખી,
જોયહૈડું મારૂં હરખ્યું રે;

ચતુરાની ચતુરાઇજ દેખી,
પ્રેમ કરી સૌ પરખ્યું. શોભા૦ ૩૪

વિસલનગરની વાંકી નારી,
નેણ ચમકારા ઝાડે રે;
મોટા મુનિને મોહ પમાડી,
પ્રેમદા પળમાં પાડે. શોભા૦ ૩૫

વિસનગર તો વસમું ભાઇ,
કોઇ વાતે નહીં કચ્ચું રે;
ચાતુર્ય ચંચળતા શોભામાં,
જાણે મુંબઇનું બચ્ચું. શોભા૦ ૩૬

ગાશે ગરબો વીસનગરનો,
તેને થાશે લીલા લેહેર રે;
ભાવથકી તે ભણજો ભાઇ,
મહંમાયા કરશે મેહેર. શોભા૦ ૩૭

મણિલાલ કવિરાજ કહે છે,
ગાશે ગરબો નર નાર રે;
રાજી થશે હ્રદયજ તેનું,
ધન તેનો અવતાર. શોભા૦ ૩૮

બ્રહ્મ કુળમાં જન્મ કવિનો,
ભટ મેવાડો કહેવાય રે;
રાજનગરનો રહેનારો તે,
વિસ્તારીને ગાય. શોભા૦ ૩૯

ગરબી ૧ લી.

સારૂં સારૂંરે સુરત શેહેર—એ રાગ.

સુણો શામ સલુણા રાય રમ્યા ક્યાં રાતલડી ?
કાહાવ્યા કોણતણા કૃષ્ણકંથ દારી કોની છાતલડી ? ટેક.
રાઘવ રજની ક્યાં રમી આવ્યા, સાચાં કહોને વેણરે;
કોણ મળીતી રંગની રસિયણ? ઉજાગરાં દીસે નેણ. રમ્યા૦ ૧
તેલ ફુલેલ આવડું કોણે મર્યું? વાત ના કરશો આડીરે;
છાનું છેલા નથી રહેવાનું, આ કોની વીંટેલી સાડી? રમ્યા૦ ૨
ચાંદલો કોણે ચોઢી વળાવ્યાં? નિશાન કોણે કર્યું ગાલરે;
મુગટ મોહન કેમ વિખરાયો, સાચુ કહોને લાલ. રમ્યા૦ ૩
લોચા પડતું લાલા શું બોલો, ગભરાયા કેમ દીસોરે?
અન્યાય અલબેલા કોનો કાપો? આઘા પાછા ખીસો. રમ્યા૦ ૪
શામસુંદર જાણુંછું શાણા, ઘેરઘેર ભટકાં મારોરે;
મણિરામના રસિક બીહારી, ખોટા એ છે ધારો. રમ્યા૦ ૫

ગરબી ૨ જી

રાધા રસીલી ગુણ ભંડાર તારે સારૂ તરસુ;
જોઇ લટકો ચટકો ખુબ મારા મનમાં હરખું. ટેક.
રાધા રૂપે રસીલી રૂડી તુજપર મનડું મોહ્યું રે;
પ્રાણજીવન હું પરવશ પડિયો, ચિત્ત તુજમાં મુજ પ્રોયું. તારે૦ ૧
હાવભાવ મેં તાહરો દીઠો, મૃગનયણાં વિશાલ રે;
સુંદર સુઘડતા તાહારી સારી, કરી નાખ્યો બેહાલ. તારે૦ ૨

હંસગતિ ગજગામની રાધા, મન મહારૂં હરી લીધું રે;
ચિત ના ચોટે મન મારૂં લોટે, કામે દુખજ દીધું. તારે૰ ૩
અન્ન ના ભાવે નિદ્રા ના આવે, મન મારૂં છે ભમતું રે;
ઘેલો બન્યો રાધા તુજ સારૂ, ઘરમાં નથી ગમતું. તારે૰ ૪
શોચ કરૂં હું સુંદરી નિત્યે,, વાત હદેમાં ધરજો રે;
મણિરામના સ્વામીને ઠાવે, મેહેર કરીને મળજો. તારે૰ ૫

ગરબી ૩ ૭

મન મોહ્યું જોઇ મોહનલાલ, સાંભળ સહી મહારી;
વાહાલો લાગ્યો ગીરધરલાલ, સાંભળ સહી મહારી. ટેક.
કાનુડો ઘણો કામણગાળો, કામણગાળાં નેણરે;
ઘેલી કરી વ્રજનારી એણે, એના સારાં લાગે વેણ. સાંભળ૰ ૧
શામસુંદર એ પાતળિયો, મૃગનયણાં વિશાળરે;
વાંસળિયે મારૂં હદય ભેદી, કરી નાખી બેહાલ. સાંભળ૰ ૨
મોર મુગટ ને કાને કુંડળ, શશિ ચળકે લલાટરે;
મોહન સુંદર છબી જોઇને, વિકળ થઇ બારે વાટ. સાંભળ૰ ૩
હંસાગમની ચાલજ ચાલે, મોરલી ગ્રહીને હાથરે;
વચ્છ ચરાવવા પોતે જાતા, ગોપ મંડલી સાથ. સાંભળ૰ ૪
એવો સુંદર શામસલુણો, ઇચ્છિત પર અવિનાશરે;
કહાનકુંવર કુંવારો છે બેહેની, એટલી મુજને આશ. સાંભળ૰ ૫
બેહેની તાહારે પાવલે લાગુ, મેળવ્ય એ વર જોડરે;
ચરણમૂલે હું દાસી તારી મળે, મણિપ્રીતમ રણછોડ. સાંભળ૰ ૬

ગરબી ૪ થી.

મારા મન માન્યા મોહન, જૂઠા શું થાવો છો;
વારે વારે વિઠ્ઠલજી આપ, વચને તમે વા'વો છો. ટેક.
વારે વારે વચને વાઇ, દીલાસા અમને ઘોછો રે;
સલુણી તહારે ભોવન આવું, એ રીતે નિત્ય કહોછો. જૂઠા. ૧
તેમાં અર્થ સરે નહીં એકે, અમે વિશ્વાસે રહિયે રે;
તમે કહો ત્યાં હાજર થવાને, વેળાસર અમે જઇયે. જૂઠા. ૨
ઘરધંધો અમો મૂકી જઇયે, ખોટી થવાને કાજરે;
નવ આવો નટવર ત્યાં જ્યારે, આવે દીલમાં દાઝ. જૂઠા. ૩
ખોટી થઇ અમે પાછાં ફરિયે, થઇ દીલમાં નિરાશરે;
જાણ્યા જાણ્યા ઢંગ તમારા, કોણ કરે વિશ્વાસ. જૂઠા. ૪
આજથકી ના ગણું ભરોસો, હું તો સુંદીરસ્યામરે;
મણિરામના રસિકબિહારી, ખોટું તમારૂં કામ. જૂઠા. ૫

ગરબી ૧ લી.

ગોરસવાળી ગોપીકા રે તું ક્યાં જાય છે;
આ મથુરાં કેરી વાટ દાણ મારૂં થાય છે. ટેક.
દાણ આપી જા મુજને રે તું ક્યાં જાય છે;
ઓ ગુમાન ભરેલી નાર દાણ મારૂં થાય છે. ૧
સાચું કહું સખી તુજને રે તું ક્યાં જાય છે?
અલી ઉતાર મહીનું માટ દાણ મારૂં થાયછે. ૨
નહીં માને જો આપથી રે તું ક્યાં જાય છે?
અમે ફોડીશું તારૂં માટ દાણ મારૂં થાય છે. ૩

માટે આપો હેતથી રે તું ક્યાં જાય છે?
અલી મૂકી માન ગુમાન દાણ મારૂં થાય છે. ૪
છોડું નહીં અલી નાયકા રે તું ક્યાં જાય છે?
અમો લીધા વિના દાણ, દાણ મારૂં થાય છે. ૫
દાણ આપો ઝટપટ મુજને રે તું ક્યાં જાય છે?
અલી ખેંચીશું તહારૂં ચીર દાણ મારૂં થાય છે. ૬
કાંઇ સમજો ગોપી દીલમાં રે તું ક્યાં જાય છે?
અલી નહીં રહે તારી લાજ દાણ મારૂં થાય છે. ૭
મણિના સ્વામી બોલિયા રે તું ક્યાં જાય છે?
અલી ખાઇશ મુખની ગાળ દાણ મારૂં થાય છે. ૮

ગરબી ૨ જી

દાણ લેનારા ગોવાળિયા રે ઓ ગીરધારી;
કાંઇ વિચારી મુખથી બોલ ફજેતી થશે તારી. ટેક.
મહીતું દાણ સુણ્યું નથી રે ઓ ગીરધારી;
તું કેમ રોકે પરનાર ફજેતી થશે તારી. ૧
હું વ્રખુભાણની બેટડી રે ઓ ગીરધારી;
જો ઘેર જઇ કરશું વાત ફજેતી થશે તારી. ૨
વળી ખબર કરૂં કંસરાયને રે ઓ ગીરધારી;
કાંઇ ઉતરશે તારૂં તેજ ફજેતી થશે તારી. ૩
તું મદ રાખે માથા વિષે રે ઓ ગીરધારી;
કોઇ મળશે માથાની નાર ફજેતી થશે તારી. ૪
જોરાવરીથી નહીં મળે રે ઓ ગીરધારી;

કાંઇ સમજો દીલમાં આપ ફજેતી થશે તારી. ૫
પ્રીતે કામ સહુએ બને રે ઓ ગીરધારી;
કાંઇ તાણે તૂટી જાય ફજેતી થશે તારી. ૬
મારગ મૂકી રહો પાંસરા રે ઓ ગીરધારી;
કાંઇ મૂકો માન ગુમાન ફજેતી થશે તારી. ૭
મણિ પ્રીતમ સાચું કહું રે ઓ ગીરધારી;
અમો કોપ્યાં જેણીવાર ફજેતી થશે તારી. ૮

ગરબી ૩ જી.

જાદુવાળી રાધિકા રે તું ઉભી રહે;
શું દેખાડે મુજને બીક ઠગારી ઉભી રહે. ટેક.
શું કરશે પિતા તાહરો રે તું ઉભી રહે;
હું નથી ડરતો લગાર ઠગારી ઉભી રહે. ૧
મૂકી ઉઝત અલી રાધિકા રે તું ઉભી રહે;
કાંઇ આપ અમારૂં દાણ ઠગારી ઉભી રહે. ૨
જોરાવરી થાશે નહીંરે તું ઉભી રહે;
રાધા ખોઇશ તારી લાજ ઠગારી ઉભી રહે. ૩
ચાળા જાણું તુજતણા રે તું ઉભી રહે;
પણ નહીં જવા દેઉં આજ ઠગારી ઉભી રહે. ૪
કંસ રાજા અલી કુણ છે રે તું ઉભી રહે;
જાણ માહરે આટલામાં લુણ ઠગારી ઉભી રહે. ૫
અમો ગોકુળના ગોવાળિયા રે તું ઉભી રહે;
અહીં લાગે અમારૂં દાણ ઠગારી ઉભી રહે. ૬

પતરાજી તું કરેશ માં રે તું ઉભી રહે;
અમો લઇશું તહારૂં દાણ ઠગારી ઉભી રહે. ૫
મણિ પ્રીતમ બોલિયા રે તું ઉભી રહે;
રાધા તુજને નથી ગ્નાન ઠગારી ઉભી રહે. ૬

ગરબી ૪ થી.

શાણા છો તે જાણિયેરે ઓ પાતળિયા;
શું જોર જણાવો આજ સુંદર શામળિયા. ટેક.
ગર્વ ધરો શું મનમાં રે ઓ પાતળિયા;
કાંઇ જુઓ વિચારી પોત સુંદર શામળિયા. ૧
એવા જોરાવર હતા રે ઓ પાતળિયા;
કેમ નાશી આવ્યા આંય સુંદર શામળિયા. ૨
માત પિતા બંધન રહ્યાં રે ઓ પાતળિયા;
તમે વશિયા ગોકુળ ગામ સુંદર શામળિયા. ૩
તવ જોર તમારૂં કયાં ગયું રે ઓ પાતળિયા;
જે ગર્વ કરોછો આજ સુંદર શામળિયા. ૪
જોરાવર ગોકુળે થયા રે ઓ પાતળિયા;
શું રાખો આવડું ગુમાન સુંદર શામળિયા. ૫
જાણ્યા જોરાવર અમો રે ઓ પાતળિયા;
શીદ ગુમાવો તમારૂં પોત સુંદર શામળિયા. ૬
એમ રાધા કહેછે રીઝમાં રે ઓ પાતળિયા;
ત્યારે હર્ખ્યા સુંદિર શ્યામ સુંદર શામળિયા. ૭
રાધાજી શું આલિંગિયા રે ઓ પાતળિયા,

મણિરામતણા કીરતાર સુંદર શામળિયા.

ગરબી ૧ લી.

જાવા ઘોની કહાના, મારગ મૂકી, જાવા ઘોની કહાના. ટેક.
કઇ વેળાની રોકી રાખીછે, મુને તમે દાના. મારગ. ૧
સાસુ સેતાન જો જાણશે તો, ઉત્તર દેઉં શાના. મારગ. ૨
કારમો ક્રોધી સ્વામી અમારો, ખીજે છાના છાના. મારગ. ૩
મહી વેચવાનું મીશ કરીને, એવે નિકળી બાના. મારગ. ૪
મણિરામના પ્રભુ રસિક બિહારી, જાવાઘો છાનામાના. મારગ. ૫

ગરબી ૨ જી.

નહીં રે જાવાદેઉં તું ને, મારગ મૂકી, નહીં રે જાવા દેઉં તુંને. ટેક.
કાલે ઠગી તું નાશી ગઇતી, છેતર્યો છબીલી મુને. મારગ૦ ૧
ગારી ઠગપણું તારૂં રે જાણ્યું, સમજાવેછે કુને. મારગ૦ ૨
દાણ લીધા વિના નહીં હું છોડું, પકડાયાં પ્યારી ગુને. મારગ૦ ૩
મહી તહારૂં અમો ચાખ્યા તે વિના, કેમ જવાદેઉં સુને. મારગ૦ ૪
મણિરામનો હું નાથ બિહારી, રોકી કેમ રાખું તુંને? મારગ૦ ૫

ગરબી ૩ જી.

મંદીર આવો લાલા, કૃપા કરી, મંદીર આવો લાલા. ટેક.
વહાલા મહારા રસીક બિહારી, પાવું દૂધના પ્યાલા. કૃપા૦
આજ નિશ્ચયે આવો વનમાળી, હાર મુકીશ ઠાલાં, કૃપા૦

મહી વેચવા મારી સાસુ ગયાં છે, પરણ્યો પરદેશ વહાલા. કપા० ३
ઘેર છે નણદી બાલુડે વેશે, ભય નથી તેનો કાળા. કપા० ४
મણિરામના તમો રસીક બીહારી, માણો વ્રજબાળા. કપા० ५

ગરબી ४ થી.

શિદ આવો લાલા, મહારી કેડે, શિદ આવો લાલા. ટેક.
જળ જમુના અમો જઈયે છે જ્યારે, પૂંઠે આવો કાળા. મહારી० १
તિર કશી શું કરવા મારો છો, ઘડો ફુટશે વહાલા. મહારી० २
ગાળો ગોપીઓ સર્વે તને દેશે, વ્રજતણી બાળા. મહારી० ३
ચીર અમારાં જળથી ભીંજાવો, ફજેત થાશો ઠાલા. મહારી० ४
મણિરામના તમો રસિક બિહારી, શિદ કરો ચાળા? મહારી० ५

ગરબી ५ મી.

માનો કહ્યું મારૂં, શામા હવે, માનો કહ્યું મારૂં. ટેક.
તારા ઉપર મુજ મન લલચાયું, બોલવું લાગે પ્યારૂં. શામા० १
ટુંકારા ખાવા છેડીયે તમને, મે'ણું લાગે સારૂં. શામા० २
મોહનીમંત્ર તુજમાં ભર્યો છે, શશિવત્ મુખ તહારૂં. શામા० ३
પ્રાણપ્યારી તુજ ઉપર મોહ્યો, કોટી વદન વારૂં. શામા० ४
મણિરામનો પ્રીતમ કહેછે, પ્યારી કરવા ધારૂં. શામા० ५

ગરબી ६ ઠી

ખાશો તમે ગારી, સમજો કહાના, ખાશો તમે ગારી. ટેક.

હું વ્રખુભાન કેરી છું બાળા, બોલોને વિચારી. સમજો૦ ૧
વિચાર કરી વદોને રે વાણી, નવ કહેશો પ્યારી. સમજો૦ ૨
બકરવાદી શિદ કરોછો, કંસનું રાજ ભારી. સમજો૦ ૩
મારગ જાતાં રામઓને રોકો, એ રીત નહીં સારી. સમજો૦ ૪
મણિરામના તમે રસિક બિહારી, ફજેતી થાશે તારી. સમજો૦ ૫

ગરબી ૭ મી.

શું રે બોલે નારી, મારા સામું શું, રે બોલે નારી? ટેક.
શું છે થવાનું તુજ પિતાથી, નાંખું કંસને મારી. મારા૦ ૧
તૃણ સમાન સર્વેને હું જાણું, કરૂં તુને પ્યારી. મારા૦ ૨
રસરંગ તહારો લીધા રે વિના, જાવું મુસ્કેલ ભારી. મારા૦ ૩
બેરો છું હું નંદરાયકેરો, નામ છે ગીરધારી. મારા૦ ૪
મણિપ્રીતમનાં વચન સુણીને, લટકે કીધી યારી. મારા૦ ૫

ગજલ-રાગ કાફી.

નેનુવા લગાકે ઘાયલ કીની, બાળા મીજેકુ દીની;
કહા મુજે હે તુમ દીલજાની, પ્યારી કીની મીજેકુ સેલાની. ટેક.
દેખ છેલાકુ ભઇ બેભાને, લગા ઉનકેપર મુજ તાને;
ઘાયલ કીની મુજકુ કહાને, મીલજા કોનસે ઠેકાને. ૧
કીયા જાદુ મીજે જાદુગારે, તન મન હરલીયા સારે;
મેરે મન બસ ભયે પ્યારે, અબ કબ મીલેગા યારે. ૨
મેરે તમપે ઉસપર જીયાં, નહીં ઉનકા અધરામૃત પીયાં;
મરે હામ ડાર નહીં દીયાં, ઉનકા સંગ કછુ ન કીયાં. ૩

મેરા કામ બીલકુલ હોતા ભારી, મીલે નહીં મીજેકું ગીરધારી;
મેરા જીયા ભયાહે બીકારી, પ્રભુને ઘાયલ કરડારી. ૪
સુઝે ના કછુ મીજે બાઇ, ખાનાપીના અછા કુચ નાહી;
કહેતે દીવાની લોક લાઇ, મેરે મન બસ ગયે કનાઇ. ૫
સાસુ ઓર નનંદ જેઠાની, દીયર જેઠ મેરે હે અજ્ઞાની;
સખી મેરા ખાવિંદ અભિમાની, મીજેકુ ઠેરાઇ દીવાની. ૬
સખી સચ્યાં કહેતી હું તુજકુ, સુખ હોવે લાલાકી મુજકુ;
મણિકા પ્રભુ દેખાવ મુજકુ, સચી બાત કહેતી સખી તુજકું, ૭

ગજલ ઉપર પ્રમાણે.

નંદલાલ મનમાં વિચારો, નેણબાણ અમને શું મારો;
રસ્તે રામા રોકો ખોટા ધારો, ઉપરે હાથ કેમ ડારો? ટેક
પાલવ ખેંચો રહિયે અમે સાંખી, ચુબન કરો ગળે હાથ નાંખી;
અધર દંત દેતાં ભુડું ભાખી, જુવો શું કુડી દૃષ્ટે ઝાંખી. ૧
લોકની લાજ રૂદે ધરિયે, વિચારી કૃત વિઠ્ઠલ કરિયે;
પર રામા પુઠે નવ ફરિયે, દુરિજન લોકથકી ડરિયે. ૨
અમે નથી નિર્લજ તમે જેસે, આવું કરે લાજ કેમ રહેશે?
ઉછંગળા કોઇ ગાળ દેશે, કલંક લોકમાં આવી બેસે. ૩
ધૂતારા નવ દીઠા તમ જેવા, સાસુ પૂજે ઉત્તર શા દેવા?
મુજને મારગ જડે નહી કહેવા, મૂકો પરનારીતણો હેવા. ૪
ઓળ પોતાનો ખૂણે ખાઇયે, પર રામા પૂઠે નવ જઇયે;
શાળા થઇ મરજાદા લઇયે, કોઇને કુવચન નવ કહિયે. ૫
અમે પ્રેમ પાશમાં બંધાઇ, કહી નથી શકતી તમને કાંઇ;

વિચારીને ચાલો જુગ માંહી, શાણપણું બેસોને સાઇ. ૬
લોક મરજાદા ધરો તનમે, વ્હાલા કાંઇ વિચારો મનમે;
પૂઠે પૂઠે શિદ ફરો વનમે, મણિરામના પ્રભુ છો દલમે. ૭

ગરબી ૧ લી.

એકલી જાણીને રોકી જુમનાને ઘાટે રે. ટેક.
શામ સલુણો મતવાલો છે આવે ગોપીયોને માટેરે. એકલી૦ ૧
રાઢ કરી રંજાડે રે અમને, શામળીયો મથુરાં વાટરે. એકલી૦ ૨
પાલવ તાણી પીડો મારીને, ફોડે છે મહી માટેરે. એકલી૦ ૩
મહી ઢોળીને માળા રે તોડે, આંખોમાં મહી છાંટેરે. એકલી૦ ૪
આંખ્યો ચોળતાં ચુંબન કરતો, વહાલો ઉર અમ તાટેરે. એકલી૦ ૫
ઉઝત કરે અલબેલોરે અમશું, મેળવી સખાનો ઠાઠેરે. એકલી૦ ૬
મણિરામનો સ્વામી રસિકબીહારી, દુરઘટ એવો ઘાટેરે. એકલી૦ ૭

ગરબી ૨ જી

આઘો રહે તું સામળા કેમ ઉર મુજ તાણેરે. ટેક.
મસ્તાના શું થાવો મારગડે, દુરીજન કોઇ જાણેરે. આઘો૦ ૧
કંથ કૂડીલો વાત જો જાણે, અંત મારો તે આણેરે. આઘો૦ ૨
સાસુ ઠગારી નણંદ ધુતારી, આગળ મુકે પરાણેરે. આઘો૦ ૩
દુરિજનથી ડરતું છે દીલમાં, ચિત્ત રાખો ઠેકાણેરે. આઘો૦ ૪
દીલ મળ્યું તો મુખ નવ વદીયે, સમજાવીયે સાનેરે. આઘો૦ ૫
સમો વિચારી ચાલો સામળીયા, અંતરવાત કોનાજાણેરે. આઘો૦ ૬
સાચું કહું મણિરામના સ્વામી, માહારૂં તમપર તાનેરે. આઘો૦ ૭

ગરબી ૩ જી.

બળદેવજીના બાંધવા કેમ મૂક્યાં વિસારીરે. ટેક.
પ્રીત કરી તરછોડયાંરે અમને, ગયા મથુરાં ગીરધારીરે. બળદેવ૦ ૧
કુવામાં ઉતારી વર્તેજ વાઢયાં, દીલથી મુકયાં ઉતારીરે. બળદેવ૦ ૨
મથુરામાં મત્ત ફેરવી મોહનજી, પેલી કુબજા ધુતારીરે. બળદેવ૦ ૩
વ્રજવનિતા વિસારી વહાલા, મોહ્યા કુબજા તે કાળીરે. બળદેવ૦ ૪
કોણ જાણે કીયા જનમની વેરણ, સોકય થઇ અમને સાલીરે. બળદેવ૦ ૫
અમો અબળા ઝુરૂં છું નિશદીન, પ્રીત પ્રેમ સંભારીરે. બળદેવ૦ ૬
દયા નહીં મણિરામના સ્વામી, પેટમાં મારી પાળીરે. બળદેવ૦ ૭

ગરબી ૪ થી.

સામળીયાયે સાનમાં મુને સમજાવી દીધીરે. ટેક.
સાને સમજાવી એકાંતે બોલાવી, પ્રાણપ્યારી મુને કીધીરે. શામ૦ ૧
મોહ ચઢાવ્યો માયા દેખાડી, મુને ઉછંગમાં લીધીરે. શામ૦ ૨
લટપટ કરી સમજાવી વહાલે, લેને આપું સહુ સિદ્ધિરે. શામ૦ ૩
ગરજ સમે ગાંડો થયો ગોવિંદ, હાવ ભાવથી વિંધીરે. શામ૦ ૪
કપટ કરી મને વિહ્વળ કીધી, કામ મારો ગયા જીતીરે. શામ૦ ૫
અલબેલે અળગી ગુજનેરે કીધી, વિયોગ પીડા ઘણી વિતીરે. શામ૦ ૬
સ્વામી મણિરામનો છે ધુતારો, પ્રીતમાં કરે અનીતિરે. શામ૦ ૭

ગરબી ૫ મી.

પાતળિયાએ પ્રીત કરી પાછળથી તરછોડીરે. ટેક.

વિના કારણે વાંકુ બોલીને, આળ શિર પર ચોઢીરે. પાતળિ૦ ૧
હરજી કહે મરજી નવ રાખી, આવે તું નિત્ય મોડીરે. પાતળિ૦ ૨
ગાળ દેઇ ગોવિંદજી ખસીગો, પ્રીત અવરશું જોડીરે. પાતળિ૦ ૩
માયા લગાડી મોહનેરે મારી, પળમાં પ્રીતડી તોડીરે. પાતળિ૦ ૪
રસીયા રીસાયા હું ના રીસાઉં, મરૂં પાછળ દોડીરે. પાતળિ૦ ૫
હું બોલાવું બોલે નહીં વાહાલો, મળી કુબજા ખોડીરે. પાતળિ૦ ૬
આબો દે મણિરામનો સ્વામી,વહાલા વિના થઇ ગાંડીરે. પાતળિ૦ ૭

ગરબી ૧ લી.

ભોજન કીજે ભાવથી તમે માવા, એ રાગ.
નાગરનટ સાંભળોને અરજી. ટેક.
ક્ષિદ આંગણલે મારે આવો, મુજને જોઇ નેણાં ચમકાવો;
મોહ લગાડવા બંસી બજાવોરે. નાગરનટ૦ ૧
વિચારો નહીં વહાલા ટાણું, ગાવો મુખે શું ૫ટાણું;
લજ્જા જાશે લોક સુણે ગાણુંરે. નાગરનટ૦ ૨
વહાલા મનમાં શું વિચાર્યું, કરજો હવેથી મારૂ વાર્યું;
હું છું નાનકડી સાસુની વહુવારૂરે. નાગરનટ૦ ૩
અલબેલા નથી તમથી અળગી,ચરણ શરણમાં સ્વામી વળગી;
તમ વિયોગે ચોદશ સળગીરે. નાગરનટ૦ ૪
વિચારી કૃત વિફલ કરિયે, લોક લજ્જા કંઇ દીલમાં ધરિયે;
ખાવું ખોળે બાંધી નવ ફરિયેરે. નાગરનટ૦ ૫
વાટે મળે જો આશુક પ્યારે, સમજાવિયે નેત્ર અણસારે;
તેમાં ત્રીજું ના જાણે દિલદારેરે. નાગરનટ૦ ૬

જાણો ચરણતણી હું દાસી, મારા હેયાકેસ વિલાસી;
મણિરામના સ્વામી અવિનાશી રે. નાગરનટ૦ ૭

ગરબી ૨ જી.

સાંભળ પ્યારી, બોલતું તુજ મીઠું,
બોલતું રાધા તારૂં મીઠું, તમારૂં સુખમે કાંઇ ના દીઠું;
મુને લાગે આ જગત અજીઠું રે. સાંભળ૦ ૧
તારો લટકો ચટકો જોઇ, મારા મનથી રહ્યો છું મોહી;
પ્યારી પ્રાણ રહ્યા તુજમાં પ્રોઇ રે. સાંભળ૦ ૨
હાવભાવથી મન લોભાણું, ગાઉં બંસીમાં તારૂં ગાણું;
મારા મનથી પ્રાણપ્રિયા જાણું રે. સાંભળ૦ ૩
આંજે આંખડલી અણીયાળી, ભ્રકુટિ દીસે વંકજ વાળી;
મારૂં મન મુઝાય તુજ વાળી રે. સાંભળ૦ ૪
કળશ કિકંચનના જેવા, ઇચ્છે તરૂપત્ર તેને લેવા;
ચુંબન અધરનું જાણજે મેવા રે. સાંભળ૦ ૫
ચપળ નેત્ર ચતુરા તારાં, છટે ભેદી નાખે અમારાં;
રૂપ જોઇ પરવશ પ્રાણ મારા રે. સાંભળ૦ ૬
રાધા તુજપર મનડું રાચે, સલુણી હું કહું છું સાચે;
મણિરામનો સ્વામી તુંને જાચે રે. સાંભળ૦ ૭

ગરબી ૩ જી.

નંદાનંદન ચાલજે રે વિચારી. ટેક
માનુની મારગડે મળતી, તેને જોઇ દાઢજ ગળતી;
શોભા છેડવા તત્પર થાવો વળતી રે. નંદાનંદન૦ ૧
માતળિયા પાછળ તેની ચાલો, પ્રેમ ધરીને પાલવ ઝાલો;

કરી ચુંબન દેતા મુખ ગાળો રે. નંદાનંદન૦ ૨
અધર દંત દાબીને દેતા, વૈખરી વાણી મુખે કહેતા;
ગામ લડવા સનમુખ ઉભા રહેતા રે. નંદાનંદન૦ ૩
નફો નથી કાંઇ નાથજી એમાં, ફજેત ફોગટ થાવો શેમાં;
શોભા શામળિયા વધે નહીં તેમાં રે. નંદાનંદન૦ ૪
કોય ઉછંગળ તેમાં કોઇ નારી, મર્યાદ લોપે ગીરધારી;
કોઇ સુણતાં ફજેતી થાય ભારી રે. નંદાનંદન૦ ૫
વિચારી કૃત વિઠ્ઠલ કરીયે, પરનારી પુંઠળ ન ફરીયે;
આવું ગળે ગોવિંદ ના ધરીયે રે. નંદાનંદન૦ ૬
થયા મોટા તમે નંદના લાલા, મણિરામના સ્વામી વહાલા;
દહાડે દહાડે થાવો શું કાલા રે. નંદાનંદન૦ ૭

ગરબી ૪ થી.

બારણે આવ્યો હાઉં, મારા બાળ બારણે આવ્યો હાઉં;
તારે બારણે રમવા ના જાવું. મારા બાળ૦ ટેક.
ઘરમાં રમો તમો બાળજ મારા, દૂધ સાકર તને પાવું;
પારણા વિષે પોઢો કૃષ્ણજી, હાલરડું તને ગાવું. મારા બાળ૦ ૧
હાથ પગ વિનાનો હાઉડો આવ્યો, મુખથી કહે ખાવું ખાવું;
યશોમતિનો લાડકડો આવે, એને હું ઝાલી જાવું. મારા બાળ૦ ૨
છાનોમાનો સુઇ રહે ને, હું તો વ્રજને રે ચાહાવું;
જો રડયો તું પારણા વિષે તો, બોલાવું હાવડાં આવું. મારા બાળ૦ ૩
એક ઉંઘ લઇ લાલ ઉઠશો આપીશ ખાવા ખાવું;
ઉંઘી જાઓ મારા લાડકવાયા, હાલરડું હલાવું. મારા બાળ૦ ૪

અભિરામના રસિકબિહારી હીરની, દોરી સહાવું;
અળોળોળો હાલો અળોળો હાલો, કરી હાલરડું ગાવું. મારા બાળ૦ ૫

ગરબી ૧ લી.

રાગ સોરઠ.

મારા વહાલા મોહન મન ભાવો, તમે છો રાધાને ઘણા પ્યારાં;
હું તો શેવુંછું ચર્ણ તમારા, પ્રેમ ધરી પ્રીતમ ઘેર આવો આવો. મહારા. ટેક
મન મોહન મહારે મન વશિયા,
દાખી દાશી નિભાવોને રસિયા;
મને મુકી મોહન કેમ ખશિયા,
લાવો પ્યાર, મળો યાર, પ્રાણાધાર, નંદકુમાર, મન ધાર,
અઢોત્રા'ર, પ્રભુ આ વાર, પાર ઉતાર, તુજાધાર, પ્રેમ કંઈ લાવો લાવો.
મારા૦ ૧
વહાલા વાટ જોવુંછું તમારી,
ક્યારે કૃપા કરશો રે મોરારી;
બની બેભાન હું ગીરધારી,
બની બેભાન, નથી સાન, મુક્યાં માન, ચોટયું તાન, શ્રીભગવાન, કરૂણાવાન,
લો દાન, પ્યારી માન, જન્મ સમાન, અધરસ પાવો પાવો. મારા૦ ૨
મને માયા મોહન લગાડી,
ફેલ કરીને ફંદમાં પાડી;
હવે અલબેલા શું નાખો કહાડી,
રાખો પાસ, જાણી દાસ, શ્રી અવિનાશ, પૂરો આશ, કરો વિલાસ,

એવી રાસ, બારે માસ, કરો ખાસ, સરેરાશ, દાસીજાણી ચહાવો
ચહાવો. મારા૦ ૩

પ્રાણજીવન પડી પ્રાણ પાસે,
મ્હારા મનમાં મોટી આશે;
થાવું વગર મૂલની દાસી,

રહુ ધામ, ધરી હામ, થાઉ ગુલામ, મુકી મામ, શુંદરશામ, ઇચ્છા કામ, ખરચું દામ, વરવા શામ, મણિરામ, ખબર શુભ કહાવો કહાવો.
મારા૦ ૪

ગરબી ૨ જી.

રાગ ઉપર પ્રમાણે.

મને ઘેલી કીધી ગીરધારી, એતે યશોદાનો જાયો;
ગોપિયોનો લાડકવાયો નેન કટાક્ષ નટવર મારી મારી. મને૦

મોર મુગટ પ્રભુ માથે શોભે,
પીળાં પીતાંબરે મન લોભે;
જોવા જગજીવન મન થોભે,

તિલક ભાળ, નંદલાલ, કામ કરાળ, નેન વિશાળ, ભ્રગુટિ બાળ; ઘણું રસાળ, કર રૂમાલ, અધર લાલ, હંસચાલ, એના રૂપપર જોવું વારી વારી. મને૦ ૨

રાઘવ રૂપ તે ક્યાંથી લાવ્યો,
મારા મનડાને મોહન ભાવ્યો;
શામસલુણો સુંદર કહાવ્યો,

બાલું પ્યાર, કરે ભરથાર, ધરૂ શૃંગાર, ફરૂં વિહાર, મન વિચાર,

નંદકુમાર, પ્રભુ અવતાર, પ્રાણાધાર, અને જોતીલી ધારી
ધારી. મને૦ ૨

ચતુર રૂપનું ચેટક લાગ્યું,
મોહબાણ મોહનનું વાગ્યું;
ચાલ્યું ચિત્ત ચંચળ પણ જાગ્યું,
વ્યાપ્યો કામ, આણે ઠામ, તેડુ ધામ, સુંદીરશામ, થવું ગુલામ;
મુકી મામ, ધારી હામ, એની બામ, રાધા નામ, ઉર છબી પ્યારી
પ્યારી. મને૦ ૩

હુંતો વરૂ કરૂણારાશી,
એને જાણું છું આઅવિનાશી;
જાવો જગતણી શું હાશી.
ત્યું વાસ, અવિનાશ, સુખરાશ; એની પાસ, કરૂં હાસ;
ખેલું રાસ, બારે માસ, હર્ષતાસ, મણિદાસ, થાવું એની નારી નારી.
મને૦ ૪

ગરબી ૧ લી.

કાનુડો કામણગાળોરે એ રાગ.

નેણાંતો નટવર મારે રે, સાહેલી આ જો, નેણાં તો નટવર મારે રે. ટેક
નેણાં તો નટવર મારે, ઘાયળ ગોવિંદ કરી ડારે;
પીડા પંડય થાય ભારે. સાહેલી આ જો૦ ૧
ભામની ભાત્રે સમજાવે, મોરલી મોહન બજાવે;
તાલ દેઇ તાન ઉડાવે રે. સાહેલી આ જો૦ ૨
ભાન ભુલું ભગવાન ભાળી, વહાલા લાગે છે વનમાળી;
ચહાવું ચાકરાઇ ન્યાળી રે. સાહેલી આ જો૦ ૩

મોર મુગટ મોહન પહેરે, રામાઓને રસ્તે ઘેરે;
નેણાં મારે સુંદર ચહેરે રે, સાહેલી આ જો૦ ૪
મણિલાલનો લાલ લહેરી, ગોપિને ગોવિંદે ઘેરી;
શુદ્ધ બુદ્ધ લીધી હેરી રે. સાહેલી આ જો૦ ૫

ગરબી ૨ જી.

રાધા તું પ્યારી લાગે રે, હો રાધા શાણી રાધા તું પ્યારી લાગે રે. ટેક
રાધા તું પ્યારી રે લાગે, તુને દેખી દુઃખ ભાગે;
મળ મુને કાંઇ હાગે રે, હો રાધા શાણી. ૧
હાવ ભાવ તારો જોઇ, મન મારૂં રહ્યું મોહી;
વાહાલું નવ લાગે કોઇ રે, હો રાધા શાણી. ૨
ખંજન નેણ કાળજ ચાલે, આડો આંક તેથી વાળે;
મારે મન તેતો સાલે રે, હો રાધા શાણી. ૩
તુને મળવા મનજ જલ્પે, ક્ષણ જાય જાણો કલ્પે;
મારૂં મન નવ જંપેરે, હો રાધા શાણી. ૪
ચંદ્રમુખ ચતુરાઇ તારી, દેખી શુદ્ધ બુદ્ધ હારી;
મણિપ્રીતમ કહે થા પ્યારી રે, હો રાધા શાણી. ૫

ગરબી ૩ જી.

કામણ કીધું કૃષ્ણ કાળે રે હો બેની મારી, કામણ કીધું કૃષ્ણ કાળેરે. ટેક
મને કામન કીધું કાળે, આવે તેથી એપર વહાલે;
નિરખવા મન મન મારૂં ચાલે રે, હો બેની મારી. ૧
લહાવો લેવું થઇ નારી, મરજી થઇ એવી મારી;

લટકાળો ગીરીધારી રે, હો બેની મારી. ૨
લડી ચેહેરો લાલજીનો, મારો જીવ એ પર ભીનો;
ઝુંડું પલ્લો વહાલાજીનો રે, હો બેની મારી. ૩
ભાળુ ભગવાન જ્યારે, બાવરી બનું છું ત્યારે;
ઇશ્વર મળશે મુને ક્યારે રે, હો બેની મારી. ૪
મણિલાલ લાલને ચહાવું, સંદેશો કોની જોડે કહાવું;
આવે અધરરસ પાવું રે, હો બેની મારી. ૫

ગરબી ૪ થી.

કેમ મુકી નાઠા મુને રે, ઓ પ્રાણપ્યારા, કેમ મુકી નાઠા મુને રે. ટેક
કેમ મુકી મને નાઠા, હૈયામાં લાગેછે બાઠા;
આવડા કેમ થયા કાઠા રે, ઓ પ્રાણપ્યારા. ૧
રણુવગડે રોતાં મૂકયા, સેવા શી શામળીયા ચૂક્યા;
શોકે મોટા સાગર સૂકયા રે, ઓ પ્રાણપ્યારા. ૨
હરિ હાવું નવ કરિયે, અબળા છળી મરીયે;
દામોદર દીલ દયા ધરીયે રે, ઓ પ્રાણપ્યારા. ૩
શર્ણે આવ્યો શામ તમારે, વિન મોતે કેમ મારે;
ચઢો પ્રભુ અમ વારે રે, ઓ પ્રાણપ્યારા. ૪
મણિલાલના લાલ લહેરી, અરજી સુણો અબળા કેરી;
કેમ હાવાં થયા ઝેરી રે, ઓ પ્રાણપ્યારા. ૫

ઠુમરી ૧ લી.

શામળીયાયે મહારો પાલવ ઝાલ્યો, મારૂં ચિર ફાટી ગયું ચરરરર. ટેક

ચિર ફાડી ઉઝતજ કીપી, હારી હરિથી હું અરરરર. શામ૦ ૧
અધિક ઉઝત એણે મુજથી કીધી, ચુડીયો નિકળી ગઇ સરરરર. શા૦ ૨
ચુડીયો નિકળીગઇચીર ખશી ગયું, સુણ સખી એતો ખરરરર. શા૦ ૩
અંક ભરી ઘણું કષ્ટજ દીધું, છેયો છટકયો છરરરર. શામ૦ ૪
અખિરામનો પ્રભુ લટકાળો છે, દોડયો આવે ગોપી પરરરર. શા૦ ૫

ઠુમરી ૨ જી.

દધિ બેચનકુ હમતો ચલીથી, મીલકે સખીયું સડડડડ. ટેક,
બ્રજ બીચમાં મિલા કનૈયા, ભાગી સબ ગોપીબડડડડ. દધિ૦ ૧
પીછે દોડા છેલ છબીલા, ગેડી ફેંકી ઉને ખડડડડ. દધિ૦ ૨
ગેડી ફેંકકે મટકા તોડા, દધિ નિકલ ગયા હડડડડ. દધિ૦ ૩
મટકાબી ફોડા હારબી તોડા, ચિર ફાડા ઉને ચડડડડ. દધિ૦ ૪
અખિરામકા પ્રભુ દેખો હે લહેરી, ભાગા પીછેસે તડડડડ. દધિ૦ ૫

ઠુમરી ૩ જી.

ચીર હર્યો યમુનાકે ઘાટપર, કદમઘટા પર કહાન ચર્યો; ટેક.
હમ ઠાડીથી જળકે ભીતર, કહાસે કનૈયો આન પર્યો. ચીર૦ ૧
ચુપચુપ બસ્તર લીયે સબનકે, કદમ ઘટામાં જાન ધર્યો. ચી૦ ૨
સબ સખીકુ દુખનતે ડુબ ગઇ, ચીર સખી અપનો કાં બસર્યો. ચી.૩
સ્તુતિ કીની ગ્વાલન મીલકે, કૃષ્ણજી કહાં કષ્ટ કર્યો. ચીર૦ ૪
અખિરામકે તુમ રસીકબીહારી, દો બસ્તર મુજ કાજ સર્યો. ચી૦ ૫

કુમરી ૪ થી.

સખ ગ્વાલન મીલકર આઇ, યશોદાસેં આન લરી. ટેક.
દેખો મૈયા લાલ તુમારો, મેં આતીથી જલ ભરી. સખ૦ ૧
મેં ઠાડીથી મારગ બીચમે, શિરપર મેરી ગગરી ધરી. સખ૦ ૨
કહાંસે આયા લાલ કનૈયા, ગેડી માર તોડી ગગરી ધરી. સખ૦ ૩
પીછે તંબોળકી પીક લગાઇ, ભામા કનૈયા અંક ભરી. સખ૦ ૪
કૈસે ભરૂં જલ જા મેરી મૈયા, મણિપ્રીતમ ફોડે ગગરી. સખ૦ ૫

કુમરી ૫ મી.

માત યશોદા કહે લાગી, મેરે કહાંનાસે કાન લરી ! ટેક.
એસી કોન હે રામા ધુતારી, ડરત નહીં કીસીસે જરી. માત૦ ૧
મેને દેખી નહીં ઓ રામાકુ, સુનાવત ઉનકુ કુચ ખરી. માત૦ ૨
કા'ન કહે મૈયા તીજે બતાવું, સામા મોતીઅન માંગભરી. માત૦ ૩
ગોરે ગોરે ગાત્ર કે ઉપર, નિલા આભુષણ ઓઢ ખડી. માત૦ ૪
માતાકુ મણિપ્રીતમ દેખાવે, મૈયા ચપલ ખડી. માત૦ ૫

કુમરી ૬ ઠ્ઠી.

એક સમે પ્રભુ નંદકુંવરજી, પનઘટકે પર આન ખડે. ટેક.
અધર પર મોરલીકુ ધરી હે, માધુરી બાજે આનનવડે. એક૦ ૧
સખા સંગમે ખેલન લાગે, કકરીયનસે તોડે ઘડે. એક૦ ૨
કીસીકી ચુનરીયાં તાને, ગોપીકી સંગ આપ લડે. એક૦ ૩
મોતીયનં લત કીસીકી તોરી, [illegible] એક૦ ૪

મણિરામકે રસિકબીહારી, મનક્રટ ઉપર આન ચઢે. એક૦ ૫

રાગ હેમદ કલ્યાણ.

કહાં ગઇતી રમા કાં ગઇતી, એ રાગ.

દેખો કેસી બજાવત બાંસુરીયાં. ટેક.

સખી બિંદ્રાતેબનમે આયા કનૈયા સુઝત નહીં કછુ ડાગરીઆં. દે૦ ૧

બીજે મોરલીકી ધુનમે જાદુ કીયાં, લુંટલીની મહીકી ગાગરીયાં. દે૦ ૨

ઉને બીકલ કીની સબ સખીયનકુ, પ્રભુ ઓઢકે કારી ધાબરીયાં. દે૦ ૩

મેરી મોતનમાળા સખી તોરડારી, અંક ભરે જાદુ વારે સાવરિયાં. દે૦ ૪

ઉને મોરલીસે ચિત્ત ચોર લીયાં, સખી મણિરામકે નાગરીયાં. દે૦ ૫

રાગ હેમદ કલ્યાણ.

દેખો કહાનાને મોસે કામન કીયા. ટેક.

ઉને મોરલીકી ધુન સુનાઇ મીજકુ, સખી તલપત ઉસપર મેરા જીયાં. દે. ૧

સખી નેનકટારી મુજપર ડારી, ઉને મેરા પ્રાણ તો હરલીયા. દે૦ ૨

સાંવરી સુરત વાંકી મોહની મુરત, મેરેકુ પાનકા બીડા દીયા. દે૦ ૩

સખર મેંતો પૈયાં તીજે ચઢું, મીજે મોહ્ના દે મણિકે પીયા. દે૦ ૪

બરવાની ઠુમરી ૧ લી.

આના આના લાલા મેરે આગનમે, સબ ઝુરે તેરે ખાતર બાલારે. ટેક

રખો રખો હમપર પ્રિતીરે, આકે સમાના વ્હે તાપ લાલરે. આ૦ ૧

મેંતો ફીરૂં તેરસે દીવાનીરે, ગાંડી ઘેલી હુઇ હું વહાલારે. આ૦ ૨

સુનો સુનો મણિકે બેહારીરે, મત પીડો તુમ બ્રિજબાળારે. આ૦ ૩

બરવાની ઠુમરી ૨ જી.

બંસીવાલા મીજે કામનકર ગયારે, પ્રભુ બજાવે માધુરીબાંસુરીયાં. ટેક.
ધીમીધીમી બજાવે બાંસુરીયાં બીલ કરડારી બ્રિજકી ડાંગરીયાં. બં. ૧
નેના રસીલી કામનગારીરે, ઉસ છબીપર અમ હે ઉજાગરીયાં. બં. ૨
એસે પ્યારે મણિકે બીહારીરે, ઘુંટલીની મહીકી ગાગરીયાં. બંસી. ૩

બરવાની ઠુમરી ૩ જી.

કહાના આયા સો મેરે મન બસગયા રે, આજા આજા લાલા મેરે આંગનમે. ટેક.
પાના પાના અધરામૃત લાલા રે, કામ પ્રગટયો લીલા મેરે તનમે રે. કહાના૦ ૧
ઝુર ઝુર તેરે ખાતર કહાના રે, તાપ સમાના આકે ભોવનમે રે. કહાના૦ ૨
નિત્ય નિત્ય મણિપ્રીતમ આના રે, હેત કરકે સૈયા મેરે આંગનમે. કહાના૦ ૩

બરવાની ઠુમરી ૪ થી.

બંસી બજાકે મેરા મન હર લીયારે, કેસી બજાવે મધુરી બાંસુરિયાં. ટેક.
ઉલટ સુલટ પ્રભુ તાન ઉડાતેરે, બીકલ બઇ બ્રિજકી નાગરીયાં. બં૦ ૧
લોટપોટ કીની મીજે સાંવરીયે, બીપડારીમેરી સબ પાંસુરીયાં. બં૦ ૨
મણિલાલ પ્રીતમકી નેનાં રે, લગ ગઇ મીજેકુ સુંસરીયાં. બંસી૦ ૩

રાગ ઝીંઝોટી ૧ લી.

કહાનસે મેં મીલનેકુ જાવું, સખી તલપત મેરા પ્રાણ રે. ટેક.
મેં તો ચલીથી કુંજગલનમે, મીજે મીલા નંદલાલા રે;
લાલા લાલા ક્યા જપું મેં, કીયા ઉનુને એ હાલ રે. કહાન૦ ૧
સામને મીલા છેલ કનૈયા, કીયા ઉને બેભાન રે;
મણિરામ કે પ્રીતમ કહાના, ચઢાઇ નેનકમાન રે. કહાનસે૦ ૨

ઝીંઝોટી ૨ જી.

કૃષ્ણ તુમારે પૈયાં પડતી, પનઘટકે પર આવા રે. ટેક.
હમ હાડીંગે પનઘટ ભીતર, આના નંદકિશોર રે;
માલા તેરી મેં જપુંગી, તુમ આના ખરે બપોર રે. કૃષ્ણ૦ ૧
તુમ ખાતર મેં તલસું કહાના, બીકલ કરે વહે તાપ રે;
મણિપ્રીતમ સખીયું કે કારન, પધારો તુમ આપ રે. કૃષ્ણ૦ ૨

ઝીંઝોટી ૩ જી.

પનઘટ ખડે લાલાજી, મેં પાની કેસે જાવું રે. ટેક.
નેન ચેનમે ઘાયલ કીયે એસે નંદકે લાલ રે;
કહાન કટાક્ષ કરે મતવાળી, બીકલ કરે વ્રજબાળ રે. પનઘટ૦ ૧
ઉલટસુલટ ઝટપટ યોં પકડે, દેખાવે મુજકું પ્યાર રે;
મણિપ્રીતમ હે એસે ઠગારે, કેસે જાવું જળ યાર રે. પનઘટ૦ ૨

ઝીંઝોટી ૪ થી.

ચલો સખીરી મેરી સંગમે, નંદકુંવરકી પાસરે. ટેક.

ચંચળ ચપળ હે નેન કટારી, ખેલનેકું ચલો રાસ રે;
બીંદ્રાબનકી કુંજગલનમે, ચલો લાલકી પાસ રે. ચલો૦ ૧
દ્રિગલોચન હે શામસલુણો, મચાયો ઉનને રંગ રે;
અખિરામકે પ્રીતમ કહાના, ચલો ઉનકી સંગ રે. ચલો૦ ૨

ઝીંઝોટી ૫ મી.

કૃષ્ણ જન્મયા કપટી સજની, યાચી સંગ નકો જાવું રે; ટેક-
લબાડ બોલત કહાના અગદી, નકો કરૂં વિશ્વાસ રે;
સંગ યાચી નકો જાવું સજની, માયા તો બોલ લાસરે. કૃષ્ણ૦ ૧
મી તુજા ધરી ચેઊ સખીરી, નહીં આલે નંદલાલ રે;
અખિચે પ્રીતમ રસીક બીહારી, કપટી યશોદાચા બાળ રે. કૃષ્ણ૦૨

રાગ કલ્યાણ.

રતનાર નેના જાકે એ રાગ.

ચલો નાથ મેરે સંગમે,
બિંદ્રાબનકી કુંજગલનમે, રાસ ખેલો ઉમંગમે; ટેક.
ઉલટ સુલટ તુમ તાન ઉડાવો, ગાન કરો મૃદંગમે. ચલો૦ ૧
રાધા સંગમે ખેલો લાલાજી, તુમતો ઘણા ઘણા રંગમે;
રાધા લલિતા હર્ષ પાવતહે, ખેલો તુમ ગોપીકે સંગમે. ચલો૦ ૨
હમેં ખેલાવો સબ ગોપીયકું, તાન ઉડાવો ઉમંગમે;
અખિપ્રીતમ તુમ રસીક બીહારી, મચાવો થૈ થૈ ંગમે. ચલો૦ ૩

રાગ કલ્યાણ.

દધિ બેચનકું ચલો પ્યારી.
દધિ બેચનકું ચલો સખીરી, જાવું તેરેપર બલીહારી;
સાસકુ એસા બાના કરલો, કહેતે ગીરીવરધારી. દધિ૦ ૧
ક્રીડા કરીને બીંદ્રાબનમે, ચલો સબ ગોકુલ નારી;
ઇચ્છા તુમારી પુરૂ સખીરી, રંગ મચાવુંગા ભારી. દધિ૦ ૨
એસા સુન સબ ચલી ગ્વાલન, સંગમે ગીરીવરધારી;
મણિકે પ્રીતમ રસીકબીહારી, ક્રીડા કીઇ વા ભારી. દધિ૦ ૩

રાગ કલ્યાણ.

તુમ રહેનેવાલે કહાંકે. ટેક.
કહાંકે રહેનેવાલે તુમ હો કહાના, કયા હે નામ પિતાકે;
કૌન હે એસી જનની તુમારી, પુત્ર ભયે તુમ તાકે. તુમ૦ ૧
નેનાં રસીલી મતવારી હે, મોર મુગટ ધરે બાંકે;
મોરલી અધર પર બાજ રહી હે, તાલ સુરકુ દાકે. તુમ૦ ૨
બજત બંસરી છેહત પંસરી, જીય લગાં ગોપીકા કે;
મણિરામકે તુમ રસીકબીહારી, મન મોહ્યા દેખ છેલાકે. તુમ૦ ૩

રાગ કલ્યાણ.

મત મારો તુમ અખિયાં. ટેક.
મત મારો અખીયાં લાલાજી, લોટપોટ હોવે સબ સખીયાં;
બાવરી બનગઇ સબ ગ્વાલન, નેને રસીલ જબ ઝખીયાં, મત૦ ૧

તુમહો નિર્લંજ હમ નહીં એસે, નેનબાન ક્યું નખીયાં;
બોત ધુતારી નેના રસીલી, નટવરલાલ ક્યું રખીયાં. મત૦ ૨
ઘાયલ કરકે ગોપીકુ કહાના, ઉનકા મહી તુમ ચખીયાં;
મણિરામ કે તુમ રસીક બીહારી, કુપાયક ક્યું ભખીયાં. મત૦ ૩

રાગ કલ્યાણ.

બડે ગરજી તુમ પ્યારે.
બડે ગરજી હો તમતો લાલા, ચરિત્ર તુમારે નઠારે;
બડે મતલબ કે યાર તુમહો, સુનો તમ પ્રાન અમારે. બડે૦ ૧
કોન રખે ભરોસા તુમારા, તુમહો નિર્લંજ બારે;
સબ ગ્વાલનકુ બાવરી બનાવો, પીછે ઘાયલ કરડારે. બડે૦ ૨
એસા કપટ ક્યું રખો તુમ કહાના, સમજના મતલબ યારે;
મણિરામકે તુમ રસીકબીહારી, ક્યું હોત એસે ધુતારે. બડે૦ ૩

ઠુમરી ૧ લી.

મળજો મળજો મળજો હરજી યમુના કેરી ઘાટેરે. ટેક.
તલસુ તલસુ તલસુ હુંતો, મળવા કેરી કાજેરે;
આવજો આવજો આવજો વહાલા, કૃપા કરી મહારાજેરે. મળજો૦ ૧
મનથી મનથી મનથીરે માહરા, ઇષ્ટ સરખા મેંતો કીધારે;
યમુનાતીરે યમુનાતીરે હરિ મળવા મનસુબા લીધારે. મળજો૦ ૨
વહેલા આવજો વહેલા આવજો, જોઇસું તમારી વાટેરે;
તનમન અર્પ્યું તનમન અર્પ્યું, આવો હરિ તે માટેરે. મળજો૦ ૩
દહાડી દહાડી દહાડી હુંતો, વિયોગથી દુખ પામુંરે;

દાસી જાણી દાસી જાણી હરિ, જુવો રાંકડી સામુંરે. મળજો૦ ૪
સાકરભેળી સાકરભેળી પ્રભુ, પય સુંદર હું પાવુંરે;
હેતે હાથે હેતે હાથે હુંતો, હરિવર તમને પાવુંરે. મળજો૦ ૫
લાગ્યો લાગ્યો લાગ્યો દિલમાં હરિ તમારો વિયોગરે;
કૃપા કરીને કૃપા કરીને પ્રભુ, આપો મને સંયોગરે. મળજો૦ ૫
લાવશો લાવશો લાવશો ના સંગે, બીજી કાંઇ જંજાળોરે;
અંબિરામના સ્વામી વહાલા, દયા ધરીને નિહાળોરે. મળજો૦ ૬

ઠુમરી ૨ જી.

લાગી લાગી લાગી મુજને, માયા હરિ તહારી લાગીરે. ટેક.
ત્યાગી ત્યાગી ત્યાગી મેંતો ખટપટ સરવે ત્યાગીરે;
માગી માગી માગી મેંતો, માયા તમારી સહુ માગીરે. લાગી૦ ૧
મળવા મળવા મળવા તમને, આતુર ઘણી એક મળવારે;
પાછળ પાછળ પાછળ ફરતી, હેત હરિ તમ હરવારે. લાગી૦ ૨
દુખી દુખી દુખી તનમાં હરિવર ક્યારે મળશેરે;
તનના તનના તનના સરવે તાપો ક્યારે ટળશેરે. લાગી૦ ૩
તલસુ તલસુ તલસુ હું રોજે, હરિ તમ કાજે તલસુરે;
મળજો મળજો મળજો નહીં તો વિયોગ દુખે મરશુરે. લાગી૦ ૪
વેરણુ વેરણુ વેરણુ મારી, સાસુ નણંદી સંતાપે રે;
કુણુ કુણુ કુણુ રે મહારૂ કાળજડું નિત્ય કાપે રે. લાગી૦ ૫
મેણાં મારી મેણાં મારી કહે વહુજી કષ્ણજી બોલાવે રે;
રોજે રોજે રોજે એ મુજને, દુખદરીયો ડોલાવેરે. લાગી૦ ૬
કામી કામી કામી છું, જાગતી તમ વિયોગેખું કામીરે.

મેહેર કરીને મોહન મુજને, મણિના સ્વામી રે. લાગી૦

ઠુમરી ૩ જી.

હરજી મરજી સરજી મનમાં, મારે મંદિર આવો રે. ટેક.
તમ કાજે હું ઝુરૂંછું વહાલા, અતિશે દુખીયણ થાતું રે;
મન મળવા અકળાયછે મહારૂં, ક્યારે અધર રસ પાતું રે. હરજી૦ ૧
સાસુ નણંદનું સાલજ ભારે, લાગ લેશ નવ આવે રે;
દીયર જેઠતો દમેછે દહાડી, મેહેણું મારી રીબાવે રે. હરજી. ૨
પાડોસી પરપંચી પાપીછે, જુઠાં આળ મુને મૂકે રે;
દુખ દારૂણ દામોદર મુજને, કાયા કુસુમવત સૂકે રે. હરજી૦ ૩
તેતો લાગજ આવી મળ્યોછે, સાસુ નણંદ નથી ઘેર રે;
પાડોસીને પરપંચ કરીશું વહાલા, એવી વિચારી પેર રે. હરજી૦ ૪
દીયર જેઠને દગો કરીને, આજ નિશા નિરગમશું રે,
વહાલ ધરી વિઠ્ઠલવર આવજો, બેગાં બેશીને જમશું રે. હરજી૦ ૫
રખે ચુકો તમો પ્રાણના પ્યારા, સમીસંધ્યાની વેળા રે;
ભાવ ધરીને ભૂધર મહારી, આજ નિશાએ થાવો ભેળા રે. હરજી૦ ૬
વહાલા વાટ તમારી જોઇશું, મળવા મહોટી છે આશે રે;
મણિ રામના સ્વામીના આવે, જીવ આ ફટકી તે જાશે રે. હરજી૦ ૭

ઠુમરી ૪ થી.

પ્યારી પ્યારી પ્યારી રાધા, પ્રાણથકી મને પ્યારી રે. ટેક.
મનડુ મનડુ મનડુ મહારૂં, ચોટયું તુજ પર મનડુ રે;
તનડુ તનડુ તનડુ તપી ગયું, કામથી તપી ગયું તનડુ રે. પ્યારી૦ ૧

મળવા મળવા મળવા પ્યારી, આતુર ઘણો એક મળવા રે;
ભળવા ભળવા ભળવા સારૂ, મનથી ભેગા ભળવા રે. પ્યારી૦ ૨
મોહ્યો મોહ્યો મોહ્યો છું પ્યારી, તુજ લટુકડે હું મોહ્યો રે.
ચટકો ખટકો ઘટકો લાગ્યો, પ્રેમ તહારો મેં જોયો રે. પ્યારી૦ ૩
મનથી મનથી મનથી હું તો, મળવા મુઝાવું છું મનથી રે;
તનથી તનથી તનથી રાધા, ભાન ભુલ્યો મારા તનથી રે. પ્યારી૦ ૪
ના જડે ના જડે ના જડે મુજને, લાગ લાખેણો ના જડે રે;
કેઇ પેર મળવું કેઇ પેર મળવું, એવો ધ્રાશકો પડે રે. પ્યારી૦ ૫
ભૂલ્યો ભૂલ્યો ભૂલ્યો હું તો, તુજસારૂ ભાન ભુલ્યો રે;
ફુલ્યો ફુલ્યો ફુલ્યો તનથી, તુજસારૂ પ્યારી ફુલ્યો રે. પ્યારી૦ ૬
દેજને દેજને દેજને ઓ રાધા, દહાડી દરસન દેજને રે;
અભિરામના સ્વામીને મળતાં, આવશે તનમાં ભેજને રે. પ્યારી૦ ૭

ગરબી ૧ લી.

(નાથ કેસે ગજકો ફંદ છોડાયો એ રાગ.)

નાથ તુમ કેસી બંસી બજાવો, કેસી બંસી બજાવો;
નાથ તુમ કેસી બંસી બજાવો.
બંસીનાદ બજાકે કહાના, ક્યું ગોપીકું ચમકાવો;
નિંદ ભઇ સબ ગ્વાલન જાગે, જબ બંસીનાદ સુનાવો. નાથ૦ ૧
લોટપોટ સબ લલના હોવે, એસા તાન ઉડાવો;
કરત સમસ્યા બંસી ભીતર, સબ સખીયોંકુ બોલાવો. નાથ૦ ૨
બંસી સુની સબ ગ્વાલન આયે, દેખ નેના લલચાવો;
એસા જાદુ તુમ બંસી ભીતર, ઉલટા ચીર પહેરાવો. નાથ૦ ૩

આવરી અનાતે સબ ગોપીયનકુ, સ્વામી પુત્ર તજાવો;
કુટુંબ કબીલા સબ છાંડ દેતી, એસા તુમ હાક મચાવો. નાથ૦ ૪
આપકી પાસ બોલાકે ગોપી, લાલા રાસ ખેલાવો;
મણિકે સ્વામી તુમહો ધુતારે, બડે ગરજી તુમ કહાવો. નાથ૦ ૫

ગરબી ઉપર પ્રમાણે.

શામ સુણી બંસી ગોપી હુઇ ગાંડી, ગોપી હુઇ ગાંડી;
શામ સુણી બંસી ગોપી હુઇ ગાંડી. ટેક.
બંસી સુની સબ બનીરે દીવાની, ચલી સબ ઘર વર છાંડી;
ચણીયા ચોલી ઉલટ પહેરી, જેસી તેસી બાંટી સાડી. શામ૦ ૧
ખાવત બાળકુ છાંડકે ગોપી, આપકી પાસ આ હાડી;
ઔવા દોહોતી ચલીરે ગ્વાલન, મટકી ભોમે પછાડી. શામ૦ ૨
પ્રસાદ પવાવત આપ સ્વામીકું, ઓતો ચલીહે અગાડી;
કોન સખીકુ સ્વામીને રોકી, તબ ચલી ઘરકુ લગાડી. શામ૦ ૩
આપકે તાનમે બેભાન ભઇહે, ગુલતાન ભઇહે વાડી;
આપ સરનમે આઇ સબ ગોપી, બોલના પ્રેમ દેખાડી. શામ૦ ૪
સદાકાલ શરણુ તુમારી, ન બોલો મુખસે તાડી;
મણિકે સ્વામી શર્ણાગત હો, રખે તુમ દેતજ કહાડી. શામ૦ ૫

કાળિકાનો ગરબો.

જુગદેવ્યા જશ ગાઉછું, મહાકાળી રે;
હ્યાએ વસજો માત, પાવાવાળી રે. ૧
સેવક જાણી તાહારો મા, શીર ઉપર ધરજો હાથ. પાવા૦ ૨

હોંશ હઇયામાં થાયછે મા, ગુણ ગાવાનું છે મન. પાવા૦ ૩
કૃપા કરો તમે દાસને મા, તેથી ઉપજે બુદ્ધિ પાવન. પાવા૦ ૪
ગુણ ગંભીર છે તાહારો મા, કેહેતાં નવ આવે પાર. પાવા૦ ૫
બાળકબુદ્ધિ શું કરો મા, જો હોય તારો આધાર. પાવા૦ ૬
નવતેરી નગરી વિષે મા, ચંપાવતી ચતુરસુજાણ. પાવા૦ ૭
રામ સરિખું રાજ છે મા, મહી વસે અઢારે વર્ણ. પાવા૦ ૮
ત્યાં ચતુર નારીઓ અતિ ઘણી મા, નિરમળછે તેનું મન. પાવા૦ ૯
ગરબો ખેલે ચોકમાં મા, ત્યાં શોભા નઉતમ થાય. પાવા૦ ૧૦
શણગાર સરજે શોભતા મા, નારી કુંજરનાં ચીર. પાવા૦ ૧૧
ગુણવંતી ગરબે રમે મા, રાખીને મનશુ ધીર. પાવા૦ ૧૨
તાળીની ઝડીઓ પડે મા, ત્યાં શોભા નઉતમ થાય. પાવા૦ ૧૩
કોકીલા શબ્દ સોહામણા મા, નવરંગી નારી ગાય. પાવા૦ ૧૪
તે મધ્યે માત આવીયા મા, વીજળીના સરખું રૂપ. પાવા૦ ૧૫
સુરજ સરખાં શોભતાં મા, માએ રૂપ ધર્યું અદ્દભુત. પાવા૦ ૧૬
રાણીયો સહુ ઝાંખી પડી મા, મા તેજતણો અંબાર. પાવા૦ ૧૭
રાણીયો મનમાં એમ ધરે મા,બાઇ આ નવલી કોણ નાર. પાવા૦ ૧૮
રૂપ સ્વરૂપે આગળી મા, જેની સોના સરખી કાય. પાવા૦ ૧૯
મધ્ય રાત્રે રાણીઓ પરવરી મા, જઇને વિનવીયો રાય. પાવા૦ ૨૦
રાણીઓ રાય આગળ કહે મા, સાંભળજો પ્રાણ આધાર પાવા૦ ૨૧
એક રામા રમવા આવીયાં મા, જ્યાં બાવનમો બજાર. પાવા૦ ૨૨
બત્રીસ લક્ષણ આગળી મા, તે તો પદમણીનો અવતાર. પાવા૦ ૨૩
તેને જોઇ ત્રીભોવન મોહી રહે મા,તે આગળ નહીં કો નાર. પાવા૦ ૨૪
રાજાને નારી ગમી મા, વળી સુરજ થયો પ્રકાશ. પાવા૦ ૨૫

વે દિવસ ગયે અતિ હોંશલો મા, મનડામાં મોટી હામ. પાવા૦ ૨૬
વળી રાત પડી રવિ આથમ્યો મા, ચોવડીયાં ઠમકે બહાર. પાવા૦ ૨૭
ઘેર ઘેરથી સહુ નીસર્યા મા, ગરબો ગાવા સહુ નાર. પાવા૦ ૨૮
રંગ મચ્યો સાહેલડી મા, એવામાં આવ્યાં માત. પાવા૦ ૨૯
રાણીએ દાસી મોકલી મા, રાય આગળ કહેવા વાત. પાવા૦ ૩૦
ત્યાંથી પતાઇ રાઓળ ઉઠીઓ મા, જોવાને નવલી નાર. પાવા૦ ૩૧
આવી નિરખી નયણે ભરી મા,તેને વિરહ વધ્યો અપાર. પાવા૦ ૩૨
નખ શીખ સુધી નિરખીયાં મા, મુરછાએ પડિયો રાય. પાવા૦ ૩૩
રાજા રંગે મોહી રહ્યો મા, નારીશુ લાગ્યો નેહ પાવા૦ ૩૪
રમતાં રજની વહી ગઇ મા, સહુ ચલ્યાં પોતાને ઘેર. પાવા૦ ૩૫
ત્યારે માતા ચાલ્યાં એકલાં મા, પતાઇએ જાણી પેર. પાવા૦ ૩૬
પાપી પુઠે પરવર્યો મા, માતાનો ઝાલ્યો હાથ. પાવા૦ ૩૭
માગ માગ મુખથી કહ્યું મા, એવું સત્વર બોલ્યાં માત. પાવા૦ ૩૮
તારૂં રૂપ વસ્યું હઇડા વિશે મા, હું રાખીશ મારે ઘેર. પાવા૦ ૩૯
ત્યાં મોહોલ ચણાવું માણેકના મા,તેની કોઇ ન જાણે પેર.પાવા૦ ૪૦
મારે મોહોલે રાણીઓ અતિ ઘણી મા,તેમાં પટરાણી આપ.પાવા૦ ૪૧
ખાઓ પીઓ ખુશીઓ કરો મા, રૂડી રાજ સરખી રીત.પાવા૦ ૪૨
ત્યારે ક્રોપ કરીને બોલીયાં મા, તારૂ પ્રગટયું રાજા પાપ.પાવા૦ ૪૩
તારૂં રાજ્ય જશે જડમૂળથીમા, આવી મળશે તારો હોમ પાવા૦ ૪૪
ચેત ચેત તું અભાગીયા મા, એવું કહી પધાર્યા ભોવન. પાવા૦ ૪૫
પછી પૂરવથી દળ આવીયું મા, ત્યાં રોપ્યોછે રણસ્થંભ. પાવા૦ ૪૬
પોઠ ચલાવી પાધરી મા, બુડીઓ દરવાજો બંધ. પાવા૦ ૪૭
સુરદાસે રહીને પુછીયું મા, શું આવીયું આજ રસાળ. પાવા૦ ૪૮
ત્યારે બુડી મારી બળ કરી. મા,નિકળ્યા છે મોગલા દહીત. પાવા૦ ૪૯

ત્યારે સતીએ સત્ય મુકિયાં મા, જઇ કહી પતાઇને પેર. પાવા૦ ૫૦
જુધ મચ્યું જેમ જોરથી મા, ત્યારે થઇ રહ્યો ઉતપાત. પાવા૦ ૫૧
ત્યારે એવું દળ સઘળું હણ્યું મા,તે જુધ ચાલ્યું વર્ષ બાર. પાવા૦ ૫૨
લેઇ લશ્કર આગળ થયો મા, પછી ભેળવિયો ભંડાર. પાવા૦ ૫૩
લોહીતણી નદીયો વહી મા, વરત્યો ત્યાં હાહાકાર. પાવા૦ ૫૪
ત્યારે પતાઇ રાઓળનું પત ગયું મા,ત્યાં જાણીજુગમાં વાત.પાવા૦ ૫૫
ત્યારે પતાઇ મનમાં સમજીઓ મા, મુજ ઉપર કોપ્યાં માત.પાવા૦ ૫૬
કરગરતો રાય શરણે ગયો મા,બેઉ સન્મુખ જોડી હાથ. પાવા૦ ૫૭
મુજ ઉપર માતા મેહેર કરો મા, દળ સઘળું પાછું જાય. પાવા૦ ૫૮
માહાકાળી મનમાં એમ ધરે મા, સુબાને આપ્યું સુખ. પાવા૦ ૫૯
મા તું અનામી રાજીઓ મા, પતાઇનું ટાળ્યું દુઃખ પાવા૦ ૬૦
જે ગાય શીખે ને સાંભળે મા, તેની પુરે માતા આશ. પાવા૦ ૬૧
બાતુ જસવતી કાળકા મા, ગુણ ગાય છે ગોકળદાસ. પાવા૦ ૬૨

ગરબી ૧ લી.

વનમાં ભૂલી પડીરે૦ એ રાગ.

મુને બેભાન કરીરે પેલા નંદાજીને છૈયે. ટેક.
બેભાન કીધી બાંધી લીધી, મોહને મોહ લગાડી
યુમના તિરે જગજીવને, વાંસલડીરે વગાડી. મુને૦ ૧
હું પણ જળ ભરવાને ગઇતી, યુમના કેરી ઘાટે,
શામસલુણો પુઠે આવ્યો, મુને રોકવા માટે. મુને૦ ૨
મોર મુગટ ને જામો પેહેર્યો, મોરલી ઝાલી હાથે;
મુને કાંઇ બોલાવવા કારણ, વગાડી દીનાનાથે. મુને૦ ૩

તોયે હું તો બોલી નહીંને, આમ મન વિચારી;
મારા સાળુ ઉપર એણે, તંબોળની પીક મારી. મુને૦ ૪
વહાલે પાલવ તાણ્યો મારો, મુને મેણું લગાડયો;
બેભાન કીધી કાનુડાએ, કામ મારો જગાડયો. મુને૦ ૫
મુને કહે તું પ્રાણ પ્યારીછું, બોલ્યો મીઠી વાણી;
હાવભાવ હું એના જોઇ, મન થકી લોભાણી. મુને૦ ૬
આડુ અવળુ મને સમજાવી, અંક ભરીને ચાલ્યો;
પ્રેમે હું પરવશ થઇછું, એવો મથુરામનો વહાલો. મુને૦ ૭

ગરબી ૨ ૭

કહાના આવજોરે મારે મંદિરિયે તમે વહેલા. ટેક.
વહેલા આવો મુજને ભાવો, પ્રાણ થકી છો પ્યારા;
મૂખ તમારૂં દેખું નહીં તવ, નેત્ર વહે જળ ધારા. કહાના૦ ૧
તમારા રૂપનું ચેટક વળગ્યું, વાંસળીમાં ગુલતાન;
વાંસળી સુરે પાંસળી ભેદી, કરી નાખી બેભાન. કહાના૦ ૨
સાસુ દીયર ઘેર નથીને, જેઠાણી ઝખ મારે;
નણદીને સાસરીએ કહાડી, બળતી મુજપર ખારે. કહાના૦ ૩
જેઠ બીચારો રાંડો ને, ભારે નિશાખોર;
ત્રણ બદામનો નાવલીયો, તેનું ના ચાલે જોર. કહાના૦ ૪
પ્રાણ પ્રીતમ તમ સારૂ તલસુ, અબળા જાતિ કહાવું;
દાસી જાણી બીરદ પાળો, અધરામૃત હું પાવું. કહાના૦ ૫
ઘણા દીવસની હોંસ હૈયામાં, લાલ પધારો મહોલે;
આજની રજની હેતે રમવા, વહેલા આવજો છોલે. કહાના૦ ૬

મારે મંદિર આવી મોહન, આજની રજની મહાલો,
એવાં વચન સુણી આવ્યો ગોવિંદ, મણિરામનો વહાલો. કહાના૦ ૭

ગરબી ૩ જી.

સુણ સાહેલડી રે કૃષ્ણ કપટી કામણગાળો. ટેક.
કામણગાળો કહાન કુંવરજી, કરે કપટનાં કામો;
મથુરાંમાં મોહને માર્યો, કંસ પોતાનો મામો. સુણ૦ ૧
સ્તનપાન કરાવવા આવી, માસી ભાણેજ જાણી;
તવ તેનું મુખ ત્રીકમે કહાડયું, જીવ લીધો તેનો તાણી. સુણ૦ ૨
માતા પિતા બંધનમાં રાખ્યાં, આહીરમાં જઇ વર્શીયો;
મરકલડાંથી મોહન રીઝાવે, સહુ ગોપીનો રસીયો. સુણ૦ ૩
પ્રપંચ કરી પડખામાં લેતો, એતો વ્રિજની બાળી;
મુખેથી મીઠું મીઠું બોલે, અંતર ઊંડીછે પાળી. સુણ૦ ૪
ગરજે ગોવિંદ થાય છે ગાંડો, સહુના મન હરી લેછે;
મોહ ફાંદામાં મોહન નાંખી, આલિંગન એ દેછે. સુણ૦ ૫
મન માને તેમ મહાલે વહાલો, ગરજ મટી રહે જ્યારે;
મણિરામનો રસીક બીહારી, સામુ ના જોતો ત્યારે. સુણ૦ ૬

ગરબી ૪ થી.

રાધા મારી પ્રાણ છે રે, મારા અંતરથી ના વિસારૂં. ટેક.
પ્રાણ પ્યારી તું રાધા મારી, લટકે જાવું બલીહારી;
હાવભાવનો ઘાવ મુનેતો, દુઃખી કરેછે ભારી. રાધા૦ ૧
નેન વિશે તું કાજળ સારે, ટીલડી ચોઢે ભાળે;

નાકે વાળી લટકે ચાલી, આડો આંક તું વાળે. રાધા૦ ૨
ચાતુરી ચપળતા તારી, જોઇને હું તો રાચ્યુ;
અમૃત સરખી વાણી સુણી, થૈ થૈ ઉભો નાચ્યુ. રાધા૦ ૩
તનમન ધન હું તુજને જાણું, જાણું હૈયાનો હાર;
રાધા તુજને હું દેખુ તવ, આવે ઘણેરો પ્યાર. રાધા૦ ૪
દેખુ દેદાર તારો જ્યારે, ગાંડો ઘેલો થાઉંછું;
તુજવિના મુને અન્ન ના ભાવે, બાવરો બની જાવુંછું. રાધા૦ ૫
ઘરમાં ના ગોઠે મન મારૂ, હોટે પ્રાણપ્રિયા તુજ પાખે;
માટે રાધા તુજને જાચુ, નેહ નજર તું રાખે. રાધા૦ ૬
તારાવિના મુને ચેન પડે નહીં, તારે સારૂં તલસું;
મણિરામનો પ્રીતમ કહેછે, રાધા કયારે મળશું. રાધા૦ ૭

ગરબી ૫ મી.

સખી મારી કયાં ગયારે, મુને તજી દીધી કાનુડે, ટેક.
પૂછી જોને બેની મારી, કેમ મારી સાથે રીસાવ્યો;
શોકયલડીએ વશ કરી લીધો, બોલાવ્યો નવ આવ્યો. સખી૦ ૧
મનથી રીસાણો કેશો કે સમજાવ્યો, શો એને વાંધો પડિયો;
કે કટિ કસતાં એને ના ફાવી, કઠોર કુચ એને નડિયો. સખી૦ ૨
મેં બોલાવ્યા સામુ ના જોયું કેમ મુજથી અનુરાગ્યા;
અંક બરતાં કાનુડાને કરનાં કંકણ વાગ્યાં. સખી૦ ૩
શું કરૂં એ બેની મારી કેમ બોલાવું સમજાવી;
શોકયલડી મારી નાની છે હું નજરમાં ના આવી. સખી૦ ૪
પ્રાણજીવન પાખે નથી ગમતું, મરૂં હું દીલમાં રોઇ;

દયા લાવી દીનની ઉપર સમજાવી લાવો કોઇ. સખી૦ ૫
જોબન મારૂ પીડી રહ્યું છે રોમ રોમ લાહ્યો લાગી;
કીયા જનમની વેરણ મારી શોકયલડી થઇ ભાગી. સખી૦ ૬
એને વશ થઇ ગયો અલબેલો તેથી તે નવ આવ્યો;
સુણ સખી તુજ પાયે પડું મણિપ્રીતમને લાવો. સખી૦ ૭

ગરબી ૬ ઠ્ઠી.

મુને અડશો નહીં રે આઘા રહોને નંદના લાલ. ટેક.
આઘા રહોને કૃષ્ણજી કાળા, પાલવ શિદ ઝાલો મારો;
તું કાળોને ડાઘ લાગશે સાળુ વિષે કાંઇ કાળો. મુને૦ ૧
મુજ સરખી અલબેલી સંગે તું કાળો કેમ શોભે;
શ્યામરૂપે શામળીયા આવે કેમ તારૂ મન લોભે. મુને૦ ૨
તું કાળોને અવગુણ ઝાઝા ભારે ખાંપણ ખોડ;
તુજ સંગે હું તો નવ શોભુ શોભે કુબજાની જોડ. મુને૦ ૩
કુબજા કાળી કઢંગી છે કંસરાયની દાસી;
તેની સંગે જોડી શોભે શામળીયા અવિનાશી. મુને૦ ૪
આઘા રહો ઇઝત મુકીને શિદ કરોછો આળ;
ડાઘ લગાડયો મુજ અંગેતો ખાશો મુખની ગાળ. મુને૦ ૫
જેવાં તેવાં અમો નથી જે આ રૂપ ઉપર મોહીયે;
દુર રહોને કૃષ્ણજી કાળા કદી સામુ ના જોઇયે. મુને૦ ૬
કૃષ્ણ નામ મુખે ના લેવું સત્ય કહું વ્રજબાળી;
મણિપ્રીતમ ચાલ્યા જાયો મારે રહીશું અમે તમ ટાળી. મુને૦ ૭

ગરબી ૭ મી.

અરે રાધા રાંકડી રે મારા વિના તુને નવે ચાલે. ટેક.
મારા વિના તુને નવ ચાલે શું અવળું મુખ ભાખે;
કૃષ્ણ વાસુકી સંતાડીને શિદ મુસ્તકમાં રાખે. અરે રાધા૦ ૧
કૃષ્ણ કાજળ કૃષ્ણ કહાવે નેત્ર તણી જે કીકી;
કૃષ્ણ વિના રાધા તુ લાગે નિશ્ચે જાણજે ફીકી. અરે રાધા૦ ૨
કૃષ્ણ કૃષ્ણ હું સઘળે વ્યાપ્યો, કૃષ્ણ યુમનાનું પાણી;
કૃષ્ણ વાદળી પૃથ્વી કહાવે શું બોલે તુ જાણી. અરે રાધા૦ ૩
મુજથકી અળગી કયાં નાસે સર્વે રહ્યોછું વ્યાપી;
માટે પ્રાણપ્રીયા મન સમજી અધરામૃત તું પાપી. અરે રાધા૦ ૪
કયાં નાસે મારાથી રાધા સર્વે રહ્યો હું ધાઉં;
ગોરા પુઠે કાળો રહ્યોછે કદી અળગો નવ થાવું. અરે રાધા૦ ૫
પ્રેમદા પુઠે હું પકચોછું આપો અધર રસ જાણી;
એવાં પ્રભુનાં વચન સુણી લટકે બોલ્યાં રાણી. અરે રાધા૦ ૬
પ્રાણ પ્રભુ નથી તમથી અળગી મારે તમ આધારે;
મણિરામના રસીક બીહારી ચઢજો મારી વારે. અરે રાધા૦ ૭

ગરબી ૮ મી.

મસ્તાના માવજી રે આવડું કપટ કયાંથી શીખ્યા. ટેક.
આવડું કપટ કયાંથી શીખ્યા મસ્તાના ગીરધારી;
કીયા દેવની ઉપાસનાથી ધુતો વ્રજની નારી. મસ્તાના૦ ૧
વાંસલડીમાં મોહની ભરીછે વગાડોછો કહાન;
સોર સાંભળી વાંસલડીનો બની જાવું ગુલતાન. મસ્તાના૦ ૨

ગુલતાન બનું બેભાન બનું થાવું ગાંડાના જેવી,
વંતરી જેવું રૂપ બને છે મોહની તમારી એવી. મસ્તાના૦ ૩
કામ કાજ કાંઇ સુઝે નહીને ઠેર ઠેર તમને ભાળું;
કાંચલડી કરમાં રહેને ઓઢું અવળો સાળુ. મસ્તાના૦ ૪
એવું શું કામણ કરીને ઘરવિષે ના રૂચે;
જ્યારે તમને જુવે નેનથી ત્યારે સૌ વાત સુઝે. મસ્તાના૦ ૫
પ્રેમપાશમાં તમો નાખોછો કપટ કરી વિજનારી;
તમ આધિન રહે સહુ ગોપી વાગે બંસી ગીરધારી. મસ્તાના૦ ૬
નેનબાણથી ઘાયલ કરોછો સકલ વ્રિજની બાળા;
અભિરામના રસિક બિહારી ક્યાં થાવો કામણગાળા. મસ્તાના૦ ૭

ગરબી ૯ મી.

હવે હું તો શું કરૂં રે મુને ગુલતાન કરી કાનુડે. ટેક.
બંસી વગાડી મોહ લગાડયો થઈ ગઇ બેભાન;
કોણ જાણે શું કામણ કરીને કરી નાંખી ગુલતાન હવે૦ ૧
કામકાજ કાંઇ સુઝે નહીને બની ગઇ જેમ ગાંડી;
વંતર જેવું વળગણ મેલ્યું વિઠલે મોહ પમાડી. હવે૦ ૨
બાવરા જેવી બની ગઇછું જ્યાં ત્યાં પ્રભુને ભાળું;
કાંચલડી કરમાં રહેને ઓઢું અવળો સાળુ. હવે૦ ૩
સ્વામી મારો મર્મ ના સમજે દેતો ઘણેરી ગાળ;
સાસુ નણુદી મેણાં મારે મુકે માથે આળ. હવે૦ ૪
દીયર પીટયો મુનેરે દમતો કુડાં આળ ચઢાવે;
જાવો ભાભી કહાન કુંવરજી રજની રમવા બોલાવે. હવે૦ ૫

જેઠ ઝાઝુ જુઠુ બોલે મુજથી નવ ખમાતું;
મોહન રૂપનું ચેટક લાગ્યું વહે દુઃખ નથી સેવાતુ. હવે૦ ૬
સુણ સખી મુજ પ્રાણની પ્યારી સુઝે નહીં કોઇ વાતે;
ઘણી પ્રકારે મોહ લગાડયો મણિરામના નાથે. હવે૦ ૭

ગરબી ૧ લી.

ક્હાના કેમ કરો કામ તમે કારમું જો, સુણીવાત સામળીયા દીલમાં
સમું જો. ટેક૦
જાણુ ચતુરાઇ ચિત્ત ડાહ્યાછો ઘણું જો, વાહ્લા જોયો તમ વિવેક તે
શું ભણું જો. ક્હાના૦ ૧
ઘણું ઘેર ઘેર ગોવિંદજી શું ભમો જો, નાની મોટી ખોટી નારી
સંગ રમો જો. ક્હાના૦ ૨
ચિત્ત લોક ના રહે શરીર બેભાન છે જો, સર્વ નારી સામળીયાજી
સમાન છે જો. ક્હાના૦ ૩
રૂપરંગમાં કદાપી ફેર પડે જો, પણ રૂદે જોતાં સાર વસ્તુ ત્યાં જડે
જો. ક્હાના૦ ૪
નક્કી નટવર તેમાં કાંઇ ના મળે જો, નિત્ય ફળતણું સુકિત તે ટળે
જો. ક્હાના૦ ૫
માટે મનમાં વિચારી જુવો હરી જો, પરપ્રેમદાની પ્રીત કરો પરી
જો. ક્હાના૦ ૬
હાવભાવમાં પ્રભુ કાંઇ મોહ હશે જો, તેથી મોહ પામતાં તો લાજમાં
જશો જો. ક્હાના૦ ૭

એક સાથે પ્રિત હોયતો ચિત ધરેજો, સાત ઘરનો પરોણો ભૂખે
મરે જો. કહાના૦ ૮

માટે મનમાં વિચારી જુવો શામળા જો, મણિરામના પ્રભુ તમો
થાવો ભલા જો. કહાના૦ ૯

ગરબી ૨ જી.

સુણ રાધા રૂપાળીરે તને વેમછે જો, મારે મન ભટકવાનો પ્યારી
નેમછે જો. ટેક.

રાધા મારે તું એક પ્રાણ આધાર છે જો, સહુમાં શિરોમણિ ગુણ ભં-
ડાર છે જો. સુણ૦ ૧

તારે હું તમારો નિશ્ચે એતો જાણજે જો, સત્યવાત કહુ તું ભરોસો
આણજે જો. સુણ૦ ૨

તુજ સારૂ ૫ટકારા જેવો ફરૂં જો, ખાતાં પીતાં રાધા રાધા હું કરૂં
જો. સુણ૦ ૩

માતા યશોદા કહે જમતો નથી જો, હુંતો તુજસારૂ બાવરો સર્વથી
જો. સુણ૦ ૪

રાધા તુજરૂપમાં ગુલતાન છું જો, બન્યો બાવરો ઘણો બેભાન છું
જો. સુણ૦ ૫

પ્રેમપાશમાં નાખ્યો રાધા તેં ઘણો જો, તેથી પ્યારી બાવરા જેવો
બન્યો જો. સુણ૦ ૬

તેમાં વળી મર્મ વાયક ઉચરો જો, વાગે બોલ બાણ રૂદેમાં સુંસરો
જો. સુણ૦ ૭

તારા મનમાં તો કાંઈ લખ્યું નથી જો, મારે મન તું પ્રાણ રાધા સર્વથી જો. સુણુ૦ ૮

રાધા તુજથી અમઅમેના થાતું કદા જો, મણિરામના પ્રભુ સાચું છે સદા જો. સુણુ૦ ૯

ગરબી ૩ જી.

ઘણા ગરજી ગોવિંદજી છો તમે જો, સાચુ નવ માનું શામ નિશ્ચે અમે જો. ટેક.

ચોર લંપટી જુગારી જેને જાણીયે જો, અમે પતિયાર તેનો નવ આણીયે જો. ઘણા૦ ૧

જન એટલાને સ્વાર્થ હોય જ્યાહરે જો, પ્રેમ પાશમાં નાખવાને આવે તાહરે જો ઘણા૦ ૨

મૂખ મરકલડાં કરીને તમે હસતા જો, સરે સ્વારથ પાછળથી ખસતા જો. ઘણા૦ ૩

જાણે ધુતવિદ્યા અતિશે શામળા જો, મૂખે મિઠા અંતર મોટા આમળા જો. ઘણા૦ ૪

જુઠા સમ ખાતા લજ્યા તમને નહીં જો, વારે વારે વાળો છો વચને સહી જો. ઘણા૦ ૫

એકવાર છેતરી જેવો અમને જો, સમજ્યાં મર્મ નવ ગાંઠીયે તમને જો. ઘણા૦ ૬

પ્રભુ કપટની કલા સર્વ જાણીયે જો, આજ પછી ભરૂસો નવ આણીયે જો. ઘણા૦ ૭

પડી ટેવ પ્રભુ કેમ ટાળી ટળે જો, જેમ દોરી બાળે આંબળો નવ બળે જો. ઘણા૦ ૮

પ્રભુ સ્વભાવ પડેલો નહીં મૂકશે જો, મણિરામનો પ્રભુ ઘેર ઘેર
ઢુંકશે જો. ઘણુ૦ ૯

ગરબી ૪ થી.

રાધા રસીલી તારે આધિન છું જો, સુણી મર્મવાયક ઘણો ખીન છું
જો. ટેક.
રાધા તુજ વિના મારે કો બીજું નથી જો, સત્ય વાત માનજે મા-
રી વતી જો. રાધા૦ ૧
પ્યારી પ્રાણ વિના મન ભમતું રહે જો. દાઝયા ઉપર પ્યારી લુણ શું
ગ્રહે જો. રાધા૦ ૨
કઠીણ વચન રાધા તું શું ઉચરે જો, સુણી બોલ તારા અંતર આ-
ગ ઝરે જો. રાધા૦ ૩
તુજ વચનથી લોહી સુકાઇ જતુ જો, કોરે કાગળે રાધા શું કરો મતુ
જો. રાધા૦ ૪
પ્યારી પ્રાણવિના જુગ વહીજાયછે જો, વજ્ર વાયક સુણી કાળજુ છો-
લાયછે જો. રાધા૦ ૫
ગોળ ખોળ રાધા સરખાં શું ગણે જો, પાયાવિના રાધા ચણતર શું
ચણે જો. રાધા૦ ૬
પર પ્રેમદા શું પ્રીત જો જોડીયે જો, કર પ્રતિજ્ઞા પિતાનું પણ તો-
ડીએ જો. રાધા૦ ૭
સુણી પ્રતિજ્ઞા રાધા હર્ષ પામીયાં જો, વાધ્યો હર્ષ દુઃખ સરવે વામી-
યાં જો રાધા૦ ૮

ક્રોધ રોષ હર્ષ વાધ્યોકે અતિ જો, માયા મણિના પ્રભુની ઓછી
નથી જો. રાધા૦ ૯

ગરબી ૧ લી.

સાંભળ રે તું સજની મારી. એ રાગ.

સાંભળો વહુવર સાસુજી પુછે, આવડી વાર કયાં લાગીજી;
હાલાંમાલાં કેમ ઘેર આવ્યાં, બેડુ કોણે નાખ્યું ભાગીરે. વહુજી મારાંજી. ટેક
બેડુરે ભાગ્યું ને ચુંદડી ફાડી એવો કોણ રંગરસીયોજી;
કંચુકી કસ તોડી નાખી, આવી અધરને ડસીયોરે. વહુજી મારાંજી૦ ૧
ઉરે નખ વળી કોનારે વાગ્યા અંગે કસ્તુરી મહેકેજી;
તને કહેવાનું અમે મુક્યુ ત્યારે, તું ઘણી ઘણી બહેકેરે. વહુજી મારાંજી. ૨
તણ સરોવર ઘણીને ગણીયો માથે છાંણા થાપ્યાંજી;
સાચુ કહો મારગને વિષે પુષ્પ તે કોણે આપ્યાંરે. વહુજી મારાજી૦ ૩
ચંચળતા સહુ તારી જાણું, નેણાંમાં પુતળીયો નાચેજી;
નંદના નાનડીયા ઉપર, તહારૂં મનડું રાચે રે. વહુજી મારાંજી૦ ૪
ઘણી તારા ધ્યાનમાં ના આવ્યો ફરે સામળીયા કેડેજી;
શિદ તું મારા ઘરમાં આવે, જન મણિનો સ્વામી તેડે રે. વહુજી મારાંજી. ૫

ગરબી ૨ જી.

ક્રોધ કરી વહુવારૂ બોલ્યાં સાંભળો બાઇજી શાણાંજી;
સાથ સઇયરશું વાર લાગી તેમાં શું મારો મહેણાંરે. સાંભળો સાસુજી. ટેક
કમળ ખટપદ કંચુકી બેઠો ત્યારે હું કાંપવા લાગીજી;

કાપતાં કંચુકી કસ તુટી, બેહુ ગયું ત્યાં ભાગી રે. સાંભળો૦ ૧
મુંદડી સાથે ભમર લપેટાયો છોડાવતાં તે ફાટી જી;
ત્યારે અધરપર આવી ડસીયો તવ હુ ત્યાંથી નાઠીરે. સાંભળો૦ ૨
અધરે ડસીયો ઉરે વસીયો રોમ રોમ કાંપવા લાગ્યાંજી;
કળા કરીને ચાંપવા લાગી, તવ મારા નખ વાગ્યા રે. સાંભળો૦ ૩
મારગે મૃગશાળા રે આવી, ત્યાં મૃગ રૂદે ચાંપ્યો જી;
તેનો સુવાસ અંતરમાં પેઠો સત્ય વાયક કરીથાપ્યો રે. સાંભળો૦ ૪
શિદને જુઠાં આળ ચઢાવો સાસુ રૂદેમાં વિચારો જી;
પર પુરૂષથી પ્રીતિ કરવાનો તમારા પિયરનો ધારો રે. સાંભળો૦ ૫
વળી પુષ્પ આપ્યાં માળીયે શું ગાળ ઘો છો નકામી જી;
મારે તો એક માથે ધણી છે મણિરામનો સ્વામી રે. સાંભળો૦ ૬

ગરબી ૩ જી

સાંભળો પ્રાણપ્રિતમ પાતળીયા કહુ છું દીલની વાત જી,
તમસારૂ ત્રિકમલાલ તરસુ તાકુ છું મેલાવો નાથરે. સાંભળો પ્રિતમજી.ટેક.
આટલા દહાડા એકાંત જોતી નવ આવે મારો લાગ જી,
તેતો સમો આજ લાલ બન્યો છે સત્ય કહુ મહા ભાગ્ય રે. સાંભળો૦ ૧
મારા મનને ચેટક વળગ્યું જ્યારે જોતું તમ મુખ જી;
તવ તનનું ત્રિકમ સરવે દુર થાય છે દુઃખરે. સાંભળો૦ ૨
તેતો સમો પ્રભુ આજ દેખાડયો, આપો અલબેલા લાહાવોજી;
દાસી ઉપર દયા કરીને, દામોદર મંદિર આવોરે. સાંભળો૦ ૩
સાસુ સસરો કંથ ગયા છે, કારણસર પરગામજી;
નણદલને સાસરીયે વળાવ્યાં, માટે પધારજો શામરે, સાંભળો૦ ૪

પ્રાણપ્રિયાનાં વચન સુણી પધાર્યા પ્રભુ આપજી;
અખિરામના મોહને આવી સમાવ્યા છે તાપરે. સાંભળો૦ ૫

ગરબી ૪ થી.

મનમોહન મનના માન્યા આવો અક્ષબેલા અવાસજી;
નિત્યનિત્ય નટવરલાલ તરસુ જાણો તમારી દાસરે. છેલ છબીલાજી ટેક
રાત દિવસ હું ચિંતા ધરતી જોતી તમારી વાટજી,
મથુરામાં જઇ માવ રહ્યાને સુનો યુમનાનો ઘાટ રે. છેલ૦ ૧
વાસુદેવને દેવકીકેરાં છોડાવ્યાં જઇને બંધજી;
સર્વ સખીયોની લીલા ભુલ્યા ભૂલ્યા જુનો સંબંધ રે. છેલ૦ ૨
વિશ્વાસે પ્રભુ વળગી રહ્યાછું પહ્લો પીતાંબરનો ઝાલીજી;
પ્રસાદ અધરનો પ્રેમે આપો સર્વ શામાને સંભાળી રે. છેલ૦ ૩
ચોરાસીનું બીરદ રાખો કરૂણા કરી મહારાજજી;
વાસે મારે પ્રેમે આવો તમસારૂ તલસુ આજ રે. છેલ૦ ૪
દાસીકેરાં વચન સુણીને આવ્યા પુરણ કામજી;
અખિરામના રસીક બીહારી રહ્યા તેને ધામ રે. છેલ૦ ૫

ગરબી ૧ લી.

હું શું જાણું તે વહાલે મુજમાં શું દીઠું. એ રાગ.
આવો લાલા હુંતો તમનેરે જાચું, વારે વારે વિઠલ મુખપર રાચું. ટેક.
વહાલા મુખ જોતાં ઘેલી ગાંડી થાતું, મીષે મીષે પ્રભુ મુખ જોવા
હું આવું. આવો૦ ૧

શશિવત વહાલા તુજ મુખડું ચળકે, તમને મળવા મારૂ મન અતિ-
ઘણું ડળકે. આવો૦ ૨

હંસગતિ પ્રભુ ચાલજ જોઇને, રહી ગોપી સહુ તુજ રૂપને મોહીને.
આવો૦ ૩

તારી પુઠે લાલા હુંતો ફરૂંછું, તુજ વિયોગે જીહેથી મરૂંછુ.
આવો૦ ૪

મણિરામના વહાલા રસીક બીહારી, જાવું તારા રૂદે કમળપર વારી.
આવો૦ ૫

ગરબી ૨ જી

આવ્ય રાધા તું છે પ્રાણુની પ્યારી, કેમ કરૂ દીલથકી તુને ન્યારી. ટેક

શશિવદની તુજપર હુંતો મોહ્યો, તારા જેવો પ્રેમ મેં કોઇનો ના જોયો.
આવ્ય૦ ૧

ચંચળ ચપળ ગોરૂ ગાત્રજ જોઇને, હુંતો વશ થયો તુજને મોહીને.
આવ્ય૦ ૨

ત્રિલોકથી વશ હું નવ થાવું, તે તને જોઇ ગાંડો થઇ જાવું.
આવ્ય૦ ૩

કોકીલ સ્વર રાધા તારોરે ભાળી, એક ચિત્તે તને જોવુંછું ન્યાળી.
આવ્ય૦ ૪

રાધા રમો તમો રાઘવ સાથે, ઘણું ચાહે તમને મણિનો રે નાથે.
આવ્ય૦ ૫

ગરબી ૩ જી.

કાળો કૃષ્ણ મારી કેડે પડયોછે, ઓ ચિંતો આવી મારા પાલવે અડયોછે. ટેક

નંદલાલો મારી પુઠે ફરેછે, મારગે જાતાં વહાલો ચાળા કરેછે. કા૦૧
મુને દેખી પ્રભુ ઝડપ આવી ઝાલે, પ્યારી કહી બીડી મારા મુખ-
માં ઘાલે. કાળો૦ ૨
ગાળો દેઉ તોયે પ્રભુ મારી પાસે આવે, મારે ગળે હાથ નાખી બા-
સરી બજાવે. કાળો૦ ૩
કાલુ કાલુ બોલે તે લાગેછે મીઠું, કોણ જાણે કૃષ્ણે મારામાં શું
દીઠું. કાળો૦ ૪
મણિનો પ્રીતમ મારી પાસે આવે દોટે, પોતાની માળા પહેરાવે મા-
રી કોટે. કાળો૦ ૫

ગરબી ૪ થી.

મારી કેડે કૃષ્ણ તું શિદને આવે, કોણ તને હેત કરીને બોલાવે. ટેક.
તારે મન વિહ્વલ છે તે જાણું, નિત્ય આવી આંગણે ગાય તું ગા-
ણું. મારી૦ ૧
શાણુપણું જાણું વહાલાજી તારૂ, રસ્તે જાતાં નામ ના લેશો મારૂં.
મારી૦ ૨
શું કરશો મારો પાલવ ઝાલો, તમારી માળા શિદ મુજને ઘાલો.
મારી૦ ૩
આજ પછી નવ આવો મારી કેડે, ભાવ ધરી વહાલા તમને કોણ
તેડે. મારી૦ ૪
સદેશો સખા સાથે કેમ કહાવો, મણિના પ્રીતમ મારે ઘેર નવ આવો.
મારી૦ ૫

ગરબી ૧ લી.

કામણુ દીસે છે અલબેલા તારી આંખમાં રે—એ રાગ
શિદ આવો છો સલુણા અમારી શેરીયે રે;
અમો કયારે તેડીયે રે. શિદ૦ ટેક.
લાલા લાલચ રાખી આવો, નારી જોઇ નેણાં મચકાવો;
આઘા પાછા ફરો અમારી શેરીયેરે. શિદ૦ ૧
દીલની વાત દામોદર જાણું. વાંસળીમાં વહાલા ગાવો શું ગાણું;
છેદે વિચારો રસ્તે રામાને ઘેરીયેરે. શિદ૦ ૨
અર્થ સરે નહીં હરિ તમારો, વહાલા મતિ જે તમો વિચારો,
મન સમજોજો ટેકી ટેરીયે રે. શિદ૦ ૩
મનની વાતો મનમાં રાખો, નેણબાણુ નટવર શું નાંખો;
અમ પાછળ ના ફરો પ્રભુ ફરીયે રે. શિદ૦ ૪
મગ્નિ પ્રિતમ જાણુંછું શાણા, ધુતારાના ઢંગ મેં જાણ્યા;
આવજો જ્યારે અમે કોઇ પ્રેરીયેરે. શિદ૦ ૫

ગરબી ૨ જી

તું લટકાળી મારા સામું ઝાઝું બોલમાં રે.
રહેજે રાધા તોલમાંરે. તું લટકાળી૦ ટેક
રાધા તું જાણે હું રૂપાળી, મુજ સારૂ આવે વનમાળી,
તેથી આટલું બોલે ડોલમાંરે. તું લટકાળી૦ ૧
નવ રાંચુ રાધા તારા રૂપે, શું બોલેઆવડી તું ચુપે;
વતેડા સમતાણી છોલમાંરે. તું લટકાળી૦ ૨
વ્રજ જેવી અગણિત છે નારી, શેવા કરવા આવે મહારી;

તુ છે દાસી કેરી ઓળખાંરે. તું લટકાળી૦ ૩
રાધા ગુમાન તું રૂપનું લાવે, [illegible] કોણ પુછે ભાવે.
હાથે કરી પતીયાર ખેલમાંરે. તું લટકાળી૦ ૪
અણિ પ્રીતમ કહે રાધા જોજે, દાઢે બાળવા આવું રોજે;
બંસી વગાડુ તારી પોળમાં રે. તું લટકાળી૦ ૫

ગરબી ૩ જી.

મારા પ્રાણ પ્રિતમ પાતળીયા રીસ શાને કરોરે;
દારા દુખી પર દયા ધરોરે. મારા૦ ટેક
દારા દામોદર દાશી તમારી, રાધા રાધવ જાણો પ્યારી;
મ્હારો જીવ તમમાં ઠર્યોરે. મારા૦ ૧
રૂચી પડે નહીં બીજી વાતે, નટવર કરશો નહી મુને ઘાતે;
બોલ વદુછુ તમને ખારોરે. મારા૦ ૨
વજ વાયક વિઠ્ઠલજી બોલો, કાળજુ મારૂ કુણું છોલો;
વચન રૂપી મારો છરોરે. મારા૦ ૩
અલબેલા તમ આધારે વળગી, મોહન મુને નવ કરશો અળગી;
દયા કરી દાશી પાસે ફરો રે, મારા૦ ૪
અણિ પ્રીતમ તમ શર્ણે આ.વી, દાસી જાણી લ્યોને નિભાવી;
મારે શર્ણાગતનો દાવો ખરો રે. મારા૦ ૫

ગરબી ૪ થી.

પ્રાણ રાધા રૂપાળી મારી પ્રાણ આધાર છે રે;
મારી કાયાનો શણગાર છે રે. પ્રાણ૦ ટેક

કાળો તું ગોરી રાધા, માટે પહેર્યા મેં ઘોળા વાઘા;
ગોરા આભુષણ ગોરા હાર છે રે. સુણ૦ ૧
ગોરા પુદગળ કાળો વળગ્યો, ગોરાથી કેમ થાશે અળગો;
તેમ રાધા મારે તારી વાર છે રે, સુણ૦ ૨
તું અળગો કરવાને ચાહાતું, પણ કદી કહું અળગો નવ થાતું;
જાણ ગોરાનો કાળો સરદાર છે રે. સુણ૦ ૩
ભવો ભવનો પ્રેમ બંધાણો, તે તુટે નહીં રાધા જાણો;
સેજે લહીયે લોકીક વેવાર છે રે. સુણ૦ ૪
મણિ પ્રીતમ એમ સ્નેહે મળીયા, ટળ્યાં દુઃખ સિંધુમાં બળીયાં;
રાધા માધવ પ્રેમ અપાર છે રે. સુણ૦ ૫

ગરબો ૫ મો.

શું આવોછો સલુણા યમુના ઘાટમાં રે,
રામા રોકોછો વાટમાં રે. શું૦ ટેક.
સામ આવો સુંદરીયો જાણી, ગોકુળે ગોપી કરતા કાણી;
એમ શું રંજાડો પ્રભુ વાટમાં રે. શું૦ ૧
મોરલી ગ્રહીને મોહનજી આવો, નારીયો જોઇને નેન મચકાવો;
તાન ઉડાવો તમો ઠાઠમાં રે. શું૦ ૨
પીકપાનની પ્રેમે મારો, સાસરીયાનો ખોટો ધારો;
એમ વહાલાશું નાખો ઉચાટમાં રે. શું૦ ૩
માલવ શિદ પરષોતમ તાણો, દુનિયાની રીત તમે ના જાણો;
કો પુછે શું કહેવું ગભરાટમાં રે. શું૦ ૪
ચોળ ગોવિંદજી ચોરી ખાઇયે, પરનારી પુઠળ ના જઇયે;

સમજી રહેવું પોતાના ધાટમાં રે. શું૦ ૫
ઋષિરામના રસીક બીહારી, થયા મોટાનેં આશો વિચારી;
શું ગોઠણ મારો છો માટમાં રે, શું૦ ૬

ગરબી ૧ લી.

હસ્ત ચરણનો ઝઘડો.

સાખી.

હસ્ત ચરણનોરે કે ઝગડો હસ્ત ચરણનો;
રસીયા તે જનનોરે કે ઝગડ હસ્ત ચરણનો. ટેક.

સાખી.

ચર્ણ કહે હસ્ત પાંગળો, તુજથી નહીં ચલાય;
જ્યાં જ્યાં હું તો સાંચરૂં, ત્યાં ત્યાં તું તો પુઠે થાય. ઝગડો૦ ૧

સાખી.

શું કરવા પુઠે ફરે, ઠરી બેશ તુ ઠામ;
કેડે કેમ આવે મહારી, નથી હસ્ત તે તારૂં કામ. ઝગડો૦ ૨

સાખી.

તવ હસ્ત ત્યાં ઉચર્યો, સાંભળ ચર્ણ નિરધાર;
પાંગળો પાંગળો શું બકે, મુજ વિના ના ચાલે લગાર. ઝગડો૦ ૩

સાખી.

પેટ ભરવાને કારણે, આરો પડે નિત્ય નિત્ય ખપ;
[illegible] જો મળ્યો ના હોતતો, તું તો મરી જાતો ટપ. ઝગડો૦ ૪

સાખી.

વળી વહેવારાદિ કારણે, પ્રથમ જોઇયે હસ્ત;
ભુજ વિના ચાલે નહીં, તમો હોય ચરણ સમસ્ત. ઝગડો૦ ૫

સાખી.

તવ આંગળીયો ઉચ્ચરી, સાંભળ હસ્ત તું વાત;
અમો મળી ના હોતતો, કેવી વશે તારી દેખાત. ઝગડો૦ ૬

સાખી.

અમ વિના ઠુઠીયું બને, કેવો તું દેખાય;
નરમ વસ્તુ ખાયતો, કાંઇ રેશા કુખિયે જાય. ઝગડો૦ ૭

સાખી.

તુજથી કાંઇ નવ નિપજે, સુણ હસ્ત આવાર;
માટે અમને જાણવાં, હવે સર્વ તણાં સરદાર. ઝગડો૦ ૮

સાખી.

તવ અંગુષ્ઠો ઉચ્ચરે, સાંભળો રાંડા સાર:

મુજ વિના ચાલે નહીં, તમો જ્ઞાની છો સરદાર. ઝગડો૦ ૯

સાખી.

સહુનો શિરોમણી હું ખરો, મુજથી સહુ ઝલાય;
રાંડો તમથી ના નીપજે, મુજ વિના મૂઠી ના વળાય. ઝગડો૦ ૧૦

સાખી.

વળી રીસાળવો હું ઘણો, માગે કાંઇ મુજ પાસ;
શરમ ના રાખું કોઇની, હુંતો ટીકો બતાવું તાસ. ઝગડો૦ ૧૧

સાખી.

માટે હું શિરોમણી, સાંભળો રાંડો ચાર;
સ્વામી હું સર્વે તણો, મુજ વિના ના ચાલે લગાર. ઝગડો૦ ૧૨

સાખી.

તવ તરજની ઉચરી, સુણ અંગુઠા વાત;
સર્વે આંગળી મુજને, કહે જગત માંહી સાક્ષાત. ઝગડો૦ ૧૩

સાખી.

એવો ધર્મ કરૂં સદા, ભૂલો પડે જન જેહ;
તેને હું દેખાડતી ભાઇ, બીને મારગ એહ. ઝગડો૦ ૧૪

સાખી.

તેથી દયાળુ હું ગણી, મૂકો તમારો સોર;
તવ મધ્યની ઊંચી ઉચરી, ઘણું કરી સોર બકોર. ઝગડો૦ ૧૫

સાખી.

હસમુખી હું તો ઘણી, સૌની પાડું ખીજ;
મશકરીમાં દેખાડતી, તું લે લે મારી હીચ. ઝગડો૦ ૧૬

સાખી.

અનામિકા તવ ઉચરી, હું સહુની સરદાર;
વિશ્વને વહાલી હું ઘણું, લાવે સહુકો મુજ પર પ્યાર. ઝગડો૦ ૧૭

સાખી.

બધા જગતના માનવી, શણગાર ધરે શુભ રીત;
પ્રભુ પુજવા કારણે, આણે મુજ પર ઘણી પ્રીત. ઝગડો૦ ૧૮

સાખી.

તવ કનીષ્ટિકા વદે, સાંભળો એની વાત;
કામણ ભરેલી હું ઘણી, શીદ મિથ્યા કરો બકવાદ. ઝગડો૦ ૧૯

સાખી.

ઝઘડો માંડયો ત્રણે, જગે પરસ્પર નિદાન;

મનનારદ ત્યાં આવીઆ કીધું ત્રેનું સમાધાન. ઝગડો૦ ૨૦

સાખી.

હસ્ત ચર્ણું અંગુલી પ્રતે, કહે નારદજી વાણ;
વાઢે રક્ત ના નીકળે, તેને જાણુજો મોટે પ્રમાણ. ઝગડો૦ ૨૧

સાખી.

એમ ઝગડો ચુકાવીઓ મનનારદે સાર;
મણિરામ ચાલે નહી, એકે વિના તો લગાર. ઝગડો૦ ૨૨

ગરબી.

રાગ કાલિંગડો.

રીસાયાં રસિક સંગાથે રાધા. એ રાગ.
શામળિયા આજે મારે ઘેર આવો,
અમે લઇયે અમૃત રસ લાવો. શામળિયા૦ ટેક.
આજ નિશાયે આવો ગીરધારી,
મેંતો ફૂલડીયે સજ્યા સમારી;
વહેલા આવો જાઉં તમને બલિહારી. શામળિયા૦ ૧
મારી સાસુ મહી વેચવાને ગઇછે,
નણદી મારી બાળે વેશે ઘેર રહીછે;
તમને મળવા સખી આતુર થઇછે. શામળિયા૦ ૨
પ્રભુ દીયરને હું નથી ગણતી,

વારે વારે નામ તમારૂં હું ભણુતી;
પ્રભુ પાણી પહેલી પાળ હું ચણુતી. શામળિયા૦ ૩
પરણ્યો મ્હારો પ્રભુ છે અજ્ઞાની,
એનાથી રમત રમવી છે છાની;
પ્રભુ જેઠ મારો ગણો અભિમાની. શામળિયા૦ ૪
તેની બીક લગાર હું નથી ગણુતી,
સાચે સાચું કહું હુંતો સવથી;
મ્હારે ઘેર આવો ગોકુલ પતિ. શામળિયા૦ ૫
રખે તમે પ્રાણ પ્યારીને રીબાવો,
આવી વ્રેહ તાપ મારો તો સમાવો;
મણિરામના પ્રીતમ આપોને લાવો. શામળિયા૦ ૬

ગરબી.

રાગ કાલિંગડો.

ઘેલી રાધા ઘેલું ઘેલું શુ બોલો;
અંતરની વાત મને શીદ ખોલો. ઘેલી રાધા૦ ટેક
જાર પ્રીતમાં કાંઇ નફો નથી,
સાચું હુંતો કહું તુને સરવથી;
શીદ તું વ્રેહ તાપમાં મરે મથી. ઘેલી રાધા૦ ૧
ઘેલી રાધા દુરીજન લોકથી ડરીયે,
સાસુ દીયર જેઠની લજ્જા ધરીયે;
મન ગમતું કોઇ દહાડો નવ કરીયે. ઘેલી રાધા૦ ૨
સ્વામીની આજ્ઞામાં તમારે રહેવું,

અમને આવું વચન કદી ના કહેવું;
એવી વાતમાં નામ નવ મારૂં લેવું. ઘેલી રાધા૦ ૩
માટે રાધા બોલ્યા તે મન વિચારી,
અમેતો જન્મના બાળ બ્રહ્મચારી;
કોઇ દહાડો એવું ના કહેશો ઉચારી. ઘેલી રાધા૦ ૪
સૌ પોત પોતાનો ગોળ ચોરી લેછે,
કોઇ આગળ વ્હેની વાત નવ કહેછે;
અખુનો પ્રીતમ શિખામણ દેછે. ઘેલી રાધા૦ ૫

ગરબી.

રાગ કાલિંગડો.

નટવરલાલ ઘેલુ શિદ બોલો;
ગરજે પરનારીના ઘુંઘટ ખોલો. નટવર૦ ટેક.
જાણું ધુતારા છો તમો મોરારી,
જોયા જોયા તમને બાળ બ્રહ્મચારી;
સહુની ઇચ્છા પુરો ગીરધારી. નટવર૦ ૧
આવું ખોટપણું તે કયાંથી આવ્યું,
કોણે આવું વેણુ તમને સમજાવ્યું;
એતો અમને લગારે નવ ફાવ્યું. નટવર૦ ૨
તમને ધૂતવાને મલેછે ધુતારી,
ત્યારે વ્રત ક્યાં જાયછે બ્રહ્મચારી;
તમે આજ આવું બોલો ગીરધારી. નટવર૦ ૩

કીધી રાસલીલા તમે બીંદ્રાબનમે,
તેતો વાત વિચારો કૃષ્ણુ મનમે;
તમવચન સાલેછે મારા તનમે. નટવર૦ ૪
મુકો હુંપદ પ્રભુતો તમારૂ,
કહ્યું માનોને ગીરધારી હમારૂ;
હરખ્યા મણિ પ્રીતમને જાઉં વારૂં. નટવર૦ ૫

ગરબી.

રાગ કાલિંગડો.

સાંભળ શાણી રાધા કહુછું વિચારી;
હુંતો પાળું ખરૂ વ્રત બ્રહ્મચારી. સાંભળ૦ ટેક
અમો કોઇ દહાડો જુઠું નવ બોલું,
સારૂ દેખી મન નવ થાય મારૂ ભોળું;
મારી અંતર વાત કોઇને નવ ખોલું. સાંભળ૦ ૧
જેને જેવી ઇચ્છા તે મનમાં પેખે,
બહેરૂ સહુને બહેરામાં દેખે;
એતો એના કર્મભાવને લેખે. સાંભળ૦ ૨
અમે નથી કામને વશ કાંઇ રાધા,
શિયળવ્રતની અમારેછે બાધા;
અમે કાંઇ જુઠા સોગન નથી ખાધા. સાંભળ૦ ૩
તુને હુંતો અસત્ય વાત નથી કહેતો,
પરનારીનું નામ નથી લેતો;

વારો મન તમારૂં વિહ્વલ છેતો. સાંભળ૦ ૪
સાંભળ રાધા ગોકુળમાં દુરાચારી;
માટે બોલો તમે તો મન વિચારી;
શિખ દેતાં મણિ પ્રીતમ જાઉં વારી. સાંભળ૦ ૫

ગરબી.

રાગ કાલિંગડો.

રાધા કહેછે સાંભળો ગીરીવરધારી,
જાણ્યું જાણ્યું વ્રત તમારૂં બ્રહ્મચારી; રાધા૦ ટેક
આવું શાંતપણું તે ક્યાંથી આવ્યું.
મુકો હુંપદ અમૃત રસ પાવું;
જન્મે જન્મની દાસ તમારી થાવું. રાધા૦ ૧
ગીરધરલાલ તમેછો પ્રાણના પ્યારા,
કેમ રહોછો મુજથી આવડા ન્યારા;
તેથી રૂદેકમલ ભેદાય હમારાં. રાધા૦ ૨
કૃપા કરો દાસી જાણીને નાથ,
કહું જોડી તમને બંને હાથ;
નંદકુંવર બોલો અમારી સાથ. રાધા૦ ૩
સમજ્યા નટવર સખી વૃહે વ્યાપેલી,
ખાનપાન લજ્જા મુજ સારૂ મેલી;
મારે સારૂ બની ગઇછે ઘેલી. રાધા૦ ૪
અંક ભરી કુંજ સદનમાં સધાર્યા,

આપે તેના ત્રહેતાપ નિવાર્યા;
મણિરામના પ્રીતમ પ્રાણઆધારા. રાધા૦ ૫

સમાપ્ત.